ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૬૮ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# બિહારમાં ૨૨ નવેમ્બર પહેલાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે : મુખ્ય ચૂંટણી કમિશનર

### મુખ્ય ચૂંટણી કમિશનર કહે છે કે દરેક ચૂંટણી પહેલા મતદાર યાદીમાં સુધારા કરવાનું જરૂરી હોય છે કેમ કે ચૂંટણીઓ પછી કરાતા સુધારા કાયદા સાથે સુસંગત ન હોય

## મતદાર યાદીઓની સઘન ખાસ સુધારણા પછીની આખરી યાદીમાં પણ ગેરરીતિઓ હોવાના કોંગ્રેસના આક્ષેપ પછી ખુલાસા કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

બિહારની મતદાર યાદીમાં સઘન સુધારણાની કવાયત એટલે કે એસઆઈઆર પછી બહાર પાડવામાં આવેલી આખરી મતદાર યાદીમાં પણ ગેરરીતિઓ હોવાના કોંગ્રેસના આક્ષેપનો જવાબ આપતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે ઘણા બધા ખુલાસા કર્યા છે અને જાહેર કર્યું છે કે બિહારમાં હાથ ધરવામાં આવેલી સઘન મતદાર યાદી રિવિઝનની કવાયત ચુસ્તપણે કાયદા અનુસાર અને કાયદા મુજબ પરિપૂર્ણ કરવામાં આવી છે. તેમણે મતદારોની




મહિલા મતદારોની ઓળખ કરવાની બિહાર ભાજપના પ્રમુખ દિલીપ જયસ્વાલની માંગણી અંગે પ્રશ્ન કરવામાં આવતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાને લગતા અગાઉથી જેટલા નિયમો ચાલી આવે છે એ મુજબ મતદાનના દિવસે મતદારોની ઓળખની પ્રક્રિયા કરવામાં આવશે. તેમણે બિહારમાં સંપૂર્ણ થયેલી એસઆઈઆર પ્રક્રિયાને દેશની અસાધારણ રીતે સફળ કવાયત ગણાવી હતી. મતદાર ઓળખ અંગે તેમણે જણાવ્યું હતું કે તમામ બુથ લેવલ અધિકારીઓ એટલે કે

### બિહારની SIR પ્રક્રિયા એકદમ સફળ રહી હોવાનો દાવો કરીને સંખ્યાબંધ નવા પગલાઓની જાહેરાત કરી, EVMમાં દેખાતા મતપત્રકોના અક્ષર હવે માત્ર કાળા અને ધોળા રંગના નહીં હોય પરંતુ રંગીન પણ હશે અને સિરિયલ નંબર પણ રંગીન હશે અને રંગીન ફોટાથી ઉમેદવારોની ઓળખ આસાન થશે : દરેક બુથ પર માત્ર ૧૨૦૦ મતદારો મત આપશે, દેશભરમાં પણ અમલ થશે : જ્ઞાનેશકુમાર

સરળતા માટે અને મતદાનની પ્રક્રિયા સારી રીતે પાર પડે એ માટે એના ઘણા બધા નવા પગલાં પણ જાહેર કર્યા હતા જેનો બિહાર વિધાનસભાની ચૂંટણીઓથી અમલ થશે. બિહાર વિધાનસભાની ચૂંટણીઓ ૨૨ નવેમ્બર પહેલાં પુરી કરી લેવાશે.બિહારમાં ચૂંટણીઓની તૈયારીઓ માટે અને તેની સમીક્ષા માટે રાજ્યની બે દિવસની મુલાકાતે આવેલા મુખ્ય ચૂંટણી કમિશનરે પટનામાં મીડિયા સાથે વાતચીત કરી હતી અને મતદાર યાદી અંગેના વિરોધ પક્ષોના ટીકા પ્રહારોનો જવાબ આપ્યો હતો અને કેટલીક સ્પષ્ટતાઓ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે બિહારમાં ચુસ્તપણે કાયદા અનુસાર જ મતદાર યાદી રિવિઝન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે આ કવાયતને કારણે ૨૨ વર્ષના લાંબા ગાળા પછી બિહારની મતદાર યાદીઓનું શુદ્ધિકરણ કરી શકાયું છે. અમે ભારતના મતદારોને અભિનંદન આપીએ છીએ અને એસઆઈઆર કવાયત સફળતાપૂર્વક પરિપૂર્ણ થઈ તે બદલ અમે બધાના આભારી છીએ. જેવી રીતે બિહારના મતદારો છઠ પૂજાની ઉજવણી કરે છે એવા જ ઉત્સાહ સાથે લોકશાહીનો ઉત્સવ એટલે કે ચૂંટણીઓમાં પણ ભાગ લેવા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવા રાજ્યના મતદારોને હું અપીલ કરું છું. તેમણે દરેક વ્યક્તિને ચૂંટણીની પ્રક્રિયામાં ભાગ લેવા અને મત આપવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે દરેક ચૂંટણી પહેલા મતદાર યાદીની સમીક્ષા કરવાનું જરૂરી હોય છે અને ચૂંટણીઓ થયા પછી એટલે કે મતદાન થયા પછી કાયદા મુજબ કોઈ સમીક્ષા કરી શકાતી નથી. બિહારમાં પણ સંપૂર્ણપણે કાયદાનો ચુસ્ત રીતે અમલ કરીને રિવિઝન કરવામાં આવ્યું છે. આ રીતે મુખ્ય ચૂંટણી કમિશનરે વિપક્ષના આક્રમણનો વળતો જવાબ આપવાની કોશિશ કરી હતી. તેમણે કહ્યું હતું કે ૨૪૩ બેઠકો ધરાવતી બિહાર વિધાનસભાની ચૂંટણીઓ ૨૨ નવેમ્બર પહેલા પરિપૂર્ણ કરી લેવામાં આવશે કારણ કે એ દિવસે વર્તમાન વિધાનસભાની મુદ્દત પૂરી થાય છે. બિહારમાં ચૂંટણી દરમિયાન મતદારોને સરળતા રહે એ માટેના કેટલાક મહત્વના પગલાં પણ લેવાય છે એવું દર્શાવતા તેમણે કહ્યું હતું કે દરેક મતદાન મથક પર મતદારોની સંખ્યા નિશ્ચિત કરીને ૧૨૦૦ સુધી સીમિત કરવામાં આવી છે અને કોઈપણ મતદારને મોબાઈલ કે ફોન લઈને બુથમાં જવા દેવાશે નહીં. ઈવીએમ પર દેખાતા મત પત્રકના બ્લેક એન્ડ વાઈટ એટલે કે કાળા અને સફેદ રંગને બદલે તેને હવે કલરમાં દર્શાવવામાં આવશે. સીરીયલ નંબર પણ મોટા અક્ષરમાં હશે અને એ પણ રંગીન હશે અને ઉમેદવારોના ફોટા પણ રંગીન હશે જેથી કરીને મતદારો સારી રીતે ઓળખી શકે. બુરખા પહેરેલી મતદારો અંગે ભાજપે ઊભા કરેલા વિવાદ અને બુરખા ધારણ કરીને આવનાર અધિકારીઓ પાસે એમના ઓળખકાર્ડ હશે અને મતદારોએ પણ મતમથકની બહાર એમના મોબાઈલ જમા કરાવી દેવાના રહેશે અંદર લઈ જવા દેવાશે નહીં. બિહાર માટે ૧.૬ લાખ બુથ લેવલ એજન્ટ નિશ્ચિત કરવામાં આવ્યા છે. બિહારમાં ચૂંટણી સમયે વન સ્ટોપ ડિજિટલ પ્લેટફોર્મની પદ્ધતિ પણ દાખલ કરવામાં આવશે અને દરેક મતદાર મથક પર ૧૦૦ ટકા વેબ કાસ્ટિંગ પણ કરવામાં આવશે. ઉમેદવારોને મતદાન મથકના ૧૦૦ મીટરની અંદરના વિસ્તારમાં એજન્ટ રાખવા દેવામાં આવશે. બિહારની એસઆઈઆર કવાયત અંગે સોશિયલ મીડિયા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે એ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આ કવાયતને રાજ્યના સાત કરોડ અને ૪૨ લાખ મતદારોએ આવકાર આપ્યો છે.

# યુપીના સંભલમાં ૮૦ મુસ્લિમ મકાનો તોડી પાડવાની નોટિસો મળતાં સમગ્ર વિસ્તારમાં દહેશત પ્રસરી

### હાતિમ સરાઈ વિસ્તારના નાગરિકોને બુલડોઝર એક્શનની ધમકીઓ અપાય છે અને સરકારી જમીન પર દબાણ કર્યાનો આરોપ મૂકીને એમના મકાનો તોડી પાડવાની નોટિસો ફટકારવામાં આવી છે, આ વિસ્તારના સ્થાનિક મુસ્લિમ પરિવારો કહે છે કે અમે કાયદેસર જમીનના પ્લોટની ખરીદી કરી હતી અને સત્તાવાર મંજૂરી સાથે મકાનોનું બાંધકામ કર્યું હતું

(એજન્સી) સંભલ, તા.૫

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં વધુ એક વખત મુસ્લિમ પરિવારોમાં ભય અને આતંકની લાગણી પ્રસરી વળી છે અને આ વખતે કારણ જુદું છે કેમ કે એક વિસ્તારના ૮૦ જેટલા મુસ્લિમ મકાનોને બુલડોઝરથી તોડી પાડવાની નોટિસો ફટકારવામાં આવી હોવાથી ચારેતરફ હાતિમ સરાઈ નામના લતામાં દહેશતની લાગણી પ્રસરી વળી છે. સત્તાવાળાઓએ એવો દાવો કર્યો છે કે રાયા બુજર્ગ ગામમાં સરકારી જમીન ઉપર આ લોકોએ મકાનો ચણી લીધા છે એટલે પરિવારોને પંદર દિવસમાં મકાનો ખાલી કરી જવા મહેતલ આપવામાં આવી છે અને જો એવું નહીં થાય તો બુલડોઝર ફેરવી દેવાની સ્થાનિક તંત્ર તરફથી ચેતવણી આપવામાં આવી છે.

આ જ વિસ્તારમાં એટલે કે આ ગામમાં જ થોડા દિવસો પહેલા જ ગૌસુલવારા મસ્જિદનું ડિમોલિશન કરવાની વિવાદ ભરી કામગીરી કરવામાં આવી હતી એ પછી ૮૦ મુસ્લિમ મકાનો તોડી પાડવાની નોટિસો અપાઈ છે. સ્થાનિક લોકો કહી રહ્યા છે કે ગેરકાયદે બાંધકામોના બહાના હેઠળ અને સરકારી જમીન પર ઘુસણખોરી કરી હોવાના દાવા કરીને માત્ર મુસ્લિમોને નિશાન બનાવવાની પદ્ધતિ ચાલી રહી છે. મુસ્લિમો કહે છે કે અમે જમીન ઉપર દબાણ કર્યું નથી પણ અમારા લોહી પરસેવાની કમાણીથી કાયદેસર જમીનના પ્લોટ લીધા હતા.



મોહમ્મદ જુબેર જે હાતિમ સરાઈ વિસ્તારના નાગરિક છે તેમણે કહ્યું હતું કે દસ વર્ષ પહેલા અમે આ જમીનની ખરીદી કરી હતી અને વેરા પણ ચૂકવ્યા હતા અને એ પછી સરકારે અમને પાણી તથા વીજળીના કનેક્શન આપ્યા હતા અને અહીં રસ્તા પણ બનાવ્યા હતા એટલે હવે આ બધું ગેરકાયદે કઈ રીતે ગણી શકાય?

સ્થાનિક નાગરિકો કહે છે કે પૂરેપૂરા વેચાણ દસ્તાવેજો અને પૂરી મંજૂરી સાથે અહીં મકાનો બાંધવામાં આવ્યા હતા. ૮૦ પૈકીના કેટલાક મકાનો ઈંટ અને સિમેન્ટથી પાકા ચણતરવાળા મકાનો છે જ્યારે અમુક મકાનો કાચા છે જેમાં ઘરવેરો ચુકવનાર અને પાણી વેરો તથા તમામ વેરા ભરનાર પરિવારોએ કાચા મકાનોમાં આશરો લઈ રહ્યા છે. જુબેર કહે છે કે અમે જ્યારે જમીન ખરીદી ત્યારે સત્તાવાળાઓએ વીજળીના ખૂબ કનેક્શન આપ્યા હતા અને ઘરવેરો પણ ઉઘરાવતા હતા. તેમણે ઘર વેરાની પહોંચ પણ બતાવી હતી અને પૂછ્યું હતું કે જો આ તળાવ માટેની જમીન હતી તો સરકારે ત્યારે જમીનનું વેચાણ થતું કેમ અટકાવ્યું નહીં ?

રાયા બુઝુર્ગ ગામમાં મસ્જિદને શહીદ કરી દીધા પછી હવે મુસ્લિમ પરિવારોને નોટિસો મળી છે. સ્થાનિક અદાલતે મનાઈ હુકમ આપવાનો પણ ઈન્કાર કર્યો છે. તેહસીલદાર ધીરેન્દ્ર પ્રતાપસિંહને પૂછવામાં આવતા તેમણે મીડિયાને કહ્યું હતું કે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી રહી છે કેમ કે આ તમામ એંસી જેટલા મકાનો તળાવ માટેની ફાળવવામાં આવેલી જમીન પર બાંધવામાં આવેલા છે જે ગેરકાયદે છે. ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની પણ મંજૂરી મળેલી છે. તેમણે એવો ખુલાસો કર્યો હતો કે જમીન માફિયા ટોળકી દ્વારા લોકોને ભરમાવીને જમીનના ટુકડાઓનું વેચાણ કરવામાં આવ્યું હોઈ શકે છે અને સરકારી જમીન એ ટોળકીએ લોકોને વેચી દીધી છે પરંતુ સરકારે તો કાયદા મુજબ કામ કરવું પડે અને જમીન ખાલી કરાવી પડે. જોકે સ્થાનિક લોકો પૈકીના ઘણા બધા એવું માને છે કે મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને આ રીતે પક્ષપાત અને ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. અન્ય સમુદાયો દ્વારા પણ દબાણો કરવામાં આવ્યા છે અને ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા છે પણ માત્ર મુસ્લિમોને જ ડિમોલિશન માટે નિશાન બનાવવામાં આવે છે એવું એક સ્થાનિક શિક્ષક નદીમ અહેમદ કહે છે. ૨૫ વર્ષનો યુવાન આરીફ કહે છે કે જો બુલડોઝર આવી ચડશે તો અમે અમારું સર્વસ્વ ગુમાવી દઈશું કેમ કે મારા પિતાજીએ જીવનભરની બચત એકઠી કરીને આ મકાન બાંધ્યું હતું અને હવે એ લોકો તેને ગેરકાયદે કહે છે. દસ વર્ષ પહેલા અધિકારીઓ સ્ટ્રીટલાઈટનું ઉદ્ઘાટન કરવા આવ્યા ત્યારે કાયદો ક્યાં ગયો હતો? છેલ્લા ઘણા સમયથી સંભલમાં આ પરિસ્થિતિ જોવા મળી રહી છે અને મુસ્લિમો કહી રહ્યા છે કે તેમના ધાર્મિક સ્થળો અને હવે એમના રહેણાંકના મકાનોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને ગેરવાજબી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# યુપીના વારાણસીમાં લાઉડ સ્પીકર ઉપર અઝાન દેવા સામે હિન્દુ જૂથોએ વાંધો ઉઠાવતાં ભારે તણાવ સર્જાયો

### મુસ્લિમ આગેવાનોએ બંને પક્ષોને શાંતિ જાળવવા માટે અપીલ કરી અને સમાનતાના સિદ્ધાંત મુજબ પગલાં લેવા માટે વહીવટી તંત્રને અનુરોધ કર્યો

(એજન્સી) વારાણસી, તા.૫

હિન્દુઓના પવિત્ર શહેર કાશી એટલે કે વારાણસીમાં સદીઓ જૂની કોમી એકતા તથા સંપ અને સાંસ્કૃતિક વારસા ઉપર જોખમ ઊભું થયું છે. વારાણસી આ તમામ સિદ્ધાંતો માટે જાણીતું શહેર રહ્યું છે. તાજેતરમાં કેટલાક હિન્દુ સંગઠનોએ લાઉડ સ્પીકર પર અઝાન દેવા સામે વિરોધ વ્યક્ત કરતા ભારે તણાવ ઉભો થઈ જવા પામ્યો છે અને કોમી એકતા માટે જાણીતા શહેરમાં કોમી ભડકો થયો છે. એક મંદિરમાં એક પુજારી ઊંચા અવાજ સાથે હનુમાન ચાલીસા લાઉડ સ્પીકર ઉપર વગાડી રહ્યા હતા ત્યારે પોલીસે અવાજ ઓછો કરાવ્યો હતો એ પછી આ તમામ તકલીફ શરૂ થઈ હતી.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે મંદિરના સંકુલ પાસે બે મુસ્લિમ યુવાનોની ભારે હેરાનગતિ કરવામાં આવી હતી અને એ યુવાનોની ફરિયાદ પછી પોલીસે આ પગલું લીધું હતું. સીસીટીવી પર વીડિયોમાં પણ આ ઘટના જોવા મળી હતી જેનાથી મુસ્લિમ યુવાનોએ કરેલા આક્ષેપોને સમર્થન મળ્યું હતું. બે મુસ્લિમ યુવાનોની હેરાનગતિ અને પજવણી કરનાર બે આરોપીઓની પણ પોલીસે ધરપકડ કરી દીધી હતી. ધરપકડ કરવામાં આવ્યા બાદ હિન્દુ જૂથોએ ભારે વાંધો લેવાનું અને વિરોધ કરવાનું શરૂ કર્યું હતું અને શહેરમાં મોટા પ્રમાણમાં દેખાવો શરૂ કરી દેવામાં આવ્યા હતા. પોલીસ પક્ષપાત કરી રહ્યાનો હિન્દુ જૂથોએ આક્ષેપ કર્યો હતો અને એક એવી ચેતવણી આપી હતી કે જો મુસ્લિમોને લાઉડ સ્પીકર ઉપર અઝાન પોકારવા દેવામાં આવશે તો અમે પણ દરેક મંદિરમાં બહુ મોટા અવાજે અને બમણા અવાજે હનુમાન ચાલીસા વગાડીશું. દેખાવકારોમાં હાજર એક વ્યક્તિએ બરાડા પાડી પાડીને જણાવ્યું હતું કે જો એ લોકો લાઉડ સ્પીકર પર અઝાન દઈ શકતા હોય તો અમે હનુમાન ચાલીસા શું કામ બોલી ન શકીએ, એ તો અમારો અધિકાર છે. મોટી સંખ્યામાં રસ્તાઓ પર દેખાવકારો એકઠા થઈ ગયા હતા અને ભગવા ધ્વજ લહેરાવ્યા હતા અને મોટા અવાજ સાથે વહીવટી તંત્રની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રકારે વધતી જતી દુશ્મનાવટ અંગે મુસ્લિમોએ ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સદીઓથી અને અનેક પેઢીઓથી અમે કાશીમાં શાંતિથી બંને કોમો સાથે રહીએ છીએ અને અમારે કોઈ સંઘર્ષ જોઈતો નથી પરંતુ અમારા છોકરાઓની હેરાનગતિ કરવામાં આવે એ સહન કરવામાં આવશે નહીં એવું એક દુકાનદાર મોહમ્મદ આરીફે જણાવ્યું હતું. જો કે મુસ્લિમ આગેવાનોએ બંને પક્ષોને શાંતિ જાળવવાની અપીલ કરી છે અને સમાનતાના સિદ્ધાંત મુજબ સમાનતા રાખીને પગલાં લેવા વહીવટી તંત્રને અનુરોધ કર્યો છે. મૌલાના રાશીદે જણાવ્યું હતું કે કોઈ ધર્મ નફરત શીખડાવતો નથી. જો કોઈ ધર્મ કે સમુદાયને એવું લાગતું હોય કે તેના પર આક્રમણ થઈ રહ્યું છે તો અન્ય ધર્મોએ સંયમ રાખવો જોઈએ બલ્કે ગુસ્સો બતાવો ન જોઈએ. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિ કાબૂ હેઠળ છે. જો કે તણાવ ઘણો બધો છે એવું પણ એમણે કબૂલ કર્યું હતું એટલે વધારાની પોલીસ કુમકો ગોઠવી દેવામાં આવી છે અને તમામ સંવેદનશીલ વિસ્તારોમાં જંગી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પોલીસે તમામ નાગરિકોને શાંતિ જાળવવા અપીલ કરી છે અને કહ્યું છે કે કાયદો કાયદાનું કામ કરશે. રાજકીય વિશ્લેષકો કહે છે કે કાશી હંમેશા ભારતની વિવિધતામાં એકતાનું પ્રતીક નગર રહ્યું છે અને તેને ધાર્મિક સર્વોપરીતાના જંગનું શહેર બનાવી દેવું એ આ શહેરના આત્માને નુકસાન કરવા સમાન છે.

CELEBRATING EXCELLENCE 35 years GT




## 'ભાજપે ભારતને નર્ક બનાવી દીધું છે'; ઉદ્ધવ ઠાકરે : તેઓએ બાલ ઠાકરેના મૃત્યુ અંગે કદમના દાવાને વિશ્વાસઘાત ગણાવ્યો

(એજન્સી) પુણે, તા.૫

શિવસેના (UBT) નેતા ઉદ્ધવ ઠાકરેએ શનિવારે દેવેન્દ્ર ફડણવીસને 'લાચાર' મુખ્યમંત્રી ગણાવ્યા હતા જેઓ તેમના શાસનકાળમાં 'અત્યંત ભ્રષ્ટાચાર' પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યા છે. ૨૦૧૨માં બાલ ઠાકરેના મૃત્યુની ઔપચારિક જાહેરાત કરવામાં હેતુપૂર્વક 'વિલંબ' હોવાનો આરોપ લગાવ્યા બાદ તેમણે શિવસેના (UBT) નેતા રામદાસ કદમને 'ગદ્દર અને નમક હરામ' ગણાવ્યા છે. ઠાકરેએ પુણેમાં મહિલાઓ અને સેના (UBT) કાર્યકરો સાથે વાત કરી અને તેમણે મીડિયા સાથે વાતચીત દરમિયાન વિવિધ મુદ્દાઓ પર પણ વાત કરી હતી. પુણે યુનિયન ઓફ વર્કિંગ જર્નાલિસ્ટ્સ દ્વારા આયોજિત એક વાર્તાલાપમાં ઠાકરેએ જણાવ્યું હતું કે, સેના (UBT)ને ભારતીય જનતા પાર્ટી પાસેથી હિન્દુત્વ પર પ્રમાણપત્રની જરૂર નથી, જે 'દેશની અંદર વિભાજન કરી રહી છે.' ભારત એક સુંદર દેશ છે. તેની એક મહાન સંસ્કૃતિ છે. જો કે, આ ભાજપે સમગ્ર વાતાવરણને દૂષિત કર્યું છે અને તેને નર્ક બનાવી દીધુંછે. આ લોકોએ દેશની અંદર દીવાલો બનાવી છે. હું તેઓને અટકાવવા માટે સખત મહેનત કરી રહ્યો છું. મેં વારંવાર કહ્યું છે કે, ભાજપ રાજ્યમાં કે કેન્દ્રમાં સરકાર ચલાવી શકતી નથી. નરેન્દ્ર મોદી સરકાર કાશ્મીર અને મણિપુરમાં સમસ્યાઓનું નિરાકરણ કરવામાં નિષ્ફળ ગઈ છે. ભાજપ દેશને સરમુખત્યારશાહીના માર્ગે લઈ જઈ રહ્યું છે. ફડણવીસ પર હુમલો કરતાં તેમણે કહ્યું કે, હું કોઈને પણ દુશ્મન માનતો નથી, વડાપ્રધાનને પણ નહીં. પરંતુ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતા મુખ્યમંત્રી (ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ) પાસે પુષ્કળ બહુમતી હોવા છતાં લાચાર લાગે છે. ભ્રષ્ટાચારના અનેક કિસ્સાઓ હોવા છતાં મુખ્યમંત્રી ભ્રષ્ટ વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવામાં લાચાર છે. ઠાકરેએ આરોપ લગાવ્યો કે, ફડણવીસ સરકાર ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત ખેડૂતોને મદદ કરવામાં નિષ્ફળ ગઈ છે. તેઓ હજુ પણ કૃષિ લોન માફી આપી શક્યા નથી. જ્યારે હું મુખ્યમંત્રી હતો, ત્યારે મેં ખેડૂતોને લોન માફી આપી હતી. ૨૦૧૯માં કોંગ્રેસ અને NCP (SP) સાથેના જોડાણ પછી હિન્દુત્વનો ત્યાગ કર્યો હોવાની ટીકાનો જવાબ આપતા શિવસેના (UBT) નેતાએ દાવો કર્યો કે, તે ભાજપે જ મુસ્લિમોને ખુશ કરવા માટે 'સૌગત-એ-મોદી' ઝુંબેશ શરૂ કરી હતી. મને ભાજપ પાસેથી હિન્દુત્વ પર કોઈ પ્રમાણપત્રની જરૂર નથી. મારા દાદા પ્રભોધનકર ઠાકરે એક જાણીતા સુધારક હતા. આપણું હિન્દુત્વ પ્રગતિશીલ છે. રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ લદ્દાખ કાર્યકર્તા સોનમ વાંગચુકની ધરપકડ પર ઠાકરેએ કેન્દ્ર સરકારની ટીકા કરતા કહ્યું કે, હું ગદ્દારો (દેશદ્રોહી) અને 'નમક હરામ (વિશ્વાસુ વ્યક્તિઓ)'નો જવાબ આપવા માંગતો નથી.

રામદાસ કદમની ટિપ્પણી પર ટિપ્પણી કરવા માટે પૂછવામાં આવતા ઠાકરેએ કહ્યું કે, શિવસેના પ્રમુખ બાળ ઠાકરેનું મૃત્યુ ક્યારે થયું ? શિવસેના પ્રમુખના પાર્થિવ શરીરને માતોશ્રીમાં બે દિવસ શા માટે રાખવામાં આવ્યું ? હું આઠ દિવસ સુધી માતોશ્રીમાં બેન્ચ પર સૂતો હતો જ્યારે બાળ ઠાકરે ગંભીર રીતે બીમાર હતા.

# ભારતને વિશ્વગુરૂ બનાવવાના લક્ષ્યાંક માટે સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવા નાગરિકોને અનુરોધ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

### ભારતના ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવામાં સહકારી ક્ષેત્રમાં મહત્ત્વને સમજાવતા તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગ્રામ્ય અર્થતંત્ર માટે સહકારી ક્ષેત્ર ખૂબ જ નિર્ણાયક આધારશિલા બન્યું છે

(એજન્સી) કોપરગાંવ, તા.૫

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે આજે સ્વદેશી ચીજવસ્તુઓને અપનાવવાનો નાગરિકોને આગ્રહ કર્યો હતો અને જણાવ્યું હતું કે વિશ્વનો પ્રથમ ક્રમનો દેશ બનાવવાની ભારતની યાત્રામાં સ્વદેશી ચીજવસ્તુઓનું ખુબ જ મહત્વ છે. સ્વદેશીનો બીજો કોઈ વિકલ્પ નથી અને આપણે સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવી જોઈએ. તેમણે ભારતના ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવામાં સહકારી ક્ષેત્રની ભૂમિકા અને મહત્વ ઉજાગર કરતા કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગ્રામ્ય અર્થતંત્રના વિકાસ માટે સહકારી ક્ષેત્ર ખૂબ જ નિર્ણાયક પીઠબળ બન્યું છે. વડાપ્રધાને સહકારી ક્ષેત્રની સ્થાપના કરીને ગ્રામ્ય અર્થતંત્રને નવો પ્રાયવાયુ પુરો પાડયો છે. સહકારી સેકટર દેશના સૌથી મજબૂત અને શકિતશાળી સેકટર તરીકે ઉભરી રહ્યું છે.



વડાપ્રધાને સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગ પર ભાર મુકયો છે. દેશના અર્થતંત્રને ૧૧માં ક્રમ પરથી ઉપર લઈને મોદી ચોથા ક્રમ સુધી લઈ આવ્યા છે. પરંતુ આપણે વિશ્વના પ્રથમ અર્થતંત્ર તરીકે સ્થાન મેળવવું હોય તો સ્વદેશી અપનાવવા સિવાય કોઈ વિકલ્પ નથી. દેશમાં દરેક નાગરિકોએ સ્વદેશી ચીજનો આગ્રહ રાખવો જોઈએ. તેમણે 'એક પેડ'માં કે નામની પણ વાત કરી હતી અને કહ્યું કે આ અભિયાનને કારણે ગ્લોબલ વોર્મિંગ અને પર્યાવરણના પડકારોને પહોંચી વળવા મદદ મળી છે.

તેમણે સંજીવની ગ્રુપના બાયોગેસ અને સ્પ્રેડાયર પોટાશ ગ્રેન્યુલ પ્રોજેકટ અને સહકારી મહર્ષિ શંકર રાવ કોલહે સહકારી સાકર કારખાનાનું ઉદઘાટન પણ કર્યું હતું. તેમણે કહ્યું કે ડો. વિલાસ રાવ વિખેષ પાટિલના ખાંડના કારખાનાની શરૂઆતની ક્ષમતા ૫૦૦ ટન પ્રતિદિવસની હતી જે સાત દાયકામાં વધારીને ૭૨૦૦ ટન પ્રતિદિવસની કરવામાં આવી છે. તેમણે કારખાનાની વધારાની સક્ષમતાના વિભાગને પણ ખુલ્લો મુકયો હતો.

## અરબાઝ ખાનની પત્ની શૂરા ખાન હોસ્પિટલમાં દાખલ, દંપતી ટૂંક સમયમાં પહેલા બાળકનું સ્વાગત કરશે

નવી દિલ્હી : મેક-અપ આર્ટિસ્ટ શૂરા ખાન, જે પતિ અરબાઝ ખાન સાથે પોતાના પહેલા બાળકની અપેક્ષા રાખી રહી છે, તેને ડિલિવરી માટે મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોવાના અહેવાલ છે. શનિવારે સોશિયલ મીડિયા પર ઘણા પાપારાઝી પેજ પર કારમાં હિન્દુજા હોસ્પિટલમાં પહોંચેલા દંપતીના વીડિયો શેર કરવામાં આવ્યા હતા. ૨૦૨૩માં લગ્ન કરનારા શૂરા અને અરબાઝે સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ છતાં તેમની ગર્ભાવસ્થાના સમાચાર છુપાવી રાખ્યા હતા. અરબાઝે તાજેતરમાં મીડિયાને તેમની ગર્ભાવસ્થાના સમાચારની પુષ્ટિ કરી હતી. ૫૭ વર્ષીય અભિનેતા-નિર્માતા તેની પૂર્વ પત્ની મલાઈકા અરોરા સાથે એક પુત્ર ધરાવે છે. મલાઈકા અને અરબાઝે ૧૯૯૮માં લગ્ન કર્યા હતા અને ૨૦૧૬માં અલગ થઈ ગયા હતા. ૨૦૧૭માં તેમના સત્તાવાર છૂટાછેડા પછી તેઓ તેમના પુત્રનું સહ-પાલન કરી રહ્યા છે. અરબાઝ અને શૂરા રવિના ટંડનની ફિલ્મ પટના શુક્લાના સેટ પર એકબીજાને મળ્યા હતા. અરબાઝ ફિલ્મના નિર્માતા તરીકે સેવા આપી રહ્યો હતો, જ્યારે શૂરા રવિના માટે મેકઅપ આર્ટિસ્ટ હતી. થોડા સમય માટે ડેટિંગ કર્યા પછી, આ દંપતીએ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અરબાઝની બહેન અર્પિતા ખાન શર્માના ઘરે આયોજિત એક ઘનિષ્ઠ નિકાહ સમારંભમાં લગ્ન કર્યા. સલમાન ખાન, સોહેલ ખાન અને તેમના પુત્ર નિર્વાણ, અર્પિતા ખાન અને તેમની માતા સુશીલા ચરક સહિત ખાન પરિવારના ઘણા સભ્યો શૂરાના બેબી શાવરમાં હાજરી આપી હતી.

## મિશન સુદર્શન ચક્રના ભાગ રૂપે ભારતીય સેના મોબાઈલ AK-630 બંદૂકો સાથે સરહદ સુરક્ષા મજબૂત બનાવવા માટે તૈયાર

નવી દિલ્હી : પાકિસ્તાન સરહદની નજીકના વસ્તી કેન્દ્રો અને ધાર્મિક સ્થળોને સુરક્ષિત કરવાના પ્રયાસોના ભાગ રૂપે, ભારતીય સેના એક સરકારી કંપની પાસેથી છ ટ્રક-માઉન્ટેડ AK-630 સિસ્ટમ ખરીદવાની યોજના બનાવી રહી છે. સમાચાર એજન્સી ANI અનુસાર, સેનાએ આ અંગે દરખાસ્ત માટે વિનંતી (RPF) રજૂ કરી છે. જ્યારે રશિયન મૂળની સંપૂર્ણ સ્વચાલિત ક્લોઝ-ઈન વેપન સિસ્ટમ (CIWS) મૂળ રીતે નૌકાદળ સંરક્ષણ માટે ડિઝાઈન કરવામાં આવી હતી, ત્યારે આ બંદૂકનો વ્યાપ હવે પરંપરાગત જમાવટથી આગળ વધી રહ્યો છે અને તેને મિશન સુદર્શન ચક્રના સ્તંભોમાંના એક તરીકે જોવામાં આવે છે. સરકારે તાજેતરમાં કહ્યું હતું કે ૨૦૩૫ સુધીમાં મિશન સુદર્શન ચક્ર હેઠળ, મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સ્થળોને અત્યાધુનિક ટેકનોલોજી અને શક્તિશાળી વેપન સિસ્ટમથી સજ્જકરવામાં આવશે. ANIએ સંરક્ષણ અધિકારીઓને ટાંકીને જણાવ્યું,ભારતીય સેના વાયુ સંરક્ષણે એડવાન્સ્ડ વેપન એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ (AWEIL) સાથે છ AK-630 એર ડિફેન્સ ગન સિસ્ટમ્સની ખરીદી માટે RFP રજૂ કર્યું છે. માંગવામાં આવેલી સિસ્ટમ 30mm મલ્ટી-બેરલ મોબાઈલ એર ડિફેન્સ ગન સિસ્ટમ છે જેમાં ફાયરનો દર વધુ છે. આ ગન સિસ્ટમ્સને ટ્રેલર પર લગાવવામાં આવશે અને હાઈ મોબિલિટી વાહન દ્વારા ખેંચવામાં આવશે.

## પત્નીના ભાગી જવાથી ઉત્તર પ્રદેશનો એક પુરૂષ ચાર બાળકો સાથે યમુનામાં કૂદી પડ્યો

નવી દિલ્હી : પોલીસે જણાવ્યું હતું કે ફિરોઝાબાદ જિલ્લામાં એક વ્યક્તિએ તેના ચાર બાળકો સાથે યમુના નદીમાં કૂદી પડ્યો હતો, જ્યારે તેની પત્ની બીજા પુરૂષ સાથે ભાગી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, સલમાન તરીકે ઓળખાતા આ વ્યક્તિએ શુક્રવારે તેની પત્ની સાથેના ઘરેલુ વિવાદ બાદ આ આત્યંતિક પગલું ભર્યું હતું. કૂદતા પહેલા, તેણે એક વીડિયો રેકોર્ડ કર્યો અને તેની બહેન ગુલિસ્તાને મોકલ્યો જેમાં તેણે તેની પત્ની ખુશનુમા અને તેના પ્રેમીને તેના કૃત્યો માટે દોષી ઠેરવ્યો હતો. ત્યારથી આ વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બહેન પાસેથી માહિતી મળતાં, પોલીસે યમુના પુલ નજીક ડાઈવર્સનો ઉપયોગ કરીને બચાવ કામગીરી શરૂ કરી હતી. અધિક પોલીસ અધિક્ષક સંતોષ કુમાર સિંહે જણાવ્યું હતું કે બાળકોની ઓળખ મહક (૧૨), શિફા (૫), અમન (૩) અને ઈનૈશા (૮ મહિના) તરીકે થઈ છે. પરિવારના સભ્યોએ પોલીસને જણાવ્યું હતું કે, સલમાન અને ખુશનુમાના લગ્ન ૧૫ વર્ષથી થયા હતા પરંતુ તાજેતરના મહિનાઓમાં તેઓ વારંવાર ઝઘડાઓનો સામનો કરી રહ્યા હતા.

## એક વ્યક્તિએ ચાર મહિનાના પુત્રને ડ્રમમાં ડૂબાડી દીધો, પછી આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યો : પોલીસ

નવી દિલ્હી : મહારાષ્ટ્ર પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, ચાર મહિનાના એક છોકરાનો મૃતદેહ અડધા ભરેલા વાદળી ડ્રમમાં મળી આવ્યો હતો, જેને તેના પિતાએ ડૂબાડીને મારી નાખ્યો હતો, અને તેણે પણ આત્મહત્યા કરી હતી. આ ઘટના બીડ જિલ્લાના ગેઓરાઈ તાલુકાના તલવાડા ગામની છે. પોલીસે જણાવ્યું હતું કે, પિતા અમોલ સોનાવણેએ તેના બાળક દીકરાને અડધા પાણી ભરેલા ડ્રમમાં ફેંકીને મારી નાખ્યો હતો.ચિંતાજનક તસવીરોમાં ગુલાબી ટી-શર્ટ પહેરેલો અને ડાયપર પહેરેલો છોકરો પાણીમાં મોઢું ટેકવીને પડેલો અને તેની બાજુમાં પ્લાસ્ટિકનો ગુલાબી મગ તરતો જોવા મળ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આ વ્યક્તિએ ભૂતકાળમાં પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ઉમેર્યું હતું કે, થોડા દિવસ પહેલા અમોલ અને તેની પત્નીએ ઘરેલુ ઝઘડા બાદ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમને સમયસર બચાવી લેવામાં આવ્યા હતા.ગુરૂવારે દંપતીને સ્થાનિક હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. અમોલ અને તેના પુત્રના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે તલવારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યા છે.

## કોંગ્રેસ સાથે કોઈ ગઠબંધન નહીં : અરવિંદ કેજરીવાલ કહે છે કે ૨૦૨૭માં ગોવા વિધાનસભા ચૂંટણી એકલા લડશે

નવી દિલ્હી : આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે શનિવારે ૨૦૨૭ની ગોવા વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ સાથે કોઈપણ જોડાણનો ઈન્કાર કર્યો હતો. કોઈપણ સંજોગોમાં કોંગ્રેસ સાથે કોઈ જોડાણ નહીં થાય, કેજરીવાલે કહ્યું, એ દાવાઓને નકારી કાઢ્યા કે પાર્ટીના કેટલાક ગોવા કાર્યકરો વિધાનસભા ચૂંટણી પહેલા સૌથી જૂની પાર્ટી સાથે હાથ મિલાવવા માટે ખુલ્લા છે. અહીંથી ૧૬ કિમી દૂર માયેમમાં પાર્ટી કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યા પછી મીડિયાકર્મીઓ સાથે વાત કરતા, AAP નેતાએ કહ્યું કે ગોવાના લોકોને કોંગ્રેસ દ્વારા સૌથી વધુ નિરાશ કરવામાં આવ્યા છે અને છેતરવામાં આવ્યા છે. તેમણે કહ્યું, કોંગ્રેસ વર્ષોથી ભાજપને ધારાસભ્યોનો જથ્થાબંધ સપ્લાયર બની ગઈ છે. શું કોંગ્રેસ ગોવાના મતદારોને ખાતરી આપી શકે છે કે ભવિષ્યમાં કોઈ પણ પાર્ટીના ધારાસભ્ય ભાજપમાં નહીં જાય. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું, ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન ઓછામાં ઓછા ૧૩ કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાયા. ૨૦૨૨માં, ૧૦ કોંગ્રેસના ધારાસભ્યો પક્ષ બદલીને ભાજપમાં જોડાયા. તેમણે કહ્યું કે, જો આપ કોંગ્રેસ સાથે જોડાણ કરે છે, તો તે ભાજપને ધારાસભ્યો સપ્લાય કરવા સમાન હશે. અમે ગોવામાં ભાજપ સરકારની રચનાને સરળ બનાવતી કોઈપણ કવાયતનો ભાગ બનવા માંગતા નથી.

## બિહારમાં ચૂંટણી દરમિયાન બુરખાધારી મતદારોની ઓળખ ચકાસવા ભાજપે ચૂંટણી પંચને વિનંતી કરી, RJDએ તેને રાજકીય ચાલ ગણાવી

નવી દિલ્હી : ભાજપે શનિવારે ચૂંટણી પંચને આગામી બિહાર વિધાનસભા ચૂંટણી એક કે બે તબક્કામાં યોજવા અને મતદાન મથકો પર બુરખા પહેરેલી મહિલાઓના મતદાર ઓળખપત્રના ફોટા સામે યોગ્ય રીતે ચકાસણી કરાવવા વિનંતી કરી. ભાજપે પોતાને તેના મુખ્ય હરીફ આરજેડી જેવા જ પાના પર જોયો, જે તેના મુખ્ય પ્રતિસ્પર્ધી છે, બિન-સ્થિર ચૂંટણીઓના મુદ્દા પર, પરંતુ મહિલા મતદારોએ બુરખા પહેરેલા હોવાનો મુદ્દો ઉઠાવવા બદલ રાજકીય કાવતરૂં હોવાનો આરોપ મૂકવામાં આવ્યો. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વ હેઠળની ચૂંટણી પંચની ટીમ સાથેની બેઠક બાદ, રાજ્ય ભાજપ પ્રમુખ દિલીપ જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે ચૂંટણી પંચને એક કે બે તબક્કામાં ચૂંટણી કરાવવા વિનંતી કરી છે. ચૂંટણી પ્રક્રિયાને અવ્યવસ્થિત કરવાની જરૂર નથી. ઉપરાંત, મતદારો, ખાસ કરીને બુરખા પહેરેલી મહિલાઓના ચહેરાઓનું સંબંધિત EPIC કાર્ડ સાથે મૂલ્યાંકન કરવું જોઈએ જેથી ફક્ત સાચા મતદારો જ તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે. રાજ્યના બે દિવસના પ્રવાસ પર રહેલા ચૂંટણી પંચે ચૂંટણી તારીખોની જાહેરાત પહેલા માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી. RJD પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ લોકસભામાં પાર્ટીના નેતા અભય કુશવાહાએ કર્યું હતું, જેમની સાથે પ્રવક્તા ચિતરંજન ગગન અને મુકુંદ સિંહ પણ હતા. જ્યારે કુશવાહનું ધ્યાન જયસ્વાલના બુરખા પરના દાવા તરફ દોરવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું, આ એક રાજકીય ષડયંત્ર છે.

## દિલ્હીમાં વર્ચ્યુઅલ કોર્ટની સુનાવણીમાં એક માણસ અંડરગાર્મેન્ટ પહેરેલો, ધૂમ્રપાન કરતો અને દારૂ પીતો જોવા મળ્યો

નવી દિલ્હી : એક અધિકારીએ જણાવ્યું હતું, શનિવારે એક ચોંકાવનારી ઘટનામાં એક હિસ્ટ્રીશીટરે ધૂમ્રપાન અને દારૂ પીતી વખતે પોતાના અંડરગાર્મેન્ટમાં હાજર થઈને વર્ચ્યુઅલ કોર્ટ કાર્યવાહીમાં ભંગ પડાવ્યો. દિલ્હીના ગોકુલપુરીનો ૩૨ વર્ષીય મોહમ્મદ ઈમરાન તરીકે ઓળખાયેલ આરોપી, એક સક્રિય હિસ્ટ્રીશીટર છે અને તેના પર દિલ્હીભરમાં લૂંટ, છીનવી લેવા અને અન્ય ગુનાઓના ૫૦થી વધુ કેસ નોંધાયેલા છે, એમ સમાચાર એજન્સી પીટીઆઈએ અહેવાલ આપ્યો છે. તે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વર્ચ્યુઅલી કોર્ટ કાર્યવાહીમાં હાજર રહ્યો હતો. તીસ હજારી કોર્ટના રેકોર્ડ કીપર અંશુલ સિંઘલની ફરિયાદ બાદ ૨૨ સપ્ટેમ્બરે કેસ નોંધવામાં આવ્યો હતો. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઉત્તર) રાજા બંઠિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું, એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે, એક અજાણ્યો વ્યક્તિ અકીબ અખલાક નામનો ઉપયોગ કરીને કોર્ટના વીડિયો કોન્ફરન્સિંગ સત્રોમાં જોડાયો હતો, જે ધૂમ્રપાન અને દારૂ પીતી વખતે પોતાના અંડરગાર્મેન્ટમાં હાજર રહ્યો હતો.

## શ્રીનગરમાં TRFના સ્થાપક સજ્જાદ ગુલની રૂપિયા બે કરોડની કિંમતની મિલકત જપ્ત કરતી પોલીસ

### પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે આતંકવાદી સંગઠનના વડાના પિતાના નામે આ મિલકતો નોંધાયેલી હતી પરંતુ તપાસમાં બહાર આવ્યું હતું કે આ મિલકતોમાં ગુલ પણ સક્રિય રીતે હિતધારક છે

(એજન્સી) શ્રીનગર, તા.૫

આતંકવાદી સંગઠન રેસિસ્ટન્સ ફ્રન્ટ, ટીઆરએફની સ્થાપના કરનાર બળવાખોર નેતા સજ્જાદ ગુલની રૂપિયા બે કરોડ જેટલી કિંમતની મિલકતો પોલીસે ટાંચમાં લઈ લીધી છે તેમ જાહેર થયું છે. ગુલનું સંગઠન પાકિસ્તાનના આતંકવાદી જૂથ લશ્કરે તઈબાનો જ એક ભાગ છે. પહેલગામના હુમલામાં લશ્કર સંગઠનનો જ હાથ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે શ્રીનગરમાં રોઝ એવન્યુ એચએમટી પાસે ખુશીપુરામાં આવેલા ત્રણ માળના મકાનને જપ્ત કરવામાં આવ્યું છે જેની કિંમત રૂપિયા બે કરોડ જેટલી થવા જાય છે. આ મિલકત આતંકવાદી વડા સજ્જાદ અહેમદ શેખ ઉર્ફે સજ્જાદ ગુલના પિતા ગુલામ મોહમ્મદ શેખના નામે નોંધાયેલી છે. આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી વ્યક્તિઓ સામે મિલકત જપ્તી સહિતના પગલાં લેવાની સત્તાવાળાઓને સત્તા આપતા ગેરકાનૂની પ્રવૃત્તિઓ પ્રતિરોધક ધારા, યુએપીએ અંતર્ગત ગુલ સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને સંબંધિત એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની હાજરીમાં મિલકત જપ્તી કરવામાં આવી હતી. પોલીસ જણાવે છે કે મિલકત તેના પિતાના નામે રજિસ્ટર થયેલી છે પરંતુ મિલકતમાં ગુલ સક્રિય રીતે હિતધારક હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. એટલે મિલકતને ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે આતંકવાદ ફેલાવવામાં અને તેના માટે મદદ કરવામાં, દેશ વિરોધી પ્રચાર ચલાવવામાં અને ઓનલાઈન અને સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને સરકાર સામે અસંતોષ ચગાવવા જેવા આતંકવાદને બહેકાવતા કૃત્યમાં ગુલ સંડોવાયો છે. પોલીસે આતંકવાદી સંગઠનો અને તેના સંચાલકોને નાણાકીય રીતે તથા ભૌગોલિક રીતે નિરૂપાય બનાવી દેવા માટે અને આતંકવાદની પ્રવૃત્તિઓના માળખાને નષ્ટ કરવા માટે મિલકત જપ્તી સહિતની પદ્ધતિ અપનાવી છે. એટલે એવા લોકોને જે આતંકવાદ માટે સુગમતા કરી આપે છે અથવા તો તેમાં સંડોવાયેલા હોય છે એ બધાને સ્પષ્ટ સંદેશો મળી ગયો છે કે આવી કોઈ પણ પ્રવૃત્તિઓ કરવા જનાર વ્યક્તિ સામે કડક કાનૂની પગલાં તો લેવાશે જ પણ ગેરકાનૂની રીતે પ્રાપ્ત કરેલી મિલકતો પણ જપ્ત કરવામાં આવશે.

# શું તે માનસિક રીતે સ્વસ્થ છે ? તેજસ્વી યાદવે વીડિયોમાં નીતિશકુમારની 'વિચિત્ર હરકતો' અંગે તેમના પર પ્રહારો કર્યા



### RJD નેતા તેજસ્વી યાદવે નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમનો એક વીડિયો શેર કર્યો, જેમાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે તેમના નિવાસસ્થાનેથી વર્ચ્યુઅલી હાજરી આપી હતી, ભાજપ પર નિશાન સાધતા RJD નેતા તેજસ્વી યાદવે શંકા વ્યક્ત કરી કે શું બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારના ભોજન સાથે કોઈ છેડછાડ થઈ રહી છે જેના લીધે તેઓ વિચિત્ર વર્તન કરી રહ્યા છે ?

### બિહારનું રાજકીય નાટક ચાલુ છે, RJD નેતા અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવે ફરીથી મુખ્યમંત્રી નીતિશકુમારની માનસિક સ્વસ્થતા અને નેતૃત્વ કરવાની ક્ષમતા પર પ્રશ્નો ઊઠાવ્યા છે

(એજન્સી) તા.૫

બિહારમાં રાજકીય નાટક ચરમસીમાએ છે અને RJD નેતા અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવે રવિવારે ફરીથી મુખ્યમંત્રી નીતિશકુમારના માનસિક સ્વાસ્થ્ય અને નેતૃત્વ કરવાની ક્ષમતા પર પ્રશ્નો ઊઠાવ્યા છે. X પર એક વીડિયો શેર કરતા યાદવે મુખ્યમંત્રીની 'વિચિત્ર હરકતો' પર તેમના અનુયાયીઓને પૂછ્યું કે, 'રાજ્યના મુખ્યમંત્રીને આવી દયનીય સ્થિતિમાં જોઈને કેવું લાગે છે ? શું તેઓ તમને માનસિક રીતે સ્વસ્થ લાગે છે ?' કૌશલ દીક્ષાંત સમારોહ ૨૦૨૫ દરમિયાન શૂટ કરવામાં આવેલા આ વીડિયોમાં નીતિશકુમારે દેશભરના ITI ટોપર્સ માટે યોજાયેલા કૌશલ્ય દિક્ષાંત સમારોહમાં વર્ચ્યુઅલી હાજરી આપી હતી. તેઓ નમસ્તેના હાવભાવ સાથે હાથ જોડીને મુખ્યમંત્રી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયેલા અનેક સ્થળોએ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી રહ્યા હતા, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવા સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. યાદવે અનુમાન લગાવ્યું કે શું મુખ્યમંત્રીનું વર્તન વધુ શંકાસ્પદ હતું. શું આ કોઈ ષડ્યંત્ર છે ? શું તેમની પાર્ટી, ભાજપના ખાસ પ્યાદા, જાણી જોઈને તેમને કોઈ બહાના હેઠળ પ્રસાદ કે અન્ય ખાદ્ય પદાર્થો ખવડાવીને આ રાજ્યમાં મૂક્યા છે ? શું બિહારના મોટાભાગના લોકોને સત્ય જાણવાનો અધિકાર નથી ? બિહાર વિધાનસભાની ચૂંટણીના થોડા મહિનાઓ પહેલા નીતિશકુમારના અનિયમિત વર્તન અને સ્વાસ્થ્ય સંબંધિત ચિંતાઓના અહેવાલો વચ્ચે આ પ્રશ્નો ઊભા થયા છે, જેના લીધે રાજ્યભરમાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે. યાદવે ચૂંટણી પ્રક્રિયા પર પણ ટિપ્પણી કરી અને નિષ્પક્ષતા પર ભાર મૂકતા કહ્યું કે, પક્ષના પ્રતિનિધિઓએ જઈને પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. અમને આશા છે કે, આ વખતે બિહારની ચૂંટણીઓ નિષ્પક્ષ રહેશે. કોઈને મદદ કરવા માટે ચૂંટણીઓ ન યોજવી જોઈએ. લોકશાહીમાં જનતા જ માલિક છે. જનતાને સંપૂર્ણ અધિકાર છે કે, ચૂંટણીઓ સારા વાતાવરણમાં યોજવી જોઈએ. ભારતના ચૂંટણી પંચ દ્વારા બિહારમાં રાજકીય પક્ષો સાથે બોલાવવામાં આવેલી બેઠક બાદ આ ટિપ્પણી કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની અધ્યક્ષતામાં આ ચર્ચાઓમાં ચૂંટણી કમિશનર સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશી, મુખ્ય ચૂંટણી અધિકારી વિનોદસિંહ ગુંજ્યાલ અને કમિશનના વરિષ્ઠ અધિકારીઓ સામેલ હતા. ચૂંટણી પંચે પારદર્શક ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં રાજકીય પક્ષોના મહત્ત્વ સાથે તેમને દરેક બૂથ પર મતદાન એજન્ટોને નિયુક્ત કરવા અને મતદારોને 'ચૂંટણીનો તહેવાર' સુમેળ સાથે ઉજવવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી કરી. પક્ષોએ ચૂંટણી યાદીઓના ખાસ સઘન સંશોધન (SIR) અને મતદાન મથક દીઠ મહત્તમ ૧૨૦૦ મતદારો નક્કી કરવા સહિત 'ઐતિહાસિક, પારદર્શક અને મક્કમ' પગલાં માટે ECની પ્રશંસા કરી. ઘણા પક્ષોએ છઠ તહેવાર પછી તરત જ અને શક્ય તેટલા ઓછા તબક્કામાં ચૂંટણી કરાવવાનું સૂચન કર્યું જેથી લોકોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરી શકાય.

## બિહાર ચૂંટણી પહેલા વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં લાંબા સમય સુધી હાથ જોડીને બેસવાની નીતિશકુમારની વિચિત્ર હરકતોને લીધે વિપક્ષને મુદ્દો મળ્યો

**● શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના કાર્યક્રમ દરમિયાન બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમારનું અસામાન્ય વર્તન વિપક્ષના રડારમાં આવ્યું છે અને RJD નેતા તેજસ્વી યાદવે પૂછ્યું છે કે, શું ૭૪ વર્ષીય નીતિશકુમાર 'માનસિક રીતે સ્વસ્થ' છે ● રાજ્યમાં ચૂંટણીને થોડા અઠવાડિયા બાકી છે ત્યારે દેશભરના ITI ટોપર્સ માટે કૌશલ્ય દીક્ષાંત સમારોહ ૨૦૨૫ હેઠળ મોદીએ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપ્યા હતા, જ્યાં કુમારના લાંબા સમય સુધી હાથ જોડીને બેસવાના હાવભાવ પર તેમના હરીફો દ્વારા સવાલ ઊઠાવવામાં આવી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના કાર્યક્રમ દરમિયાન બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમારનું અસામાન્ય વર્તન વિપક્ષના રડારમાં આવ્યું છે, જ્યારે RJD નેતા તેજસ્વી યાદવે પૂછ્યું છે કે, શું ૭૪ વર્ષીય નેતા 'માનસિક રીતે સ્વસ્થ' છે. ચૂંટણીને થોડા અઠવાડિયા બાકી છે ત્યારે દેશભરના ITI ટોપર્સ માટે કૌશલ્ય દીક્ષાંત સમારોહ ૨૦૨૫ હેઠળ પીએમ મોદીએ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપ્યા હતા, જ્યાં કુમાર લાંબા સમય સુધી હાથ જોડીને બેઠા હતા, તેના પર તેમના હરીફો દ્વારા સવાલ ઊઠાવવામાં આવી રહ્યા છે. વીડિયોમાં મુખ્યમંત્રી પણ હાથ જોડીને સમયાંતરે હસતા જોવા મળે છે. તેજસ્વી યાદવે આ વીડિયો શેર કરતા લખ્યું કે, તમને રાજ્યના મુખ્યપ્રધાનને આવી દયનીય સ્થિતિમાં જોઈને કેવું લાગે છે ? શું વિચિત્ર વર્તન કરી રહેલા મુખ્યપ્રધાન તમને માનસિક રીતે સ્વસ્થ લાગે છે ? શું આ સ્થિતિ તેમના ખાસ પક્ષ દ્વારા જાણી જોઈને ભાજપના કહેવાથી પ્રસાદ કે અન્ય ખાદ્ય પદાર્થો આપવાના બહાને બનાવવામાં આવી છે ? મોટાભાગના બિહારીઓ આ સત્ય જાણવા માંગે છે. શનિવારે વિજ્ઞાન ભવનમાં આયોજિત સમારોહમાં કુમાર વર્ચ્યુઅલી હાજરી આપી હતી. કાર્યક્રમના એક વીડિયોમાં કુમાર લાંબા સમય સુધી હાથ જોડીને બેઠા હોય તેવું દેખાય છે. એક સમયે તે બાજુ પર જુએ છે અને સ્મિત કરે છે. RJDના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા ભારતીએ X પર હિન્દીમાં લખ્યું, કુમારના આ વર્તનને બિહારનું અપમાન ગણાવતા કહ્યું કે, એક બિહારી એક ગુજરાતી સામે અમુક મિનિટો માટે હાથ જોડીને બેસે છે અને તે કોઈ સામાન્ય બિહારી નથી, તે આપણા રાજ્યના મુખ્યમંત્રી છે. આ પહેલી વાર નથી જ્યારે તેમના અસામાન્ય વર્તનથી તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતાઓ ઊભી થઈ હોય. માર્ચ મહિનામાં પટણામાં એક રમતગમત કાર્યક્રમમાં પૃષ્ઠભૂમિમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવી રહ્યું હતું ત્યારે કુમાર તેમના મુખ્ય સચિવ દીપક કુમાર સાથે હસતા અને વાત કરતા જોવા મળ્યા હતા, જેના કારણે વિવાદ સર્જાયો હતો. આ ઘટનાનો એક વીડિયો વાયરલ થયો હતો, જેના કારણે વિપક્ષે તેમની આકરી ટીકા કરી હતી, જેમાં તેમના કાર્યોને દેશ માટે 'અપમાનજનક' ગણાવ્યા હતા. લગભગ તે જ સમયે પટણાના બાપુ સભાગર ઓડિટોરિયમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરી સાથેના જાહેર કાર્યક્રમ દરમિયાન કુમારને સોશિયલ મીડિયા અને વિપક્ષી પક્ષો તરફથી સ્ટેજ પર એક મહિલાના ખભા પર હાથ મૂકવા બદલ ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આ કાર્યક્રમ રૂ.૮૦૦ કરોડથી વધુના વિવિધ કેન્દ્રીય અને રાજ્ય પ્રોજેક્ટ્સ શરૂ કરવા માટે આયોજિત કરવામાં આવ્યો હતો. RJDએ લખ્યું હતું કે, જુઓ કે મુખ્યમંત્રી નીતિશકુમાર ગૃહમંત્રી અમિત શાહ સામે એક મહિલાને કેવી રીતે વાંધાજનક રીતે પોતાની તરફ ખેંચી રહ્યા છે. અગાઉ નવેમ્બર ૨૦૨૪માં પણ કુમારે દરભંગામાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પગ સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે હેડલાઈન્સમાં ચમક્યા હતા. અણધારી હરકતો ઘણાને આશ્ચર્યચકિત કરી દેતી હતી અને ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ હતી. લોકોએ કહ્યું કે, નીતિશકુમારને આ શું થયું છે ? શું તેમનું માનસિક સ્વાસ્થ્ય સારૂં છે ? કે પછી તેઓ કેન્દ્ર સરકારના કોઈ દબાણ હેઠળ છે ? આજકાલ તેમનું સતત બાલિશ વર્તન સૂચવે છે કે, તેમની સાથે કંઈક ખોટું થયું હોઈ શકે છે.

## હવે બિહાર ચૂંટણીથી દરેક આગામી ચૂંટણીઓમાં ઉમેદવારોના રંગીન ફોટા, બૂથ સુધી મોબાઈલ ફોન લઈ જવાની મંજૂરી : ચૂંટણી પંચના અગત્યના ફેરફારો

### ભારતીય ચૂંટણી પંચ (ECI)એ આગામી બિહાર ચૂંટણી માટે નવી પહેલની જાહેરાત કરી છે જેનો હેતુ મતદારોનો અનુભવ વધારવાનો છે

(એજન્સી) પટણા, તા.૫

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ રવિવારે બિહાર ચૂંટણી પહેલા એક પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી, જ્યાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે મતદારોની સરળતા વધારવા માટે અમલમાં મૂકવામાં આવનારી નવી પહેલ વિશે માહિતી આપી હતી. બિહાર ચૂંટણીથી લાગુ કરવામાં આવનારા ફેરફારો સમગ્ર દેશમાં પણ લાગુ થશે, જ્યાં પણ બિહાર પછી આગામી ચૂંટણીઓ યોજાશે. બિહાર ચૂંટણીમાં મતદાન સંસ્થા દ્વારા જાહેર કરાયેલા અને સૌપ્રથમ અમલમાં મૂકવામાં આવેલા ફેરફારોની યાદી અહીં આપેલ છે :

- ચૂંટણી પંચે બિહારમાં સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવેલા ૧૭ નવા પગલાં વિશે માહિતી આપી હતી અને કેટલાક ચૂંટણીના સંચાલનમાં અને કેટલાક મતગણતરીમાં લાગુ કરવામાં આવશે.
- ચૂંટણી સંસ્થાએ નિર્ણય લીધો છે કે, કોઈપણ મતદાન મથક પર ૧૨૦૦થી વધુ મતદારો નહીં હોય.
- બૂથ-સ્તરના અધિકારીઓ માટે મતદારોનો સંપર્ક કરતી વખતે તેમને ઓળખવા માટે ઓળખપત્રો રજૂ કરવામાં આવ્યા છે.
- બૂથની બહારના રૂમમાં મોબાઈલ ફોન જમા કરાવી શકાય છે. આ પ્રક્રિયા સમગ્ર બિહારમાં લાગુ કરવામાં આવશે.
- ચૂંટણી પંચે એવી પણ જાહેરાત કરી હતી કે, દરેક મતદાન મથક પર ૧૦૦ ટકા વેબકાસ્ટિંગ થશે.
- જ્યારે મતપત્ર EVMમાં નાખવામાં આવે છે, ત્યારે તેના પરનો ફોટો કાળો અને સફેદ હોય છે, જેના કારણે તેને ઓળખવું મુશ્કેલ બને છે, જો કે, ચૂંટણી પ્રતીક રહે છે. એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે, સીરિયલ નંબર મોટો હોવો જોઈએ. તેથી બિહાર ચૂંટણીથી શરૂ કરીને, સમગ્ર દેશમાં સીરિયલ નંબર ફોન્ટ મોટો હશે અને ઉમેદવારોના ફોટા રંગીન ફોટોગ્રાફ્સ હશે.
- પહેલાં જ્યારે મતગણતરી કરવામાં આવતી હતી, ત્યારે જો પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા મતદાન એજન્ટોને આપવામાં આવતા ફોર્મ 17C અને EVM ગણતરી યુનિટમાં કોઈ મેળ ખાતો ન હોત, તો આવા બધા VVPATની સંપૂર્ણ ગણતરી કરવામાં આવતી હતી. તેવી જ રીતે EVM ગણતરીના છેલ્લા બે રાઉન્ડ પહેલાં પોસ્ટલ બેલેટની ગણતરી ફરજિયાત રહેશે.
- ચૂંટણી પૂર્ણ થયા પછી ઘણા લોકો જાણવા માંગે છે કે, કેટલા મતદારો હતા, કેટલા પુરૂષોએ મતદાન કર્યું હતું અને કેટલી મહિલાઓએ મતદાન કર્યું હતું. તેથી હવેથી ધીમે-ધીમે ECI-NETનો પ્રગતિશીલ અમલીકરણ થઈ રહ્યું છે. તેથી ચૂંટણી પૂર્ણ થયાના થોડા દિવસોમાં તમે બધા આ ડિજિટલ ઈન્ડેક્સ કાર્ડ જોઈ શકશો.

અન્ય એક નિવેદનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે જણાવ્યું હતું કે, 'તાજેતરમાં બિહારમાં મતદાર યાદી સુધારા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું અને અમારી સમક્ષ હાજર બૂથ-સ્તરીય અધિકારીઓએ માત્ર તેમના બૂથમાં મતદાર યાદી કાર્ય હાથ ધર્યું ન હતું, પરંતુ બિહારના ૯૦,૨૧૭ બૂથ-સ્તરીય અધિકારીઓએ એક એવું કાર્ય કર્યું જે સમગ્ર દેશમાં અનુકરણીય છે. બિહારે વિશ્વને લોકશાહીનો માર્ગ બતાવ્યો. સાથે મળીને તમે મતદાર યાદી સુધારા કાર્યમાં દેશ માટે પ્રેરણા સ્ત્રોત બનશો.' CEC જ્ઞાનેશકુમારે કહ્યું, અમે ભારતના મતદારોને અભિનંદન આપીએ છીએ. સફળ SIR પ્રક્રિયા માટે દરેકનો આભાર. હું બિહારના તમામ મતદારોને લોકશાહીના આ તહેવારને તે જ ઉત્સાહથી ઉજવવાની અપીલ કરૂં છું જે રીતે તમે છઠ ઉજવો છો. દરેક વ્યક્તિએ મતદાન કરવું જોઈએ અને તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઈએ. CECએ માહિતી આપી કે બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૨ નવેમ્બર પહેલા થશે.

## ભારતીય નેતાઓની પાકિસ્તાન વિરૂદ્ધ ટિપ્પણીઓ પછી પાકિસ્તાન સેનાએ "અતિભયાનક વિનાશ"ની ચેતવણી આપી

### પાકિસ્તાનને નકશામાંથી ભૂંસી નાખવાની ધમકીઓનો જવાબ આપતા આ નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતે એ જાણવું જોઈએ કે જો કોઈ એવી પરિસ્થિતિ આવે છે તો આવો પ્રયાસ પરસ્પર બંને દેશોને નુકસાન કરશે

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૫

પાકિસ્તાન સેનાએ શનિવારે ભારતીય લશ્કરી અધિકારીઓ અને રાજકીય નેતાઓ દ્વારા કરવામાં આવેલી તાજેતરની ટિપ્પણીઓની ટીકા કરી હતી અને ચેતવણી આપી હતી કે આ બંને દેશો વચ્ચે ભવિષ્યમાં સંઘર્ષને "વિનાશક વિનાશ" તરફ દોરી શકે છે. એક નિવેદનમાં પાકિસ્તાન સેનાએ કહ્યું કે આ બેજવાબદાર નિવેદનો આક્રમણ માટે મનસ્વી બહાના બનાવવાનો નવો પ્રયાસ સૂચવે છે, જેના દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા માટે "ગંભીર પરિણામો" આવી શકે છે. એક દિવસ પહેલા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે ભારત નાગરિકોની સુરક્ષા અને દેશની એકતા અને અખંડિતતાને સુરક્ષિત રાખવા માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે કોઈપણ સરહદ પાર કરી શકે છે. ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શુક્રવારે પાકિસ્તાનને કડક ચેતવણી આપતા કહ્યું હતું કે, જો તે વિશ્વના નકશા પર પોતાનું સ્થાન જાળવી રાખવા માંગે છે તો તેણે તેની ધરતી પર આતંકવાદને પ્રાયોજિત કરવાનું બંધ કરવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન નવી દિલ્હી દ્વારા દર્શાવેલ સંયમ ભવિષ્યમાં લશ્કરી સંઘર્ષના કિસ્સામાં પુનરાવર્તિત થશે નહીં અને ભારતીય સૈનિકોને કાર્યવાહી માટે તૈયાર રહેવા હાકલ કરી હતી. વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એ પી સિંહે શુક્રવારે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હુમલામાં ઓછામાં ઓછા એક ડઝન પાકિસ્તાની લશ્કરી વિમાનો, જેમાં યુએસ-મૂળના F-૧૬ જેટનો સમાવેશ થાય છે, તે નાશ પામ્યા હતા અથવા નુકસાન થયું હતું. પાકિસ્તાની સેનાએ તેના નિવેદનમાં ભારતીય સુરક્ષા સંસ્થાના ઉચ્ચતમ સ્તરો તરફથી આ ભ્રામક, ઉશ્કેરણીજનક અને રાષ્ટ્રવાદી નિવેદનો પર "ગંભીર ચિંતા" વ્યક્ત કરી હતી. આ નિવેદનમાં પાકિસ્તાને કહ્યું છે કે, ભારતીય સંરક્ષણ પ્રધાન અને તેના સૈન્ય અને વાયુસેનાના વડાઓ દ્વારા ખૂબ જ ઉશ્કેરણીજનક નિવેદનો સામે, અમે ચેતવણી આપીએ છીએ કે ભવિષ્યમાં સંઘર્ષ વિનાશક વિનાશ તરફ દોરી શકે છે. જો દુશ્મનાવટનો નવો રાઉન્ડ શરૂ થાય છે, તો પાકિસ્તાન પાછળ નહીં હટે. અમે કોઈપણ સંકોચ કે સંયમ વિના દૃઢતાથી જવાબ આપીશું. નિવેદનમાં કહ્યું હતું કે પાકિસ્તાનની પ્રતિક્રિયા "ઝડપી, નિર્ણાયક અને વિનાશક" હશે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાકિસ્તાની સશસ્ત્ર દળો પાસે લડાઈને દુશ્મનના પ્રદેશના દરેક ખૂણા સુધી લઈ જવાની ક્ષમતા અને સંકલ્પ છે. નકશામાંથી પાકિસ્તાનને ભૂંસી નાખવાની ધમકીઓનો જવાબ આપતા, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારતે એ જાણવું જોઈએ કે જો કોઈ આવી પરિસ્થિતિ આવે છે, તો નુકસાનનો આવો પ્રયાસ પરસ્પર બંને બાજુએથી થશે. તેમાં એ પણ નોંધ્યું હતું કે ભારત હવે આગામી રાઉન્ડના મુકાબલા માટે ઉત્સુક હોય તેવું લાગે છે. ૨૨ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાનના નિયંત્રણ હેઠળના પ્રદેશોમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું. આ હુમલાઓથી ચાર દિવસ સુધી તીવ્ર અથડામણ થઈ, જેનો અંત ૧૦ મેના રોજ લશ્કરી કાર્યવાહી બંધ કરવાની સમજૂતી સાથે થયો હતો. ગુરૂવારે, સંરક્ષણ પ્રધાન



સિંહે ચેતવણી આપી હતી કે સર ક્રીક સેક્ટરમાં ઈસ્લામાબાદ દ્વારા કરવામાં આવેલ કોઈપણ અયોગ્ય કાર્યવાહીની "નિર્ણાયક પ્રતિક્રિયા" આપવામાં આવશે જે "ઈતિહાસ અને ભૂગોળ" બંનેને બદલી શકે છે. સર ક્રીક ગુજરાતના કચ્છના રણ અને પાકિસ્તાન વચ્ચેનો ૯૬ કિમીના વિવાદિત માર્ગ છે, જે બંને પક્ષો દ્વારા દરિયાઈ સીમા રેખાઓના અલગ અલગ અર્થઘટનને કારણે વિવાદિત પ્રદેશ માનવામાં આવે છે.

## પાકિસ્તાનના જેએફ-૧૭ ફાઈટર જેટ માટે એન્જિન પુરા પાડવાની રશિયાની હિલચાલને પગલે કેન્દ્ર સરકારને સવાલો પૂછતી કોંગ્રેસ



### પક્ષના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે આ હિલચાલને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની "અંગત રાજદ્વારી નીતિ" અને દેશની વિદેશનીતિની અસરકારકતા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પાકિસ્તાન પાસેના ચીનની બનાવટના જેએફ-૧૭ ફાઈટર જેટ વિમાનો માટે અતિ આધુનિક એન્જિન પુરા પાડવાની રશિયાની હિલચાલને પગલે કોંગ્રેસે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પાસેથી જવાબો માંગ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે આ નવી હિલચાલને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "અંગત રાજદ્વારી નીતિ"ના અભિગમ અને દેશની વિદેશનીતિની દિશાની અસરકારકતા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે અતિ આધુનિક અને નવા વિકસાવેલા એન્જિનને કારણે પાકિસ્તાનના જેએફ-૧૭ના ત્રીજા બ્લોક પ્રકારના વિકસિત યુદ્ધ વિમાનને વધુ શક્તિશાળી બનાવવામાં મદદ કરશે અને એ વિમાનો પહેલેથી જ પીએલ ૧૫ મિસાઈલથી સજ્જ છે. ઓપરેશન સિંદૂર દરમિયાન આપણી સામે આ મિસાઈલનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો એવું માનવામાં આવે છે અને ભારતીય વાયુ સેનાના વડાએ પણ જાહેર કર્યું હતું કે પાકિસ્તાને આપણી સામે યુદ્ધમાં ઉપયોગમાં લીધેલા વિમાનોમાં જેએફ ૧૭નો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે જૂન ૨૦૨૫માં આપણા વિદેશ મંત્રી એસ જયશંકરે સીધી દરમિયાનગીરી કરી હોવા છતાં રશિયા અને પાકિસ્તાન વચ્ચે આ શોધો થઈ રહી છે. વિદેશ મંત્રીએ ભારતના એક સમયના સૌથી વિશ્વાસુ સાથી દેશને આસોદા અંગે સવાલો કર્યા હતા અને એ જ આપણો એક સમયનો વિશ્વાસુ દેશ પાકિસ્તાનની સુરક્ષા ક્ષમતાને વધુ મજબૂત બનાવી રહ્યો છે જ્યારે ભારત હજુ પણ રશિયા પાસેથી એસ-૪૦૦ પ્રકારના મિસાઈલની સિસ્ટમ ખરીદવા માટે અને એસયુ-૫૭ સ્ટીલ ૫ ફાઈટર વિમાનો માટે વાટાઘાટો ચલાવી રહ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે રશિયાની આ હિલચાલ પરથી એવું લાગે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંગત રાજદ્વારી સંબંધોની જે નીતિ આગળ વધારી છે એની તેની આ નિષ્ફળતા છે જેમાં પોતાની વ્યક્તિગત પ્રતિભા ચમકાવવામાં વધુ રસ બતાવવામાં આવે છે અને વિશ્વવ્યાપી ધોરણે પોતાની પ્રતિભાને વધારવા માટે આ નીતિનો ઉપયોગ કરવામાં આવે છે અને રાષ્ટ્રીય હિતોને બદલે વ્યક્તિગત આભાને પ્રાધાન્ય અપાય છે. વિશ્વના નેતાઓને ગળે લગાડીને ચમકાવવામાં આવતી તસવીરો અને ઉચ્ચકક્ષાની શિખર પરિષદો અને વર્ષો સુધીની આવી શિખર પરિષદોમાં હાજરી અને વિશ્વના તબક્કા પર મોટા પાયા પર દેખાવો કરવામાં આવી રહ્યા છતાં તેના કોઈ નોંધપાત્ર પરિણામો મળી રહ્યા નથી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનને રાજદ્વારી રીતે અલગ પાડી દેવામાં ભારત સફળ થયું નથી અને તેની નેતાગીરીને અનેક મોરચે આવકાર મળી રહ્યો છે. પહેલગામ હુમલો જેના કોમવાદી ઝેરી નિવેદનોને કારણે થયો છે એવા પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીરને અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ ઉષ્માભર્યો આવકાર આપે છે અને રશિયાના પ્રમુખ પુતિન પાકિસ્તાનને હથિયારો અને સરંજામ પુરા પાડી રહ્યા છે અને ઓપરેશન સિંદૂર દરમિયાન પણ ચીનનું બિનશરતી સમર્થન પાકિસ્તાનને મળ્યું હતું એ તો જુદુ અને ઉપરથી આ બધું થઈ રહ્યું છે.

# દાર્જિલિંગમાં પુલ તૂટી પડવાથી ૧૮ લોકોનાં મોત; સતત ભારે વરસાદને લીધે ભૂસ્ખલનથી રસ્તાઓ અવરોધિત

**હવામાન વિભાગે રવિવાર સવાર સુધી દાર્જિલિંગ, કાલિમપોંગ, કૂચ બિહાર, જલપાઈગુડી અને અલીપુરદ્વારના ઉપ-હિમાલયી જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી હોવાથી ઉત્તર બંગાળ પ્રદેશ રેડ એલર્ટ હેઠળ છે**

(એજન્સી) તા.૫

પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં મિરિકમાં ભૂસ્ખલન થતાં ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયા છે. મિરિક અને કુર્સિઓંગના જિલ્લા નગરો અને પર્યટન સ્થળોને જોડતો દુડિયા આયર્ન બ્રિજ પણ તૂટી પડ્યો છે. કુર્સિઓંગ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૧૦ પર આવેલા હુસૈન ખોલામાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું હોવાના અહેવાલ છે, જેના કારણે સિલિગુડી અને દાર્જિલિંગ વચ્ચેનો સંપર્ક તૂટી ગયો છે. ઉત્તર બંગાળમાં સતત ભારે વરસાદને કારણે, દાર્જિલિંગ, કાલિમપોંગ અને કુર્સિયાંગના પહાડી પ્રદેશો ગંભીર રીતે પ્રભાવિત થયા છે, ભૂસ્ખલન અને પૂરને કારણે સિલિગુડી, તરાઈ અને ડુઅર્સના મેદાની વિસ્તારો સાથે સંદેશાવ્યવહાર અને પરિવહન જોડાણો લગભગ સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અસરગ્રસ્તો સાથે સંપર્ક કર્યો અને કેન્દ્ર તરફથી મદદ અને સહાયની ખાતરી આપી છે. તેમણે લખ્યું કે, "દાર્જિલિંગમાં પુલ દુર્ઘટનામાં થયેલા જાનહાનિથી ખૂબ દુઃખ થયું છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. ઘાયલો જલ્દી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના. દાર્જિલિંગ અને આસપાસના વિસ્તારોની પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનને પગલે અમે અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ. હવામાન વિભાગે રવિવાર સવાર સુધી દાર્જિલિંગ, કાલિમપોંગ, કૂચ બિહાર, જલપાઈગુડી અને અલીપુરદુઆરમાં ભારે વરસાદની આગાહી કરી હોવાથી આ પ્રદેશ રેડ એલર્ટ હેઠળ છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે સોમવાર સવાર સુધી ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં એક સ્પષ્ટ રીતે ચિહ્નિત થયેલ નીચા દબાણવાળા ક્ષેત્ર ભારેથી ખૂબ જ ભારે વરસાદ લાવશે. આઈએમડીએ તેના બુલેટિનમાં ઉલ્લેખ કર્યો છે કે ઉત્તર બંગાળના દાર્જિલિંગના પડોશી જિલ્લા અલીપુરદુઆરમાં સોમવાર સવાર સુધી ભારે વરસાદ ચાલુ રહેશે. પહાડી જિલ્લાઓમાં રાતભર અવિરત વરસાદને કારણે, પડોશી જિલ્લા, જલપાઈગુડીના માલબજારનો મોટો વિસ્તાર પાણીમાં ડૂબી ગયો છે. તીસ્તા, માલ અને અન્ય પહાડી નદીઓના પાણીનું સ્તર ભયના નિશાનથી ઉપર વહી રહ્યું છે, જેના કારણે પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આઈએમડીએ એક બુલેટિનમાં જણાવ્યું હતું કે, સોમવાર સવાર સુધી આ જિલ્લાઓમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. પશ્ચિમ ઝારખંડ અને દક્ષિણ બિહાર, દક્ષિણપૂર્વ ઉત્તર પ્રદેશ અને ઉત્તર છત્તીસગઢના નજીકના વિસ્તારોમાં નોંધાયેલું લો પ્રેશર બિહાર તરફ ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધવાની અને શનિવાર સાંજ સુધીમાં ધીમે ધીમે નબળું પડીને ઓછા દબાણવાળા ક્ષેત્રમાં ફેરવાઈ જવાની શક્યતા છે. દક્ષિણ બંગાળમાં મોટાભાગના સ્થળોએ, સોમવાર સવાર સુધી મુર્શિદાબાદ, બીરભૂમ અને નાદિયા જિલ્લામાં ભારે વરસાદ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે શનિવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી છેલ્લા ૨૪ કલાકમાં પશ્ચિમ બંગાળમાં અનેક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો, જેમાં બાંકુરામાં સૌથી વધુ ૬૫.૮ મીમી વરસાદ નોંધાયો હતો. દાર્જિલિંગના સાંસદ રાજુ બિસ્તાએ જણાવ્યું હતું કે મૃત્યુ તેમજ મિલકતો અને માળખાગત સુવિધાઓને ભારે નુકસાનના અહેવાલો મળ્યા છે. દાર્જિલિંગ અને કાલિમપોંગ જિલ્લાના ઘણા ભાગોમાં ભારે વરસાદને કારણે થયેલા મોટા પાયે નુકસાન વિશે જાણીને મને ખૂબ જ દુઃખ થયું છે. મૃત્યુ, મિલકતોનું નુકસાન અને માળખાગત સુવિધાઓને નુકસાન થયું છે. હું પરિસ્થિતિનો તાગ લઈ રહ્યો છું અને સંબંધિત અધિકારીઓના સંપર્કમાં છું. ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ X પર એક પોસ્ટમાં ભારે વરસાદને કારણે બાલાસન નદી પર દુધિયા લોખંડનો પુલ તૂટી પડવાની ઘટના પર કહ્યું કે, જેના કારણે દાર્જિલિંગ, કાલિમપોંગ અને કુર્સિઓંગમાં હજારો લોકો ભૂસ્ખલન અને પૂરમાં ફસાયા હતા, જેમાં જાનહાનિ પણ થઈ હતી. તેમણે રાહત અને પુનઃસ્થાપન માટે તાત્કાલિક રાજ્ય ગતિશીલતાનો પણ આગ્રહ કર્યો હતો. "હું પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને વિનંતી કરું છું કે તેઓ તાત્કાલિક સંસાધનો એકત્રિત કરે અને આ વિસ્તારોમાં સંદેશાવ્યવહાર નેટવર્કને ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે પૂરતી વ્યવસ્થા કરે. વધુમાં, આ કટોકટીને વધુ વકરી ન શકે તે માટે મુશ્કેલીમાં મુકાયેલા લોકોને મદદ કરવા માટે ખોરાક, પાણી, દવાઓ અને કામચલાઉ આશ્રયસ્થાનો સહિત રાહત સામગ્રીના વિતરણને પ્રાથમિકતા આપવી જોઈએ. ઉત્તર બંગાળમાં આપણા સાથી નાગરિકોની સલામતી અને સુખાકારી સર્વોપરી હોવી જોઈએ.



એક અહેવાલ મુજબ ઓછામાં ઓછા ૧૮ લોકોનાં મૃત્યુ થયા હોઈ શકે છે

# વિશ્વભરમાં આશાની સાર્વત્રિક ભાષા હોય છે; લોકશાહી માટેની લડાઈ પણ વિશ્વમાં એકસમાન છે : રાહુલ ગાંધીએ કોલંબિયામાં વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી

(એજન્સી) તા.૫

હાલમાં કોલંબિયામાં રહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું કે આશાની એક સાર્વત્રિક ભાષા હોય છે અને ગૌરવ અને લોકશાહી માટેની લડાઈ એક જ છે. ગાંધીએ તેમની યુટ્યુબ ચેનલ પર કોલંબિયાની મુલાકાત અને ત્યાંના વિદ્યાર્થીઓ સાથેની વાતચીતના ચિત્રો શેર કર્યા હતા. અને લખ્યું કે, કોલંબિયાના સમુદાયોમાં જીવંત શેરીઓ અને મેડેલિન યુનિવર્સિટીના વર્ગખંડોથી લઈને પેરૂના લિમામાં વિદ્યાર્થીઓ સાથેની હૃદયસ્પર્શી વાતચીત સુધી, દક્ષિણ અમેરિકાની mari



**લોકસભામાં વિપક્ષના નેતા ચાર લેટિન અમેરિકન દેશો - કોલંબિયા, બ્રાઝિલ, પેરૂ અને ચિલીની એક અઠવાડિયાની મુલાકાતે આવ્યા છે. તેઓ રાજકીય નેતાઓ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરે તેવી અપેક્ષા છે**

આ યાત્રા હૂંફ, આનંદ અને વિચારો સાથેની રહી છે. હું એવા કલાકારોને મળ્યો જે રંગનો પ્રતિકાર તરીકે ઉપયોગ કરે છે, અને એવા વિદ્યાર્થીઓ જે નિર્ભયતાથી સ્વપ્ન જુએ છે. તેમની સર્જનાત્મકતા અને હિંમતની ભાવના ખરેખર પ્રેરણાદાયક હતી. દરેક પગલે, મને યાદ અપાવવામાં આવ્યું કે આશા એ એક સાર્વત્રિક ભાષા છે, અને સમગ્ર ખંડોમાં, ગૌરવ અને લોકશાહી માટેની આપણી લડાઈ એક અને સમાન છે. ગાંધી ચાર લેટિન અમેરિકન દેશો - કોલંબિયા, બ્રાઝિલ, પેરૂ અને ચિલીની એક અઠવાડિયાથી વધુ લાંબી મુલાકાત પર છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા તેમની મુલાકાત દરમિયાન રાજકીય નેતાઓ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરે તેવી અપેક્ષા છે. તેઓ અનેક દેશોના રાષ્ટ્રપતિઓ અને વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરશે, અને લોકશાહી અને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવશે. યુએસ ટેરિફને પગલે ભારત વેપાર અને ભાગીદારીમાં વૈવિધ્યીકરણ લાવવા માંગે છે ત્યારે ગાંધી નવી તકો શોધવા માટે વ્યવસાયિક નેતાઓ સાથે વાતચીત કરશે. તેઓ બ્રાઝિલ, કોલંબિયા અને અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરશે, વૈશ્વિક નેતાઓની આગામી પેઢી સાથે સંવાદને પ્રોત્સાહન આપશે. કોંગ્રેસે જણાવ્યું હતું કે આ મહત્ત્વપૂર્ણ મુલાકાત ઐતિહાસિક છે, કારણ કે ભારત અને દક્ષિણ અમેરિકા બિન-જોડાણવાદી ચળવળ, વૈશ્વિક દક્ષિણમાં એકતા અને એકતા દ્વારા લાંબા સમયથી સંબંધો ધરાવે છે અને તેઓ બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થા પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવે છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે, ગાંધીજીનો સંપર્ક આ પરંપરાને ચાલુ રાખે છે, અને વેપાર, ટેકનોલોજી અને લોકો-થી-લોકોના આદાનપ્રદાનમાં સહયોગના નવા માર્ગો ખોલશે. તે આંતરરાષ્ટ્રીય ભાગીદારીને આકાર આપવામાં અને ભારતની વૈશ્વિક હાજરીને મજબૂત રીતે આગળ વધારવામાં ભારતમાં લોકશાહી માટે વિરોધ પક્ષની આવશ્યક ભૂમિકા અંગે પણ રજૂઆત કરશે.

# બંગાળ પૂર તાંડવમાં જાનહાનિથી શોક વ્યક્ત કરતા રાષ્ટ્રપતિ-વડાપ્રધાન

**'અત્યંત દુઃખી છું અને પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે'; પશ્ચિમ બંગાળમાં દાર્જિલિંગ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ તથા ભેખડો ધસી પડવાની ઘટનાઓથી ૧૮ મૃત્યુ થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યક્ત કરી સંવેદના**

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ સહિતના વિસ્તારોમાં ભારે પૂર તાંડવ અને ભેખડો ધસી પડવાની ઘટનાઓથી થયેલી જાનહાનિને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડા દુઃખ અને આઘાતની લાગણી વ્યક્ત કરી હતી. સંવેદના વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે, હું અત્યંત વેદના અનુભવી રહ્યો છું અને અત્યારે પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યો છું.

તેમણે ભારે વરસાદ અને ભૂપ્રપાત તેમજ વીજળી પડવાની ઘટનાઓથી થયેલી જાનહાનિ અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પોતાના X હેન્ડલ ઉપર લાગણી દર્શાવતા કહ્યું હતું કે, બ્રિજ તૂટી પડવાથી જે જાનહાનિ થઈ છે એ જાણીને અત્યંત દુઃખ થયું છે. જે લોકોએ જાન ગુમાવ્યા છે એમના પરિવારોને સાંત્વના આપું છું અને મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરૂં છું. ઈજા પામેલા ઝડપથી સાજા થાય એવી પ્રાર્થના કરૂં છું. પરિસ્થિતિ ઉપર ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે અને અમે અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પહોંચાડવા માટે મક્કમ છીએ.

વડાપ્રધાને કહ્યું હતું કે, દાર્જિલિંગ અને આસપાસના વિસ્તારો પર સત્તાવાળાઓ સતત નજર રાખી રહ્યા છે. મારી સંવેદના પીડિતોના પરિવારો સાથે છે અને વરસાદ તથા પૂરથી જાનહાનિ થયાની ઘટનાઓ બની છે એ ખૂબ જ કરૂણ છે. હું મૃતકોના પરિજનો પ્રતિ મારી ઊંડી સંવેદના વ્યક્ત કરૂં છું અને રાહત અને બચાવ કામગીરી માટે સફળતાની પ્રાર્થના



ઈજાગ્રસ્તો માટે પણ હું ઝડપથી સાજા થવાની શુભેચ્છા અને શુભકામના વ્યક્ત કરૂં છું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, દાર્જિલિંગમાં બ્રિજ તૂટી પડવાની અને ભારે કરૂં છું. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પણ જણાવ્યું હતું કે, બ્રિજ તૂટી પડવાથી જાનહાનિ થતાં મને ખૂબ જ દુઃખ થયું છે. તેમણે મૃતકોના પરિવારોને સાંત્વના પાઠવી હતી.

# બંગાળની પૂર પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં મમતા બેનરજી, અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે

(એજન્સી) કોલકાતા, તા.૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ઉત્તર અને દક્ષિણ બંગાળમાં પૂરની ગંભીર પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, ભારે વરસાદને પગલે પાડોશી રાજ્યો અને પાડોશી દેશોમાંથી છોડવામાં આવેલા



નિર્માણ પામી છે. આ પરિસ્થિતિમાં ભારે પૂર અને વીજ પડવાથી અમે કેટલાક ભાઈઓ અને બહેનો ગુમાવ્યા છે એ જાણીને મને ખૂબ જ આઘાત લાગ્યો છે અને અત્યંત દુઃખી થઈ છું અને હું એ તમામ પરિવારોને હૃદયપૂર્વક મારી સંવેદનાઓ પાઠવું છું અને તમામ જરૂરી સહાય

**ભારે વરસાદ પછી બહારના રાજ્યોમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હોવાનો મમતા બેનરજીનો સ્પષ્ટ આક્ષેપ**

નદીઓના પાણીને કારણે બંગાળમાં બધે જળબંબાકાર બન્યું છે.

તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, હું ખૂબ જ ચિંતાતૂર બની ગઈ છું. છેલ્લા થોડા કલાકોમાં અત્યંત ભારે વરસાદ આવ્યો હોવાથી ઉત્તર અને દક્ષિણ બંગાળમાં પ્રચંડ પૂરની પરિસ્થિતિ સર્જાય છે. વળી અમારા બહારના રાજ્યમાંથી અને દેશોમાંથી પાણી છોડવામાં આવતા પરિસ્થિતિ વધુ વિકટ બની ગઈ છે. છેલ્લા ૧૨ કલાકમાં ઉત્તર બંગાળમાં ૩૦૦ મીમી વરસાદ થયો હતો અને ઉપરથી ભૂતાન અને સિક્કિમમાંથી નદીઓના પાણીનો વધારાનો પ્રવાસ બંગાળ તરફ છોડી દેવામાં આવ્યો હતો જેના કારણે ખડકો ધસી પડવાની અને પ્રચંડ પૂરની પરિસ્થિતિ આપવાની ખાતરી આપું છું.

બંગાળના દાર્જિલિંગ, કલિમ્પોંગ, જલપાઈગુડી તેમજ અલીપુરદ્વાર, માટીગારા વગેરે વિસ્તારો તો જળબંબાકાર થઈ ગયા છે. મુખ્યમંત્રી હવે સોમવારે ઉત્તર બંગાળની મુલાકાત લેશે અને પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરનાર છે અને પરિસ્થિતિનો જાતે તાગ મેળવશે.

# તમિલનાડુના થેનીમાં ખેડૂતે ફૂડ બિઝનેસ માટે સોપારીના પાનમાંથી સોડા બનાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

થેનીના હૃદયમાં જ્યાં નીલમણિના પાન આખા દૃષ્ટિકોણને આવરી લે છે, ત્યાં એક નોંધપાત્ર પરિવર્તન મૂળિયાં પકડી રહ્યું છે. આ વાર્તા છે ૩૮ વર્ષીય કૃષિ મજૂર એસ રેણુગાની, જેમણે અવિરત નવીનતા સાથે, પરંપરાના એક નમ્ર પાનને ટ્રેન્ડી, આરોગ્ય પ્રત્યે સભાન પીણામાં ફેરવી દીધું. ખેડૂતથી ઉદ્યોગસાહસિક બનવાની તેમની સફર દ્રઢતાનો પુરાવો છે, જેના પરિણામે ૨૦૨૫માં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) દ્વારા તેમને શ્રેષ્ઠ ઉદ્યોગસાહસિક પુરસ્કારથી નવાજવામાં આવ્યા. પેઢીઓથી પાન ભારતીય સંસ્કૃતિનો મુખ્ય ભાગ રહ્યો છે, ધાર્મિક વિધિઓને ગૌરવ આપે છે અને આતિથ્યના પ્રતીક તરીકે સેવા આપે છે. તે એક છોડ છે જે તેના ઔષધીય ગુણધર્મો માટે જાણીતો છે. દાદીમા ઘણીવાર ખાંસી અને શરદી માટે પાન કષયમ સૂચવે છે. છતાં, ઘણા લોકો માટે તેનું મૂલ્ય આ પરંપરાગત ભૂમિકાઓ સુધી મર્યાદિત રહ્યું. શિવપુરમના ખેતીવાડી ગામમાં ઉછરેલી રેણુગાનો વિચાર અલગ હતો. ઓછી આવકમાં બે દીકરીઓને ઉછેરવાના પડકારોનો સામનો કરતી રેણુગા, જેણે ફક્ત સાતમા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો હતો, તે માનતી હતી કે તેનું જીવન શારીરિક શ્રમ માટે નક્કી છે. પરંતુ ૨૦૨૩માં એક તકે બધું બદલી નાખ્યું. તેણીએ ફૂડ પ્રોસેસિંગ, લાઈસન્સિંગ અને માર્કેટિંગ પર ફ્રન્ટ-લાઈન ડેમોન્સ્ટ્રેશન (FLD) તાલીમમાં હાજરી આપી, જે ખરેખર આંખ ઉઘાડી કરનાર કાર્યક્રમ હતો. તેણીએ યાદ કર્યું, હું અશિક્ષિત છું અને હું માનતી હતી કે હું ફક્ત શારીરિક કાર્ય કરી શકું છું. તાલીમથી મને ખ્યાલ આવ્યો કે મારી આસપાસના સંસાધનો સાથે હું ઘણું બધું કરી શકું છું,પાનની અપ્રાપ્ય સંભાવનાને



ઓળખીને, તેણીએ KVK દ્વારા પૂરા પાડવામાં આવેલા બહુહેતુક ફૂડ પ્રોસેસિંગ મશીન સાથે પ્રયોગ કરવાનું શરૂ કર્યું. ૨૦૨૩ના અંતમાં તેણીના ટ્રાયલ રનમાં ઝડપથી આશાસ્પદ પરિણામ આવ્યું, જેનાથી તેણીનો આત્મવિશ્વાસ વધ્યો અને મોટા સાહસ માટે માર્ગ મોકળો થયો. નવા આત્મવિશ્વાસથી સજ્જ, રેણુગાએ પીએમ ફોર્મેલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ સ્કીમ હેઠળ ૧૪,૩૦,૦૦૦ રૂપિયાની લોન મેળવી, જેમાં મશીનરી માટે ૩૦% સબસિડીનો સમાવેશ થતો હતો. તેણીના ટ્રાયલ-એન્ડ-એરર અભિગમને કારણે એક સફળતા મળી, એક તાજગીભર્યું પીણું અને ખાંડ-મુક્ત સોડા. એક કિલો સોપારીના પાનમાંથી, તે હવે ૯૦૦ મિલી પ્રવાહી કાઢી શકતી હતી, જેને તેણીએ ગર્વથી મિસ્ટર ગ્રીન નામ આપ્યું. તેણીએ પસંદ કરેલું સૂત્ર, વેટ્રિલયિન મહાથુવમ ઈપ્પોધુ ઉંગલ કૈયિલ(સોપારીની મહાનતા હવે તમારા હાથમાં છે), આધુનિક પ્રેક્ષકો સુધી સોપારીના પ્રાચીન ફાયદા પહોંચાડવાના તેણીના મિશનને સંપૂર્ણ રીતે સમાવિષ્ટ કરે છે. તેણી ફક્ત એક જ ઉત્પાદન પર અટકી ન હતી. તેણીએ ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓ માટે તેણીના સોડાનું ખાંડ-મુક્ત સંસ્કરણ પણ વિકસાવ્યું. શરૂઆતમાં, તેણીના વિચારને શંકાનો સામનો કરવો પડ્યો. પરંતુ રેણુગાએ વિરોધ કરનારાઓને નિરાશ ન થવા દીધા. તેણીએ વિવિધ સ્ટોલ અને ઈવેન્ટ્સમાં અથાક રીતે તેના ઉત્પાદનો પ્રદર્શિત કર્યા, લોકોને તેના નવીન પીણાંના અનોખા સ્વાદ, કુદરતી ઠંડક અસર અને પાચન લાભોથી પરિચિત કરાવ્યા. તેણીની દૃઢતા ફળીભૂત થઈ અને ટૂંક સમયમાં, તેણીની બ્રાન્ડ થેની અને મદુરાઈમાં ઓર્ગેનિક દુકાનો અને ઉચ્ચ કક્ષાની હોટલોમાં સ્ટોક થઈ ગઈ. જોકે, રેણુગાની સફર તેના અવરોધો વિના રહી નથી. તેના પતિ એસ સેન્થિલવેલ, જેને તેણી વ્યવસાયની કરોડરજ્જુ તરીકે શ્રેય આપે છે, તે યોગ્ય પ્રકારના પાનના પાન મેળવવાના પ્રારંભિક પડકારો દર્શાવે છે. દેશમાં બનાવેલ પાન એ પીણાં તૈયાર કરવા માટે યોગ્ય છે, તેમણે નોંધ્યું, ભાર મૂક્યો કે કેટલીક જાતો કડવા અનુભવ તરફ દોરી જાય છે. બજારમાં પગપેસારો કરવો એ બીજો પડકાર હતો. દુકાનદારો અને હોટેલ માલિકોને તેમના અનન્ય ઉત્પાદનને લઈ જવા માટે મનાવવા માટે વ્યક્તિગત મુલાકાતો અને સતત સંપર્કની જરૂર હતી. આ દંપતીએ તેમની પહોંચ વધારવા માટે કૃષિ જાગરણ યુટ્યુબ ચેનલ જેવા પ્લેટફોર્મનો પણ ઉપયોગ કર્યો. આજે, રેણુગાનો વ્યવસાય સમૃદ્ધ થઈ રહ્યો છે. તેણી સરેરાશ માસિક ચોખ્ખી આવક ૩૦,૦૦૦ રૂપિયા કમાય છે, તેણી ૫૦ મિલી બોટલ ૨૦ રૂપિયા માં વેચે છે, જ્યારે દુકાનો તેને ૨૫ રૂપિયામાં છૂટક વેચાણ કરે છે.

# આ IAS અધિકારી જે એક ડોક્ટર છે, તે નૃત્યમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે અને બોલિવૂડ અભિનેત્રીથી કંઈ ઓછી સુંદર નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

એક IAS અધિકારી જે એક ડૉક્ટર અને એક ઉત્તમ નૃત્યાંગના બંને છે, તે કવિતા પણ લખે છે અને ચિત્રકામનો શોખ ધરાવે છે. તેણીને તેના કાર્ય માટે રાષ્ટ્રપતિ મેડલ મળ્યો છે. વધુમાં, કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન, તેણીએ IAS અધિકારી અને ડૉક્ટર બંને તરીકે સેવા આપી હતી. અમે વાત કરી રહ્યા છીએ છત્તીસગઢ કેડરનાં છજી અધિકારી પ્રિયંકા શુક્લા વિશે, જેમને ગયા વર્ષે આરોગ્ય સેવાઓના કમિશનર-કમ-નિયામક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિશેષ સચિવનો વધારાનો હવાલો પણ સોંપવામાં આવ્યો હતો. પ્રિયંકા શુક્લાના પિતા ઈચ્છતા હતા કે તેણી IAS અધિકારી બને, પરંતુ તેનું બાળપણનું સ્વપ્ન ડૉક્ટર બનવાનું હતું. આ પ્રાપ્ત કરવા માટે, તેણીએ સખત મહેનત કરી અને MBBS ડિગ્રી મેળવી. પરંતુ ડૉક્ટર બન્યા પછી, કંઈક એવું બન્યું જેના કારણે તેણીએ UPSC પરીક્ષા આપવાનું અને પછી IAS અધિકારી બનવાનું નક્કી કર્યું. ૧૨મું ધોરણ સારા માર્ક્સ સાથે



પાસ કર્યા પછી, પ્રિયંકા શુક્લાએ MBBS પ્રવેશ પરીક્ષા આપી અને તે પાસ કર્યા પછી, લખનૌની કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. પ્રિયંકા શરૂઆતથી જ એક તેજસ્વી વિદ્યાર્થી હતી અને ૨૦૦૬માં તેણીએ MBBS પૂર્ણ કર્યું. આ પછી, તેણીએ લખનઉમાં પ્રેક્ટિસ શરૂ કરી. અહેવાલો અનુસાર, પ્રિયંકા શુક્લા ડોક્ટર બનવાનું પોતાનું સ્વપ્ન પૂર્ણ કર્યા પછી ખૂબ જ ખુશ હતી અને પોતાનું કામ પૂરા દિલથી કરી રહી હતી. જોકે, એકવાર તે ચેકઅપ માટે એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગઈ અને ત્યાં એક મહિલાને ગંદુ પાણી પીતી અને તે જ પાણી તેના બાળકોને પીતી જોઈ. આ જોઈને, પ્રિયંકાએ મહિલાને અટકાવી, જેણે જવાબ આપ્યો,શું તમે ક્યાંક કલેક્ટર છો,પ્રિયંકા શુક્લા મહિલાના શબ્દોથી ખૂબ જ પ્રભાવિત થઈ અને IAS અધિકારી બનવાનો નિર્ણય લીધો. ત્યારબાદ તેણીએ ખૂબ મહેનત કરી અને UPSC પરીક્ષા આપી, પરંતુ તેણીના પહેલા પ્રયાસમાં જ નિષ્ફળ ગઈ. પ્રિયંકા શુક્લા તેના પહેલા પ્રયાસમાં નિષ્ફળ ગઈ, પરંતુ તેણે હાર ન માની કારણ કે તે IAS અધિકારી બનવા માટે મક્કમ હતી. ત્યારબાદ તેણીએ ફરીથી પરીક્ષા આપી અને ૨૦૦૯માં સફળ થઈ, IAS અધિકારી બની.પ્રિયંકા શુક્લા ઘણીવાર તેના કામ માટે સમાચારમાં રહે છે અને તેને શ્રેષ્ઠ IAS અધિકારીઓમાંની એક માનવામાં આવેછે. IAS અધિકારી હોવા ઉપરાંત, તે એક સમકાલીન નૃત્યાંગના પણ છે અને ઘણાને પાછળ છોડી શકે છે. તે કવિતા પણ લખે છે. પ્રિયંકા ગાયન અને ચિત્રકામની પણ શોખીન છે.

# ભાવનગર-ધોલેરા હાઈવે પર બે ખાનગી બસનો અકસ્માત : ૧૦ ઘાયલ

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર , તા.૫

ભાવનગર-ધોલેરાહાઈવે પર આજે વહેલી સવારે હેબતપુર ગામ નજીક બે ખાનગી લક્ઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં કુલ ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૩ની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.



(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

આ અકસ્માતની પ્રાપ્ત વિગતો મુજબ નટરાજ ટ્રાવેલ્સની લકઝરી બસ અને બદ્રીનાથ ટ્રાવેલ્સની લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સુરતથી ભાવનગર તરફ આવતી નટરાજ ટ્રાવેલ્સ વળાંક લઈ રહી હતી ત્યારે, પાછળથી આવી રહેલી બદ્રીનાથ ટ્રાવેલ્સ વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. દુર્ઘટનામાં ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં ૩ની હાલત ગંભીર આ અકસ્માતમાં નટરાજ ટ્રાવેલ્સની બસ રોડ પર પલટી ખાઈ ગઈ હતી. જ્યારે બદ્રીનાથ ટ્રાવેલ્સનો કંડક્ટર સાઈડનો આગળનો ભાગ અકસ્માતમાં ક્ષતિગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્તોને સારવાર માટે ભાવનગર સર ટી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં જ એમ્બ્યુલન્સની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક ભાવનગર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ધોલેરા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરતના ઉધના નહેર પાસેના મંદિરમાં ટ્રેલર ઘૂસ્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

સુરતમાં ઉધના ખરવરનગર ખાતે વહેલી સવારે બનેલી અકસ્માતની ઘટનામાં, એક બેકાબૂ ટ્રેલર ખરવનગર વિસ્તારમાં આવેલા રોકડિયા હનુમાન મંદિરમાં ઘૂસી ગયું હતું. જેથી મંદિરના આગળના ભાગને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ ટ્રેલરની ટક્કર એટલી જોરદાર હતી કે, મંદિરના માળખાને મોટું નુકસાન થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે ટ્રેલર ચાલકે કોઈ કારણોસર વાહન પરનો કાબૂ ગુમાવતાં એક રિક્ષાને ટક્કર માર્યા બાદ તે સીધું જ રોકડિયા હનુમાન મંદિરની દીવાલ તોડી અંદર ઘૂસી ગયું હતું.અકસ્માતને પગલે મંદિરમાં આગળના ભાગને ભારે નુકસાન થયું હતું. ટ્રેલરચાલક અને તેમાં સવાર અન્ય લોકો નશાની હાલતમાં હતા. આ ગંભીર અકસ્માત બાદ, હાજર રહેલા સ્થાનિક લોકોએ તુરંત જ ટ્રેલરચાલક સહિત ત્રણ વ્યક્તિઓને પકડી પાડ્યા હતા અને આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ત્રણેય શખ્સોની અટકાયત કરીને તેમને પોલીસ હવાલે કર્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક કોર્પોરેટરો અને આગેવાનો તાબડતોબ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. હાલમાં, આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# વાપીની કેબીએસ કોલેજ ગર્લ્સ જુડોમાં ચેમ્પિયન બની

(સંવાદદાતા દ્વારા)
વાપી, તા.૫

વાપી ચાણોદ કોલોની સ્થિત કેશવજી ભરમાલ સુમારીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં રમત ક્ષેત્રે વિશેષ તાલીમ આપવામાં આવે છે. સદર કોલેજના જુડોના રમતવીરો ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરત અંતર્ગત યોજાયેલ આંતર કોલેજ જુડો ટુર્નામેન્ટમાં ચેમ્પિયનશીપ ટાઈટલ જીતીને શાનદાર વ્હાઈટવોશ વિજય મેળવ્યો હતો. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટનું આયોજન નવયુગ સાયન્સ કોલેજ, સુરત દ્વારા કરવામાં આવ્યું હતું. ખેલાડી મિત્રોએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અજોડ પ્રતિભા અને વ્યૂહાત્મક શ્રેષ્ઠતા દર્શાવી હતી. વિજેતા



વિદ્યાર્થીઓમાં યાદવ (F.Y.B.sc.) ગોલ્ડ મેડલ, કૃતિકા મિશ્રા (S.Y.B.Sc.) ગોલ્ડ મેડલ, નંદની ધુમાડિયા (S.Y.B.Com.) ગોલ્ડ મેડલ, આફિયાખાન (F.Y.B.Sc.) સિલ્વર મેડલ, શ્રેષ્ઠા યાદવ (M.Sc. Chem.Part-II) બ્રોન્ઝ મેડલ, કોમલ સિંઘ (S.Y.B.C.A.) બ્રોન્ઝ મેડલ મેળવી, તેમના પ્રભાવશાળી પ્રદર્શન અને મેડલોથી કોલેજને ગૌરવ અને સન્માનિત કરાઈ હતી. આ શૈક્ષણિક વર્ષમાં એક યાદગાર વિજય છે. રમતની તાલીમ અને માર્ગદર્શન રમત ગમતના મદદનીસ પ્રાધ્યાપક ડો. મયુર પટેલ અને રોહિત સિંહ દ્વારા આપવામાં આવ્યું હતું. આમ સમગ્ર યુનિવર્સિટીમાં કોલેજનું નામ રોશન કરવા બદલ મેનેજમેન્ટ તેમજ કોલેજના આચાર્ય ડો. પુનમ બી. ચૌહાણે વિજેતાઓને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ બિરદાવ્યા હતા.

# સાયલા હાઈવે પર બેફામ ડમ્પરે ૧૦ બકરાને કચડી માર્યા

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૫

સાયલા પંથકમાં અવાર નવાર સર્જાતા ગમખ્વાર અકસ્માતોમાં નિમિત બનતા કાળમુખા ડમ્પરોનો આતંક યથાવત્ રહેવા પામ્યો હોય તેમ હાઈવે પર ઘરે જવા નીકળેલા માલધારીના પશુધન પર ડમ્પરના ટાયર ફરી વળતા ૧૦થી વધુ બકરાનાં મોત સાથે ૧૦ જેટલા અબોલ જીવોને મરણતોલ ઈજાઓ થવા પામતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. અકસ્માત સમયે ડમ્પર ચાલકે રોડની સાઈડમાં જતા ઘેટા, બકરાના ટોળા સાથે બાઈક લઈને જતા બે યુવાનોને પણ અડફેટે લીધા હોવાની વાત સામે આવી છે. ત્યારે અકસ્માત સર્જી ડમ્પરનો ચાલક આગળ આવેલી એક હોટેલ પર ડમ્પર રેઢું મૂકી નાશી છૂટ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અકસ્માત બાદ જીવદયા પ્રેમીઓમાં બેફામ ડમ્પરો સામે રોષ ફેલાયો હતો તેમજ આવા વાહન ચાલકો, માલિકો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની પણ માગ ઉઠવા પામી છે.

# વેરાવળમાં ફૂડ વિભાગની ડ્રાઈવ, ૨૭ નમૂના લેબોરેટરીમાં મોકલાયા

(સંવાદદાતા દ્વારા)
વેરાવળ, તા.૫

વેરાવળ શહેરમાં દિવાળીના તહેવારો પહેલા ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી ૧૨ પેઢીઓમાંથી ૨૭ ખાદ્ય નમૂના લેબોરેટરીમાં મોકલાયેલ છે. ફૂડ વિભાગની કાર્યવાહીથી ભેળસેળીયા તત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે.

આગામી દિવાળીના તહેવારો નજીક આવતા બજારમાં મીઠાઈ, ફરસાણ અને ઘી જેવી ખાદ્ય વસ્તુઓની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. એ સાથે જ ભેળસેળીયા તત્ત્વો પણ સક્રિય થઈ જતા હોય છે. એ જ કારણસર વેરાવળ સોમનાથ જિલ્લામાં ફૂડ વિભાગે વિશેષ ચેકીંગ ડ્રાઈવ હાથ ધરી ૧૨ પેઢીઓમાં તપાસ હાથ ધરાતાં ૨૭ નમૂનાઓ (સેમ્પલ) લેવામાં આવ્યા છે. આ ડ્રાઈવ દરમિયાન ફૂડ વિભાગની ટીમોએ શહેરમાં ફરસાણ અને ઘીનું વેચાણ કરતી દુકાનો અને ડેરીઓમાં ચેકીંગ હાથ ધર્યું હતું.

ચેકિંગ દરમિયાન ફરસાણની દુકાનોમાં ફાફડા, જલેબી, સંભારો, લીલી ચટણી અને રો મટીરિયલના ૧૦ નમૂનાઓ લેવામાં આવ્યા છે જ્યારે ઘી વેચાણ કરતી પેઢીઓમાંથી ઘીના કુલ ૧૭ નમૂનાઓ એકત્રિત કરી લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. ફુડ વિભાગની અચાનક કામગીરી બાદ ભેળસેળીયા તત્વોમાં ફફડાટની માહોલ સર્જાયો છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ખનિજ માફિયાઓ પર તવાઈ, સફેદ માટીની ચોરી ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર જિલ્લામાં ખનિજ માફિયાઓ ફરી એકવાર ખાણ-ખનિજ વિભાગની ઝપટમાં આવ્યા છે. જિલ્લામાં ખનિજ ચોરીની ગતિવિધિઓ સતત વધી રહી છે, જેમાં હવે સફેદ માટી (white clay)નું ગેરકાયદેસર ખનન થતું હોવાનો પર્દાફાશ થયો છે.ખાણ-ખનિજ વિભાગની ટીમે મોરથળા નજીકના વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. આ સ્થળ મોરબી જિલ્લાની બોર્ડર નજીક જ આવેલું હોવાથી, માફિયાઓ આ વિસ્તારનો ગેરકાયદેસર ખોદકામ માટે ઉપયોગ કરી રહ્યા હતા. આ ઓપરેશન દરમિયાન, ખનિજ વિભાગે ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિમાં ઉપયોગમાં લેવાતા મશીનો જપ્ત કર્યા છે. ઉપરાંત, ગેરકાયદેસર રીતે પ્લાન્ટ પણ ઊભા કરવામાં આવ્યા હોવાનો ધડાકો થયો છે, જે દર્શાવે છે કે આ ચોરી મોટા પાયે આયોજનપૂર્વક ચાલી રહી હતી. વિભાગે સ્થળ પરથી રૂા.૭૦ લાખથી વધુની ખનિજ સંપત્તિ જપ્ત કરી છે. ખાણ-ખનિજ વિભાગે આ દરોડા બાદ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

# સુરતમાં બુટલેગરે પોલીસના સિમ્બોલવાળી કાર જજીસના પાર્કિંગમાં પાર્ક કરતા ટો કરાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

સુરત જિલ્લા ન્યાયાલય સંકુલમાં જ્યાં વકીલોની કારને પ્રવેશ પર પ્રતિબંધિત છે, ત્યાં જ્યુડિશ્યલ ઓફિસર્સ માટે અલાયદા રોડ અને વાહન પાર્કિંગ ઝોનમાં ગતરોજ પોલીસના સિમ્બોલવાળી લીસ્ટેડ બુટલેગરની કારને વટની સાથે જજીસ કાર પાર્કિંગમાં ગેરકાયદે પાર્ક કરી દીધી હતી. આ બાબતે જાણ થયા બાદ ઉમરા પોલીસે પોલીસની ખોટી ઓળખ ઉભી કરીને બ્લેક પટ્ટીવાળી બુટલેગરની કારને ક્રેઈન મારફતે ઉંચકી જઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના લીસ્ટેડ બૂટલેગર અશોક ઉર્ફે ડોકુ ચંપકલાલ રાણા (રહે. રાણાશેરી, બેગમપુરા)ના પુત્રએ પોલીસ સિમ્બોલ ધરાવતી કારને જ્યુડિશ્યલ ઓફિસર્સ માટેના અલાયદા એન્ટ્રી ગેટમાં પ્રવેશ કરાવીને વટથી જજીસ કારપાર્કિંગમાં મુખ્ય જિલ્લા સરકારી વકીલની કાર પાર્કિંગની જગ્યામાં પોતાની કાર ખડકી દીધી હતી. હાઈકોર્ટ જસ્ટીસના કાર્યક્રમમાંથી આવેલા સરકારી વકીલે પોતાની પાર્કિંગની જગ્યામાં પોલીસના સિમ્બોલવાળી કાર પાર્ક કરી દેનારની તપાસ કરી હતી. જે કાર પર સુરતના અલગ-અલગ ૧૯ જેટલા પોલીસ મથકોમાં દારૂબંધીના ગુના નોંધાયા છે. જેને ચાર વાર પાસા અને એકવાર તડીપાર કરવામાં આવ્યો હતો તે લીસ્ટેડ બુટલેગર અશોક રાણાની કાર હોવાનું બહાર આવતાં ચોંકી ગયા હતા.તાત્કાલિક ટ્રાફિક શાખા અને ઉમરા પોલીસમાં આ મુદ્દે ફરિયાદ કરવા છતાં બે કલાક બાદ ટ્રાફિક શાખાની ક્રેઈન આવીને બુટલેગરની કારને ઉંચકી ગઈ હતી. વધુમાં પોલીસની ખોટી ઓળખ આપવા તથા પ્રતિબંધિત બ્લેક પટ્ટીવાળી કાર ગેરકાયદે પાર્ક કરવા અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એક તરફ સૂચિત કોર્ટ બિલ્ડિંગના મામલે સુરતમાં હાઈકોર્ટના ચાર ન્યાયમૂર્તિની ઉપસ્થિતિ હોય તેવામાં કોર્ટ બિલ્ડિંગમાં સલામતીના નામે મોટું મીંડુ હોય તે રીતે પોલીસના સિમ્બોલ સાથે બુટલેટરના પુત્રએ તેની કારને વટથી જજીસના અલાયદા રોડ પરથી પ્રવેશ મેળવ્યો હતો. એટલું જ નહીં પરંતુ માત્ર જજોના વાહનો માટેના નિયત કાર પાર્કિંગમાં બુટલેગરના પુત્રએ પોતાની કાર પાર્ક કરી કોર્ટમાં કામ માટે ગયો હતો. જો કે પાછળથી પોતાની ભૂલ સમજાતા તેણે ડીજીપીની માફી માગી પોતાની સગાઈ તૂટી જાય તેવા ડાયલોગ બોલીને નાટક પણ અજમાવી જોયું હતું પરંતુ તે વ્યર્થ સાબિત થયું હતું.

# સુરતના પાંડેસરામાં મિલ માલિક પાસે જોબવર્ક કરાવ્યા બાદ રૂા.૧૧ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

પાંડેસરા જીઆઈડીસીમાં આવેલ મનિષ ડાંઈગ એન્ડ પ્રિન્ટિંગ મિલમાંથી જોબવર્ક કરાવ્યા બાદ બાકીના લેવાના નિકળતા રૂપિયા ૧૧ લાખ નહીં આપી છેતરપિંડી કરનાર કુબેરજી ડાર્ક માર્કેટના વેપારી સામે પોલીસમાં ગુનો દાખલ થયો છે. પાંડેસરા પોલીસના જણાવ્યા મુજબ પુણાગામ, ભૈયાનગરમાં ક્રિષ્ણા કોમ્પ્લેક્ષમાં રહેતા અશોકસિંગ પુનમસિંગ રાજપુરોહિત પાંડેસરા જીઆઈડીસીમાં આવેલ મનિષ ડાઈગ એન્ટ પ્રિન્ટિંગ પ્રા.લીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. અશોકસિંગની કંપનીમાંથી છેલ્લા પંદર વર્ષથી સારોલીની કુબેરજી ડાર્ક નામની માર્કેટમાં મધુ ટેક્ષટાઈલના નામે ધંધો કરતા હરીશંકર અશોકકુમાર જાલન જોબવર્કનું કામ કરાવી તેનું સમયસર પેમેન્ટ ચૂકવી આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ હરીશંકર જાલનએ ૨૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ ૧૧,૬૨,૬૪૩નું જોબવર્કનું કામ કરાવ્યું હતું. જેમાંથી રૂપિયા ૬૨,૪૪૩ ચુકવ્યા હતા. જ્યારે બાકીના લેવાના નિકળતા રૂપિયા ૧૧ લાખની અશોકસિંગ દ્વારા અવારનવાર ઉઘરાણી કરતા હાલમાં મંદી ચાલે છે. બજારમાંથી ઉઘરાણી આવતી નથી. તેવું કહી ખોટા વાયદાઓ આપી સમય પસાર કર્યા બાદ ઉશ્કેરાઈને અશોકસિંગને હવે પૈસાની માંગણી કરવા આવશો તો તમને જાઈ લેવાની ધમકી આપી જોબવર્કના નિકળતા રૂપિયા ૧૧ લાખ નહીં આપી છેતરપિંડી કરી હતી. બનાવ અંગે પાંડેસરા પોલીસે અશોકસિંગની ફરિયાદ લઈ હરીશંકર જાલન સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# વેરોવળ ડેપોમાં મેડિકલ કેમ્પ યોજાયો




વેરાવળ એસટી ડેપો ડેપો મેનેજર દિલીપ શામળાના સહયોગથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ જિલ્લાના દ્વિતીય સ્થાપના દિન ઉજવણી પખવાડિયા અંતર્ગત નિશ્શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં BP અને હિમોગ્લોબિનના ટેસ્ટ કરવામાં આવેલ તેમાં મહિલાઓમાં લોહીની ઉણપ જણાય તો શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા ફ્રીમાં ત્રણ માસ માટેની દવાઓ નિઃશુલ્ક આપવામાં આવેલ જેમાં ડેપોના ડ્રાઈવર, કન્ડક્ટર, મિકેનિક, વહીવટી સ્ટાફ તેમજ મુસાફર જનતાએ લાભ લીધો હતો. રેડ ક્રોસ વતી, ડો.દિગંત સોલંકી, જોઈન્ટ સેક્રેટરી અનિશ રાચ્છ, કમિટી મેમ્બર વિમલ ગજ્જર, સંજય દાવડા, નર્સિંગ સ્ટાફ દિવ્યેશ અપારનથી તથા સહાયક દીપક ગળચરએ સેવા આપી હતી. સ્વચ્છતા થકી આપણા આરોગ્યની જાળવણી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

# સુરતના અડાજણમાં સબ-રજિસ્ટ્રાર રૂા. ૨.૫૦ લાખની લાંચ લેતાં ઝડપાયો

## જમીન દસ્તાવેજને ક્લિયર કરવા પગારથી ત્રણ ગણી વધુ રકમની લાંચ માગી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

અડાજણ સ્થિત સબ-રજિસ્ટ્રાર કચેરી-૮માં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારી મહેશકુમાર રણજીત સિંહ પરમારને એસીબીએ રૂા.૨.૫૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો.

આરોપી મહેશ પરમાર, જેનો માસિક પગાર આશરે ૮૦,૦૦૦ છે, તેણે જમીનના દસ્તાવેજ પર કોઈપણ વાંધો કાઢ્યા વિના તેને ક્લિયર કરી આપવાના બદલામાં આ મોટી રકમની લાંચ માંગી હતી. એસીબી પાસેથી મળેલી માહિતી મુજબ, ફરિયાદીએ અડાજણમાં ખેતીની જમીન ખરીદી હતી અને કાયદા મુજબ તમામ ફી ભરીને દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. દસ્તાવેજોમાં કાયદેસરનો કોઈ વાંધો ન હોવા છતાં, સબ-રજિસ્ટ્રાર કચેરીના આ કર્મચારીએ ઓર્ડર પસાર કરવાના બદલામાં ફરિયાદી પાસે ૩ લાખની લાંચની માગણી કરી. આરોપીનો માસિક પગાર ૮૦ હજાર હોવા છતાં, એક જ કામ માટે તેના પગારના ત્રણ ગણાથી પણ વધુ રકમની લાંચ માંગી હતી, રકઝકના અંતે ૨.૫૦ લાખમાં સમાધાન થયું હતું. લાંચ આપવા ન માંગતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરતાં, પી.આઈ. આર.કે. સોલંકી, સુરત ગ્રામ્ય એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું. તારીખ ૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ, મહેશ પરમાર ફરિયાદી પાસેથી તેની ઓફિસમાં જ રૂા.૨.૫૦ લાખની રોકડ લાંચ સ્વીકારતા એસીબીના હાથે ઝડપાઈ ગયો હતો. આરોપી મહેશ પરમાર વિરૂદ્ધ ગુનો નોંધીને એસીબીએ આગામી તપાસની દિશા સ્પષ્ટ કરી દીધી છે. ૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ કોર્ટ સમક્ષ રજૂ કરીને રિમાન્ડની માગણી કરવામાં આવશે. આ રિમાન્ડ દરમિયાન, એસીબી મુખ્યત્વે આરોપીની નાણાકીય પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ૮૦ હજારના પગાર પર રહેલા મહેશ પરમારે ૨૭ વર્ષની નોકરી દરમિયાન કેટલી સ્થાવર અને જંગમ મિલકતો વસાવી છે, તેની વિગતવાર તપાસ કરવામાં આવશે. લાંચની રકમ અને અન્ય ગેરકાયદેસર વ્યવહારોના પુરાવા મેળવવા માટે તેના ઘર અને ઓફિસમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે.

# ગીર સોમનાથ જિલ્લાના ટી.બી. દર્દીઓને સ્ટેલા મેરી ટ્રસ્ટ દ્વારા પોષણ કિટ અપાઈ

(સંવાદદાતા દ્વારા)
વેરાવળ, તા.૫

ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં ક્ષય વિભાગ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી રહી છે અને ટી.બી.ના દર્દીઓને પૂરતી પોષણ કિટ મળી રહે તે માટે નિક્ષય મિત્ર દ્વારા પોષણ કિટ પણ આપવામાં આવી રહી છે.

નિક્ષય મિત્ર અંતર્ગત સ્ટેલા મેરી ટ્રસ્ટ દ્વારા ૪૦ ટી.બી.ના દર્દીઓને પોષણ આહાર કિટ આપવામાં હતી. આ પોષણ આહાર કિટ થકી દર્દીઓને પૂરતું પોષણ મળી રહેશે અને ટી.બી સામે લડવામાં મદદ મળી રહેશે. ઉલ્લેખનીય છે કે,



સ્ટેલા મેરી ટ્રસ્ટ સોમનાથ છેલ્લાં ૧૧ વર્ષથી દર મહિને ૪૦ દર્દીને રાશન કિટ આપી સરાહનીય કામગીરી કરે છે. આ ખાસ કેમ્પમાં સ્ટેલા મેરી ટ્રસ્ટના સિસ્ટર તથા મેણસી સોલંકી (DPS) તથા સાઈમા મલેક (ટી.બી.એચ.વી પ્રભાસ પાટણ) અને સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સુરેન્દ્રનગર ખાતે ભોગાવો નદીમાં ઠલવાતું ગટરનું પાણી



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર, તા.૫

સુરેન્દ્રનગર શહેરમાંથી દરરોજ ભૂગર્ભ ગટરના પ્રોસેસ થયા વગરના પાણી શહેર મધ્યમાંથી પસાર થતી ભોગાવો નદીમાં ઠાલવવામાં આવતો હોવાનો સામાજીક આગેવાને વીડિયો ફરતો કર્યો હતો. આથી નદી પ્રદૂષિત કરનાર સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

શહેરની ભોગાવો નદીમાં ભૂગર્ભ ગટરના પાણી અને ગંદકી કચરો ઠાલવવામાં આવતો હોવાથી તેમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. જેનો વીડિયો આપના શહેર પ્રમુખ કમલેશ કોટેચાએ ફરતો કર્યો હતો. આ અંગે તેમણે જણાવ્યું કે સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા એક તરફ સ્વચ્છોત્સવ ઉજવણી કરાય છે અને ઠેર-ઠેર સફાઈની વાત કરાય છે. ત્યારે શહેરના મધ્યમાંથી પસાર થતી ભોગાવો નદી ગંદકી અને ભૂગર્ભ ગટરના પ્રોસેસ થયા વગરના પાણી અને કચરાથી ભરાયેલી છે. તે શું વહીવટદાર અધિકારીઓને અને આગેવાનોને ધ્યાને નહીં આવતી હોય. ?

# ગાંધીજીના આદર્શો જીવનમાં ઉતારવા ત્રણ સંસ્થાઓમાં વ્યાખ્યાનનું આયોજન



(સંવાદદાતા દ્વારા)
પાલીતાણા, તા.૫

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે લોક વિદ્યાલય - વાળુકડ, ગંગોત્રી સંસ્કાર તીર્થ - માનપુર , તેમજ કસ્તુરબા સેવાશ્રમ-મોટી પાણીયાળી એમ ત્રણેય શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગાંધીજીના આદર્શોને વિદ્યાર્થીઓ અને સમાજ જીવનમાં સ્થાપિત કરવાના પ્રયાસરૂપે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમોમાં ભાવનગરના આર્યકુળ કન્યા વિદ્યાલયના આચાર્ય અને ગંગોત્રી સંસ્કાર તીર્થ, માનપુરના પૂર્વ છાત્ર વંદનાબેન એસ. હરિયાણીએ બાપુના મૂલ્યોને આજના યુગમાં કેવી રીતે અપનાવી શકાય, તે વિશે પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમને મોટાભાઈ નાનુભાઈ શિરોયાએ શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

# ભાવનગર ખાતે દેશી દારૂ સાથે એક ઈસમ ઝડપાયો

ભાવનગર, તા.૫

એલ.સી.બી. પોલીસ સ્ટાફનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રાલિંગમાં હતાં. તે દરમિયાન બાતમી મળેલ કે, અજય જેન્તીભાઈ ચુડાસમા (રહે. દેવીપુજક વાસ, રામાપીરના મંદીર પાસે, ચાવડીગેટ) તેના રહેણાંક મકાને દેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. જે બાતમી આધારે રેઈડ કરતાં લીટર-૪૪૪ કિ.રૂા.૮૮,૮૦૦/-ના મુદ્દામાલ સાથે રહેણાંક મકાનેથી દેશીદારૂના જથ્થા સાથે હાજર મળી આવેલ. જેથી તેના વિરૂદ્ધ ભાવનગર, નિલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની કલમ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# મોરબીમાં જશ્ને ગૌસે આઝમની શાનમાં વિશાળ જુલૂસ નીકળ્યું

(સંવાદદાતા દ્વારા)
મોરબી, તા.૫

મોરબીમા હઝરત પીરાનેપીર (દસ્તગીર) જશ્ને ગૌસે આઝમની અગિયારમીશરીફની ખુશીમા મોરબી નગર દરવાજાચોકથી ખાટકીવાસ સુધી શહેર ખતીબ હાજી અબ્દુલરશીદમીંયાબાપુ અને સિકંદરમિંયાબાપુ કાદરી જીલાનીની આગેવાની હેઠળ વાજતે ગાજતે વિશાળ જુલૂસ કાઢવામા આવ્યું હતું.



(તસવીર : રજ્જાક બુખારી, મોરબી)

આ જુલૂસ દરમ્યાન આશીકે ગૌસીયા દ્વારા ઠેર ઠેર સબીલો રાખી ઠંડાપીણા તેમજ અવનવા નિયાઝનું વિતરણ કરી અગિયારમીશરીફની ખુશી મનાવી હતી અને શહેરમા ટ્રાફિક સમસ્યા હલ કરવા ટ્રાફિક પી.આઈની સૂચનાથી ટ્રાફિક પોલીસની ટીમ ખડેપગે રહી હતી.

# વેરાવળ : વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

વેરાવળ, તા.૫

વેરાવળ પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧૩૩૯ બોટલો કુલ કી. રૂા.૨,૦૮,૪૨૦/-ના મુદ્દા માલ સાથે બે બુટલેગરોને ઝડપી લઈ કાયદેસરની કામગીરી હાથ ઘરેલ છે.વેરાવળ સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ.આર.ગોસ્વામીની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. આર.આર. રાયજાદા તથા સ્ટાફનો ખાનગી રાહે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે વેરાવળ, વીઠ્ઠલવાડી વિસ્તારમાં, જાડી જાખરમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ-૧૩૩૯ બોટલો કી.રૂા.૨,૦૮,૪૨૦ મુદ્દામાલ સાથે ભોલો ઉર્ફે કરણ વિજયભાઈ કડેવાલ સોલંકી (ઉં.વ.૨૩) ધંધો-મજૂરીકામ (રહે.વેરવળ,વિઠ્ઠલવડી વિસ્તાર) સનીભાઈ મનુભાઈ ચારીયા (ઉં.વ.૨૪) ધંધો-પ્રા.નોકરી (રહે.વેરાવળ, મોટા કોળીવાડા) બન્ને આરોપીઓને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# અંકલેશ્વર ભરૂચ હાઈવે ઉપર ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૫
અંકલેશ્વર નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યાથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠયા છે, સાથે સર્વિસ રોડ બિસ્માર બનતા અનેક વાહનો ફસાયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી અંકલેશ્વર ભરૂચ વચ્ચે અવારનવાર ટ્રાફિકજામ સર્જાતા વાહન ચાલકો પરેશાન થઈ ઉઠયા છે. ભરૂચ-અંકલેશ્વર વચ્ચેના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ટ્રાફિક જામની રોજિંદી સમસ્યા બની છે. કલાકો સુધી ટ્રાફિક જામ રહેતા વાહન ચાલકો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. ત્યારે નેશનલ હાઈવે ઓર્થોરિટી અને તંત્ર ચુપકીદી સેવીને બેઠું છે. તેઓની ચુપકીદીના કારણે વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે રોજિંદા ટ્રાફિકજામના કારણે, અંકલેશ્વર પાનોલી જીઆઈડીસીમાં જતા નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે સાથે રોજિંદા મુસાફરો પણભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે, ત્યારે નેશનલ હાઈવે ઓર્થોરિટી અને તંત્ર હાઈવેનું વહેલી ટકે સમારકામ હાથ ધરે તેવી લાગણી પ્રવર્તી છે. બીજી તરફ વાલિયા ચોકડી ઉપરના ફ્લાય ઓવર બ્રિજ ઉપર ટ્રાફિક જામ રોજિંદી સમસ્યા બની રહી છે તો આઈઆરબી દ્વારા બ્રિજને અડીને આવેલ સર્વિસ રોડ ઉપર પડી ગયેલા ખાડાઓની મરામત કરવામાં આવતી નથી. આ સર્વિસ રોડનો ઉપયોગ સ્થાનિક વાહનચાલકો ઉપરાંત અનેક ખાનગી ટ્રાવેલ્સ બસો કરતા આવ્યા છે. હાઈવે જામને કારણે આ સર્વિસ રોડ ઉપર પણ વાહનોની અવરજવર વધતી હોય છે તેને પરિણામે બિસ્માર સર્વિસ રોડને કારણે વિકટ સમસ્યા ખડી થઈ રહી છે. તો અન્ય આંતરિક માર્ગો ઉપર ટ્રાફિકનું ભારણ પણ વધવા પામ્યું છે.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# ડીસા સિવિલમાં પૂરતી સુવિધાનો અભાવ તો જિલ્લા હોસ્પિટલનો દરજ્જો માત્ર ભ્રમ ?

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૫
બનાસકંઠા જિલ્લામાં આવેલ ડીસા સિવિલ હોસ્પિટલમાં પૂરતી સુવિધાના અભાવે સોનોગ્રાફી, એમ આર આઈ મશીન તથા સિટી સ્કેન જેવી સુવિધા ન હોવાથી દરરોજના ૧૨૦૦ દર્દીઓને ખાનગી માં રિપોર્ટ કરાવવાની ફરજ પડે છે. બનાસકાંઠા જિલ્લા આરોગ્યના માળખાને મજબૂત બનાવવાના હેતુથી ડીસા સિવિલ હોસ્પિટલને એક વર્ષ કરતા વધુ સમય પેહલા જિલ્લા હોસ્પિટલનો દરજ્જો આપવામાં આવ્યો હતો જો કે આ નિર્ણય માત્ર કાગળ પર નો આદેશ હોય તેવું જણાય છે. ડીસા સિવિલ હોસ્પિટલમાં હાલમાં સોનો ગ્રાફી,એમ આર આઈ તથા સિટી સ્કેન જેવી આવશ્યક ટેસ્ટિંગ સુવિધાઓ ન હોવાથી દરરોજના ૧૦૦૦થી ૧૨૦૦ દર્દીઓને ના છૂટકે મોંઘી દાટ ખાનગી લેબોરેટરીમાં રિપોર્ટ કરાવવાની ફરજ પડે છે. જ્યારે ગરીબ દર્દીઓ પેસાની તંગીને કારણે રિપોર્ટ કરાવ્યા વગર જ ઘરે પરત જતા રહે છે જરૂરી ટેકનિકલ સ્ટાફ અને મશીનરીની અછતને કારણે ગંભીર દર્દીઓને ના છૂટકે રાતોરાત પાલનપુર કે મેહસાણા જેવી જ્ગ્યાઓ પર ખસેડવા પડે છે જ્યારે જિલ્લા ભરના વિકલાંગોને પણ સરકારી લાભ મેળવવા અન્ય જગ્યાએ સર્ટિફિકેટ માન્ય કરાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# સંજાલીના ગામોમાં કોંગ્રેસની સહી ઝુંબેશ



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિની સૂચના અને માર્ગદર્શન હેઠળ અંકલેશ્વર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગિરીશભાઈ પટેલની આગેવાની હેઠળ તાલુકાના સંજાલી જિલ્લા પંચાયત બેઠકના ગામો ઉમરવાડા, આલુંજ, પાનોલી, સંજાલી, ખરોડ, બાકરોલની મુલાકાત લઈ વોટ ચોર ગદ્દી છોડ હેઠળ સહી ઝુંબેસના કાર્યક્રમ હેઠળ દરેક ગામે યોજવામાં આવ્યો હતો જેમાં જિલ્લા કોંગ્રેસના અગ્રણી ઈકબાલભાઈ ગોરી, જિલ્લા કોંગ્રેસના મહામંત્રી યુસુફખાન પઠાણ, ગુલામભાઈ સિંધા તથા અશ્વિનભાઈ પટેલ, મનુભાઈ સોલંકી વગેરે આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

# ગુજરાતના માજી સૈનિકોના હક્કો માટેની 'સૈનિક સ્વાભિમાન યાત્રા'નો નડિયાદથી પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ,તા.૫
ગુજરાતના માજી સૈનિકોના વિવિધ હક્કો અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે માજી સૈનિક સેવા ફાઉન્ડેશન દ્વારા રાજયવ્યાપી 'સૈનિક સ્વાભિમાન યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યાત્રા નડિયાદ મુકામે કમલા ચોકડીથી સવારે ૧૧ કલાકે પ્રસ્થાન થઈ છે. તે આખા ગુજરાતમાં ફરશે અને લોકોનું સમર્થન મેળવશે, જે બાદ આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે.
માજી સૈનિકોએ સરકાર સમક્ષ કેટલીક માગણીઓ મૂકી છે, જેના ચુસ્ત અમલની માગ સાથે આ સ્વાભિમાન યાત્રા નીકળી છે. જેમાં ? માજી સૈનિકોની મુખ્ય માંગ એ છે કે ગુજરાત રાજ્ય સરકારની વર્ગ-૧થી વર્ગ-૪ સુધીની નિમણૂક વખતે તેમને નિયમ મુજબ અપાતી અનામતનો ચુસ્તપણે અમલ કરવામાં આવે. તેમની અનામતમાં મેરિટને ધ્યાને લીધા વગર ફક્ત અને ફક્ત માજી સૈનિકોને જ નિમણૂક આપવામાં આવે તેવી જોગવાઈ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ? પરિવારના જીવનનિર્વાહ માટે માજી સૈનિકોને સરકારી ખેતીની જમીન અને રહેણાંક હેતુ માટે પ્લોટ ફાળવવાના નિયમોનો હાલ ગુજરાત સરકારમાં અમલ થતો ન હોવાનો આક્ષેપ છે.? આ નિયમોનો ચુસ્તપણે અમલ થાય તેવો સ્પષ્ટ પરિપત્ર અથવા જોગવાઈ કરવામાં આવે. વગેરે માંગો છે સૈનિક સ્વાભિમાન યાત્રાને નડિયાદમાં ચિસ્તીયા ફાઉન્ડેશનના પ્રમુખ સોહીલભાઈ ચિસ્તીયાએ આવકારી યાત્રાનું સ્વાગત કર્યું હતું.
સોહીલ ચિસ્તીયા, જેઓ હંમેશાથી માજી સૈનિક સંગઠનના સેવાના કામોમાં સાથ સહકાર આપતા રહ્યા છે, તેમણે દરેક ભારતીય નાગરિકને આ યાત્રાને અને દેશના જવાનોને સમર્થન આપવા આહ્વાન કર્યું હતું.



(તસવીર : આરીફ મેલક, નડિયાદ)

# પાળજ પાસે તળાવમાં કાર ખાબકતાં હડકંપ, બે યુવકોનો આબાદ બચાવ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૫
પેટલાદ તાલુકા વિસ્તારના પાળજ ગામ નજીક આજે બપોર પૂરઝડપે જતી કારના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર રોડની બાજુના તળાવમાં ખાબકતાં અફરા-તફરી મચી ગઈ હતી. કારમાં સવાર બે વ્યક્તિઓને સ્થાનિક લોકોએ સમયસૂચકતાથી બહાર કાઢતાં જાનહાનિ ટળી હતી આ ઘટનાથી ગામમાં ચકચાર મચી જવા પામી હતી.
પ્રાપ્ત માહિતી અનુસાર, પાળજ ગામથી પીપળાવ તરફ જતા માર્ગ પર રવિવારે બપોરના સુમારે એક કાર પસાર થઈ રહી હતી ત્યારે તળાવ નજીકના વળાંક પર કારચાલકે સ્ટેરિંગ પરથી અચાનક કાબુ ગુમાવતા કાર સીધી રોડની સાઈડમાં આવેલ તળાવમાં ખાબકી ગઈ હતી. અચાનક સર્જાયેલી આ ઘટનાથી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સ્થાનિક લોકોએ કારમાં ફસાયેલા બંને વ્યક્તિઓને પાણીમાંથી બહાર કાઢી તેમની જાન બચાવી હતી. બાદમાં તંત્રની મદદથી જેસીબી મારફતે કારને તળાવમાંથી બહાર કાઢી રસ્તાની બાજુએ મૂકી દેવામાં આવી હતી. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યા પ્રમાણે છેલ્લા કેટલાંક મહિનાઓથી પાળજ-પીપળાવ માર્ગ પર સુધારણા અને વિસ્તરણનું કામ ચાલુ છે. રસ્તાની બાજુએ રેલિંગ અથવા સલામતીના બોર્ડ ન હોવાથી અહીં વારંવાર આવા અકસ્માતો બનતા રહે છે. લોકોમાં આ અંગે ભારે નારાજગી છે અને તાત્કાલિક રેલિંગ લગાવવાની માગ ઊઠી છે.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

### રાજ્યના કોંગ્રેસી નેતાઓનું મજબૂત સંગઠન માટે માર્ગદર્શન

# શામળાજી ખાતે કોંગ્રેસની "જન આક્રોશ સભા" યોજાઈ : વોટચોરી મુદે સહી ઝુંબેશ શરૂ

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૫
અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યાત્રાધામ શામળાજીના, સર્વોદય આશ્રમ ખાતે યોજાયેલ જન આક્રોશ સભામાં કોંગ્રેસ નેતાઓ તથા અરવલ્લી જિલ્લાની પ્રજા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સ્વાગત પ્રવચન અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઈ પટેલે કર્યું હતું. જેમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી, ખેડૂતો-કામદારોની હાલત અને કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો પર ભાર મૂકાયો હતો. તેમણે ખાસ કરીને વોટચોરીના મુદે સહી ઝુંબેશ શરૂ કરવા કાર્યક્રમ જાહેર કર્યો અને પ્રજાને જોડાવા માટે અપીલ કરી હતી.સભાનું અધ્યક્ષ સ્થાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ કર્યું. ઉદ્‌ઘાટન રાજ્યસભા સાંસદ અને પ્રભારી ગુજરાત મુકુલ વાસનિકજીના હસ્તે થયું હતું.
મુખ્ય મહેમાન તરીકે ડો.તુષારભાઈ ચૌધરી, શુભાષિની યાદવજી અને પૂર્વ સાંસદ મધુસૂદનભાઈ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ પોતાના વક્તવ્યમાં સંગઠન મજબૂત કરવાની પ્રજાના હક અને અધિકાર માટે એકજૂટ રીતે લડવા કોંગ્રેસ કાર્યકરોને માર્ગદર્શન અને વોટચોરી સામે સચેત રહેવાની મહત્ત્વતા સમજાવી હતી. સભા પૂર્ણ થયા બાદ કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોએ શામળાજી મંદિરે દર્શન કર્યા, ઢોલનગારા સાથે ધ્વજા ચઢાવી ગુજરાતની જનતાની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.



### પોશીનામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો

# હિંમતનગરમાં સવારથી વાતાવરણમાં પલટો, ધુમ્મસ જેવું વાતાવરણ

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૫
હવામાન વિભાગની આગાહી વચ્ચે હિંમતનગરમાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો છે. આકાશમાં ધુમ્મસ જેવું વાતાવરણ છવાયું હતું. શનિવારના રોજ સાબરકાંઠા જિલ્લાના પોશીનામાં અડધો ઈંચ (૧૨ મિમી) વરસાદ નોંધાયો હતો, જે પવન સાથે વરસ્યો હતો.
છેલ્લા ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લાના આઠમાંથી એકમાત્ર પોશીનામાં સતત બીજા દિવસે વરસાદ નોંધાયો હતો. બપોરના સમયે પવન સાથે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેવા લાગ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં ચોમાસામાં અત્યાર સુધીમાં સરેરાશ ૧૪૬.૪૬ ટકા વરસાદ નોંધાયો છે.
તાલુકાવાર વરસાદની વાત કરીએ તો, ખેડબ્રહ્મામાં ૨૦૩.૭૮ ટકા, વિજયનગરમાં ૧૪૬.૫૯ ટકા, વડાલીમાં ૧૯૦.૯૪ ટકા, ઈડરમાં ૧૬૩.૯૧ ટકા, હિંમતનગરમાં ૧૨૧.૬૬ ટકા, પ્રાંતિજમાં ૧૦૪.૬૮ ટકા, તલોદમાં ૧૩૬.૪૮ ટકા અને પોશીનામાં ૧૦૭.૨૩ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આવેલા જળાશયોની સ્થિતિ જોઈએ તો, હાથમતી જળાશય ૧૦૦ ટકા ભરાઈ ગયું છે, હરણાવ ડેમ પણ ૧૦૦ ટકા ભરાયો છે. ગુહાઈ ડેમ ૯૬.૯૯ ટકા ભરાયો છે.

# દાહોદના પાંચિયાસાળ ગામે મોટરસાયકલ પરથી રૂા.અઢી લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) દાહોદ, તા.૫
દાહોદ જિલ્લા દેવગઢ બારિયા તાલુકાના પાંચિયાસાળ ગામેથી પોલીસે એક મોટરસાયકલથી હેરાફેરી કરાતો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રૂપિયા ૨,૫૩,૨૦૦નો પ્રોહી મુદ્દામાલ સાથે મોટરસાયકલની કિંમત મળી કુલ રૂપિયા ૨,૭૩,૨૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે. દેવગઢ બારીયાના સાગટાળા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર જી.બી.પરમાર તથા તેમની ટીમને મળે. લબાતમીના આધારે ગતરોજ પેટ્રાલિંગમાં રહી પ્રોહીબીશનના કેસો શોધી કાઢવા જરૂરી સૂચનાઓ કરી સ્ટાફના માણસો સાથે ખાનગી વાહનમાં પેટ્રાલિંગમાં હતા. તે દરમ્યાન મીઠીબોર ગામનો દલપતભાઈ લક્ષ્મણભાઈ રાઠવાનાએ તેના કબજાની મોટરસાયકલ પર લઘડું બનાવી મોટા પ્રમાણમાં વિદેશી દારૂની પેટીઓ ભરાવી તેના કોઈ માણસને દેવગઢ બારીઆના કોઈ ગામમાં ડિલિવરી આપવા રવાના કરેલ હોવાની મળેલ માહીતી આધારે પાંચીયાસાળ ગામે વોચમાં હતા. દરમ્યાન ઉપરોક્ત ઈસમ તેના કબજાની મોટરસાયકલ પર વિદેશી દારૂની પેટીઓ ભરી લઈ આવતા તે દૂરથી પોલીસની વોચ જોઈ તેના કબજાની વિદેશી દારૂ ભરેલ મોટરસાયકલ સ્થળ પર મૂકી નાશી જતા વિદેશી દારૂ જોતા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ.૧૨૦૦ની કુલ કિંમત રૂપિયા ૨,૫૩,૨૦૦નો પ્રોહી મુદ્દામાલ તથા હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ મોટરસાયકલ કિ.રૂા.૨૦,૦૦૦મળી કુલ કિ.રૂા.૨,૭૩,૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી બે આરોપીઓ વિરૂદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : રાજેશ વસાવે, દાહોદ)

# હિંમતનગર આઈ.ટી.આઈ. ખાતે કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૫
સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર આઈ.ટી.આઈ. ખાતે નાયબ પોલીસ અધિક્ષકના અધ્યક્ષસ્થાને ચતુર્થ કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો હતો.આ દીક્ષાંત સમારોહમાં કુલ ૧૭ ટ્રેડના ૫૨૦ તાલીમાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. તેમજ તમામ ટ્રેડમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર તાલીમાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.આ સમારોહમાં નાયબ પોલીસ અધિક્ષક એ.કે. પટેલ દ્વારા તાલીમાર્થીઓ કેળવણી પર ભાર મૂકી નશામુક્ત રહેવા તેમજ વર્તમાન સમયમાં થતા સાયબર ક્રાઈમ અંગે વાત કરી હતી. આ સમારોહમાં સંસ્થાના આચાર્ય સુશ્રી જે.એન. પુરોહિત તથા આચાર્ય બી.એમ. પટેલ દ્વારા તાલીમાર્થીઓને પ્રેરણાદાયક અને જીવન ઉપયોગી માર્ગદર્શન આપી આગળ વધવા પ્રેરણા આપી હતી. આ સમારોહમાં હાંસલપુર ગામના સરપંચ અનિતાબેન પ્રજાપતિ, રોજગાર અધિકારી એચ. એચ.ગઢવી, તલાટી મીનલબેન તેમજ વિવિધ મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.




(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

### રેલવેલાઈન નાંખવાની જાહેરાત થતાં

# હડાદ ખાતે ઘરોને કાયદેસર કરવા સિટી સર્વે કચેરીમાં અરજીઓનો ઢગલો

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૫
ખેડબ્રહ્માથી હડાદ તરફ રેલવે લાઈન નાખવાની જાહેરાતને લીધે નગરપાલિકા વિસ્તારમાં રહેતા મકાનમાલિકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. રેલવે લાઈન પસાર થવાની સંભાવનાને કારણે સ્થાનિકો પોતાના મકાનને કાયદેસર કરાવવા અરજી કરી રહ્યા છે. ખેડબ્રહ્મા રેલવે સ્ટોપેજ પછીના વિસ્તારમાં આવેલા મકાનમાલિકો અને પ્લોટધારકો સીટી સર્વે કચેરીમાં મકાનોના વિભાજન અને સ્વતંત્ર અંગે અરજી કરી રહ્યા છે. રેલવે દ્વારા વળતર મળી રહે તેવી આશાએ મકાનોની માપણી કરાવી રહ્યા છે. આ સંદર્ભે ખેડબ્રહ્મા સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટ કચેરીના કર્મચારીઓએ સ્થળની તપાસ અને માપણીની કામગીરી હાથ ધરી છે. વિભાજન માટે આવેલી અરજીઓની વિગતવાર માપણી કરાઈ અને ટૂંક સમયમાં નિકાલ કરવામાં આવશે. જો કે, કર્મચારીઓ માપણી કરવા આવતા લોકોના એકઠા થયા હતા.

# ડભોઈ કરનેટ માર્ગ ઉપર મોટા ખાડાથી વાહનચાલકો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૫
ડભોઈથી કરનેટ થઈને સંખેડાને જોડતો અતિ મહત્વનો માર્ગ હાલમાં અત્યંત દયનીય હાલતમાં છે. સમગ્ર રોડ પર ઠેર-ઠેર મોટા મોટા ખાડા પડી ગયા છે, જેના કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ પર વાહનો હંકારવા હવે એક કપરૂં કાર્ય બની ગયું છે. ખાડા એટલા ઊંડા છે કે વાહનોની ગતિ ધીમી કરવી પડે છે, પરિણામે ટ્રાફિક ધીમો પડી જાય છે અને અકસ્માતનો ભય પણ વધે છે. ડભોઈ-સંખેડા વચ્ચે અવરજવર કરતા હજારો લોકોને આ ખરાબ રસ્તાને કારણે રોજ મુશ્કેલી વેઠવી પડે છે. સામાન્ય રીતે ચોમાસું સમાપ્ત થયા બાદ તંત્ર દ્વારા માર્ગો પરના ખાડા પૂરવાનું કામ શરૂ કરવામાં આવતું હોય છે, પરંતુ ચોમાસું પૂરૂં થયાના લાંબા સમય બાદ પણ હાલ સુધી આ માર્ગ પર ખાડા પૂરવાનું કામ શરૂ થયું નથી. સ્થાનિક લોકોમાં આ અંગે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે જે અંતર કાપવામાં માત્ર ૧૫ મિનિટ જેટલો સમય લાગતો હતો, તે જ અંતર કાપવામાં હવે એક એક કલાક જેટલો સમય વેડફાય છે. ખાસ કરીને સ્કૂલ બસો અને ૧૦૮ એમ્બ્યુલન્સ જેવી સેવાઓ સમયસર પહોંચી શકતી નથી. આ ગામના લોકોની લાગતા-વળગતા અધિકારીઓ અને માર્ગ-મકાન વિભાગ સમક્ષ પ્રબળ માંગ છે કે તંત્ર દ્વારા વહેલી તકે આ માર્ગ પરના તમામ ખાડાઓ પૂરવામાં આવે.



# હિંમતનગર જિલ્લા જેલ ખાતે નશાબંધી અંતર્ગત કાર્યક્રમ યોજાયો



(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૫
સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી અને નશાબંધી સપ્તાહ ૨૦૨૫ની ઉજવણી નિમિત્તે હિંમતનગરના નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા હિંમતનગર જિલ્લા જેલ ખાતે નશાબંધી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેદીઓને નશો કરવાથી થતા શારીરિક, આર્થિક, સામાજિક નુકસાન અંગે વિગતે વાત કરવામાં આવી હતી સાથે જ વ્યસનને દૂર કરવા અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન હિંમતનગરની પરખ સંસ્થા દ્વારા નશાબંધી પર નાટક રજૂ કર્યું હતું અને વ્યસન મુક્તિનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં પરખ સંસ્થાના કું કૌશલ્યા કુંવરબા, સુરેશભાઈ પટેલ, જિલ્લા જેલ સુપરિન્ટેન્ડેન્ટ જે.જી. ચાવડા, એસ.આર. જાલા (જેલર ગ્રુપ-૨), નશાબંધી અને આબકારી અધિક્ષક એચ.વી. પટેલ, સબ-ઈન્સ્પેક્ટર જે.કે. પટેલ, નશાબંધી અને આબકારી સ્ટાફ અને અન્ય જેલ કર્મચારીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# વડોદરાના દાલિયાવાડીમાં પાંચ દિવસથી ૩૮ મકાન પાણી વગર ત્રસ્ત

### વરસાદી ગટરની કામગીરી દરમિયાન પાણીની લાઈન તૂટતા સ્થાનિકો વિફર્યા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૫
વડોદરા શહેરના વોર્ડ નંબર ૧૩ના દાલીયાવાડી વિસ્તારમાં છેલ્લા પાંચ દિવસથી પાણી વિના રહીશો ત્રસ્ત બની ગયા છે. ગાજરાવાડી ઈદગાહ મેદાનથી દાલીયાવાડી માર્ગ સુધી વરસાદી ગટરની લાઈન નાખવાની કામગીરી દરમ્યાન પાણીની લાઈન તૂટી જવાથી આ સમસ્યા ઉભી થઈ છે. પાણી વિના ત્રસ્ત રહીશો આજે રોષે ભરાયા હતા અને કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે વિરોધ વ્યક્ત કર્યો હતો.મળતી માહિતી મુજબ, વડોદરા મહાનગરપાલિકાએ ગાજરાવાડી ઈદગાહ મેદાનથી દાલીયાવાડી માર્ગ સુધી વરસાદી ગટર નાખવાનું કામ હાથ ધર્યું છે. આ કામગીરી દરમ્યાન પાણીની લાઈન તૂટી જવાથી શ્રી વર્ધમાન એપાર્ટમેન્ટ સહિત આસપાસના કુલ ૩૮ મકાનોમાં પાણી પુરવઠો બંધ થઈ ગયો છે. રહીશોનું કહેવું છે કે, પાંચ દિવસથી તેઓ પાણી વિના તકલીફ ભોગવી રહ્યા છે, છતાં કોન્ટ્રાક્ટર અને પાલિકા બંનેએ યોગ્ય પગલા લીધા નથી. રહીશો દ્વારા રજૂઆત કરવા છતાં કોન્ટ્રાક્ટરે જવાબદારી કોર્પોરેશન પર ઢોળી દીધી હતી. પરંતુ સમસ્યાનો ઉકેલ ન આવતા રહીશો વિફર્યા હતા. ગુસ્સે ભરાયેલા રહીશોએ આજે કોન્ટ્રાક્ટરના શ્રમિકો પાસે રહેલા ત્રિકમ, પાવડા અને તગારા જેવા સાધનો ઝૂંટવી લઈ કામગીરી બંધ કરાવી હતી. રહીશોનું કહેવું છે કે, કોન્ટ્રાક્ટરે લાઈન તૂટ્યા બાદ રિપેર કરવાના સ્થાને ખાડો પૂરાવી દીધો હતો અને સુરક્ષાના ભાગરૂપે કોઈ આડશ પણ ઉભી કરી નથી. રહીશો સ્પષ્ટ શબ્દોમાં કહી રહ્યા છે કે, અમને વરસાદી ગટરની કામગીરીથી નહીં પરંતુ કોન્ટ્રાક્ટરની બેદરકારીથી વાંધો છે. જ્યાં સુધી અમારા ઘરોમાં પાણી નહીં આવે ત્યાં સુધી આ કામ આગળ નહીં વધવા દઈએ. તંત્રએ હાલ પાણી પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટેની તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે. વધુમાં પાલિકાનો દાવો છે કે, ઘણા કિસ્સામાં સમાંતર પાઈપલાઈનો હોવાથી આવી ઘટનાઓ સામે આવતી હોય છે. જોકે, તેના સમારકામની જવાબદારી પણ ઈજારદારની જ હોય છે.

### કાપોદ્રાના હમઝા પાંડોર એમબીએ થયા

અંકલેશ્વર, તા.૫
અંકલેશ્વર તાલુકાનાં કાપોદ્રા ગામના વાતની મોહંમદ પાંડોરના પુત્ર હમઝા પાંડોર એ પી.પી. સવાણી યુનિવર્સિટી, ધામરોડ દ્વારા લેવાયેલી માસ્ટર્સ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેનમાં એમબીએ ઈન એચઆર એન્ડ માર્કેટિંગમાંથી પાસ કરી મુસ્લિમ સમાજ તથા ગામનું ગૌરવ વધાર્યું છે.



# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં આજથી પ્રથમ સત્રાંત કસોટી લેવાશે

## ૧૪ ઓકટોબરના રોજ પરીક્ષા પૂર્ણ થશે, તમામ સ્કૂલોએ સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવાની રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં સોમવારથી પ્રથમ સત્રાંત કસોટીનો પ્રારંભ થશે. GCERT દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર સોમવારથી શરૂ થનારી પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૪ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. સમગ્ર રાજ્યની ૩૨,૦૦૦ શાળાઓના ૫૦ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોએ નક્કી કરેલા સમયપત્રાક અને પ્રશ્નપત્રાના આધારે જ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર સોમવારથી શરૂ થશે. આ પરીક્ષા ૧૪ ઓક્ટોબર સુધી ચાલશે. રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે જણાવાયું છે. ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવ્યું છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટી પત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને સોંપવામાં આવશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટી પત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે, અને સમાન સમયપત્રાક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. જ્યારે બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રાકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે. સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલી હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે. ધોરણ-૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ અલગ ઉત્તરવહીમાં ઉત્તારો લખવાના રહેશે. જે શાળાઓમાં પાણી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલા સમય પત્રાક મુજબ યોજવાની રહેશે. સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે તે શાળા કક્ષાએ કરવાની રહેશે.

# વિચરતી વિમુક્ત જાતિઓના બાળકોને ભણાવવા પર ભાર મૂકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી વિમુક્ત જાતિઓ ના અમદાવાદમાં યોજાયેલા રાજ્ય સ્તરીય મહાસંમેલન'માં જણાવ્યું કે, વિચરતી- વિમુક્ત જાતિનો સમાજ આગળ વધશે તો ક્યારે વધશે એ ભૂતકાળમાં સવાલ હતો પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવું સક્ષમ નેતૃત્વ મળ્યું અને દરેક વ્યક્તિ-સમાજને સાથે રાખીને સૌના સાથ સૌના વિકાસ ધ્યેય પાર પડ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી અને વિમુક્ત જાતિઓના બાળકોને શિક્ષણ આપવા ,ભણાવવા પર ભાર મુકતા કહ્યું કે, તમારા દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખુબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઊભી રહેવા તૈયાર છે. તેમણે આત્મ નિર્ભર ભારત માટે વોકલ ફોર લોકલ અને સ્વદેશી વસ્તુઓ ના વધુ ને વધુ ઉપયોગનું આહ્વાન કરતાં કહ્યું કેજીએસટી રીફોર્મ્સના લીધે જનજીવનને ઘણો લાભ થઈ રહ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ આગામી દિવસોમાં આવતા તહેવારોમાં સ્વદેશી ચીજ વસ્તુઓના ખરીદ વેચાણ ને વેગ આપીનેઆત્મનિર્ભર ભારત વિકસિત ભારત નો સંકલ્પ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચરતી વિમુક્ત જાતિના લોકોને કાયમી સરનામું મળી રહે તેવા આશયથી 'ઘરનું ઘર' આપવાની શરૂઆત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. કે.લક્ષ્મણ, રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ મયંક નાયક, અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, શહેર ભાજપ અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, ભરતભાઈ પટણી, પ્રવિણભાઈ ધુગે, સાગરભાઈ રાયકા તથા વિચરતી વિમુક્ત જાતિઓના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરણ-૧૧, ૧૨ સા.પ્ર.માં વૈકલ્પિક વિષય તરીકે યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો સમાવેશ

## શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહના જૂથ-૪માં નવા વિષયનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ધોરણ- ૧૧અને ૧૨ સામાન્ય પ્રવાહમાં યોગ અને સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (વ્યાયામ) વિષયને વૈકલ્પિક વિષય તરીકે સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સામાન્ય પ્રવાહના વિષય માળખામાં જૂથ - ૪મા નવા બે વિષયોનો ઉમેરો કરવા અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર કરવામાં આવ્યો છે. બોર્ડે કરેલા પરિપત્ર અનુસાર નવા માળખાનો અમલ ધોરણ-૧૧ માટે વર્ષ ૨૦૨૬-૨૭ અને ધોરણ-૧૨ માટે ૨૦૨૭-૨૮થી કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહનું જૂથ મુજબનું નવું વિષય માળખું જાહેર કરીને જિલ્લાઓમાં મોકલી આપ્યું હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિષય માળખામાં કુલ ચાર જૂથ પાડેલા છે. વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે આ ચાર જૂથમાંથી જુદાજુદા વિષયોની પસંદગી કરવાની રહેતી હોય છે. જૂથ-૪માં ચિત્રકલા, સંગીત, કમ્પ્યુટર અધ્યયન અને વોકેશનલ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે આ વિષયોનો ઓપ્શનમાં વિદ્યાર્થીઓ યોગ અને વ્યાયામનો વિષય પણ પસંદ કરી શકે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા નવા વૈકલ્પિક વિષય સાથે નવુ માળખુ જાહેર કરવામાં આવ્યુ છે, જેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશઃ થશે. જૂથ-૧માં અંગ્રેજી વિષય તેમજ જૂથ-૨માં કોઈપણ એક ભાષાનો વિષય પસંદ કરવાનો થશે. જૂથ-૩માં વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, નામાનાં મૂળ તત્વો અને સંસ્કૃત, પાકૃત સહિતના વિષયમાથી બે વિષય પસંદ કરવાના થશે. છેલ્લા જૂથ-૪માં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ, તત્વજ્ઞાન સહિતના વિષય સાથે પ્રોયોગિક અને સૈદ્ધાંતિક મળી વિવિધ વિષયમાથી ત્રણ વિષય પસંદ કરવાના થશે. ચોથા જૂથમાં યોગ અને શારિરીક શિક્ષણ એમ નવો વૈકલ્પિક વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે.

### અનેક કામગીરીઓમાં વ્યસ્ત શિક્ષક પાસે ભણાવવાનો સમય જ નથી

# 'પરખ' રિપોર્ટમાં ગુજરાતમાં શિક્ષણના નીચલા સ્તરની વરવી વાસ્તવિકતા સામે આવી

## સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોપ ટેનમાં નહીં પણ નબળું પ્રદર્શન કરનારા રાજ્યોની યાદીમાં ગુજરાતનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૫

કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગે પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ના જાહેર કરેલા રિપોર્ટમાં ગુજરાતમાં શિક્ષણના સ્તરની વરવી વાસ્તવિક્તા સામે આવી છે. રિપોર્ટ મુજબ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોપ ૧૦ પર્ફોર્મિંગ રાજ્યમાં ગુજરાત રાજ્યનો સમાવેશ જ થતો નથી. રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્યનો સમાવેશ નબળું પ્રદર્શન કરનારા રાજ્યોની યાદીમાં થાય છે. બાળકોમાં લેખન શક્તિ કેવી છે, બાળક કેવા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે, શૈક્ષણિક સ્તર કેવા પ્રકારનું છે આ તમામ પાસાઓને લઈને મૂલ્યાંકન કસોટી લેવામાં આવે છે અને તેના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. જેથી આ તમામ બાબતોમાં બાળકોને તૈયાર કરવાની જવાબદારી શિક્ષકની બનતી હોય છે. પરંતુ શિક્ષક બાળકોને ભણાવવા માટે સમય જ ના આપી શકતો હોવાનું સામે આવ્યું છે. જેને માત્ર બાળકોના શિક્ષણની ચિંતા કરવાની હોય તે શિક્ષક અત્યારે ૫૬ જેટલી જવાબદારીઓનો ભાર લઈને ફરી રહ્યો છે. શાળાઓના શિક્ષકોને ૫૬ જેટલી અલગ અલગ જવાબદારી સોંપવામાં આવે છે. આ જવાબદારી પૂર્ણ કરવામાં શિક્ષક બાળકોના અભ્યાસ પર ક્યારે ધ્યાન આપશે તે સૌથી મોટો સવાલ છે. શિક્ષકોને અન્ય કામગીરી સોંપવામાં આવતા તે કામગીરી પૂર્ણ કરવામાં તો શાળાનો સમય જ પૂર્ણ થઈ જાય છે અને બાળકો અભ્યાસ માટે રાહ જોઈને બેઠા હોય છે શિક્ષક ક્યારે ભણાવશે. શિક્ષકને એક તરફ અનેક પ્રકારની કામગીરી સોંપવામાં આવે છે. ત્યારે બીજી તરફ રાજ્યની મોટા ભાગની શાળાઓમાં શિક્ષકોની છેલ્લા ઘણા સમયથી ઘટ છે. નવી શિક્ષણ નીતિ મુજબ ૨૫ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક હોવા જોઈએ. પરંતુ ગુજરાતમાં વિદ્યાર્થી શિક્ષકનો આ રેશિયો જળવાતો નથી. અત્યારની સ્થિતિ પ્રમાણે રાજ્યમાં ૨૯ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક છે. ૨૫ જેમ એકના રેશિયા મુજબ ગુજરાતમાં ૪,૫૯,૮૬૮ શિક્ષકો હોવા જોઈએ, પરંતુ તેની સામે અત્યારે ૩,૯૪,૦૫૩ શિક્ષકો જ છે એટલે કે રાજ્યમાં ૬૫,૮૧૪ની ઘટ જોવા મળી રહી છે. શિક્ષકોની ઘટની સીધી અસર બાળકોના અભ્યાસ પર પડી રહી છે. તો બીજી તરફ ૨,૪૬૨ શાળાઓ એવી છે કે જ્યાં માત્ર એક જ શિક્ષક છે. હવે સમજી શકાય છે કે માત્ર એક જ શિક્ષક ૫૬ કામગીરી પૂર્ણ કર્યા બાદ આખી શાળાના વિદ્યાર્થીઓને કઈ રીતે અભ્યાસ કરાવી શકે છે. અને આ આંકડા પણ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના યુડાયસ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યા છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલ કહે છે કે, શિક્ષકને મલ્ટી પર્પસ કર્મચારી તરીકે અપનાવી લેવામાં આવ્યો છે. શિક્ષકોને ૫૬ પ્રકારના કામ સોંપવામાં આવે છે. તીડ ભગાડવા હોય કે થાળી વગાડવાની હોય તે તમામ કામ શિક્ષકોને જ સોંપવામાં આવે છે. કોરોના સમયમાં મૃતદેહ ગણવાની જવાબદારી પણ શિક્ષકને સોંપવામાં આવી હતી. શિક્ષકને ફક્ત ૧૧થી ૫ સુધી શિક્ષણ કાર્યની જ જવાબદારી સોંપવી જોઈએ. ૫૬ કામગીરી સોંપવામાં આવતા અલગ અલગ એક્ટિવિટી કરાવી બાળકોને તૈયાર કરવાનો સમય જ શિક્ષક પાસે નથી.

# અમેરિકામાં મૂળ બારડોલીના ગુજરાતી રાકેશ પટેલની ગોળી મારી હત્યા : પોલીસે આરોપીની ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમેરિકામાં સુરત જિલ્લાના બારડોલી તાલુકાના રાયમ ગામના મૂળ વતની અને અમેરિકામાં મોટેલનો વ્યવસાય કરતા આશરે ૫૦ વર્ષીય રાકેશભાઈ ધીરૂભાઈ પટેલની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. અમેરિકાની પોલીસે હત્યારાને તત્કાળ ઝડપી પાડ્યો છે. મૃતક રાકેશભાઈ પટેલનો જન્મ અમેરિકામાં થયો હતો અને તેમણે સુરત જિલ્લામાં લગ્ન કર્યા હતા. તેઓ પત્ની અને ત્રણ દીકરીઓ સાથે અમેરિકામાં સ્થાયી થયા હતા અને મોટેલ ચલાવી પરિવારનું ગુજરાન કરતા હતા. ગત તા.૩ના રોજ રાકેશભાઈ પટેલ તેમની મોટેલની બહાર ઊભા હતા. આ દરમિયાન, સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે એક વ્યક્તિ કસ્ટમર બનીને આવ્યો અને કોઈ પણ જાતનો ડર રાખ્યા વિના સાવ નજીકથી રાકેશભાઈના લમણે ગોળી ધરબી દીધી હતી. રાકેશભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. હત્યા બાદ આરોપી બિન્દાસ ત્યાંથી નીકળી ગયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હત્યાના આ ગંભીર ગુના બાદ અમેરિકાની પેન્સિલવેનિયા પોલીસે તત્કાળ કાર્યવાહી કરીને આરોપીને ગણતરીના સમયમાં જ ઝડપી પાડ્યો હતો. પોલીસની પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપી કસ્ટમર બનીને આવ્યો હતો. પોલીસે હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા અને જૂની અદાવતના એંગલથી તપાસ શરૂ કરી છે.

રાકેશભાઈની હત્યાથી તેમના વતન રાયમ ગામમાં શોકનો માહોલ છવાયો છે. ગામના ભાવેશભાઈ પટેલના જણાવ્યા મુજબ, ૫૦ વર્ષીય રાકેશભાઈ હજુ બે મહિના પહેલા જ વતન આવ્યા હતા. ભાવેશભાઈએ જણાવ્યું હતું કે, 'અમેરિકામાં હત્યાની ઘટનાઓ વધી રહી છે. આ બનાવમાં અંગત દુશ્મનીની આશંકા છે. સીસીટીવી ફૂટેજમાં નિર્મમ હત્યા જોઈને અમારૂં કાળજું પણ કંપી ઉઠ્યું હતું.' રાકેશભાઈના પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# વટવાના લાંભા વોર્ડમાં માર્ગો પર ડ્રેનેજ ઉભરવા અને પીવાના ડહોળા પાણી અંગે રજૂઆત



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

વટવા વિસ્તારના લાંભા વોર્ડના ગણેશ મંદિર રોડ પાસેના શનાભાઈ નગરમાં ઘણા મહિનાઓથી મુખ્ય માર્ગ પર ડ્રેનેજો ઉભરાવવાની અને ડ્રેનેજનું ગંદુ પાણી, પીવાના પાણીની લાઈનમાં ભળી જતા નળમાંથી ડોહળું પાણી આવવાની પ્રજા દ્વારા મળતી ફરિયાદનું જનહિતમાં તાત્કાલિક નિકાલ લાવવા બાબત વોર્ડના જવાબદાર અધકારીઓને સામાજિક કાર્યકરતા સોકત હુસૈન મલીકે રજૂઆત કરી છે. લાંભા વોર્ડના સનાભાઈ નગર, ગણેશ મંદિર રોડ વટવામા ચોખા પાણીની લાઈનમાં ડ્રેનેજનું ગંદુ પાણી ભળી જતા પ્રજાના આરોગ્યને મોટું નુકસાન પહોંચાડી શકે છે, સવારે ડ્રેનેજો ઉભરાવવાના કારણે વિસ્તારને ગંદુ હોય છે, જેના કારણે આખા વિસ્તારમાં ખૂબ જ ગંદકી ફેલાય છે. પ્રજાને રસ્તા પર ચાલવું પણ મુશ્કેલ બન્યું છે, બાળકો સવારે શાળાએ ચોખ્ખા રસ્તા ઉપર ચાલીને જઈ શકતા નથી, એક મહિનાથી પણ વધારે સમયથી પ્રજા મુશ્કેલીઓ ભોગવી રહી છે, ગંદકીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે, જનહિતમાં તાત્કાલિક ધોરણ નિકાલ લાવવા અઠવાડિયા પહેલા વોર્ડના જવાબદાર અધિકારીઓને રજૂઆત પણ કરાઇ હતી, અને આજે પણ રજૂઆત કરી છે.

# બુલેટ ટ્રેનની કામગીરીને કારણે સરસપુર ગુરૂદ્વારા, કેડીલા બ્રિજ ખાતે વાહનવ્યહાર ડાયવર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. અમદાવાદ શહેરમાં આ પ્રોજેક્ટ હેઠળ સરસપુર હંજર સિનેમા પાસે સ્થિત આર.સી.ટેકનીકલ પાસે કોર્નર ઉપર બુલેટ ટ્રેનનું સ્ટેશન બનાવવાનું કામકાજ ચાલુ છે.જે સ્ટેશનના પાછળના ભાગે બુલેટ ટ્રેનના ટ્રેકનો પીલ્લર બનાવવાનું કામકાજ ચાલુ કરવાનું હોવાથી ફૈઝાન સ્કૂલથી નવું નિર્માણ પામેલ બુલેટ ટ્રેન સ્ટેશન સુધીનો ૨૫ મીટર જેટલો રોડ વાહન વ્યવહાર માટે ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ કામગીરી વધુ ત્રણ માસ સુધી ચાલશે. આ કામકાજ અંતર્ગત કેડીલા બ્રિજની ઉપરના ભાગે પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી શરૂ કરાશે. આ કામગીરી તા.૬/૪/૨૦૨૫થી ચાલુ છે. પરંતુ કેડીલા બ્રિજ ઉપર ટેકનીકલ કારણોસર તથા રેલવેના શીડ્યુલને કારણે સદર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકી નથી. જેથી આ કામગીરી વધુ તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી ફક્ત રાત્રીના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે. જેથી વાહન વ્યવહાર માટે રોડ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આર.સી.ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ થી ફૈઝાન સ્કૂલ વાળો રેલ્વે પાર્સલ ઓફીસ સુધીનો રેલવે ટ્રેક સાઈડનો આશરે ૫૦૦ મીટરનો એક બાજુનો રોડ વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે. ફૈઝાન સ્કૂલ તરફથી આવતો ટ્રાફિક રેલવે પાર્સલ ઓફીસ થઈ જુના શહેરકોટડા પોલીસ સ્ટેશન થઇ ગુરૂદ્વારા થઇ હજર સિનેમા મેટ્રો સ્ટેશન તરફના અલગ અલગ માર્ગ તરફ જઈ શકાશે. કાલુપુર મેટ્રો સ્ટેશન હંજર સિનેમા તરફથી આવતો ટ્રાફિક સરસપુર ગુરૂદ્વારા થઇ જુના શહેરકોટડા પોલીસ સ્ટેશન થઇ રેલવે પાર્સલ ઓફીસ થઇ ફૈઝાન સ્કૂલ તરફ જઇ શકાશે.

કેડીલા બ્રિજ ઉપર આવેલ ત્રણ રસ્તા પૈકી મધ્ય ભાગમાં આવેલા BRTS રોડ ઉપયુકત સમયગાળા માટે બંને છેડાથી આશરે ૬૦૦ મીટર જેટલો બંધ રહેનાર છે. કેડીલા બ્રિજ ઉપરથી અવર-જવર માટે બંને બાજુ આવેલા રોડનો વારાફરતી ઉપયોગ કરી શકાશે.

# INRને USDમાં કન્વર્ટ કરવાના નામે રૂપિયા એક કરોડની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

હૈદરાબાદના વેપારીને અમદાવાદના દલાલ વિજય કણજરીયાએ કરોડો રૂપિયા યુએસ ડોલરમાં કન્વર્ટ કરી ટ્રાન્સફર કરી આપવાનું કહી હરીયાણાના બિલ્ડરને એક કરોડ રૂપિયાનો ચુનો લગાવ્યો હતો. દલાલ કણજરીયાએ આંગડીયા પેઢીમાં સાડા આઠ કરોડ રૂપિયા મંગાવ્યા હતા, પરંતુ તેમાંના એક કરોડ રૂપિયા ઉપાડી તેમને ડોલરમાં કન્વર્ટ કર્યા વગર ઠગાઇ કરી હતી. જે અંગે બિલ્ડરે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. હરિયાણાના ફરીદાબાદ ખાતે રહેતા જ્યોતપ્રસાદ શર્મા (ઉ.વ.૪૮) ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યવસાય કરે છે. તેમણે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરિયાદ નોંધાવી છે કે, તેમના મિત્ર સુબ્રતો રોય ચૌધરી દુબઈમાં રહે છે. તેણે જ્યોત શર્માને કોલ કરીને જણાવ્યું હતું કે દુબઈમાં તેની મુલાકાત અમદાવાદના રહેવાસી વિજય કણજરીયા (રહે. અમદાવાદ) સાથે થઇ હતી, જેમની એક્સચેન્જનું કામ કરે છે. કણજરીયાએ જણાવ્યું હતું કે, જેટલા રૂપિયા કન્વર્ટ કરાવવા હોય, તેટલા રૂપિયા આંગડીયા પેઢીમાં મોકલી દેજો. જેના આધારે જ્યોત શર્માએ એન.આર. આંગડીયા પેઢી મારફતે એક કરોડ રૂપિયા મોકલ્યા હતા. જેમાંથી વિજય કણજરીયાએ ૧.૧૧ લાખ યુએસ ડોલર કન્વર્ટ કરી ચોક્કસ વોલેટમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ વિજયના કહ્યા મુજબ જ્યોત શર્માએ કુલ ૮.૫૦ કરોડ રૂપિયા પ્રાઈમ આંગડીયા પેઢી મારફતે અમદાવાદ ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ કણજરીયાએ તે પૈસા વોલેટમાં ટ્રાન્સફર કર્યા નહોતા અને વારંવાર ટાળી બહાના કરવા લાગ્યો હતો.બોપલ અમદાવાદના ધવલ દેવેન્દ્ર શાહે જ્યોત શર્માને કોલ કરીને જણાવ્યું કે, વિજયે તેના મારફતે જ સાડા આઠ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા, જેમાંથી એક કરોડ રૂપિયા તેણે ઉપાડ્યા છે. બાકીના પૈકી ૨.૧૦ કરોડ રૂપિયા તેની પાસે જમા છે અને ૫.૪૦ કરોડ રૂપિયા પ્રાઈમ આંગડીયા પેઢીમાં જમા છે. આ બાબતની જાણ થતાં જ જ્યોત શર્મા અમદાવાદ આવી ગયા હતા. ધવલ શાહે ૨.૧૦ કરોડ રૂપિયા પરત કર્યા હતા, જ્યારે પ્રાઈમ આંગડીયા પેઢીના સંચાલક જીગર કેવલ ઠક્કરે ૫.૪૦ કરોડ રૂપિયા પરત કર્યા હતા. બાકીના એક કરોડ રૂપિયા ન મળતાં જ્યોત શર્માએ વિજય કણજરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ક્રાઈમ ડાયરી

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૮ વ્યકિતઓને ઝડપી ૯૮ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લિશ દારૂ, ૬૧૯ કવાર્ટર ઈંગ્લિશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૧ સ્કૂટર, ૦૧ કાર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યકિતઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૪૦/- જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ બીએનએસએસ ૧૨૬,૧૨૮,૧૨૯, ૧૭૦ મુજબ ૭૩ વ્યકિતઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યકિતઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યકિતઓની અટકાયત કરી હતી.

## ઘરમાં યુવતીએ ગળાફાંસો ખાધો

સેજલબહેન ડો/ઓ રેવાભાઈ વાઘેલા (ઉ.વ.૨૭, રહે. સંજયગરના છાપરાં બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૪/૧૦/૨૦૨૫ના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## યુવકે ચોથા માળેથી પડતુ મૂકી આપઘાત

રાજુભાઈ મહેશભાઈ ભાટી (ઉ.વ.૩૦, રહે. રામદેવનગર વાલ્મિકીવાસ જોધપુર સેટેલાઈટ)નાઓ માનસિક બીમાર હોઈ જેઓને સારવાર માટે શિવરંજની સિગ્મા આઈકોન-૨ કરાર રેસ્ટોરન્ટની પાસે મેડીલિંક હોસ્પિટલ ખાતે લઈ જતા રાજુભાઈ ભાટીએ બીમારીથી કંટાળી તા.૩/૧૦/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ચોથા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

## ઝાડની ડાળીએ દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત

લખીન્દ્ર સાહની (ઉ.વ.૪૫, રહે. પકાહા ચાલી ભગવતીનગર તલાવડી પાસે સિંગરવા ગામ સિંગરવા)એ અગમ્ય કારણસર તા.૩/૧૦/૨૦૨૫ રાતના ૮/૦૦થી તા.૪/૧૦/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ વેપારી મહામંડળ પાછળ સાઈનો પોલ પ્રાઈવેટ લિમિટેડ નજીક કોમન પ્લોટમાં ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

## ગેસ કનેક્શનના નામે રૂા.૧.૫૭ લાખની છેતરપિંડી

માલવ ભુપેશભાઈ સોની (ઉ.વ.૩૦, રહે. રાધે કુટીર સફલ બંગ્લોઝની બાજુમાં ભાટગામ પાસે ગાંધીનગર)એ તા.૪/૧૦/૨૦૨૫ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે માલવ સોનીના પિતા શાહીબાગ કેમ્પ રોડ સુજાતા ફલેટ ખાતે દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૨૯/૯/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૪૭૦૧૦૧૭૮૬ના ધારકે માલવ સોનીના પિતાના વોટસએપમાં ગેસ કનેકશનનું બીલ ભરવાની છેલ્લી તારીખ હોવાનો તથા ગેસ કનેકશન ચાલુ રાખવું હોય તો મોબાઈલ નંબર ૯૫૦૮૧૬૩૬૩૨ ઉપર સંપર્ક કરવાનો મેસેજ કર્યો હતો. જેથી માલવ સોનીના પિતાએ બીલ ભરી દીધાની રિસીપ્ટ મોકલતા તેઓએ સર્વર ડાઉન હોવાનું કહી પેમેન્ટ કરવાનું જણાવી APK FILE મોકલી હતી. જે ફાઈલ માલવ સોનિના ખોલતા ઓપન નહીં થતા માલવ સોનિના પિતાએ ફાઈલ માલવ સોનીને ફોરવર્ડ કરી હતી. જેથી માલવ સોનીએ કનેકશન બાબતના વેરીફિકેશન માટે મોબાઈલ નંબર ૯૫૦૮૧૬૩૬૩૨ ઉપર સંપર્ક કરતા તેઓએ ગેસ કનેકશન બાબત તમામ વિગત આપતા માલવ સોનીએ વિશ્વાસ આવતા તેઓ આપેલ APK FILE ઓપન કરતા જ માલવ સોનીનો ફોન હેક થઈ ગયો હતો. દરમ્યાન ગેસ કનેકશન સાથે લીંક કરેલ માલવ સોનીના માતાના બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૫૭,૦૦૭ અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

# હિંમતનગરમાં HUDAની યોજના સામે ૧૧ ગામના ખેડૂતોનો ઉગ્ર વિરોધ

## યોજનાના વિરોધમાં ખેડૂતો અને ગ્રામજનોએ બેસણું યોજ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

હિંમતનગરમાં છેલ્લા ઘણાં દિવસોથી HUDAને લઈને ગ્રામજનો અને ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જેમાં ૧૧ ગામના લોકો એકઠા થઈને HUDAની વિકાસ યોજનાનું બેસણું કર્યું હતું. આ દરમિયાન મોટી સંખ્યામાં હાજર બહેનોએ HUDAના નામના છાજિયાં લીધા હતા. તમને જણાવી દઈએ કે, અગાઉ દશેરાના દિવસે HUDAનું દહન કર્યું હતું.

ખેડૂતો-ગ્રામજનોનું કહેવું છે કે, હિંમતનગરમાં HUDAની વિકાસ કામગીરીને લઈને બહાર પાડેલા નોટિફિકેશને ધ્યાને લેતાં આ યોજનાના અમલથી ખેડૂતોની ખેતીલાયક જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે. જેથી પાયમાલ કરતો વિકાસ, અમને જોઈતો નથી. સમગ્ર મામલે અનેક રજૂઆત કર્યા છતાં યોગ્ય નિકાલ કે વિચારણ કરવામાં આવી નથી. આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

# ઝુંડાલમાં આવેલી બિલ્ડિંગના ફ્લેટમાં આગ : ઘરવખરી બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગાંધીનગરના ઝુંડાલમાં આવેલા ફલેટમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. મળતી માહિતી અનુસાર મોડી રાતે ઝુંડાલમાં આવેલી એક બિલ્ડીંગના ફ્લેટના ૮માં માળે આગ ભભૂકી હતી. આગમાં સમગ્ર મકાનની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયરના જવાનોએ ૧૦ જેટલા રહીશોને રેસ્ક્યુ કર્યું હતું. પ્રાપ્તથતી વિગત અનુસાર શોર્ટ સર્કિટ પછી આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતા અમદાવાદ અને ગાંધીનગરના ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. જો કે સદનસીબે આગમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

ઉલ્લેખનીય છે કે, મકાનમાં આગ લાગતા જ આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ધોરણે અમદાવાદ અને ગાંધીનગરની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

# ગ્રેટા થનબર્ગને 'વાળથી ઢસડવામાં આવ્યા, ઈઝરાયેલી ધ્વજ પહેરવાની ફરજ પાડવામાં આવી' : ઈઝરાયેલી પાશવતા વર્ણવતા ફ્લોટિલાના કાર્યકરો

(એજન્સી) તા.૫

કેટલાક સાથી કાર્યકરોની જુબાની અનુસાર, સ્વીડિશ આબોહવા કાર્યકર્તા ગ્રેટા થનબર્ગને ગાઝામાં માનવતાવાદી સહાય પહોંચાડવાના પ્રયાસમાં જહાજ પર અટકાયત કર્યા પછી ઈઝરાયેલી સત્તાવાળાઓ દ્વારા કથિત રીતે દુરૂપયોગનો સામનો કરવો પડ્યો હતો.

થનબર્ગ, વિવિધ દેશોના આશરે ૧૩૭ અન્ય લોકો સાથે, ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી નૌકાદળના નાકાબંધીને તોડવાના હેતુથી નાગરિક આગેવાની હેઠળની પહેલ 'સુમુદ ફ્લોટિલા'નો ભાગ હતા. ઈઝરાયેલી સૈન્યએ આ અઠવાડિયાની શરૂઆતમાં ફ્લોટિલાને અટકાવ્યું, જેના પરિણામે તેના સહભાગીઓની અટકાયત અને ત્યારબાદ દેશનિકાલ કરવામાં આવ્યો હતો.

બે કાર્યકરો, મલેશિયાના હઝવાની હેલ્મી અને યુનાઈટેડ સ્ટેટ્સના વિન્ડફિલ્ડ બીવરે રોઈટર્સને જણાવ્યું કે, થનબર્ગને તેની અટકાયત દરમિયાન 'ધક્કો' કરવામાં આવ્યો હતો અને 'ઈઝરાયેલી



ધ્વજ પહેરવાની ફરજ પાડવામાં આવી હતી'. ઈસ્તંબુલ પરત ફરેલા કાર્યકરોએ ઈઝરાયેલી અટકાયતની સ્થિતિને 'અમાનવીય' તરીકે વર્ણવી અને દાવો કર્યો હતો કે, અટકાયતીઓને પૂરતો ખોરાક, પાણી અને તબીબી સંભાળનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. ૨૮ વર્ષની હેલ્મીએ જણાવ્યું કે, 'તેઓએ અમારી સાથે પ્રાણીઓની જેમ વ્યવહાર કર્યો.' ગ્રેટાને આતંકવાદીની ભૂમિકા ભજવવાની ફરજ પાડવામાં આવી હતી, 'તેમણે ઈઝરાયેલી સત્તાવાળાઓ પર પ્રચાર હેતુઓ માટે થનબર્ગનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકતા કહ્યું. બિવરે, ૪૩, આ દાવાઓની ખાતરી કરી, આરોપ લગાવ્યો કે, ઈઝરાયેલના દક્ષિણપંથી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી, ઈટામર બેન-ગવીર, આવતાં જ થનબર્ગને 'એક રૂમમાં ધકેલી દેવામાં આવ્યો' હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, અંતેણી સાથે 'ખરાબ વર્તન' કરવામાં આવ્યું હતું અને 'પ્રચાર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.' તુર્કીના કાર્યકર એર્સિન સેલિકે, સમાચાર એજન્સી સાથે વાત કરતા, આરોપ લગાવ્યો કે ગ્રેટા થનબર્ગને 'તેના વાળ દ્વારા ખેંચવામાં આવી હતી,' હુમલો કરવામાં આવ્યો હતો અને અન્યોને ડરાવવા માટે ઈઝરાયેલી ધ્વજને ચુંબન કરવાની ફરજ પડી હતી. તેમણે જણાવ્યું કે, 'તેઓએ તેના માટે ચેતવણી તરીકે શક્ય તેટલું બધું કર્યું.' જો કે, ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે આરોપોને 'સંપૂર્ણપણે ખોટા' ગણાવીને ફગાવી દીધા હતા કે, તમામ અટકાયતીઓ 'સલામત અને સારા સ્વાસ્થ્યમાં' છે અને રાજ્ય દેશનિકાલને ઝડપી બનાવવા માટે કામ કરી રહ્યું છે.

# ટ્રમ્પના બોમ્બમારા રોકવાના આહ્વાન છતાં ઈઝરાયેલે ગાઝામાં ગોળીબાર કર્યો, ૭૦ લોકોનાં મોત

(એજન્સી) તા.૫

ઘેરાયેલ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હુમલામાં ૭૦ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલને બોમ્બ વિસ્ફોટ બંધ કરવા હાકલ કર્યા બાદ આ વાત સામે આવી છે. ત્યારબાદ હમાસે જણાવ્યું કે તેણે ઈઝરાયેલ સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે ટ્રમ્પની ૨૦-પોઈન્ટ યોજનાના કેટલાક ઘટકોને સ્વીકાર્યા છે.

શનિવારના બોમ્બ વિસ્ફોટ અને હવાઈ હુમલાના ભોગ બનેલા ૪૫ લોકો દુષ્કાળગ્રસ્ત ગાઝા શહેરમાં હતા, જ્યાં ઈઝરાયેલી સૈન્ય તાજેતરના અઠવાડિયામાં આક્રમણ ચલાવી રહ્યું છે, લગભગ ૧ મિલિયન રહેવાસીઓને ભીડભાડવાળા દક્ષિણ ભાગમાં ભાગી જવાની ફરજ પડી છે. ગાઝા સિટીના તુફાહ વિસ્તારમાં રહેણાંક ઘર પર ઈઝરાયેલી હુમલામાં ૧૮ લોકો મૃત્યુ પામ્યા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા. હુમલામાં આસપાસની કેટલીક ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું છે.

ટેલિગ્રામ પર શેર કરેલા નિવેદનમાં



ગાઝાની નાગરિક સુરક્ષા એજન્સીએ જણાવ્યું કે મૃતકોમાં બે મહિનાથી આઠ વર્ષની વયના સાત બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલી દળોએ દક્ષિણ ગાઝામાં અલ-માવાસીમાં એક વિસ્થાપન શિબિરને પણ નિશાન બનાવ્યું હતું, જેમાં બે બાળકો મૃત્યુ પામ્યા છે અને આઠ અન્ય ઘાયલ થયા છે. અલ-મવાસી એક કહેવાતા સલામત માનવતાવાદી ક્ષેત્ર છે જ્યાં ઈઝરાયેલી દળો પેલેસ્ટીની પરિવારોને સ્થળાંતર કરવાનો આદેશ આપી રહ્યા છે. જો કે, તાજેતરના અઠવાડિયા અને મહિનાઓમાં આ વિસ્તારને વારંવાર નિશાન બનાવવામાં આવ્યો છે.

# ઈઝરાયેલના નેતાન્યાહુને આશા છે કે 'આગામી દિવસોમાં' ગાઝામાંથી તમામ બંધકોને મુક્ત કરવાની જાહેરાત કરવામાં આવશે

(એજન્સી) તા.૫

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે ગાઝામાંથી તમામ બંધકોને મુક્ત કરવાની જાહેરાત આગામી દિવસોમાં કરવામાં આવશે, કારણ કે ઈઝરાયેલ અને હમાસ સોમવારે ઈજિપ્તમાં યુદ્ધ સમાપ્ત કરવાની નવી અમેરિકન યોજના પર પરોક્ષ મંત્રણાની તૈયારી કરી રહ્યા છે.

શનિવારે એક સંક્ષિપ્ત નિવેદનમાં, નેતન્યાહુએ જણાવ્યું કે તેમણે તકનીકી વિગતોને અંતિમ સ્વરૂપ આપવા માટે એક પ્રતિનિધિ મંડળ ઈજિપ્ત મોકલ્યું અને ઉમેર્યું કે આ મંત્રણાને થોડા દિવસોની સમયમર્યાદા સુધી મર્યાદિત કરવાનો ધ્યેય છે. પરંતુ નેતન્યાહુએ સંકેત આપ્યો કે ગાઝામાંથી ઈઝરાયેલની સંપૂર્ણ પીછેહઠ થશે નહીં, જેની હમાસ લાંબા સમયથી



માંગ કરી રહી છે. તેમણે જણાવ્યું કે ઈઝરાયેલી દળો ગાઝામાં તેના નિયંત્રણ હેઠળના વિસ્તારો પર નિયંત્રણ જાળવી રાખશે અને યોજનાના બીજા તબક્કામાં હમાસને રાજદ્વારી રીતે "અથવા અમારા લશ્કરી માર્ગ દ્વારા" નિઃશસ્ત્ર કરવામાં આવશે. હમાસ દ્વારા અમેરિકન યોજનાના કેટલાક ઘટકોને સ્વીકારવાની જાહેરાત કર્યા પછી વડા પ્રધાને આ નિવેદન આપ્યું હતું. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આતંકવાદી સમુહના નિવેદનનું સ્વાગત કર્યું હતું, પરંતુ શનિવારે ચેતવણી આપી કે "હમાસે ઝડપથી કાર્યવાહી કરવી જોઈએ, નહીં તો તમામ દાવ બંધ થઈ જશે.

ટ્રમ્પે પાછળથી કહ્યું કે હમાસે ગાઝામાં "પ્રારંભિક ઉપાડ લાઈન" પર તેની સ્થિતિની ખાતરી કર્યા પછી તરત જ યુદ્ધવિરામ શરૂ થશે.

ટ્રમ્પે ઈઝરાયેલને ગાઝા પર બોમ્બમારો બંધ કરવાનો આદેશ પણ આપ્યો હતો. ગાઝા શહેરમાં કેટલાક લોકોએ શનિવારે ઈઝરાયેલી હુમલામાં નોંધપાત્ર ઘટાડો નોંધાવ્યો હતો, જોકે હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું કે મહિલાઓ અને બાળકો સહિત ૨૨ લોકો મૃત્યુ પામ્યા છે.

# સુમુદ ફ્લોટિલા પર ઈઝરાયેલી હુમલાની આંતરરાષ્ટ્રીય તપાસની માગણી કરે છે માનવાધિકાર સંગઠનો

(એજન્સી) તા.૫

ઈન્ટરનેશનલ જસ્ટિસ ફોરમ (ઈસ્તાંબુલ), જિનીવા સેન્ટર ફોર ડેમોક્રેસી એન્ડ હ્યુમન રાઈટ્સ અને ઈન્ટરનેશનલ યુનિયન ઓફ જ્યુરીસ્ટ્સ (જિનીવા બ્રાંચ) સહિત અનેક આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થાઓએ - સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદને વિનંતી કરી છે કે તેઓ સપ્ટેમ્બરમાં માનવાધિકારના કાફલા પર ઈઝરાયેલના હુમલાઓની તપાસ કરવા માટે સ્વતંત્ર અને નિષ્પક્ષ આંતરરાષ્ટ્રીય કમિશનની સ્થાપના કરે, જેણે ઓક્ટોબરમાં સ્ટ્રાઈપ અને ગેલિટરીનો પ્રયાસ કર્યો.

કાઉન્સિલના પ્રમુખ અને સભ્યોને સંબોધિત એક તાકીદના પત્રમાં, સંગઠનોએ જણાવ્યું કે ૨ અને ૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ થયેલા હુમલામાં ૪૦ દેશોના ૫૦૦થી વધુ સ્વયંસેવકો અને કાર્યકરોને લઈ જનારા જહાજોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ જહાજો ગાઝામાં ઘેરાબંધી હેઠળ ફસાયેલા નાગરિકો અને બાળકો માટે દવાઓ અને માનવતાવાદી સહાય લઈ રહ્યા હતા.

સંગઠનોએ ભાર મૂક્યો કે આ



હુમલાઓ "યુદ્ધ અપરાધો અને માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘનની રકમ" છે અને વ્યક્તિગત અને સંસ્થાકીય કાનૂની જવાબદારી નક્કી કરવા માટે આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરી છે.

સંગઠનોએ ચેતવણી આપી કે મુક્તિ શાંતિપૂર્ણ માનવતાવાદી પહેલ પર વધુ હુમલાઓને પ્રોત્સાહિત કરશે અને ગાઝાના લાખો નાગરિકોની વેદનામાં વધારો કરશે, જેઓ વર્ષોથી અમાનવીય નાકાબંધી હેઠળ જીવી રહ્યા છે.

તેઓ માનવ અધિકાર પરિષદ દ્વારા જીવનના અધિકાર અને માનવીય ગૌરવના રક્ષણ માટે અને જરૂરિયાતમંદોને માનવતાવાદી સહાયની ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકીને નિષ્કર્ષ પર આવ્યા.

# ૨૮૦ ફ્લોટિલા કાર્યકરો ઈઝરાયેલી કોર્ટમાં સુનાવણીનો સામનો કરી રહ્યા છે

(એજન્સી) તા.૫

ગ્લોબલ સુમદ ફ્લોટિલાને ટેકો આપતી કાનૂની ટીમે શનિવારે જાહેરાત કરી કે ઈઝરાયેલી દળો દ્વારા અટકાયતમાં લેવાયેલા ૨૮૦ સહભાગીઓએ ઈઝરાયેલી ઈમિગ્રેશન કોર્ટ સમક્ષ પ્રારંભિક પ્રક્રિયાઓ પૂર્ણ કરી છે.

ઈઝરાયેલી નૌકા દળોએ ગુરૂવારે ગ્લોબલ સુમદ ફ્લોટિલા પર હુમલો કર્યો, તેના જહાજો જપ્ત કર્યા અને ૫૦ થી વધુ દેશોના ૪૭૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી. આ ફ્લોટિલા ગાઝાને માનવતાવાદી સહાય પહોંચાડવાનો પ્રયાસ કરી રહી અને ઈઝરાયેલના પ્રદેશની નાકાબંધીને પડકારી રહી હતી.

એક નિવેદનમાં ટીમે જણાવ્યું કે, "૨૦૦ વધારાના કાર્યકરો માટે કોર્ટ સત્ર શનિવારે ફરી શરૂ થયા જેમની સુનાવણી મુલતવી રાખવામાં આવી હતી."

તેમાં ઉમેર્યું કે "ઈઝરાયેલમાં શનિવારને સપ્તાહાંત અને પવિત્ર દિવસ માનવામાં આવતો હોવાથી, કાર્યવાહી ધીમે ધીમે ચાલી રહી છે અને રવિવારે પણ ચાલુ રહેવાની અપેક્ષા છે."

ટીમે અહેવાલ આપ્યો છે કે શુક્રવારે સાત ન્યાયાધીશોએ ફાઈલોનું સંચાલન કર્યું, જ્યારે શનિવારે ફક્ત બે જજ અધ્યક્ષતા કરી રહ્યા છે.

કાનૂની ટીમના જણાવ્યા અનુસાર, ૧૦૦ સહભાગીઓ, જેમણે "ફાસ્ટ-ટ્રેક દેશનિકાલ" દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા અને ઈઝરાયેલી ન્યાયાધીશ સમક્ષ હાજર થવાનો ઈન્કાર કર્યો,




તેઓને શનિવારે દેશનિકાલ કરવામાં આવશે તેવી અપેક્ષા છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે દસ્તાવેજ પર હસ્તાક્ષર ઈઝરાયેલની કાયદેસરતાને માન્યતા આપતું નથી અને સહભાગીઓ સહી કરવા કે ન કરવા માટે સ્વતંત્ર છે. તેમાં ઉમેર્યું કે "જ્યારે ઈઝરાયેલના ગૃહ મંત્રીએ એશદોદ બંદરની મુલાકાત લીધી અને સહભાગીઓને ધમકી આપી હતી, ત્યારે તેઓએ પેલેસ્ટીનની સ્વતંત્રતા માટે માંગ કરતા બેનરો ઉભા કરીને જવાબ આપ્યો હતો."

ટ્યુનિશિયન કાર્યકર્તા મોહબ અલ-સેનોસીએ ઈવેન્ટ દરમિયાન છુપાયેલ પેલેસ્ટીની ધ્વજ લહેરાવ્યો હતો, જેના કારણે ઈઝરાયેલી પોલીસ દ્વારા હિંસક હુમલો થયો હતો.

આ હોવા છતાં, કાનૂની ટીમે જણાવ્યું કે તેમનું મનોબળ ઊંચું છે અને, તેમના વકીલ દ્વારા, ટ્યુનિશિયાના લોકો અને તમામ મુક્ત લોકોને તેમની શુભેચ્છાઓ મોકલી, તમામ સહભાગીઓની મુક્તિ માટે સતત દબાણ કરવા વિનંતી કરી.

ઈઝરાયેલે લગભગ ૧૮ વર્ષથી ગાઝા પર નાકાબંધી જાળવી રાખી છે, જે લગભગ ૨.૪ મિલિયન લોકોનું ઘર છે. ઑક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલના બોમ્બ વિસ્ફોટમાં એન્ક્લેવમાં ૬૭,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને આ વિસ્તાર વર્ચ્યુઅલ રીતે નિર્જન બની ગયો છે.

# ગાઝા સહાય ફ્લોટિલામાં વધુ બે બોટ જોડાઈ, કુલ સંખ્યા ૧૧ થઈ

(એજન્સી) તા.૫

ગાઝા પર સીઝ તોડવાની આંતરરાષ્ટ્રીય સમિતિએ શનિવારે જાહેરાત કરી કે ગાઝા પર ઈઝરાયેલની નાકાબંધીને પડકારવા માટે ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધનના મિશનના નવીનતમ તરંગમાં બે વધારાની બોટ જોડાઈ છે, જેનાથી રૂટ પરના જહાજોની કુલ સંખ્યા ૧૧ થઈ ગઈ છે. ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય જળસીમામાં ગ્લોબલ સુમદ ફ્લોટિલા પર હુમલો કર્યો હતો. એક નિવેદનમાં, સમિતિએ જણાવ્યું કે બે જહાજો, ઘસાન કનાફાની અને અલ-અવદા (રીટર્ન), હાલમાં લગભગ ૧૭૦ આંતરરાષ્ટ્રીય કાર્યકરોને વહન કરતા કાફલાનો ભાગ છે.

તેમાં જણાવવામાં આવ્યું છે કે ફ્લોટિલા ગ્રીક ટાપુ ક્રેટમાંથી પસાર થઈ ગઈ છે અને હવે ઈજિપ્તના માર્સા માટ્રુહ થઈને ગાઝા તરફ ઉત્તર તરફ જઈ રહી છે.

મુખ્ય જહાજોમાંનું એક "ડોક્ટર્સ એન્ડ જર્નાલિસ્ટ શિપ" છે, જેને અલ-દામીર



(કોન્સાયન્સ) તરીકે પણ ઓળખવામાં આવે છે, જે વિશ્વભરના આંતરરાષ્ટ્રીય ડોકટરો અને પત્રકારોને લઈ જતું એક મોટું જહાજ છે. સમિતિએ જાહેર કર્યું, "અમે ગાઝાને એકલા છોડીશું નહીં," અને ભારપૂર્વક જણાવ્યું કે જહાજોનો હેતુ ઈઝરાયેલની નાકાબંધીને પડકારવાનો અને પ્રદેશમાં માનવતાવાદી સહાય પહોંચાડવાનો હતો. ફ્રિડમ ફ્લોટિલા ગઠબંધન, આંતરરાષ્ટ્રીય નાગરિક સમાજ સમુહનુ નેટવર્ક, ૨૦૧૦થી ગાઝાની નાકાબંધી તોડવા અને તેના માનવતાવાદી સંકટને પ્રકાશિત કરવા માટે અસંખ્ય પ્રયત્નોનું નેતૃત્વ કર્યું છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ટ્રમ્પના ટેરિફ બાદ પણ રિઝર્વ બેંકે રેપોરેટમાં ફેરફાર કર્યો નહીં

**આ**મ તો દુનિયાભરની આર્થિક સ્થિતિ ડામાડોળ છે; ખાસ કરીને અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ટેરિફની તલવાર આડેધડ વીંઝવા માંડતા ઘણા દેશોની અર્થનીતિ ઘાયલ થઈ છે એમાં ભારતનો પણ સમાવેશ થાય છે કારણ કે ટ્રમ્પે ભારત પર આકરા વેરા લાદ્યા છે જેના કારણે દેશમાં આર્થિક ઊહાપોહ મચેલો જ છે. તેવા સંજોગોમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેપો રેટ અંગે લેવામાં આવેલા નિર્ણયો મુખ્યત્વે માસિક હપ્તા પર માલ ખરીદવાથી લઈને બજારમાં લોન ચૂકવવા અને રિયલ એસ્ટેટ વ્યવહારો સુધીની દરેક બાબતને અસર કરે છે. તેથી, જ્યારે પણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિ રેપો રેટની ચર્ચા કરવા માટે મળે છે, ત્યારે લોકોમાં નોંધપાત્ર ઉત્સુકતા હોય છે. જો કે, મોટાભાગના સામાન્ય લોકો જટિલ આર્થિક નિયમો અને કાયદાઓથી અજાણ હોય છે અને આવા નિર્ણયો પછી ઉદ્ભવતી સ્થિતિ પર આધાર રાખે છે કે તેમના ખિસ્સા હળવા થશે કે રાહત મળશે.

ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે નાણાકીય નીતિ સમિતિની બેઠક બાદ, જાહેરાત કરવામાં આવી હતી કે આ વખતે પણ નીતિગત દરોમાં કોઈ ફેરફાર થશે નહીં. આનો અર્થ એ થયો કે, ગયા ઓગસ્ટની જેમ, ઓક્ટોબરમાં વ્યાજદર ૫.૫ ટકા પર યથાવત્ રાખવામાં આવ્યો છે. એવું કહી શકાય કે આ તહેવારોની મોસમ દરમિયાન લોકોને વધારાની રાહત મળી નથી, પરંતુ તેમને કોઈ મોટો આંચકો પણ લાગ્યો નથી. જો કે, ભારતમાં અને વૈશ્વિક સ્તરે આર્થિક પરિસ્થિતિની અનિશ્ચિતતાને જોતાં સામાન્ય લોકોમાં ચિંતા થવી સ્વાભાવિક છે.

વાસ્તવમાં અમેરિકી ટેરિફ નીતિ લાગુ થયા પછી, ભારત સરકારે અર્થતંત્રને સ્થિર કરવા અને જનતાને રાહત આપવા માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) માળખામાં ફેરફાર સહિત અનેક પગલાં લીધાં. આનાથી આશા જાગી હતી કે રેપો રેટ પણ થોડી રાહત આપશે. જો કે, રિઝર્વ બેંક દ્વારા તેને યથાવત્ રાખવાની જાહેરાત સાથે, લોકોને તેમની નાણાકીય બાબતોમાં ફૂંકી ફૂંકીને ચાલવું પડશે.

આ વર્ષની શરૂઆતમાં, રેપો રેટમાં ત્રણ વખત ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે. સ્પષ્ટપણે, આ ફક્ત સ્થાનિક આર્થિક વધઘટને કાબૂમાં લેવાનો પ્રયાસ નથી, પરંતુ વર્તમાન વૈશ્વિક આર્થિક પડકારોનો સામનો કરવા માટે સ્થિરતા જાળવવાનો પણ પ્રયાસ છે.

જો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અનુસાર રેપો રેટ ઘટાડવામાં આવે છે, તો તે મુખ્યત્વે લોન લે માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેનાથી નક્કી થાય છે કે લોન સસ્તી થશે કે વધુ મોંઘી થશે. આ બાબત સીધી અને મુખ્યત્વે એવા ગ્રાહકોને અસર કરે છે જેમણે બેંકોમાંથી ઘર બનાવવા, વાહનો, અન્ય માલસામાન અથવા શિક્ષણ માટે લોન લીધી છે. વાણિજ્યિક બેંકો ગ્રાહકોને લોન અને અન્ય ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજદર રિઝર્વ બેંકના પોલિસી રેટના આધારે નક્કી કરતી હોવાથી, લોન સસ્તી થયા પછી ખરીદી અથવા રોકાણ કરવાનું વિચારી રહેલા લોકો પણ રિઝર્વ બેંક પોલિસી રેટ ઘટાડે તેની રાહ જુએ છે.

આ દૃષ્ટિકોણથી જોઈએ તો આ વખતે રિઝર્વ બેંકે પોલિસી રેટમાં કોઈ ફેરફાર ન કરતાં લોનના માસિક હપ્તામાં કોઈ ફેરફાર થશે નહીં. આનાથી વર્તમાન બજારની ચાલ કે સ્થિતિમાં કોઈ ખાસ ફરક નહીં પડે, પરંતુ આ વર્ષે વાહન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રોમાં જોવા મળેલી થોડી તેજી જારી રહેવાની અપેક્ષા રાખી શકાય છે. પરંતુ સરવાળે જોઈએ તો આર્થિક સ્થિતિમાં કોઈ ખાસ સુધારો થાય એવું જણાતું નથી અને એમાંય પાછા ટ્રમ્પે આકરા ટેરિફ લાદેલા હોવાથી તેની નકારાત્મક અસરો આગામી દિવસોમાં દેખાયા વગર રહેશે નહીં.

# હિન્દુત્વ પ્રચાર મશીનરી, દેશના કાયદેસર નાગરિકોને 'ઘૂસણખોરો'માં ખપાવી દે છે

## (ભાગ - ૨)

**નફરતભર્યા ભાષણો કરીને નાગરિકોને બહારના લોકો તરીકે ગુનાહિત ચીતરીને, ગેરકાયદેસર દેશનિકાલને ન્યાયી ઠેરવવા માટે રાજ્ય આવી મશીનરીને પ્રોત્સાહન આપે છે**

**આસામમાં ઐતિહાસિક તણાવને હથિયાર બનાવતુ મિયા ખેડા આંદોલન**

સરહદી રાજ્ય આસામ બંગાળી મૂળના મુસ્લિમો પર દેશવ્યાપી કાર્યવાહી માટે મહત્વપૂર્ણ ઐતિહાસિક સંદર્ભ પૂરો પાડે છે. દાયકાઓથી, બાંગ્લાદેશથી મુસ્લિમ સ્થળાંતરને કારણે વસ્તી વિષયક પરિવર્તન અંગેના ભયને, હિન્દુ દૂર-જમણેરી દ્વારા રાજ્યમાં રાજકારણ અને નીતિને આકાર આપવા માટે એકત્ર કરવામાં આવ્યા છે. આ ચિંતાઓને કારણે આખરે રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC)ની રચના થઈ, જે એક વિવાદાસ્પદ પદ્ધતિ છે જેનો હેતુ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને ઓળખવાનો છે. NRC 'અસામમાં કોણ જન્મ્યું હતું અને તેથી તે ભારતીય છે, અને કોણ પડોશી બાંગ્લાદેશથી સ્થળાંતરિત થઈ શકે છે' તે નક્કી કરીને 'ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવા અને હાંકી કાઢવા' માટે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. જો કે, ૨૦૧૯ના અમલીકરણ દરમિયાન, ૧.૯ મિલિયન લોકોને, જેમાં હજારો હિન્દુઓનો સમાવેશ થાય છે, રજિસ્ટરમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા.

NRCમાંથી બાકાત રહેલા મુસ્લિમોને અપ્રમાણસર રીતે ગંભીર પરિણામોનો સામનો કરવો પડ્યો, જેમાં સરકારી સુવિધાઓમાં અટકાયત અને કઠોર જીવનશૈલીનો સમાવેશ થાય છે.


જૂનની શરૂઆતથી, આસામમાં 'ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ' ને દૂર કરવાના અભિયાન હેઠળ બંગાળી મૂળના મુસ્લિમો સામે નફરતભર્યા ભાષણ, લક્ષિત ઉત્પીડન, હિંસા અને રાજ્ય દ્વારા ચલાવવામાં આવતી હકાલપટ્ટીમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. ૯ જુલાઈથી ૩૦ જુલાઈ દરમિયાન, ઈન્ડિયા હેટ લેબ (IHL) એ ૧૪ જિલ્લાઓમાં ૧૯ રેલીઓ અને વિરોધ પ્રદર્શનો અને લક્ષિત હિંસા અને ઉત્પીડનના નવ કેસ નોંધ્યા છે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા દ્વેષપૂર્ણ વાણી-વર્તનના શક્તિશાળી અને સતત પ્રચારક રહ્યા છે. સરમાએ X પર અનેક પોસ્ટ્સમાં વારંવાર કાઢી મુકાયેલા પરિવારોને 'ગેરકાયદેસર બાંગ્લાદેશી' તરીકે ઉલ્લેખ કરીને ભારપૂર્વક જણાવ્યું છે કે, સરકાર 'જાતિ'ના રક્ષણ માટે તેના અતિક્રમણ વિરોધી અભિયાન ચાલુ રાખશે, અને સ્થાનિકો કાઢી મુકાયેલા લોકોને આશ્રય ન આપે તેવી જાહેર અપીલ કરી છે

૧૫ મે, ૨૦૨૫ના રોજ, ઝારખંડના ગિરિડીહમાં એક રેલીમાં બોલતા, સરમાએ મુસ્લિમ 'ઘૂસણખોરી'ને અસ્તિત્વ માટેનો ખતરો ગણાવીને દાવો કર્યો કે, 'ઘૂસણખોરો' ઝારખંડમાં પ્રવેશી રહ્યા છે અને ચભારતના 'મૂળ રહેવાસીઓ'નો ઉલ્લેખ કરીને આદિવાસી મહિલાઓ સાથે બળજબરીથી લગ્ન કરી રહ્યા છે. આ મુસ્લિમ ઘૂસણખોરો ફરીથી નાગરિક બની રહ્યા છે અને ઝારખંડમાં જમીનો કબજે કરી રહ્યા છે.... તેઓ હજારોની સંખ્યામાં આવ્યા, પછી લાખોની સંખ્યામાં, અને હવે તેઓ કરોડોની સંખ્યામાં છે. આજે, આપણે (હિન્દુઓએ) આપણા અસ્તિત્વ માટે દરરોજ લડવું પડે છે.

૨૮ મે, ૨૦૨૫ ના રોજ, એક પ્રેસ બ્રીફિંગમાં બોલતા, સરમાએ 'સંવેદનશીલ અને દૂરના વિસ્તારો'ના સ્વદેશી રહેવાસીઓને, ખાસ કરીને બાંગ્લાદેશ સરહદ પર રહેતા લોકોને શસ્ત્ર લાઈસન્સ આપવાની નવી યોજનાની જાહેરાત કરી હતી. તેમણે ખાસ કરીને નોંધપાત્ર મુસ્લિમ વસ્તી ધરાવતા પાંચ જિલ્લાઓનું નામ પ્રારંભિક ફોકસ ક્ષેત્રો તરીકે આપીને જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ 'શત્રુતાપૂર્ણ ક્ષેત્રો તરફથી ગેરકાયદેસર ધમકીઓનો સામનો કરવાનો' હતો.

૯ જૂન, ૨૦૨૫ના રોજ, સરમાએ દાવો કર્યો હતો કે, 'શ'નવા આવેલા' મુસ્લિમોએ સ્થાનિક હિન્દુઓને હાંકી કાઢવા માટે ગૌમાંસ ખાવા અને પ્રાર્થના માટે આઝાનને હથિયાર તરીકે ઉપયોગ કર્યો છે.



૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ, દરંગમાં એક રાજ્ય કાર્યક્રમમાં, તેમણે બંગાળી મૂળના મુસ્લિમોને 'શંકાસ્પદ બાંગ્લાદેશી' તરીકે ઓળખાવ્યા, સાંપ્રદાયિક સંવાદિતાના નારાઓને ભોળા ગણાવ્યા હતા અને દાવો કર્યો કે, મુસ્લિમો પાસેથી પાછી મેળવેલી જમીનનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

૨૪ જુલાઈ, ૨૦૨૫ના રોજ, આ પરિસ્થિતિ હિંસક બની શકે છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં, સરમાએ જવાબ આપ્યો હતો કે, તેઓ 'આસામની પરિસ્થિતિ વિસ્ફોટક' બને તેમ ઈચ્છે છે, કારણ કે આસામી લોકો ફક્ત સશસ્ત્ર હશે તો જ બચી શકશે.

૨ ઓગસ્ટના રોજ, ઉદલગુરીમાં એક ચૂંટણી રેલીમાં, સરમાએ કહ્યું હતુ કે, જેમને તેમણે 'આપણા લોકો' તરીકે ઓળખાવ્યા હતા તેમની પાસેથી દસ્તાવેજો માંગવાની કોઈ જરૂર નથી. તેમણે દાવો કર્યો હતો કે, તાજેતરમાં જ કાઢી મુકાયેલા લોકો પાસેથી દસ્તાવેજો માંગવા જોઈએ અને આરોપ લગાવ્યો હતો કે, બાંગ્લાદેશથી લોકો દરરોજ આસામમાં પ્રવેશ કરી રહ્યા છે. તેમણે જનતાને આસામના સાચા દુશ્મનો કોણ છે તે ઓળખવાની અપીલ કરી હતી.

આ જ વાત સ્થાનિક વંશીય રાષ્ટ્રવાદી સંગઠન, બીર લચિત સેના દ્વારા પણ પુનરાવર્તિત કરવામાં આવી હતી, જેના વડા શ્રીંખાલ ચલિહાએ જણાવ્યું હતું કે, જો પોલીસ કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો તેમનું જૂથ પોતે જ લોકોને બહાર કાઢશે. શિવસાગર જિલ્લામાં, સેના ઓછામાં ઓછા છ અન્ય સંગઠનો સાથે મળીને મજૂર તરીકે કામ કરતા અને ભાડા પર રહેતા લોકોના દસ્તાવેજો ચકાસવા માટે ઘરે-ઘરે તપાસ કરી રહી છે, જેનો ઉદ્દેશ્ય 'શંકાસ્પદ રાષ્ટ્રીયતા' ધરાવતા લોકોને 'જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા જવા' દબાણ કરવાનો છે.

૨૫ જુલાઈના રોજ, બીર લચિત સેનાએ કાલિયાબોરમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરો સામે વિરોધ પ્રદર્શન કર્યું હતુ. સભ્યોએ રસ્તાઓ પર વાહનો રોક્યા અને તેમની પૂછપરછ કરી, જેના કારણે અંધાધૂંધ પરિસ્થિતિ સર્જાઈ અને અંતે પોલીસ હસ્તક્ષેપની જરૂર પડી હતી.

૧૦ ઓગસ્ટના રોજ, તિનસુકિયા જિલ્લામાં એક મક્તબને તોડી પાડવામાં આવ્યુ હતુ. મક્તબના શિક્ષક શાહીન આલમને તેમનું આધાર કાર્ડ બતાવવા માટે હેરાન કરવામાં આવ્યા હતા અને લોકોના એક જૂથે 'તોઈ ઈયર પોરા જબોઈ લાગીબો' (તમારે આ જગ્યા છોડી દેવી પડશે) કહીને ધમકી આપી હતી. ધ્વંસના રેકોર્ડિંગમાં યુવાનોના એક જૂથને 'જય આઈ અક્ષોમ' (માતા આસામની જય) અને 'બીર લચિત સેના ઝિંદાબાદ' જેવા નારા લગાવતા દર્શાવવામાં આવ્યા છે.

વીર લચિત સેના, ઓલ તાઈ અહોમ સ્ટુડન્ટ્સ યુનિયન, હિંદુ સુરક્ષા સેના, અને AHP-રાષ્ટ્રીય બજરંગ દળ સમાન ઉત્પીડન અને જાગ્રત હકાલપટ્ટી અભિયાન ચલાવી રહ્યાં છે.

૫ સપ્ટેમ્બરના રોજ, વીર લચિત સેનાએ ધેમાજીના પોલીસ સ્ટેશનમાં બંગાળી મૂળના મુસ્લિમ પુરૂષો દ્વારા એક આસામી રિક્ષા ચાલક પર હુમલો કરવાના આરોપો પર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં 'બાંગ્લાદેશી મિયા પાછા જાઓ', 'મિયાઓને દૂર કરો, ધેમાજીને બચાવો' અને 'મિયા ગુંડાગીરીને ચલાવી લેવામાં આવશે નહીં' જેવા સમુદાયને લક્ષ્ય બનાવતા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

૨ સપ્ટેમ્બરના રોજ, બોંગાઈગાંવમાં AHP-રાષ્ટ્રીય બજરંગ દળ-રાષ્ટ્રીય મહિલા પરિષદની બેઠકમાં, નેતા દેબજીતએ મુસ્લિમો પર નિશાન સાધીને આરોપ લગાવ્યો કે, એક હજારથી વધુ ગામડાઓ 'બાંગ્લાદેશીઓ' દ્વારા કબજે કરવામાં આવ્યા છે અને ઈસ્લામપુર જેવા નામવાળા સ્થળો સ્થપાઈ રહ્યા છે.

તેમણે દાવો કર્યો હતો કે જિલ્લામાં ઈસ્લામપુર જેવા નામોવાળા સ્થળો સ્થાપિત થઈ રહ્યા છે અને હિન્દુઓને જમીન ખરીદવાથી રોકવા માટે ઊંચા ભાવે જમીન ખરીદીને ભારતને 'ઈસ્લામિક રાજ્ય' બનાવવાનું કાવતરૂં ગણાવ્યું.

૩૧ ઓગસ્ટના રોજ, કામરૂપના રંગિયામાં AHP-રાષ્ટ્રીય બજરંગ દળની બેઠકમાં, રાજ્ય પ્રમુખ દિનેશ કાલિતાએ મુસ્લિમોને નિશાન બનાવતા આરોપ લગાવ્યો કે, જ્યાં પણ તેમની વસ્તી વધે છે, ત્યાં હિન્દુઓ પર હુમલો કરવામાં આવે છે અને મહિલાઓ પર હુમલો કરીને તેમની હત્યા કરવામાં આવે છે. તેમણે 'લવ જેહાદ'ના કાવતરાના સિદ્ધાંતને પ્રોત્સાહન આપ્યું, અને દાવો કર્યો કે, જિલ્લામાં સામેલ લોકો RSS-રાષ્ટ્રીય મુસ્લિમ મંચના નેતાઓ છે. તેમણે 'બાંગ્લાદેશી-મિયાઓને ડરાવવા' રોકવા અને ગામડાઓમાં તેમને આશ્રય આપનારાઓને મારવા માટે તેમના સંગઠનને મજબૂત બનાવવા હાકલ કરી હતી.

૨૮ ઓગસ્ટના રોજ, હિન્દુ સુરક્ષા સેનાએ બારપેટામાં વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં 'બાંગ્લાદેશી મિયાઓને ચેતી જાવ', અને 'આસામમાં ઈસ્લામિક વિસ્તરણને ચલાવી લેવામાં આવશે નહીં' જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા અને માંગણી કરવામાં આવી કે, જેમને તેઓ દેશના દેશદ્રોહી માને છે, તેમને ગોળી મારી દેવામાં આવે. તેઓએ બંગાળી મૂળના મુસ્લિમોને નિશાન બનાવતા તાજેતરના નિકાલ અભિયાનનો વિરોધ કરવા બદલ મહમૂદ મદની અને સૈયદા હમીદના પુતળા પણ બાળ્યા હતા.

૮ ઓગસ્ટના રોજ, ન્યૂઝનાઉએ એક વીડિયો પ્રસારિત કર્યો હતો જેમાં તિનસુકિયા જિલ્લામાં ચોકીદારો એક મહિલા પાસેથી NRC દસ્તાવેજોની માંગણી કરતા જોવા મળ્યા હતા.

૫ ઓગસ્ટના રોજ, પ્રમુખ મિલન બુરાગોહેનના નિર્દેશ પર, યુનિયનએ તિનસુકિયા શહેરના બસ સ્ટેન્ડ નજીક ૧૬ 'મુસ્લિમો'ને અટકાવ્યા હતા. આ મુસ્લિમો કડિયાકામ અને બાંધકામ મજૂર તરીકે કામ કરવા માટે અરુણાચલ પ્રદેશ જઈ રહ્યા હતા, પરંતુ તેમને પશ્ચિમ આસામના બારપેટા, ધુબરી અને દક્ષિણ સલમારા-માંકાચર જિલ્લામાં ઘરે પાછા ફરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. યુનિયને એમ પણ કહ્યું હતુ કે, તેમણે જિલ્લાના કોલસાથી સમૃદ્ધ માર્ગેરિટા શહેર નજીકનો વિસ્તાર છોડી દેવા માટે 'ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ'ના લગભગ ૫૦ પરિવારોને એક મહિનાની નોટિસ જારી કરી છે.

આસામના મુસ્લિમો મુખ્યત્વે પૂરગ્રસ્ત ચાર ચાપોરી (નદીના ટાપુઓ અને બંધ) વિસ્તારોમાં રહે છે, જ્યાં હજારો લોકોએ નદીના ધોવાણને કારણે તેમની જમીન ગુમાવી દીધી છે. ઘણા ભૂમિહીન પરિવારો સરકારી જમીન પર ફરી વસ્યા છે અથવા આજીવિકાની શોધમાં આસામના વિવિધ શહેરો અને અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર કરી રહ્યા છે. 'મિયા' શબ્દનો ઉપયોગ હવે બંગાળી મુસ્લિમો સામે અપમાનજનક રીતે અને ઘણીવાર અપમાનજનક રીતે કરવામાં આવે છે, તેમના પર ગૌમાંસ ખાવા, 'શસ્ત્ર બનાવવા', હિન્દુ વિસ્તારોને પ્રદૂષિત કરવા અને આસામી ઓળખને જોખમમાં મૂકવાનો આરોપ મુકવામાં આવ્યો છે. આસામમાં થયેલા નિકાલ અભિયાનોએ મિયા મુસ્લિમોને અપ્રમાણસર રીતે અસર કરી છે, જેમાંથી ઘણા દાયકાઓથી ત્યાં રહે છે. આસામ ન્યૂઝ ચેનલોએ વીડિયો પ્રકાશિત કર્યા છે જેમાં ઉચ્ચ આસામમાં ઘરે ઘરે જઈને મિયા મુસ્લિમોને ૨૪થી ૪૮ કલાકની અંદર ત્યાંથી જતા રહેવાની ધમકી આપતા વીડિયો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

૮ ઓગસ્ટના રોજ, શિવસાગર જિલ્લામાં એક જાહેર સભામાં ઉપલા આસામને 'ગેરકાયદેસર બાંગ્લાદેશીઓથી મુક્ત' રાખી શકાય તે માટે ઘરમાલિકોને મિલકત ભાડે આપતા પહેલા ભાડૂઆતોના દસ્તાવેજો તપાસવાની હાકલ કરવામાં આવી હતી. એક ઉપસ્થિત વ્યક્તિએ વાયરના એક પત્રકારને જણાવ્યું હતું કે, નીચલા આસામના મિયા સ્થળાંતરિત કામદારો 'બાંગ્લાદેશી લોકો' જેવા લાગે છે કારણ કે તેઓ લુંગી અને ટોપી પહેરે છે જે 'સ્વદેશી સમુદાયો'માં 'ચિંતા' ફેલાવે છે, કારણ કે લોકો ઓળખી શકતા નથી કે કોણ 'મિયા' છે અને કોણ બાંગ્લાદેશી છે.

૯ ઓગસ્ટના રોજ, સ્વદેશી આસામી મુસ્લિમ મહિલા વાઝીદા બેગમે ઉપલા આસામમાં ચાલી રહેલા નિકાલ અભિયાન વચ્ચે 'આસામી મુસ્લિમો'ને 'મિયા મુસ્લિમો'થી અલગ રાખવાના તેમના મજબૂત નિવેદનોથી વિવાદ ઉભો કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે, 'ઉપલા આસામમાં આસામી મુસ્લિમોના એક વર્ગે મિયા મુસ્લિમોને આશ્રય આપ્યો છે અને તેમની સાથે વૈવાહિક સંબંધો પણ બાંધ્યા છે. આ અત્યંત ચિંતાજનક છે.' તેમણે વધુમાં ચેતવણી આપી હતી કે આંતરલગ્ન દ્વારા સાંસ્કૃતિક જોડાણ સ્વદેશી ઓળખને જોખમમાં મૂકી શકે છે, એમ કહીને, 'મિયા મુસ્લિમો સાથે લગ્ન પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આપણે જન્મથી આસામી છીએ અને આપણે આસામમાં જીવવું અને મરવું જોઈએ.' વાઝીદાએ ઉમેર્યું હતુ કે, 'મિયા છોકરી સાથે લગ્ન કરનાર સ્થાનિક વ્યક્તિની એક ભૂલે આજે આખા સોનારી શહેરને જોખમમાં મૂકી દીધું છે. બીજી ટિપ્પણીમાં તેમણે કહ્યું, 'જ્યારે સ્વદેશી સમુદાયો મિયા મુસ્લિમો સાથે લગ્ન કરવાનું શરૂ કરે છે, ત્યારે તે તેમના રોકાણને કાયદેસર બનાવે છે. આપણે આવા લગ્નોને મંજૂરી આપવી જોઈએ નહીં કે તેમને આશ્રય આપવો જોઈએ નહીં.'

૩ ઓગસ્ટના રોજ, રાષ્ટ્રીય સંગ્રામી સેનાના સભ્ય સીતુ બરૂઆ, હોજાઈ જિલ્લાના એક માણસને ચેતવણી આપતા જોવા મળે છે : 'ચૂપ રહે, મિયા... મિયાઓએ ૨૪ કલાકની અંદર ઉપલા આસામ ખાલી કરવું પડશે.'

આસામમાં ૨૦૨૬ માં ચૂંટણી યોજાવાની છે, જેના કારણે 'મિયા ખેડા આંદોલન' (મિયાઓને ભગાડવાની ચળવળ) સમયસર ચૂંટણીનું સાધન બનશે. વિદેશીઓ પ્રત્યેની ચિંતા અને સાંપ્રદાયિક ભયને ભડકાવીને, આ ઝુંબેશ લોકોનું ધ્યાન શાસન નિષ્ફળતાઓ અને ભ્રષ્ટાચાર કૌભાંડો, જેમ કે 'ગીર ગાય કૌભાંડ', ગોરૂખુતિ બહુમુખી કૃષિ પ્રકલ્પ (GBKP) હેઠળ સરકાર દ્વારા સમર્થિત ડેરી પહેલમાં ભ્રષ્ટાચાર, ગેરવહીવટ અને પક્ષપાતના આરોપો સાથે સંકળાયેલા વિવાદ પરથી હટાવે છે, જે ભાજપના મંત્રીઓને સંડોવે છે અને રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનોને વેગ આપ્યો છે. વિદેશીઓ પ્રત્યેની આ પ્રકારની રાજકીય તકવાદ માત્ર લઘુમતીને બાકાત રાખવા માટે જ નહીં, પરંતુ રાજકીય વર્ગને જવાબદારીથી બચાવવા માટે પણ કામ કરે છે.

(ક્રમશઃ)

(સૌ.: સબરંગ ઈન્ડિયા)

# સિંગાપોરની હોટલોમાં સેક્સ વર્કર્સને લૂંટવા બદલ ૨ ભારતીય પ્રવાસીઓને જેલ

**મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ૨૩ વર્ષીય અરોક્કિયાસામી ડેઈસન અને ૨૭ વર્ષીય રાજેન્દ્રન માયલારસને પીડિતોને લૂંટતી વખતે જાણીજોઈને ઈજા પહોંચાડવાનો ગુનો કબૂલ્યો છે**

(એજન્સી) સિંગાપોર, તા.૫

સિંગાપોરમાં રજાઓ ગાળતી વખતે હોટલના રૂમમાં બે સેક્સ વર્કર્સને લૂંટવા અને હુમલો કરવાના આરોપમાં ભારતના બે પુરૂષોને પાંચ વર્ષ અને એક મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી, સાથે જ ડંડાના ૧૨ ફટકા પણ ફટકારવામાં આવ્યા હતા. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, ૨૩ વર્ષીય અરોક્કિયાસામી ડેઈસન અને ૨૭ વર્ષીય રાજેન્દ્રન માયલારસને પીડિતોને લૂંટતી વખતે જાણીજોઈને ઈજા પહોંચાડવાનો ગુનો કબૂલ્યો હતો. કોર્ટને જણાવવામાં આવ્યું કે, અરોક્કિયાસામી અને રાજેન્દ્રન ૨૪ એપ્રિલે વેકેશન માટે ભારતથી સિંગાપોર આવ્યા હતા. બે દિવસ પછી, લિટલ ઈન્ડિયા વિસ્તારમાં ફરતી વખતે, એક અજાણ્યો માણસ તેમની પાસે આવ્યો અને પૂછ્યું કે શું તેઓ જાતીય સેવાઓ માટે વેશ્યાઓ રાખવામાં રસ ધરાવે છે. ત્યારબાદ તે માણસે તેમને જતા પહેલા બે મહિલાઓની સંપર્ક માહિતી પૂરી પાડી. અરોક્કિયાએ રાજેન્દ્રનને કહ્યું કે, તેમને પૈસાની જરૂર છે અને તેમણે મહિલાઓનો સંપર્ક કરીને હોટલના રૂમમાં લૂંટ કરવાનું સૂચન કર્યું, જેના પર રાજેન્દ્રન સંમત થયા. તેઓએ તે દિવસે સાંજે ૬ વાગ્યાની આસપાસ હોટલના રૂમમાં રહેતી એક મહિલાને મળવાનું આયોજન કર્યું. રૂમમાં પ્રવેશ્યા પછી, તેઓએ પીડિતાના હાથ-પગ કપડાંથી બાંધી દીધા અને તેને થપ્પડ મારી. તેઓએ તેના ઘરેણાં, ૨,૦૦૦ સિંગાપુર ડોલર રોકડા, તેનો પાસપોર્ટ અને તેના બેંક કાર્ડ લૂંટી લીધા. તે રાત્રે, લગભગ ૧૧ વાગ્યાની આસપાસ, તેઓએ બીજી હોટલમાં બીજી મહિલા સાથે મુલાકાત ગોઠવી. જ્યારે તે આવી, ત્યારે તેઓએ તેને લૂંટવા માટે તેના હાથ પકડીને ખેંચી લીધી, અને રાજેન્દ્રને તે ચીસો ન પાડી શકે તે માટે તેનું મોં ઢાંકી દીધું. તેઓએ ૮૦૦ સિંગાપુરી ડોલર, બે મોબાઈલ ફોન અને તેનો પાસપોર્ટ ચોરી લીધો અને તેને ધમકી આપી કે જ્યાં સુધી તેઓ પાછા ન આવે ત્યાં સુધી રૂમ છોડીને ન જાય. બીજા દિવસે જ્યારે બીજી પીડિતાએ બીજા પુરૂષને વાત કરી ત્યારે અરોક્કિયાસામી અને રાજેન્દ્રનની કૃત્યોનો પર્દાફાશ થયો, જેના કારણે પોલીસને બોલાવવામાં આવી. રાહત દરમિયાન, બંને પુરૂષો, જેમનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું ન હતું, તેમણે ન્યાયાધીશ સમક્ષ દયા દાખવવા અને હળવી સજા માટે વિનંતી કરી. દુભાષિયા દ્વારા વાત કરતા, અરોક્કિયાસામીએ કહ્યું, 'મારા પિતા ગયા વર્ષે અવસાન પામ્યા. મારી ત્રણ બહેનો છે, જેમાંથી એક પરિણીત છે અને અમારી પાસે પૈસા નથી. તેથી જ અમે આ કર્યું.' રાજેન્દ્રને ઉમેર્યું, 'મારી પત્ની અને બાળક ભારતમાં એકલા છે, અને તેઓ આર્થિક રીતે મુશ્કેલીમાં છે.' મીડિયાના અહેવાલ મુજબ, લૂંટ દરમિયાન જાણીજોઈને ઈજા પહોંચાડનારાઓને પાંચથી ૨૦ વર્ષની જેલની સજા અને ડંડાના ઓછામાં ઓછા ૧૨ ફટકાની સજાનો સામનો કરવો પડી શકે છે.

# હમાસ સીધી રીતે હથિયાર છોડે કાં પછી અમે કપરાં ઉપાયો અપનાવીશું : નેતાન્યાહુની ચેતવણી

(એજન્સી) તા.૫

ઈઝરાયેલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે (૫ ઓક્ટોબર) હમાસને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, હમાસને કાં તો સરળ રીતે અથવા કઠોરતાથી તેના દરેક હથિયાર ઝૂંટવી લઈશું. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પેલેસ્ટીન સંગઠન હમાસે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના કેટલાક ભાગોને સ્વીકારી લીધા છે, જેમાં તમામ બંધકોની મુક્તિનો પણ સમાવેશ થાય છે. નેતન્યાહૂએ ભારપૂર્વક કહ્યું કે, ગાઝામાંથી ઈઝરાયેલની સંપૂર્ણ સૈન્ય વાપસી નહીં થાય અને આ ક્ષેત્ર હજુ પણ ઈઝરાયેલના નિયંત્રણ હેઠળ રહેશે. ઈઝરાયેલની સેના ગાઝામાં જે વિસ્તારો પર નિયંત્રણ ધરાવે છે, તે જાળવી રાખશે. યોજનાના બીજા તબક્કામાં હમાસને કાં તો રાજદ્વારી રીતે (Diplomatically) અથવા અમારી સૈન્ય કાર્યવાહી દ્વારા નિઃશસ્ત્ર કરવામાં આવશે. કાં તો સરળ રસ્તે અથવા કઠોર વલણથી પણ તેનો નિકાલ લાવવામાં આવશે.' નેતન્યાહૂએ આશા



વ્યક્ત કરી કે, આવનારા થોડા દિવસોમાં ગાઝામાંથી તમામ ઈઝરાયેલી બંધકોની મુક્તિની જાહેરાત થઈ શકશે. તેમણે કહ્યું કે, 'અમે એક ખૂબ મોટી ઉપલબ્ધિના આરે છીએ. જોકે, અહીં અંત નથી. પરંતુ, અમે દિવસ-રાત કામ કરી રહ્યા છીએ. મને આશા છે કે સુક્કોત પર્વ દરમિયાન હું તમામ બંધકોની વાપસીની ઘોષણા કરી શકીશ. ઈઝરાયેલી સેના (IDF) હજુ પણ ગાઝા પટ્ટીના ભાગોમાં તૈનાત છે અને ત્યાં નિયંત્રણ જાળવી રાખ્યું છે.' શુક્રવાર (૩ ઓક્ટોબર) રાત્રે હમાસે ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના કેટલાક ભાગોને મંજૂરી આપી, જેમાં યુદ્ધ સમાપ્તિ, ઈઝરાયેલની તબક્કાવાર વાપસી, ઈઝરાયેલી બંધકો અને પેલેસ્ટીનના કેદીઓની મુક્તિ, ગાઝામાં રાહત-પુનર્નિર્માણ કાર્ય અને પેલેસ્ટીનને ક્ષેત્રમાંથી નિષ્કાસન ન આપવાના વચનનો સમાવેશ થાય છે. આ પહેલા ટ્રમ્પે હમાસને અંતિમ ચેતવણી આપી હતી કે, તે રવિવાર સાંજે ૬ વાગ્યા (અમેરિકન સમય મુજબ) સુધીમાં પ્રસ્તાવ સ્વીકારે, નહીં તો વિનાશ થઈ જશે. ચેતવણીના થોડા કલાકો પછી ઈઝરાયેલે ગાઝા પર હવાઈ હુમલા કર્યા હતા, જેમાં છ લોકોના મોત થયા હતા. રવિવારે ટ્રમ્પે દાવો કર્યો કે, ઈઝરાયેલ પ્રારંભિક વાપસી રેખા (Initial Withdrawal Line) પર સહમત થઈ ગયું છે અને જેવું હમાસ તેની પુષ્ટિ કરશે, તરત જ યુદ્ધવિરામ લાગુ થઈ જશે. ટ્રમ્પે કહ્યું કે, 'અમે જે રેખા નક્કી કરી છે, તેના પર ઈઝરાયેલ સહમત થઈ ગયું છે. જ્યારે હમાસ પુષ્ટિ કરશે, યુદ્ધવિરામ તરત લાગુ થશે. ત્યારબાદ બંધક અને કેદીઓની વાપસી શરૂ થશે અને આ ૩,૦૦૦ વર્ષ જૂના સંઘર્ષના અંતની દિશામાં મોટું પગલું હશે.'

**હદીસ બોધ**

વહેલી સવારે પોકારનાર કૂકડાને ધિક્કારો નહીં, તે તો તમને બંદગી માટે જગાડે છે. (હદીસ બોધ)

**બોધ વચન**

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે. - ફ્રોઈડ

**આજની આરસી**

૬ ઓકટોબર સોમવાર ૨૦૨૫
૧૩ રબીઉલ આખર હિજરી ૧૪૪૭
આસો સુદ ચૌદસ સંવત ૨૦૮૧

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૪ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૩ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# મહિલા વિશ્વ કપમાં ભારતનો એક વધુ ભવ્ય વિજય પાકિસ્તાનની ટીમને ૮૮ રનથી નામોશીભર્યો પરાજય આપ્યો




**બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં રમાયેલા ૧૨ વન-ડેમાં તમામ મેચમાં ભારતનો વિજય થયો છે, કોલંબોમાં રવિવારે રમાયેલો વિશ્વ કપનો વન-ડે મેચ પણ ફરી એકવાર એકતરફી રહ્યો હતો અને ભારતે નબળી ફિલ્ડિંગ અને મધ્યમ ક્રમની નબળી બેટિંગ છતાં પાકિસ્તાનને ખૂબ જ આસાનીથી ધૂળચાટતું કર્યું હતું**

કોલંબો, તા.૫


કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ પર રમાયેલા મહિલા વિશ્વ કપના એકતરફી રહેલા વન-ડે આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતે ખૂબ જ આસાનીથી પાકિસ્તાનની ટીમને ૮૮ રને નામોશીભર્યો પરાજય આપ્યો હતો અને પાકિસ્તાન સામેનો પોતાનો કદી નહીં હારવાનો રેકોર્ડ યથાવત્ રાખ્યો હતો. ૨૦૦૫થી અત્યાર સુધી ભારત અને પાકિસ્તાનની મહિલા ટીમ વચ્ચે રમાયેલા ૧૨ વન-ડે મેચમાં તમામ મેચમાં ભારતનો શાનદાર વિજય થયો છે અને પાકિસ્તાનની ટીમ એકપણ મેચ જીતી શકી નથી. એટલે કોલંબોમાં રમાયેલો વિશ્વકપનો વન-ડે મેચ પણ ધારણા મુજબ એકતરફી જ રહ્યો હતો. જો કે, ભારત તેની પૂરી તાકાત સાથે રમ્યું નહોતું અને મધ્યમ ક્રમની બેટિંગ નબળી હતી અને ફિલ્ડિંગ પણ નબળી હતી. ત્રણ કેચ પડતા મૂક્યા હતા પરંતુ ૫૦% ક્ષમતા સાથે રમનાર ભારતની ટીમ પાકિસ્તાન માટે પૂરતી થઈ પડી હતી અને ૫૦% શક્તિથી રમ્યા છતાં પાકિસ્તાનને કારમી હાર આપી હતી.

આ રીતે પોઈન્ટ ટેબલ ઉપર ભારત બે મેચમાં વિજય મેળવીને ચાર પોઈન્ટ સાથે ટોચ પર પહોંચ્યું છે. પાકિસ્તાન ટોસ જીતીને પ્રથમ બોલિંગને પસંદ કરી હતી અને ભારતે તેની સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાનાની વિકેટ વહેલી ગુમાવી દીધી હતી. સ્મૃતિ ૨૩ રન કર્યા હતા અને પાકિસ્તાનની સુકાની ફાતિમા સનાનો શિકાર બની હતી. બીજી ઓપનર પ્રતિકા રાવલે ૩૧ રન કર્યા હતા. કેપ્ટન હરમનપ્રીત કૌરનો નબળો દેખાવ ચાલુ રહ્યો હતો અને ૩૪ દડામ માત્ર ૧૯ રન કર્યા હતા. હરલીન દેઓલ શ્રીલંકાની જેમ આ મેચમાં પણ પોતાની અડધી સદી ચૂકી ગઈ હતી અને ૪૬ રન કરીને પાછી ફરી હતી. જેમિમા રોડ્રિગ્સ પણ જમાવટ કરી શકી નહોતી એક વખત રન આઉટ થતાં બચી હતી અને એકવાર નો બોલમાં કેચ આપ્યો હતો. જેમિમાએ ૨૫ રન કર્યા હતા. સ્નેહ રાણા અને દીપ્તિ શર્માએ થોડી આક્રમકતા બતાવીને રનની ગતિ વધારવાની કોશિશ કરી હતી અને

પાકિસ્તાનની બોલિંગ ખૂબ સચોટ રહી હતી . સૌથી સફળ બોલર ડાયના બેગ રહી હતી તેણે ૧૦ ઓવરમાં ૬૯ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. સુકાની ફાતિમા સનાએ ઘૂંટણ ઉપર સોજો હોવા છતાં સુંદર બોલિંગ કરી હતી અને ૧૦ ઓવરમાં ૩૮ રન આપીને બે વિકેટ લીધી હતી. પાકિસ્તાને તેના દાવની સાવચેતી સાથે શરૂઆત કરી હતી પરંતુ મુનીબા અલીની વિકેટ વિવાદાસ્પદ રહી હતી અને તેની સાથે-સાથે સદફ શમ્સ પણ સસ્તામાં પાછી ફરી હતી એકમાત્ર સિદરા અમીન અને નતાલિયા પરવેઝ વચ્ચેની ૬૯ની છઠ્ઠી વિકેટની ૪૨ રનની ભાગીદારી કરી હતી પરંતુ રનની ગતિ ધાર્યા મુજબ વધી શકી નહોતી. દીપ્તિએ ૨૫ રન કર્યા હતા. રિચા ઘોષની પહેલા સ્નેહ રાણાને મોકલવાનો જુગાર બહુ સફળ થયો નહોતો અને તેણે ૨૦ રન કરવા માટે ૩૩ દડા બગાડી નાખ્યા હતા. ભારતે ૫૦ ઓવરમાં ૨૪૭ રન કર્યા હતા જે પાકિસ્તાન માટે ખૂબ જ મુશ્કેલ પુરવાર થયા હતા. ભાગીદારીએ પાકિસ્તાન માટે થોડી આશા જગાવી હતી પરંતુ વિકેટ નિયમિત અંતરે પડતી રહી હતી પરંતુ એકમાત્ર સિદરા એજ ટક્કર લીધી હતી અને એક છેડો સાચવી રાખી રનની ગતિ વધારવાની કોશિશ કરી હતી. ભારત સામે મહિલા વન-ડેમાં છગ્ગો ફટકારનાર પણ પહેલી ખેલાડી તરીકેનું માન સિદરાને જ મળ્યું હતું. તેણે ૮૨ દડામાં પોતાની અર્ધ સદી પૂરી કરી હતી અને ૧૦૬ દડામાં ૮૧ રન બનાવીને સ્નેહ રાણાની બોલિંગમાં વિદાય થઈ ગયા બાદ પાકિસ્તાનના પડકારનો અંત આવી ગયો હતો અને પાકિસ્તાનનો દાવ ૪૩ ઓવરમાં ૧૫૯ રનમાં સમેટાઈ ગયો હતો. સિદરાએ ભારત સામે સૌથી મોટો વ્યક્તિગત સ્કોર કરનાર પાકિસ્તાની ખેલાડીનું બહુમાન પણ પ્રાપ્ત કર્યું હતું અને નિંદા દારનો રેકોર્ડ તોડ્યો હતો.

ભારત તરફથી ક્રાંતિ ગૌડની બોલિંગ ખૂબ જ સુંદર રહી હતી અને તેણે ૧૦ ઓવરમાં માત્ર ૨૦ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

# કોલંબોમાં શ્રીલંકા-ઓસ્ટ્રેલિયા મેચ વરસાદથી ધોવાઈ



તા.૫

શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શનિવારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાનારી મહિલા વિશ્વ કપ ૨૦૨૫ની પાંચમી મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ. ભારે વરસાદને કારણે અમ્પાયરોએ ટોસ કરાવ્યા બાદ મેચ શરૂ થવાના નિર્ધારિત સમય કરતાં લગભગ અઢી કલાક પહેલાં જ, એટલે કે સાંજે ૮:૦૮ વાગ્યાની સમયમર્યાદા પૂરી થવાની રાહ જોયા વગર જ, મેચ રદ્દ કરવાની જાહેરાત કરી દીધી હતી. વચ્ચે થોડા સમય માટે વરસાદે વિરામ લેતાં મેચ શરૂ થવાની આશા જાગી હતી, પરંતુ વરસાદે ફરી જોર પકડ્યું અને મેદાન પર ઘેરા વાદળો છવાયેલા રહ્યા, જેના કારણે મેચ રદ્દ કરવામાં આવી હતી.

**પોઈન્ટ ટેબલમાં સ્થિતિ :** ભારતે ગુવાહાટીમાં શ્રીલંકાને હરાવીને પોતાના અભિયાનની જીત સાથે શરૂઆત કરી હતી. પાકિસ્તાને જો કે, કોલંબોમાં નિગાર સુલતાના જ્યોતિના બાંગ્લાદેશ સામે ૭ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. વરસાદથી પ્રભાવિત આ મેચ પછી, એલિસા હિલીની આગેવાની હેઠળની ઓસ્ટ્રેલિયાની ટીમ ૩ પોઈન્ટ અને +1.780ના નેટ રન રેટ સાથે ટેબલમાં ટોચ પર યથાવત છે.

# પહેલીવાર મુંબઈ પહોંચ્યા પછી જાવેદ અખ્તર તેમના ‘બેઘર હોવા અને ભૂખ્યા રહેવાની ક્ષણો’ને યાદ કરી

**જાવેદ અખ્તરે X પર એક હૃદયસ્પર્શી પોસ્ટ શેર કરી, જેમાં તેમણે ૧૯ વર્ષની ઉંમરે મુંબઈ પહોંચ્યાના પહેલા દિવસને યાદ કર્યો, તેમણે શહેર અને તેણે તેમને આપેલી દરેક વસ્તુ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી**

(એજન્સી) તા.૫

જાવેદ અખ્તર બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર આવ્યાને ૬૧ વર્ષ થઈ ગયા છે. તેમણે મુંબઈ, મહારાષ્ટ્રમાં બધું હાંસલ કર્યું છે અને તેઓ પોતાની ૧૯ વર્ષીય યુવકની વાર્તા શેર કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો.

● જાવેદ અખ્તરે ૪ ઓકટોબર, ૧૯૬૪ના રોજ પહેલીવાર મુંબઈ આવ્યા ત્યારે તેમણે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તે યાદ કરતાં X પર એક નોંધ લખી છે.

● તેમણે લખ્યું કે, ‘૪ ઓકટોબર, ૧૯૬૪ના રોજ ૧૯ વર્ષનો એક છોકરો બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર ૨૭ નવા પૈસા ખિસ્સામાં લઈને ઉતર્યો હતો. તે બેઘર, ભૂખમરો અને બેરોજગારીમાંથી પસાર થયો હતો, પરંતુ જ્યારે હું કુલ સફળતા જોઉં છું, ત્યારે મને લાગે છે કે, જીવન મારા પર ખૂબ દયાળુ રહ્યું છે. તેના માટે હું મુંબઈ, મહારાષ્ટ્ર, મારા દેશ અને કામની પ્રશંસા કરનારા બધાનો આભાર માન્યા વગર રહી શકતો નથી. આભાર, ખૂબ-ખૂબ આભાર.’

તાજેતરમાં જાવેદ અખ્તર NDTVના ખાસ શો ઈન્ડિયા થ્રુ ધ આઈઝ ઓફ ઈટ્સ આઈકોન્સમાં મહેમાન તરીકે આવ્યા હતા. સુપ્રસિદ્ધ કવિ અને પટકથા લેખક નિકુંજ ગર્ગ અને મરિયા શકીલ સાથેની વાતચીતમાં તેઓએ ભાગ્ય અને સંજોગો વિશે વાત કરી હતી.

શું સફળતા સખત મહેનત અને ભાગ્યનું સંયોજન છે ? શું સફળતા સંજોગો સાથે આવે છે કે પ્રયત્નો દ્વારા ?

જાવેદ અખ્તર માને છે કે, સખત મહેનત અને ભાગ્ય એકબીજાના વિરોધી નથી પરંતુ સફળતા પ્રાપ્ત કરવામાં ખૂબ જ અલગ અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પોતાના મુદ્દાને સમજાવવા માટે તેમણે જીવનને રમીની રમત તરીકે વર્ણવ્યું હતું.

તેમણે કહ્યું કે, મને લાગે છે કે, જીવન રમીની રમત જેવું છે. તમે સારા ખેલાડી હોઈ શકો છો, પરંતુ જો તમને સારૂં કાર્ડ ન મળે, તો તમે શું કરશો ? રમવું એ કુશળતા છે. પત્તા સંજોગો જેવા હોય છે. સંજોગો તમારી પસંદગી નથી અને પત્તા તમારી પસંદગી નથી. પછી તમે તમારા સંજોગો કે તમારા કાર્ડ કેવી રીતે ગોઠવો છો - તે તમારી કુશળતા પર આધાર રાખે છે અને તમે કેવી રીતે અનુમાન લગાવો છો. અનુમાન વધુ બુદ્ધિશાળી અથવા ઓછું બુદ્ધિશાળી હોઈ શકે છે. હા, રમવામાં કુશળતા હોય છે. પરંતુ કાર્ડ મહત્ત્વપૂર્ણ છે - અને સંજોગો પણ. ફિલ્મના આ દિગ્ગજ કલાકારને પૂછવામાં આવ્યું કે શું તે ભાગ્યમાં માને છે. જ્યારે તેમના વારંવારના સહયોગી સલીમ ખાન માને છે, ત્યારે જાવેદ અખ્તરે ભારપૂર્વક કહ્યું, ‘હું ભાગ્યમાં બિલકુલ માનતો નથી.’

NDTV સાથે વાત કરતા તેમણે સમજાવ્યું, સંજોગો એ ભાગ્ય નથી; તે રેન્ડમ છે. ભાગ્યનો અર્થ કંઈક પૂર્વ-લખાયેલ જેવો થાય છે. ના, કંઈ પૂર્વ-લખાયેલ નથી.

# ભારત મારી માતૃભૂમિ : પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર દાનિશ કનેરિયાનો નાગરિકત્વ અંગે મોટો દાવો



તા.૫

પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર દાનિશ કનેરિયા ઘણીવાર પોતાના નિવેદનો માટે હેડલાઈન્સમાં રહે છે. કનેરિયાએ એવી અફવાઓને ફગાવી દીધી છે કે તે ભારતીય નાગરિક બનવા માંગે છે. કનેરિયાએ તાજેતરમાં ભારતના આંતરિક બાબતો પર સકારાત્મક ટિપ્પણીઓ કરી હતી, જેના કારણે ઘણી ચર્ચા થઈ છે. દાનિશ કનેરિયા પાકિસ્તાન માટે રમનાર બીજા હિન્દુ ક્રિકેટર છે. અગાઉ તેમના પિતરાઈ ભાઈ અનિલ દલપતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કર્યું હતું. કનેરિયાએ કહ્યું હતું કે, તેમને પાકિસ્તાનમાં ક્રિકેટ બોર્ડ અને અધિકારીઓ તરફથી ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. કનેરિયાએ એ પણ યાદ અપાવ્યું કે પાકિસ્તાન તેમનું જન્મસ્થળ છે, પરંતુ ભારત, તેમના પૂર્વજોની ભૂમિ હોવાથી, તેમની માતૃભૂમિ છે. દાનિશ કનેરિયાએ X પર લખ્યું, ‘તાજેતરમાં, ઘણા લોકોએ મને પૂછ્યું છે કે હું પાકિસ્તાન વિશે કેમ બોલતો નથી અથવા ભારતના આંતરિક બાબતો પર ટિપ્પણી કેમ કરતો નથી. કેટલાક તો એવો પણ આરોપ લગાવી રહ્યા છે કે હું ભારતીય નાગરિકતા મેળવવા માટે આવું કરૂં છું. આવી સ્થિતિમાં, મારા માટે સત્ય જાહેર કરવું મહત્વપૂર્ણ હતું. હાલમાં, મારો ભારતીય નાગરિક બનવાનો કોઈ ઈરાદો નથી.’ દાનિશ કનેરિયાએ જણાવ્યું હતું કે, જો તેમના જેવો કોઈ ભવિષ્યમાં ક્યારેય ભારતીય નાગરિકતા મેળવવા માંગે છે, તો નાગરિકતા સુધારો કાયદો (CAA) પહેલાથી જ અસ્તિત્વમાં છે. કનેરિયાએ લખ્યું, ‘મારા માટે, ભારત એક મંદિર જેવું છે. પાકિસ્તાન મારી જન્મભૂમિ છે, પરંતુ ભારત મારી માતૃભૂમિ છે. હું હંમેશા ધર્મ અને સત્ય સાથે ઊભો રહીશ. હું એવા લોકોને ખુલ્લા પાડતો રહીશ જેઓ સમાજને વિભાજીત કરવાનું કામ કરી રહ્યા છે.’ તેમણે પોતાની પોસ્ટ ‘જય શ્રી રામ’ સાથે સમાપ્ત કરી. એ નોંધવું જોઈએ કે, CAA હેઠળ, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી સતાવેલા લઘુમતીઓ (હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી) ભારતીય નાગરિકત્વ માટે પાત્ર છે. તાજેતરમાં, સરકારે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં ભારતમાં પહોંચેલા આ વ્યક્તિઓ માટે પાસપોર્ટ અને વિઝા આવશ્યકતાઓ માફ કરી દીધી છે. પાકિસ્તાનમાં જન્મેલા ગાયક અદનાન સામીને ૨૦૧૬માં ભારતીય નાગરિકત્વ મળ્યું હતું અને આ વર્ષે તેમને પદ્મશ્રી પણ એનાયત કરવામાં આવ્યો હતો. તાજેતરમાં, દાનિશ કનેરિયાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની ૧૦૦મી વર્ષગાંઠ પર એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. કનેરિયાએ RSSની પ્રશંસા કરી હતી અને લખ્યું હતું કે વિશ્વને આવા વધુ સમર્પિત સંગઠનોની જરૂર છે.

# પ્રેમમાં દગા સામે લડતી દલિત મહિલાનું મોત

**પોલીસના જણાવ્યા અનુસાર, ગદ્વુ મંડળના ચિન્નોનીપલ્લી ગામના કોન્સ્ટેબલ રઘુનાથનો કોલેજકાળથી જ પ્રિયંકા નામની દલિત મહિલા સાથે સંબંધ હતો**

(એજન્સી) હૈદરાબાદ, તા.૫

પ્રેમ અને લગ્નના બહાને છેતરપિંડી કરવાનો આરોપ લગાવીને પોલીસ કોન્સ્ટેબલના ઘર સામે ત્રણ મહિનાથી વિરોધ પ્રદર્શન કરી રહેલી એક દલિત મહિલાનું શનિવારે ગદ્વુ જિલ્લામાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. આ ઘટના બાદ, જોગુલામ્બા ગદ્વુ જિલ્લાના પોલીસ અધિક્ષક (એસપી) ટી. શ્રીનિવાસ રાવે કોન્સ્ટેબલ રઘુનાથ ગૌડને સસ્પેન્ડ કર્યા અને તેમની સામે કેસ નોંધવાનો નિર્દેશ આપ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, ગદ્વુ મંડળના ચિન્નોનીપલ્લી ગામના કોન્સ્ટેબલ રઘુનાથનો કોલેજકાળથી જ પ્રિયંકા નામની દલિત મહિલા સાથે સંબંધ હતો. તેણે કથિત રીતે તેની સાથે લગ્ન કરવાનું વચન આપ્યું હતું, પરંતુ બાદમાં નોકરી મેળવ્યા પછી તેને ટાળવાનું શરૂ કર્યું. જ્યારે પ્રિયંકાએ તેના પરિવારને લગ્ન વિશે જાણ કરવા દબાણ કર્યું, ત્યારે તેણે તેના ફોન કૉલ્સ બ્લોક કરી દીધા અને તેને મળવાનું બંધ કરી દીધું. ન્યાય મેળવવા માટે, પ્રિયંકાએ ત્રણ મહિના પહેલા ચિન્નોનીપલ્લી ગામમાં રઘુનાથના ઘર સામે ધરણા શરૂ કર્યા હતા. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, ઘરે પાછા ફરવાની વારંવાર વિનંતી કરવા છતાં તેણે દરરોજ પોતાનો વિરોધ ચાલુ રાખ્યો હતો. પોલીસે જણાવ્યું કે, ‘ગત શનિવારે, તે નિવાસસ્થાને આવી અને અચાનક પડી ગઈ. તેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કરી’. એસપી શ્રીનિવાસ રાવે જણાવ્યું હતું કે, પ્રિયંકાના મૃત્યુ માટે કોન્સ્ટેબલને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યો છે અને ત્યારબાદ કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે, ‘કોન્સ્ટેબલ રઘુનાથ ગૌડને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. દલિત મહિલા પ્રિયંકાના મૃત્યુ માટે જવાબદાર લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે’. પોલીસે જણાવ્યું હતું કે, રઘુનાથે પ્રેમના બહાને પ્રિયંકાનું શોષણ કર્યું હતું અને બાદમાં તેની સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો. એસપીએ એમ પણ કહ્યું હતું કે, રઘુનાથને નોકરીમાંથી કાઢી મૂકવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# સોનાંચલમાં છ મહિનામાં ૧૫૬ લોકો દલિત અત્યાચારનો ભોગ બન્યા જેમાં કુલ ૧ કરોડ ૭૩ લાખ ૨૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા

(એજન્સી) તા.૫

સોનાંચલમાં દલિત અત્યાચારના કેસોમાં વધારો જોવા મળ્યો છે, જેના પરિણામે સમાજ કલ્યાણ વિભાગ પીડિતોને નાણાકીય સહાય પૂરી પાડી રહ્યો છે. છેલ્લા છ મહિનામાં ૧૫૬ લોકોને ૧ કરોડ ૭૩ લાખ ૨૦ હજાર રૂપિયાથી વધુની રકમ ચૂકવવામાં આવી છે. આ રકમ ગયા વર્ષ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. હત્યા, બળાત્કાર અને હુમલાના કેસોમાં પીડિતોને વળતર આપવામાં આવ્યું છે.

**દલિત અત્યાચારના કેસોમાં વધારો**

૧. પીડિતોને ૧ કરોડ ૭૩ લાખ ૨૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

૨. ગયા વર્ષની સરખામણીમાં વળતરમાં વધારો

જાગરણ સંવાદદાતા, સોનાંચલ:સોનાંચલમાં, છેલ્લા છ મહિનામાં ૧૫૬ લોકો દલિત અત્યાચારનો ભોગ બન્યા છે. આ પીડિતો દ્વારા SC/ST કાયદા હેઠળ દાખલ કરાયેલા કેસોને પગલે, સમાજ કલ્યાણ વિભાગે તેમને પહેલાથી જ ૧ કરોડ ૭૩ લાખ ૨૦ હજાર રૂપિયા વળતર ચૂકવી દીધું છે.

આ આંકડો ગયા વર્ષ કરતા ઘણો વધારે છે. પાછલા નાણાકીય વર્ષ, ૨૦૨૪-૨૫ માં, ૧૪૨ લોકો દલિત અત્યાચારનો ભોગ બન્યા હતા અને તેમને એક કરોડ બત્રીસ લાખ પચ્ચીસ હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, સમાજ કલ્યાણ વિભાગને અનુસૂચિત જનજાતિ અત્યાચાર યોજના હેઠળ બજેટ મળ્યું હતું.

આ યોજના હેઠળ, તે વર્ષે અનુસૂચિત જનજાતિ શ્રેણીના ચાર લોકોની હત્યા કરવામાં આવી હતી. તેમના પરિવારોને રૂા.૨૪ લાખ ૭૫ હજાર ચૂકવવામાં આવ્યા હતા. તેવી જ રીતે, છ બળાત્કારના કેસમાં રૂા.૧૫ લાખ આપવામાં આવ્યા હતા. ૪૭ હુમલા અને અન્ય કેસોમાં પીડિતોને રૂપિયા ૫૦ લાખ ૨૫ હજાર આપવામાં આવ્યા હતા. આ સંપૂર્ણ રકમ ત્રણ હપ્તામાં વહેંચવામાં આવી હતી. હત્યા અને સામૂહિક બળાત્કાર માટે ત્રણ હપ્તામાં રૂા.૮.૨૫ લાખ આપવામાં આવે છે. અનુસૂચિત જનજાતિ અત્યાચાર અત્યાચાર યોજના હેઠળ, હત્યા, બળાત્કાર અને અન્ય હુમલાના કિસ્સાઓમાં આદિવાસી લોકોને સહાય પૂરી પાડવામાં આવે છે. હત્યાના કિસ્સાઓમાં, પીડિત પરિવારને ત્રણ હપ્તામાં રૂા.૮.૨૫ લાખ ચૂકવવામાં આવે છે. સામૂહિક બળાત્કારના કેસોમાં પીડિતાને પણ આટલી જ રકમ આપવામાં આવે છે. સાદા બળાત્કારના કેસોમાં પાંચ લાખ રૂપિયા આપવામાં આવે છે, જ્યારે સાદા હુમલાના કેસોમાં પીડિતાને એક લાખ રૂપિયા આપવામાં આવે છે. આ કુલ રકમ પ્રથમ હપ્તામાં ૨૫ ટકા, બીજામાં ૫૦ ટકા અને ત્રીજામાં ૨૫ ટકા આપવામાં આવે છે. બધા કિસ્સાઓમાં, આ રકમ FIR, તપાસ અને ત્યારબાદ કોર્ટના નિર્ણયના આધારે ત્રણ હપ્તામાં આપવામાં આવે છે.

# બિહાર ચૂંટણી ૨૦૨૫ : ત્રણ વખત સત્તા જીતી, પરંતુ દરેક વખતે તેમનો કાર્યકાળ ટૂંકો રહ્યો, જાણો બિહારના પ્રથમ દલિત મુખ્યમંત્રીની વાર્તા

(એજન્સી) તા.૫

બિહારના પ્રથમ દલિત મુખ્યમંત્રી : બિહારની રાજનીતિનો ચૂંટણી ઈતિહાસ હંમેશા ખૂબ જ રસપ્રદ રહ્યો છે. ચૂંટણીનું વાતાવરણ ક્યારે બદલાશે તે અણધાર્યું છે અને ૧૯૬૭થી ૧૯૬૯ વચ્ચે આવી જ પરિસ્થિતિ જોવા મળી હતી. ફક્ત ૨૮ મહિનામાં સાત મુખ્યમંત્રી બદલાયા, લગભગ દરેક મુખ્યમંત્રીનો કાર્યકાળ ફક્ત ચાર મહિનાનો રહ્યો. આ સમયગાળા દરમિયાન બિહારને તેના પ્રથમ દલિત મુખ્યમંત્રી, ભોલા પાસવાન શાસ્ત્રી મળ્યા, જે ત્રણ વખત મુખ્યમંત્રી બન્યા પરંતુ એક વર્ષથી ઓછા સમય માટે આ પદ સંભાળ્યું. જો કે, આ સમયગાળા દરમિયાન, તેમણે રાજકીય ઈતિહાસનો એક એવો સમયગાળો જોયો જે ઈતિહાસ બની ગયો. ચાલો તેમની રાજકીય સફરણે જાણીએ.

**પ્રારંભિક જીવન**

ભોલા પાસવાન શાસ્ત્રીનો જન્મ બ્રિટિશ ભારતના બિહાર અને ઓડિશા પ્રાંતના બૈરગાછી ગામમાં થયો હતો. તેમના પિતા દરભંગાના રાજવી પરિવારમાં કામ કરતા હતા. શિક્ષણમાં રસ ધરાવતા ભોલા પાસવાને વારાણસીના કાશી વિદ્યાપીઠમાંથી સંસ્કૃતમાં બી.એ.ની ડિગ્રી મેળવી હતી, જે વિદ્યાર્થી રાજકારણનું કેન્દ્ર હતું. આના કારણે તેમના નામમાં ‘શાસ્ત્રી’ શબ્દ ઉમેરાયો. ૧૯૪૨ના સ્વતંત્રતા ચળવળ દરમિયાન જેલમાં જવા છતાં, તેમની રાજકીય કુશળતાએ તેમને બિહારના ઘણા નેતાઓની નજીક લાવ્યા.

**કોંગ્રેસ પક્ષમાં આંતરિક ઝઘડો અને સત્તા તરફના તેમના પ્રથમ પગલાં**

૧૯૪૭માં સ્વતંત્રતા પછી, શાસ્ત્રી શ્રી કૃષ્ણ સિંહાના નેતૃત્વ હેઠળની સરકારમાં સંસદીય બાબતોના મંત્રી બન્યા. ૧૯૫૨થી, તેઓ સતત ચૂંટણીઓ જીતતા રહ્યા, વિવિધ મંત્રીમંડળમાં સ્થાન મેળવતા રહ્યા. ૧૯૬૭માં, પૂર્ણિયામાં કોઈરા બેઠક જીત્યા પછી, તેઓ વિપક્ષના નેતા બન્યા. જો કે, ૧૯૬૮માં તેમને સક્રિય રાજકારણમાં પ્રવેશવાની તક મળી, જ્યારે બિહારમાં બીપી મંડલ સરકાર પડી ગઈ, અને ત્યારબાદ કોંગ્રેસ પક્ષમાં વિભાજન થયું. બીપી મંડલની સરકાર વિધાનસભામાં વિશ્વાસ મત પસાર કરવામાં નિષ્ફળ ગઈ અને તેમણે રાજીનામું આપ્યું. આ પ્રસંગે, બિનોદાનંદ ઝાના બળવાખોર જૂથે ભોલા પાસવાન શાસ્ત્રીને મુખ્યમંત્રી બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. ૨૨ માર્ચ, ૧૯૬૮ના રોજ, શાસ્ત્રી પહેલી વાર બિહારના મુખ્યમંત્રી બન્યા. આ સરકાર ફક્ત ૯૫ દિવસ ચાલી. તેમના મંત્રીઓ તરફથી રાજીનામાની ધમકીઓ અને રામગઢના રાજાની અસ્વીકાર્ય માગણીઓને કારણે, તેમણે રાજીનામું આપ્યું અને રાજ્યપાલને રાષ્ટ્રપતિ શાસન લાદવા કહ્યું.

**સત્તામાં બીજો કાર્યકાળ**

ફેબ્રુઆરી ૧૯૬૯માં મધ્યસત્ર ચૂંટણીઓ પછી, શાસ્ત્રીને ફરીથી મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ વખતે, તેમનો કાર્યકાળ ફક્ત ૧૨ દિવસ ચાલ્યો. જનસંઘ અને અન્ય ગઠબંધન પક્ષો તરફથી ટેકો પાછો ખેંચી લેવાને કારણે તેમણે રાજીનામું આપ્યું. ત્યારબાદ, ૧૯૭૧માં કોંગ્રેસ (આર) અને અન્ય પક્ષોના સમર્થનથી શાસ્ત્રી ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા. આ વખતે, તેમનો કાર્યકાળ ૧૯૮ દિવસ ચાલ્યો. કોંગ્રેસ (આર) નેતાઓના વિરોધ અને પક્ષપલટાની રાજનીતિને કારણે, તેમણે ૨૭ ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ રાજીનામું આપ્યું. આ સમયગાળા દરમિયાન, તેમને વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે સલાહ લેવા માટે પણ બોલાવવામાં આવ્યા હતા.

**રાજકારણમાં ઐતિહાસિક વારસો**

ભોલા પાસવાન શાસ્ત્રી બિહારના પ્રથમ દલિત મુખ્યમંત્રી હતા અને તેમણે દલિત નેતૃત્વને નવા પરિમાણો આપ્યા. ત્રણ વખત મુખ્યમંત્રી તરીકે સેવા આપવા છતાં, તેઓ લાંબા સમય સુધી સત્તામાં રહ્યા નહીં, પરંતુ તેમની રાજકીય કારકિર્દીમાં પક્ષપલટા અને ગઠબંધન રાજકારણની જટિલતાઓ જોવા મળી. તેમણે ૧૯૭૨થી ૧૯૮૨ સુધી રાજ્યસભાના સાંસદ અને વિપક્ષના નેતા તરીકે પણ સેવા આપી. ભોલા પાસવાન શાસ્ત્રીની વાર્તા બિહારના રાજકારણના ઉતાર-ચઢાવ અને દલિત નેતૃત્વના સંઘર્ષનું પ્રતીક માનવામાં આવે છે. તેમના નેતૃત્વ અને સંઘર્ષે રાજ્યની રાજકીય દિશાને હંમેશા પ્રભાવિત કરી.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**જાહેર સૂચના**
**સોનાની હરાજી કમ આમંત્રણ સૂચના**

નીચે દર્શાવેલ દેણદારને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ પાસેથી તેણે મેળવેલા સોનાના દાગીના સામે ક્રેડિટ સુવિધા માટે બાકી રકમ ચૂકવવા નોટિસ આપવામાં આવી છે. કારણ કે દેણદાર સુવિધા હેઠળની બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. અમે **૧૪/૧૦/૨૦૨૫**ના રોજ ગીરવે રાખેલા સોનાના દાગીનાની હરાજી કરવા માટે બાધિત છીએ. જો આ હરાજીમાંથી કોઈપણ વધારાની રકમ પ્રાપ્ત થશે તો તે સંબંધિત દેણદારને પરત કરવામાં આવશે અને જો હરાજી પછી કોઈ ખોટ હશે, તો બાકીની રકમ દેણદાર પાસેથી યોગ્ય કાનૂની કાર્યવાહી દ્વારા વસૂલવામાં આવશે. આઈડીએફસી ફર્સ્ટ બેંક પાસે પૂર્વ સૂચના વિના નીચેના ખાતાને હરાજીમાંથી દૂર કરવાની સત્તા છે. આગળ આઈડીએફસી ફર્સ્ટ બેંક કોઈપણ પૂર્વ સૂચના વિના હરાજીની તારીખ બદલવાનો અધિકાર અનામત રાખે છે.

| લોન એકાઉન્ટ નંબર | ગ્રાહકનું નામ | શાખાનું નામ |
|---|---|---|
| 164393339 | પરમાર હસમુખભાઈ રમણભાઈ | બરોડા |
| 171504048 | ચોપદાર યોગેશ નાથુભાઈ | સી.જી. રોડ શાખા |
| 165378940 | સરવૈયા મયુર પરષોત્તમભાઈ | રાજકોટ ભક્તિ નગર |
| 167884743 | સરણિયા જાનવી રોહનભાઈ | નડિયાદ રૂરલ |
| 155980956 | વીમલેશ રાઈ | કીમ રૂરલ |
| 155707821 | પરમાર અજીતસિંહ | બાયડ રૂરલ |
| 167875119 | વાઘરી રમીલાબેન શિવાભાઈ | ખતવાડા રૂરલ |
| 156860357 | સાનીબખાન ગાસીખાન પઠાણ | ખેરાલુ રૂરલ |
| 159392341 | દાદીચાલા પરમજીત સિંઘ | થલતેજ અમદાવાદ શાખા |
| 169271715 | ખલયાની ઈરશાદ ઈલયાસભાઈ | બોટાદ રૂરલ |
| 167462467 | કમલેશકુમાર સમરૂજી ચાવડા | ખેરાલુ રૂરલ |
| 165825617 | પરમાર હસમુખભાઈ રમણભાઈ | બરોડા |
| 170629711 | અલગોતર કિશન દિનેશભાઈ | બોટાદ રૂરલ |

**૧૪/૧૦/૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી https://idfcegold.auctiontiger.net દ્વારા ૧૪/૧૦/૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી http://gold.samil.in પર ઓનલાઈન હરાજી હાથ ધરવામાં આવશે.** આ પ્રકાશન દ્વારા સંબંધિત દેણદારને આથી આખરી નોટિસ આપવામાં આવે છે અને જ્વેલરીની હરાજી કરવામાં આવશે તે સુનિશ્ચિત હરાજીની તારીખ પહેલાં તમામ વ્યાજ અને શુલ્ક સાથે, સુવિધા રિકોલ કરેલી રકમ ચૂકવવાની છેલ્લી તક આપવામાં આવે છે. મહેરબાની કરીને નોંધ કરો કે, જો સમય મર્યાદાને કારણે એ જ દિવસે હરાજી પૂર્ણ ન થાય તો બેંક એ જ નિયમો અને શરતો પર આગામી ૭ દિવસમાં ગીરવે મૂકેલા સોનાના ઘરેણાંની ફરી હરાજી કરશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો તેના કાનૂની વારસદારોને લાગુ પડશે.

**તારીખ : ૦૬-૧૦-૨૦૨૫ સ્થળ : ગુજરાત**

# સાંસદ રાજા રામ સિંહનો IT ક્ષેત્રમાં 'ગેરકાયદેસર છટણી' સામે કેન્દ્રીય મંત્રીઓને પત્ર

**લોકસભાના સાંસદ રાજા રામ સિંહે IT ક્ષેત્રમાં ગેરકાયદેસર છટણીઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને તાત્કાલિક સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે. તેમણે શ્રમ કાયદાના ઉલ્લંઘન, બળજબરીથી રાજીનામા અને IT ક્ષેત્રમાં ઉત્પીડનનો મુદ્દો ઉઠાવ્યો છે. સાંસદે છ મુદ્દાની માંગણીઓ પણ રજૂ કરી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

લોકસભાના સાંસદ રાજા રામ સિંહે IT ક્ષેત્રમાં છટણીની વધતી જતી સમસ્યા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવને લખેલા પત્રમાં, બિહારના કરકટ મતવિસ્તારના CPI(ML) લિબરેશનના સાંસદ રાજા રામ સિંહે IT/IT-ES ક્ષેત્રમાં પ્રચલિત 'ગેરકાયદેસર છટણી'ની પ્રથાને સંબોધવા માટે તાત્કાલિક સરકારના હસ્તક્ષેપની માંગ કરી છે. સાંસદ રાજા રામ સિંહ, જે લોકસભામાં શ્રમ, કાપડ અને કૌશલ્ય વિકાસ પરની સ્થાયી સમિતિના સભ્ય છે, તેમણે ૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ લખેલા તેમના પત્રમાં ખાસ કરીને આઈટી જાયન્ટ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) પર નિશાન સાધ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે TCSએ જુલાઈ ૨૦૨૫માં ૧૨,૦૦૦થી વધુ કર્મચારીઓને છૂટા કર્યા હતા, જોકે વાસ્તવિક આંકડો ઘણો વધારે દેખાય છે.



**એક વ્યાપક સમસ્યાનો ભાગ**

રાજા રામ સિંહે સ્પષ્ટતા કરી હતી કે TCSનું પગલું કોઈ એકલ દોકલ ઘટના નથી પરંતુ એક વ્યાપક ક્ષેત્રીય વલણનો ભાગ છે જ્યાં કામદારોની આજીવિકાના ભોગે નફાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમના મતે, આ 'કોઈપણ કિંમતે વૃદ્ધિ'થી 'કોઈપણ કિંમતે નફો' તરફ નીતિમાં પરિવર્તનનું પરિણામ છે. સાંસદે TCSના દાવાને ફગાવી દીધો હતો કે આ છટણીઓ કૌશલ્યની અછતને કારણે થઈ હતી. કંપનીના વાર્ષિક અહેવાલને ટાંકીને, તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં ૯૧% કર્મચારીઓએ કૌશલ્ય-અપગ્રેડેશન તાલીમ મેળવી હતી. આના આધારે, તેમણે દલીલ કરી હતી કે આ છટણીઓ વૈશ્વિક રોજગાર નીતિમાં પરિવર્તનનો ભાગ છે, કૌશલ્યની અછતનો નહીં.

**શ્રમ કાયદાઓનું ઉલ્લંઘન**

રાજા રામ સિંહે તેમના પત્રમાં શ્રમ કાયદાઓના વ્યાપક ઉલ્લંઘનો તરફ ધ્યાન દોર્યું. તેમણે નિર્દેશ કર્યો કે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ, મોટી સંસ્થાઓમાં છટણી પહેલાં સરકારી પરવાનગી જરૂરી છે, પરંતુ કોઈપણ IT કંપનીએ તેનું પાલન કર્યું નથી. તેમણે કર્ણાટક સરકાર પર ઔદ્યોગિક રોજગાર (સ્થાયી આદેશો) અધિનિયમમાંથી IT/IT-ES કંપનીઓને આપવામાં આવેલી મુક્તિનો દુરૂપયોગ કરવાનો પણ આરોપ મૂક્યો.

તેમણે જણાવ્યું હતું કે, એકલા ૨૦૨૪માં જ ૧.૫ લાખ કામદારોને છટણી કરવામાં આવ્યા હતા, જે કાયદાનું સંપૂર્ણ ઉલ્લંઘન છે.

**પજવણી અને ભયનું વાતાવરણ**

રાજા રામ સિંહે તેમના પત્રમાં કર્મચારીઓની થતી પજવણીની વિગતવાર માહિતી આપી હતી. તેમના મતે, વળતર અથવા રાહત પત્ર વિના બરતરફીની ધમકી હેઠળ કામદારોને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી રહી છે. ઘણા લોકો બ્લેકલિસ્ટ થવાના ડરમાં જીવે છે. કેટલાક કિસ્સાઓમાં, બરતરફીની ધમકીઓ પણ આપવામાં આવી છે. આ પ્રથાઓ કંપનીઓને કાયદાથી બચવામાં મદદ કરે છે. ટીસીએસની નાણાકીય પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા સાંસદે જણાવ્યું હતું કે વાર્ષિક આવક $૩૦ બિલિયનથી વધુ અને ૬૦૦,૦૦૦ કર્મચારીઓ ધરાવતી આ કંપનીએ તેના લાંબા સમયથી કામ કરતા કર્મચારીઓને નિકાલજોગ ગણાવ્યા છે.

**છ-મુદ્દાની માગણીઓ**

રાજા રામ સિંહે સરકારને લખેલા પત્રમાં છ મુખ્ય માંગણીઓ કરી હતી. પહેલી માગણી એ છે કે તમામ ગેરકાયદેસર છટણી તાત્કાલિક બંધ કરવામાં આવે અને કંપનીઓને પુનઃ કૌશલ્ય અને પુનઃનિયુક્તિ જેવા વિકલ્પો શોધવાનો નિર્દેશ આપવામાં આવે. બીજી માગણી એ છે કે, IT/ITE-S સંસ્થાઓ પર શ્રમ કાયદા લાગુ પડે તેની ખાતરી કરવામાં આવે અને ઉલ્લંઘનો સામે સુઓ મોટુ કાર્યવાહી શરૂ કરવામાં આવે.

ત્રીજી માગણી એ છે કે ઔદ્યોગિક રોજગાર (સ્થાયી આદેશો) અધિનિયમ હેઠળ આઈટી નોકરીદાતાઓને આપવામાં આવેલા વિશેષાધિકારો રદ કરવામાં આવે. ચોથી માગણી એ છે કે બળજબરીથી રાજીનામા માટે ફરિયાદ નિવારણ પદ્ધતિ સ્થાપિત કરવામાં આવે અને અસરગ્રસ્ત કામદારો માટે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવે. પાંચમી માગણીમાં છટણી કરાયેલા કર્મચારીઓ માટે ગેરંટીકૃત સેવરેન્સ પેકેજ, વિસ્તૃત આરોગ્ય લાભો અને નોકરી સંક્રમણ સહાયની માંગ કરવામાં આવે છે. છઠ્ઠી અને અંતિમ માંગણીમાં કોઈપણ પુનર્ગઠન પહેલાં ફરજિયાત ત્રિપક્ષીય પરામર્શ (સરકાર, નોકરીદાતાઓ અને કર્મચારી સંગઠનો)ની માગણી કરવામાં આવે છે.

**રાષ્ટ્રીય હિતમાં હસ્તક્ષેપની અપીલ**

રાજા રામ સિંહે ભાર મૂક્યો હતો કે, IT/ITE-S ક્ષેત્ર ભારતીય કામદારોની મહેનત દ્વારા બનાવવામાં આવ્યું છે. હવે સરકારની ફરજ છે કે તેઓ ગેરકાયદેસર અને શોષણકારી પ્રથાઓથી તેમના અધિકારો, ગૌરવ અને આજીવિકાનું રક્ષણ કરવા માટે હસ્તક્ષેપ કરે. આ મુદ્દા પર સરકારના પ્રતિભાવની રાહ જોવાઈ રહી છે, કારણ કે તે માત્ર લાખો IT કામદારોના ભવિષ્ય સાથે જ નહીં, પરંતુ ભારતના આર્થિક વિકાસ મોડેલ અને મજૂર અધિકારોના રક્ષણ સાથે પણ સંબંધિત છે.

# પાકિસ્તાન ટ્રમ્પને ભારતના ચાબહાર બંદર નજીક અરબી સમુદ્ર પર બંદર વિકસાવવા ઓફર કરી

**પાકિસ્તાનની બ્લુપ્રિન્ટ મુજબ આ નાગરિક બંદર બલુચિસ્તાનના ગ્વાદર જિલ્લાના પાસનીમાં સ્થિત હશે, જે તેને ભારત દ્વારા વિકસાવવામાં આવી રહેલા ચાબહાર બંદરની વ્યૂહાત્મક રીતે નજીક રાખશે**

(એજન્સી) તા.૫

પાકિસ્તાન અને અમેરિકા વચ્ચે સંબંધોમાં સુધારા વચ્ચે અમેરિકા સાથે વધુ ભાગીદારી માટે પાકિસ્તાને અરબી સમુદ્ર પર બંદર બનાવવા અને ચલાવવા માટે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ એક ઓફર રજૂ કરી છે. આ નાગરિક બંદર બલુચિસ્તાનના ગ્વાદર જિલ્લાના પાસનીમાં સ્થિત હશે, જે તેને ઈરાનમાં ભારત દ્વારા વિકસાવવામાં આવી રહેલા ચાબહાર બંદરની વ્યૂહાત્મક રીતે નજીક રાખશે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે પાકિસ્તાની સેનાના વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનીરના સલાહકારોએ ટોચના અમેરિકી અધિકારીઓનો સંપર્ક કર્યો છે, જેની કિંમત $૧.૨ બિલિયન સુધી હોય શકે છે. આ બ્લુપ્રિન્ટ મુજબ, અમેરિકા પાસનીમાં પાકિસ્તાનના મહત્વપૂર્ણ ખનિજો સુધી પહોંચવા માટે બંદર પર એક ટર્મિનલ બનાવશે અને તેનું સંચાલન કરશે. અશાંત બલુચિસ્તાન પ્રાંતમાં આવેલું આ શહેર અફઘાનિસ્તાન અને ઈરાનની સરહદે આવેલું છે. સપ્ટેમ્બરમાં પાકિસ્તાની સેનાના વડા, વડાપ્રધાન શેહબાઝ શરીફ સાથે ટ્રમ્પ સાથે બેઠક યોજ્યાના થોડા દિવસો પછી આ ઓફર સામે આવી છે. આ મીટિંગમાં શરીફે ખાણકામ અને ઉર્જા ક્ષેત્રોમાં યુએસ કંપનીઓ પાસેથી રોકાણની માંગ કરી હતી. હકીકતમાં મુનીરે ટ્રમ્પને મુલાકાત દરમિયાન પાકિસ્તાનની ખનિજ સંપત્તિની ઝલક પણ આપી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ તસવીરોમાં મુનીર ટ્રમ્પને દુર્લભ પૃથ્વીના ખનિજો ધરાવતું લાકડાનું બોક્સ રજૂ કરતા જોવા મળ્યા હતા. એક યુએસ મેટલ કંપનીએ સંરક્ષણ અને ટેકનોલોજીમાં ઉપયોગ માટે પાકિસ્તાનમાં સંયુક્ત રીતે વ્યૂહાત્મક ખનિજોની શોધ કરવા માટે પાકિસ્તાન સાથે $૫૦૦ મિલિયનના રોકાણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. પાકિસ્તાનને અગાઉના જો બિડેન શાસન દ્વારા દૂર રાખવામાં આવ્યું હતું, તેણે ટ્રમ્પ સાથે મળીને અમેરિકા સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો છે. તેણે અમેરિકાને તેના વિશાળ વણઉપયોગી તેલ, ગેસ અને ખનિજ ઓફર કર્યા છે, જે મોટાભાગે મુશ્કેલીગ્રસ્ત બલુચિસ્તાન ક્ષેત્રમાં છે. જોકે, મુનીરે ટ્રમ્પ સાથે બંદર સોદાની ઓફર પર ચર્ચા કરી હતી કે કેમ તે જાણી શકાયું નથી. જોકે, આ બ્લુપ્રિન્ટ યુએસ લશ્કરી હેતુઓ માટે બંદરનો ઉપયોગ અથવા લશ્કરી



થાણું સ્થાપવાની શક્યતાને નકારી કાઢે છે. પાકિસ્તાન ઈચ્છે છે કે અમેરિકા પાસની બંદરને ખનિજ સમૃદ્ધ પશ્ચિમી પ્રાંતો સાથે જોડતા રેલ નેટવર્ક માટે નાણાં આપે. પાકિસ્તાને અમેરિકાને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે, અને કહ્યું છે કે પાસનીની ઈરાન અને મધ્ય એશિયા સાથે નિકટતા અમેરિકાના વેપાર માટેના વિકલ્પોમાં વધારો કરશે. તે અરબી સમુદ્ર અને મધ્ય એશિયામાં પણ અમેરિકાના પ્રભાવને વિસ્તૃત કરશે. રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાન પાસે ગ્વાદર બંદર પણ છે, જેને ચીન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તેનું સંચાલન ચીન દ્વારા કરવામાં આવે છે. પાસની ગ્વાદરથી માત્ર ૧૦૦ કિમી દૂર આવેલું છે, જ્યાં ચીન બંદર સુવિધાનું સંચાલન કરે છે. જો અમેરિકા પાસની ખાતે બંદર વિકસાવવા માટે કોઈપણ પ્રકારના સોદા માટે સંમત થાય છે તો પાકિસ્તાન ભૂ-રાજકીય નીતિનું સંચાલન કેવી રીતે કરે છે તે જોવાનું રહેશે. ભારત પણ આ વિકાસ પર નજર રાખશે કારણ કે પ્રસ્તાવિત બંદર ચાબહારથી માત્ર ૩૦૦ કિમી દૂર આવેલું છે, જ્યાં તે શાહિદ બેહેશ્તી ટર્મિનલ વિકસાવી રહ્યું છે. ચાબહાર બંદર ભારતને પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવામાં મદદ કરશે. ૨૦૨૪ માં, ભારત અને ઈરાને ટર્મિનલ વિકસાવવા અને તેનું સંચાલન કરવા માટે ૧૦ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

# H-1Bના વિરોધ વચ્ચે અમેરિકન વ્યક્તિએ ૫ વર્ષના ભારતીય વિઝાને દર્શાવ્યો-'મોદી કહે છે કે તમારૂં સ્વાગત છે ભાઈ'

**વાયરલ સોશિયલ મીડિયા પોસ્ટમાં અમેરિકન નાગરિક એન્થોની લુઈસ ક્લોરે વિદેશીઓ પ્રત્યે ટ્રમ્પ અને મોદીના વલણ વચ્ચે સરખામણી કરી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

અમેરિકન ઈમિગ્રેશન નીતિઓ અને H-1B વિઝા કાર્યક્રમના પુનર્ગઠનને લઈને ચાલી રહેલા હોબાળા વચ્ચે, યુનાઈટેડ સ્ટેટ્સના એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર ગર્વથી પોતાનો પાંચ વર્ષનો ભારતીય વિઝા બતાવીને ચર્ચા જગાવી છે. એન્થોની લુઈસ ક્લોર, જેને ઓનલાઈન ટોની ક્લોર તરીકે ઓળખવામાં આવે છે, તે અમેરિકન નાગરિક છે, જે હાલમાં બેંગલુરૂમાં છે. ૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ, તેમણે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર લાંબા ગાળાના ભારતીય વિઝા મેળવવા વિશે પોસ્ટ કરી હતી. ત્યારથી આ પોસ્ટ્સ ખાસ કરીને ભારતીય વપરાશકર્તાઓમાં ખૂબ જ પ્રસારિત થઈ છે. ક્લોરે ઈન્સ્ટાગ્રામ અને X (અગાઉ ટ્વિટર) પર લખ્યું કે, 'આ સત્તાવાર છે ! ભારત વિદેશી બ્લોકચેન અને AI બિલ્ડરો માટે તેના દરવાજા ખોલી રહ્યું છે. મને હમણાં જ ૫ વર્ષના ભારતીય વિઝા આપવામાં આવ્યા છે'. તેમણે 'વિદેશીઓ' પ્રત્યેના અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વલણની ટીકા કરી, જ્યારે ભારત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આવકાર' દૃષ્ટિકોણની પ્રશંસા કરી. તેણે પોસ્ટમાં ઉમેર્યું હતું કે, 'ટ્રમ્પ કહે છે કે વિદેશીઓ પથ્થરમારો કરે છે. મોદી કહે છે કે ઘરે સ્વાગત છે ભાઈ'. આ એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પ દ્વારા કુશળ વિદેશી કામદારો માટે નવી H-1B વિઝા ફી પર $૧૦૦,૦૦૦ ફી લાદવાની તપાસ વધી રહી છે.

ક્લોરે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેના વિઝાની એક છબી પણ શેર કરી, જેમાં કેપ્શન લખ્યું હતું, 'તમે યાત્રાળુઓ, મને હવે ટોની ભાઈ કહો.' ક્લોરે શેર કરેલી છબી અનુસાર, તેનો વિઝા B-1 વિઝા તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે, જે ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ જારી કરવામાં આવ્યો હતો અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૩૦ સુધી માન્ય હતો. B-1એ એક પ્રકારનો બિઝનેસ વિઝા છે જે વિદેશી નાગરિકોને ઔદ્યોગિક અથવા વ્યવસાયિક સાહસ સ્થાપિત કરવા, ભારતમાં વ્યવસાયિક તકો શોધવા, મીટિંગ્સ અથવા કોન્ફરન્સમાં ભાગ લેવા, માનવશક્તિની ભરતી કરવા વગેરે માટે આપવામાં આવે છે અને તે ઈચ્છિત વ્યવસાયના ક્ષેત્રમાં ખાતરીપૂર્વકની નાણાકીય સ્થિતિ અને કુશળતા ધરાવતી વ્યક્તિને આપવામાં આવે છે. તે એક સમયે ૧૮૦ દિવસ સુધી રહેવાની મંજૂરી આપે છે. ક્લોરની પોસ્ટ્સ પર ભારતીયો તરફથી વિવિધ ટિપ્પણીઓ ઝડપથી ફેલાઈ ગઈ- કેટલાકે વિઝા મંજૂરી માટે દેશની સરકારની ટીકા કરી, તો કેટલાકે તેની પ્રશંસા કરી અને યુએસ H-1B પ્રોગ્રામની ટીકા કરવાની તકનો ઉપયોગ કર્યો. એક X વપરાશકર્તા, સાઈ વર્માએ પીએમ મોદીના ચિત્ર સાથે ટિપ્પણી કરી કે, 'પહેલી વાર ભારતીય વિઝાણે દર્શાવાતો જોયો. શું અચ્છે દિન ઔર ક્યા



ચાહિયે, ભાઈ?'. બીજા વપરાશકર્તાએ લખ્યું કે, 'ભારત નવું યુ.એસ. બનશે, બેંગલુરૂ નવું સિલિકોન વેલી, મુંબઈ નવું લોસ એન્જલસ, દિલ્હી નવું વોશિંગ્ટન ડી.સી. અને કોલકાતા નવું ન્યુ યોર્ક બનશે'. એક X વપરાશકર્તા, મોનિકા જસુજાએ લખ્યું કે, 'ભારત જાણે છે કે, ભવિષ્ય બ્લોકચેન અને AIમાં લખાઈ રહ્યું છે. આવો ૫ વર્ષનો વિઝા એક મહત્વપૂર્ણ સંકેત મોકલે છે-જ્યારે અન્ય લોકો પ્રતિભાને દૂર ધકેલી દે છે, ત્યારે ભારત 'અમારી સાથે નિર્માણ કરવા આવો' કહી રહ્યું છે.

# તમિલનાડુમાં ભાગદોડ પર ટિપ્પણી કરવા બદલ ચેન્નાઈમાં યુટ્યુબર મારી દાસની ધરપકડ; પોલીસની સોશિયલ મીડિયા પર કડક કાર્યવાહી

**ઉશ્કેરણીજનક ઓનલાઈન સામગ્રીને કાબૂમાં લેવા માટે એક નવા પગલામાં તમિલનાડુ પોલીસે ચેન્નાઈના નીલંકરાય સ્થિત તેમના નિવાસસ્થાનેથી કરૂર ભાગદોડ દુર્ઘટના જેમાં અભિનેતાથી રાજકારણી બનેલા વિજયની પ્રચાર રેલીમાં ૪૧ લોકોનાં મોત થયા હતા તે અંગે રાજ્ય સરકાર વિરૂદ્ધ ભડકાઉ ટિપ્પણીઓ પોસ્ટ કરવા બદલ લોકપ્રિય યુટ્યુબર મારી દાસની ધરપકડ કરી**

(એજન્સી) ચેન્નાઈ, તા.૫

ઉશ્કેરણીજનક ઓનલાઈન સામગ્રીને કાબૂમાં લેવા માટે એક નવા પગલામાં, તમિલનાડુ પોલીસે ચેન્નાઈના નીલંકરાય સ્થિત તેમના નિવાસસ્થાનેથી કરૂર ભાગદોડ દુર્ઘટના જેમાં અભિનેતાથી રાજકારણી બનેલા વિજયની પ્રચાર રેલીમાં ૪૧ લોકોના મોત થયા હતા તે અંગે રાજ્ય સરકાર વિરૂદ્ધ ભડકાઉ ટિપ્પણીઓ પોસ્ટ કરવા બદલ લોકપ્રિય યુટ્યુબર મારી દાસની ધરપકડ કરી,. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૭ સપ્ટેમ્બરની ભાગદોડથી સાયબર ક્રાઈમ ટીમો હાઈ એલર્ટ પર છે, ખોટી માહિતી અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે તેવી સામગ્રીના ફેલાવાને રોકવા માટે સોશિયલ મીડિયાને સ્કેન કરી રહી છે.



**આ કેસ વિશે**

મૂળ મદુરાઈના રહેવાસી અને રાજકારણ પર તીક્ષ્ણ ટિપ્પણી કરવા માટે જાણીતા મારી દાસે મોડી રાત્રે પોસ્ટ કરેલા એક વીડિયોમાં રેલીમાં સરકારની ભીડ નિયંત્રણ અને સલામતીની તૈયારી પર સવાલ ઉઠાવ્યા હતા. બીજા દિવસે સવારે, એક ખાસ સાયબર ક્રાઈમ ટીમે મદુરાઈના ગોમતીપુરમમાં યુટ્યુબરના ઘરે દરોડો પાડ્યો હતો, પરંતુ તે ત્યાં મળી આવ્યો ન હતો. ગુપ્ત માહિતીના આધારે, અધિકારીઓએ તેને ચેન્નાઈના નીલંકરાયમાં શોધી કાઢ્યો અને તેને કસ્ટડીમાં લીધો. શેર કરેલી સામગ્રીની પ્રકૃતિની તપાસ કરવા માટે તેના ફોન, લેપટોપ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમે કરૂર ઘટના વિશે અફવાઓ અને ખોટી વાતો ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરી રહ્યા છીએ જે અશાંતિ પેદા કરી શકે છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાનો આદર કરવામાં આવે છે, પરંતુ લોકોમાં ભય અને અવિશ્વાસ જગાડવાના ઈરાદાપૂર્વકના પ્રયાસો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.' મારી દાસ સામે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને જાહેર શાંતિને ખલેલ પહોંચાડવા સંબંધિત જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. કરૂર દુર્ઘટના પછી જાહેર અભિપ્રાયને પ્રભાવિત કરવાના સંકલિત પ્રયાસોનો ભાગ હતો કે કેમ તેની પણ પોલીસ તપાસ કરી રહી છે. તાજેતરના દિવસોમાં આ બીજી હાઈ-પ્રોફાઈલ સોશિયલ મીડિયા કાર્યવાહી છે.

**યુટ્યુબર ફેલિક્સ ગેરાલ્ડની ધરપકડ વિશે**

૩૦ સપ્ટેમ્બરના રોજ, ગ્રેટર ચેન્નાઈ પોલીસની સાયબર ક્રાઈમ વિંગે રેડપિક્સ ચેનલ ચલાવતા યુટ્યુબર ફેલિક્સ ગેરાલ્ડની ધરપકડ કરી હતી, જેની કથિત રીતે ખોટી માહિતી ફેલાવવા અને કરૂર ભાગદોડ માટે કારણભૂત કારણો દર્શાવવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્ય અને પોલીસને દોષી ઠેરવતા ઓછામાં ઓછા ૨૫ અન્ય સોશિયલ મીડિયા એકાઉન્ટ ધારકો સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

**કરૂર ભાગદોડ વિશે**

વિજય દ્વારા સંબોધિત તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ઝુંબેશ કાર્યક્રમ દરમિયાન થયેલી કરૂર ભાગદોડથી મોટી રાજકીય રેલીઓમાં સલામતી પ્રોટોકોલ અને ભીડ વ્યવસ્થાપન અંગે તીવ્ર રાજકીય ચર્ચા શરૂ થઈ છે. રાજ્ય સરકારે જવાબદારી નક્કી કરવા માટે ખાસ તપાસ ટીમ (SIT) તપાસનો આદેશ આપ્યો છે. પોલીસે નાગરિકોને ચકાસાયેલ ન હોય તેવી માહિતી શેર કરવાથી દૂર રહેવા વિનંતી કરી છે, ચેતવણી આપી છે કે શાંતિને ખલેલ પહોંચાડવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃતિ વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવશે. મારી દાસની ઓનલાઈન પ્રવૃત્તિઓની તપાસ ચાલુ છે.

# દારૂ પર ૨૦% ગાય સેસ ? રાજસ્થાનનું બાર બિલ વાયરલ

**સરકાર અને હોટેલ સત્તાવાળાઓએ સ્પષ્ટતા કરી છે કે ગાય સેસ ૨૦૧૮માં લાગુ કરવામાં આવ્યો હતો અને ત્યારથી દારૂના વેચાણ પર વસૂલવામાં આવે છે**

(એજન્સી) જયપુર, તા.૫

જોધપુરના એક બારમાં તાજેતરમાં એક ગ્રાહક પાસેથી બીયર માટે મૂલ્યવર્ધિત કર (VAT) પર ૨૦% વધારાનો સેસ વસૂલવામાં આવ્યો હતો. આ વધારાની રકમ 'ગાય સેસ' તરીકે વસૂલવામાં આવી હતી, જે રાજસ્થાનમાં ગાયો અને ગૌશાળાઓને ટેકો આપવા માટેનો કર હતો, જેના કારણે બિલની નકલ વાયરલ થયા બાદ ઓનલાઈન ભારે ચર્ચા થઈ હતી.બિલમાં દર્શાવવામાં આવ્યું હતું કે, ગ્રાહકે ૩૦ સપ્ટેમ્બરના રોજ જોધપુરના પાર્ક પ્લાઝા ખાતે જ્યોફ્રીના બારમાં મકાઈના ભજિયા અને છ બીયરનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડરનો કુલ જથ્થો ૨,૬૫૦ રૂપિયા હતો, અને GST, VAT અને ૨૦% ગાય સેસ પછી, ચોખ્ખી બિલની રકમ ૩,૨૬૨ રૂપિયા થઈ ગઈ છે. વાઈરલ બિલે ઘણા વપરાશકર્તાઓને આવા પગલા પાછળના તર્ક પર સવાલ ઉઠાવ્યા છે. પરંતુ સરકાર અને હોટેલ સત્તાવાળાઓએ સ્પષ્ટતા કરી છે કે આ સેસ ૨૦૧૮માં લાગુ કરવામાં આવ્યો હતો અને ત્યારથી દારૂના વેચાણ પર વસૂલવામાં આવે છે. 'ગાય સેસ' કોઈ નવો કર નથી. હોટલના મેનેજર, નિખિલ પ્રેમે મીડિયાને જણાવ્યું હતું કે, તેઓ ૨૦૧૮થી દારૂના વેચાણ પર સેસ વસૂલ કરી રહ્યા છે અને ગાયના રક્ષણ અને સંરક્ષણ માટે તેને ઓનલાઈન યોગ્ય રીતે જમા કરાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, 'આ સરકારી સૂચના ૨૦૧૮થી છે. જ્યારે પણ અમે ૨૦% VAT વસૂલીએ છીએ, ત્યારે અમે VAT રકમ પર ૨૦% ગાય સેસ વસૂલીએ છીએ, જે આ કિસ્સામાં લગભગ ૨૪% થશે. આ ફક્ત બીયર અને દારૂ માટે છે. મોટાભાગની હોટલો તેને ફક્ત સરચાર્જ કહે છે, પરંતુ અમે ગાય સેસનો ઉલ્લેખ કરીએ છીએ. અમે આ પૈસા સરકારી પોર્ટલ પર ગાય સંરક્ષણ અને પ્રચાર સેસ તરીકે જમા કરીએ છીએ'. 'ગાય સેસ'નો આ સ્પષ્ટ ઉલ્લેખ સંભવત : આ બાબત પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવા તરફ દોરી ગયો છે, ભલે તે ૨૦૧૮થી અમલમાં હોય. પ્રેમે ઉમેર્યું કે, આ સેસ ફક્ત દારૂના વેચાણ માટે ફક્ત પર લાદવામાં આવે છે. ખાદ્ય પદાર્થો પર VAT નહીં પણ GST લાગે છે. રાજસ્થાનના નાણા સચિવ (મહેસૂલ) કુમાર પાલ ગૌતમે જણાવ્યું હતું કે, બિલ પર મૂલ્યવર્ધન વસૂલવામાં આવે ત્યારે દર વખતે ગાય સેસ સરચાર્જ તરીકે લાદવામાં આવે છે. જ્યારે કોઈ ગ્રાહક ટેબલ પર દારૂનો ઓર્ડર આપે છે, ત્યારે તે સામાન્ય રીતે MRP કરતાં વધુ ખર્ચ કરે છે અને તેથી તેને મૂલ્યવર્ધન તરીકે ગણવામાં આવે છે. તે સરચાર્જ આકર્ષે છે, અને ગ્રાહકોને વધુ ચૂકવણી કરવી પડે છે. આ સરચાર્જને રાજસ્થાનમાં 'ગાય સેસ' કહેવામાં આવે છે. નાણા સચિવે ઉમેર્યું કે, 'જો કોઈ રેસ્ટોરન્ટ કે બાર દારૂની બોટલ માટે વધારાનો ચાર્જ વસૂલ કરે છે, તો તેમણે VAT ચૂકવવો પડશે કારણ કે દારૂના વેચાણમાં મૂલ્યવર્ધન થાય છે, અને તેની સાથે, ગાય સેસ પણ વસૂલવામાં આવે છે'. ૨૨ જૂન, ૨૦૧૮ના રોજ, તત્કાલીન વસુંધરા રાજે સરકારે રાજસ્થાન મૂલ્યવર્ધિત કર અધિનિયમ, ૨૦૦૩ હેઠળ ડીલરો દ્વારા વેચાતા વિદેશી દારૂ, ભારતીય બનાવટના વિદેશી દારૂ, દેશી દારૂ અને બીયર પર ૨૦% સરચાર્જ જાહેર કર્યો હતો. તે ગાય સંરક્ષણ અને રક્ષણ માટેના ભંડોળમાં જમા કરવામાં આવે છે. અગાઉ રાજેના કાર્યકાળ દરમિયાન, સરચાર્જ ૧૦% હતો. તત્કાલીન મુખ્યમંત્રીએ ૨૦૧૮માં ગૌશાળાઓને ટેકો આપવા અને ગૌ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે તેને દારૂ પર પણ લાગુ કર્યું. અશોક ગેહલોતના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકારે આ સેસ ચાલુ રાખ્યો. રાજસ્થાન સરકાર ગાયો માટે ગ્રાન્ટ અને સબસિડી પર ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરે છે, જેમાંથી ૬૦૦ કરોડ રૂપિયાથી વધુ ગૌશાળાઓને ટેકો આપવા માટે જાય છે.




# અમેરિકામાં રહેતા શીખોએ હવે લશ્કરી કારકિર્દી અને ધાર્મિક માન્યતાઓ વચ્ચે પસંદગી કરવી પડશે

**સંરક્ષણ સચિવ પીટ હેગસેથ દ્વારા યુએસ લશ્કરમાં દાઢી પર નવા પ્રતિબંધથી ધાર્મિક અને લઘુમતી જૂથો તરફથી પ્રતિક્રિયાઓ આવી રહી છે**

(એજન્સી) તા.૫

અમેરિકન સંરક્ષણ સચિવ પીટ હેગસેથે એક કડક નવી નીતિની જાહેરાત કરી છે જેમાં યુએસ સૈન્યમાં દાઢી પર અસરકારક રીતે પ્રતિબંધ મૂકવામા આવ્યો છે, જેમાં માત્ર ચુનંદા વિશેષ દળો માટે અપવાદો છે.

આ પગલાની નાગરિક અધિકાર જૂથો, નિવૃત્ત સૈનિકો અને ધાર્મિક સ્વતંત્રતાના હિમાયતીઓ તરફથી તીવ્ર ટીકા થઈ રહી છે. નવી નીતિ ઘણા સેવા સભ્યોને - ખાસ કરીને શીખ, મુસ્લિમ, યહૂદી અને અશ્વેત સૈનિકોને - તેમના લશ્કરી કારકિર્દી અને તેમની ધાર્મિક માન્યતાઓ અથવા આરોગ્ય જરૂરિયાતો વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડી શકે છે. ભૂતપૂર્વ મરીન કેપ્ટન અને બ્લેક વેટરન્સ પ્રોજેક્ટના સહ-સ્થાપક કાયલ બિબીએ જણાવ્યું હતું કે, જો કોઈ તેમની નોકરી યોગ્ય રીતે કરી રહ્યું છે પરંતુ ગંભીર તબીબી સ્થિતિ અથવા ધાર્મિક માન્યતા ધરાવે છે, તો તેને તેના માટે સજા કરવી વાહિયાત છે.

ક્વાન્ટિકોમાં ભાષણ દરમિયાન, હેગસેથે જાહેર કર્યું કેઃ "જો તમને દાઢી રાખવાની ઈચ્છા હોય, તો વિશેષ દળોમાં જોડાઓ. જો નહીં, તો દાઢી કાઢી નાખો. અમે મૂર્તિપૂજકોથી ભરેલ



સૈન્ય રાખતા નથી."

શીખ ધર્મમાં દાઢી કાપવી તેમની આસ્થાનું ઉલ્લંઘન છે. શીખ ગઠબંધનના એક વકીલે કહ્યું, "શીખ સૈનિકો માટે, દાઢી કાપવી એ અંગ કાપવા જેવું છે." મુસ્લિમો અને યહૂદીઓ માટે ચહેરા પર વાળ જાળવવાની સમાન ધાર્મિક જવાબદારીઓ છે જેના કારણે તેઓને પણ આ નીતિનીપણ અસર થઈ શકે છે. ૨૦૨૨માં એક ફેડરલ કોર્ટે શીખ ભરતીઓ માટે મૂળભૂત તાલીમમાં દાઢી અને પાઘડી રાખવાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

**સ્વાસ્થ્ય ચિંતાઓ**

આ નીતિ સૈનિકોને સ્યુડોફોલિક્યુલાટીસ બાર્બે અંગે પણ ધમકી આપે છે, જે ત્વચાની પીડાદાયક સ્થિતિ છે જે શેવિંગથી વધુ ખરાબ થાય છે જે અશ્વેત પુરૂષોને અપ્રમાણસર અસર કરે છે. ત્વચાવિજ્ઞાનના ડેટા અનુસાર, ૬૦% જેટલા અશ્વેત પુરૂષો આ સ્થિતિથી પીડાઈ શકે છે.

કાઈલ બિબીએ નિર્દેશ કર્યો કે દાઢી રાખવા માટે પહેલાથી જ સંપૂર્ણ મંજૂરી પ્રક્રિયાઓ અને કડક ધોરણોની જરૂર છે. આ પગલાને વધુ MAGA-સંરેખિત પેન્ટાગોન હેઠળ DEI (વિવિધતા, સમાનતા અને સમાવેશ) પહેલના વ્યાપક રોલબેકના ભાગ રૂપે જોવામાં આવે છે.

CAIR (કાઉન્સિલ ઓન અમેરિકન-ઈસ્લામિક રિલેશન્સ) એ હેગસેથને એક પત્ર મોકલીને સ્પષ્ટતા માંગી છે અને ભાર મૂક્યો છે કે ધાર્મિક સ્વતંત્રતા એક બંધારણીય અધિકાર છે, અને ગણવેશમાં પણ તેનું પાલન કરવું જરૂરી છે. ટીકાકારોને ડર છે કે આ સશસ્ત્ર દળોમાં વિવિધતા, શ્રદ્ધા અને આરોગ્ય આધારિત સવલતો પર વ્યાપક કડક કાર્યવાહીની શરૂઆત છે.

# અંકલેશ્વર ભરૂચ હાઈવે ઉપર ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યાથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠયા છે, સાથે સર્વિસ રોડ બિસ્માર બનતા અનેક વાહનો ફસાયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી અંકલેશ્વર ભરૂચ વચ્ચે અવારનવાર ટ્રાફિકજામ સર્જાતા વાહન ચાલકો પરેશાન થઈ ઉઠયા છે. ભરૂચ-અંકલેશ્વર વચ્ચેના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ટ્રાફિક જામની રોજિંદી સમસ્યા બની છે. કલાકો સુધી ટ્રાફિક જામ રહેતા વાહન ચાલકો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. ત્યારે નેશનલ હાઈવે ઓર્થોરિટી અને તંત્ર ચુપકીદી સેવીને બેઠું છે. તેઓની ચુપકીદીના કારણે વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે રોજિંદા ટ્રાફિકજામના કારણે, અંકલેશ્વર પાનોલી જીઆઈડીસીમાં જતા નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે સાથે રોજિંદા મુસાફરો પણભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે, ત્યારે નેશનલ હાઈવે ઓર્થોરિટી અને તંત્ર હાઈવેનું વહેલી ટકે સમારકામ હાથ ધરે તેવી લાગણી પ્રવર્તી છે. બીજી તરફ વાલિયા ચોકડી ઉપરના ફલાય ઓવર બ્રિજ ઉપર ટ્રાફિક જામ રોજિંદી સમસ્યા બની રહી છે તો આઈઆરબી દ્વારા બ્રિજને અડીને આવેલ સર્વિસ રોડ ઉપર પડી ગયેલા ખાડાઓની મરામત કરવામાં આવતી નથી. આ સર્વિસ રોડનો ઉપયોગ સ્થાનિક વાહનચાલકો ઉપરાંત અનેક ખાનગી ટ્રાવેલ્સ બસો કરતા આવ્યા છે. હાઈવે જામને કારણે આ સર્વિસ રોડ ઉપર પણ વાહનોની અવરજવર વધતી હોય છે તેને પરિણામે બિસ્માર સર્વિસ રોડને કારણે વિકટ સમસ્યા ખડી થઈ રહી છે. તો અન્ય આંતરિક માર્ગો ઉપર ટ્રાફિકનું ભારણ પણ વધવા પામ્યું છે.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# સુરતના વેપારી સાથે મુંબઈના ૩ ઠગોએ માલ આપવાના બહાને રૂા.૨.૮૨ કરોડની ઠગાઈ આચરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૫

સુરતના ઉધના મગદલ્લા રોડ ઉપરના સ્ક્રેપના વેપારી સાથે મુંબઈના ૩ ઈસમોએ સ્ક્રેપનો માલ ભારતમાંથી તથા મોરેસીયસમાંથી અપાવવાના બહાને રૂા.૨.૮૨ કરોડની ઠગાઈ કરતાં પોલીસ ફરિયાદ નોંધાવવા પામી છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઉધના મગદલ્લા રોડ ઉપરના વેર્સ્ટન બિઝનેસ પાર્કની ઓફિસ નં.૫૦૧માં વાસુદેવન મેટ ગ્લોબલ એલ.એલ.પી.ના નામથી સ્ક્રેપનો વેપાર કરનાર સુજીતકુમાર સમેશ્વરપ્રસાદ ગુપ્તા પોતે વેસુના વીવીઆઈ રોડ ખાતે રહે છે. જેમણે પોલીસ સમક્ષ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ની સાલમાં નિલમની શ્રીવાસ્તવ તથા અરૂણ અગ્રવાલ ક્યાંકથી અમારા સમર્કમાં આવ્યા હતા અને વિદેશમાંથી સ્ક્રેપનો માલ આયાત કરતાં હોવાનુ જણાવી, અમારી પાસેથી માલ ખરીદ કરશો તો તમોને માર્કેટ કરતાં સારો માલ મળશે અને જો તમો એડવાન્સ પેમેન્ટ આપશો તો ભારતીય સ્ક્રેપનો માલ તમને એક અઠવાડીયામાં મળી જશે અને મોરેસીયસ સ્ક્રેપનો માલ જોઈતો હોય તો એક મહીના સુધીમાં મળી જશે, તેવો વિશ્વાસ અને ભરોશો આપી તેઓની સાસ ઓવરસીઝ ફર્મમાં બેંક મારફતે અમારી પાસેથી રૂા.૨,૦૧, ૬૫,૪૪૩ મેળવી લઈ રૂા.૧,૬૪,૭૮,૮૨૬નો ભારતીય સ્ક્રેપનો માલ આપી, રૂા.૩૬,૮૬, ૬૧૭નો માલ નહી આપી જણાવ્યુ કે, અમોને વિદેશમાં સારી ડીલ મળી છે જેથી તમો વધુ રૂપિયા નાંખો તમોને તમામ માલ આપી દઈશું અને જો તમને સમયસર ડિલિવરી નહી આપીએ તો તમોને માસીક ૧% વ્યાજ પણ ચુકવી આપીશું. તેવો વિશ્વાસ અને ભરોશો આપી રૂા.૭૧, ૧૮,૧૦૦ બેંક મારફતે મેળવી લઈ આગળના બાકી રૂા.૩૬,૮૬,૬૧૭/- મળી રૂા.૧,૦૮,૦૪, ૭૧૭/- મેળવી લઈ, માલ નહી આપી જણાવેલ કે, અમારી પાસે સ્ક્રેપનો માલ નથી જેથી તમોને રૂપિયા પરત આપીએ છીએ તેમ કહી રૂા.૨૬,૦૦,૦૦૦/- રોકડા પરત આપી રૂા.૮૨,૦૪, ૭૧૭ નહી આપી જણાવ્યુ કે, મોરેસીયસ ખાતે રેડીયન્ટ ઓ વરસીઝ લીમીટેડ નામની કંપની પણ છે. પરંતુ તેમાં વધારે રૂપિયા નાખવા પડે તેમ છે જો તમો રૂપિયા નાંખશો તો આગળના બાકી રૂપિયા બાબતે માલનુ પણ એડજેસ્ટમેન્ટ થઈ જશે અને ખૂબ સારો એવો નફો કમાવવા મળશે, તેમ જણાવી નિલમની શ્રીવાસ્તવે ફરિયાદીને મોરેસીયસ ખાતે લઈ જઈ કોઈ મુન લુઈસ સુગર મીલ નામથી સુગર મીલ બતાવી જણાવેલ કે, આ સુગર મીલ અમોએ ખરીદ કરેલ છે અને તેમાં સ્ક્રેપનુ ગોડાઉન બનાવવાનુ છે. જેમાં રૂપિયાની જરૂર છે તો તમે મને રૂપિયા આપો તમને ઓછા ભાવે મોરેસીયસ સ્ક્રેપનો માલ આપીશું. તેમ જણાવી કુલ ૫,૮૦,૦૦૦/- યુએસડી જે ભારતીય રૂા.૪,૮૪,૩૦,૦૦૦/- મેળવી લઈ માલ નહી આપતા અમો છ મહીના સુધી મોરેસીયસ ખાતે રહી વારંવાર ઉઘરાણી કરતા રૂા.૪,૩૯,૭૧૦.૧૫/- યુએસડીનો મોરેસીયસ સ્ક્રેપનો માલ જે ભારતીય ચલણ પ્રમાણે રૂા.૩, ૪૬, ૯૦,૫૦૩/-નો આપી ૧,૪૦,૨૯૦/-યુએસડી જે ભારતીય ચલણ પ્રમાણે રૂા.૧,૩૭,૩૯,૪૯૭/-નો નહી આપી તેમજ આગળના બાકી રૂા.૮૨,૦૪,૭૧૭/- મળી કુલ રૂા.૨,૧૯,૪૪,૨૧૪/- મેળવી લઈ આજદિન સુધી મોરેસીયસ સ્ક્રેપનો માલ કે પેમેન્ટ પરત નહી આપી અલગ-અલગ બહાના બતાવી સમય પસાર કરી, આરોપીઓ પાસે રૂબરૂ ઉઘરાણી કરતાં અરૂણ અગ્રવાલ તથા સંદિપ શીરોડકર નાઓએ અમોએ તમારી સાથે કોઈ વેપાર-ધંધો કરેલ નથી. તમારે રૂપિયા જોઈતા હોય તો નીલમની શ્રીવાસ્તવ પાસે જાઓ તેવા ઉડાવ જવાબ આપી આજદિન સુધી રૂા.૨,૧૯,૪૪,૨૧૪/- પરત નહી આપી કે સ્ક્રેપનો માલ પણ નહી આપી, અમારી સાથે વેપારીક છેતરપિંડી કરી આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજ્યના કોંગ્રેસી નેતાઓનું મજબૂત સંગઠન માટે માર્ગદર્શન

# શામળાજી ખાતે કોંગ્રેસની "જન આક્રોશ સભા" યોજાઈ : વોટચોરી મુદ્દે સહી ઝુંબેશ શરૂ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યાત્રાધામ શામળાજીના, સર્વોદય આશ્રમ ખાતે યોજાયેલ જન આક્રોશ સભામાં કોંગ્રેસ નેતાઓ તથા અરવલ્લી જિલ્લાની પ્રજા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સ્વાગત પ્રવચન અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઈ પટેલે કર્યું હતું. જેમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી, ખેડૂતો-કામદારોની હાલત અને કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો પર ભાર મૂકાયો હતો. તેમણે ખાસ કરીને વોટચોરીના મુદ્દે સહી ઝુંબેશ શરૂ કરવા કાર્યક્રમ જાહેર કર્યો અને પ્રજાને જોડાવા માટે અપીલ કરી હતી.સભાનું અધ્યક્ષ સ્થાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ કર્યું. ઉદ્ઘાટન રાજયસભા સાંસદ અને પ્રભારી ગુજરાત મુકુલ વાસનિકજીના હસ્તે થયું હતું.

મુખ્ય મહેમાન તરીકે ડો.તુષારભાઈ ચૌધરી, શુભાષિની યાદવજી અને પૂર્વ સાંસદ મધુસૂદનભાઈ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનો એ પોતાના વક્તવ્યમાં સંગઠન મજબૂત કરવાની પ્રજાના હક અને અધિકાર માટે એકજૂટ રીતે લડવા કોંગ્રેસ કાર્યકરોને માર્ગદર્શન અને વોટચોરી સામે સચેત રહેવાની મહત્ત્વતા સમજાવી હતી. સભા પૂર્ણ થયા બાદ કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોએ શામળાજી મંદિરે દર્શન કર્યા, ઢોલનગારા સાથે ધ્વજા ચઢાવી ગુજરાતની જનતાની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.



### અમરેલી ભાજપના ધારાસભ્ય

# કૌશિક વેકરિયા વિકાસ કર્યાનું જૂઠાણું ફેલાવી રહ્યા હોવાનો 'આપ'નો આક્ષેપ



અમરેલી, તા.૫

અમરેલી વડીયાના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા સોશિયલ મીડિયામાં સાડા સાત કરોડના વિકાસ કાર્યો કરાયા હોવાની જાહેરાતો પ્રચાર થતો હોય જે અંગે આમ આદમી પાર્ટીના કાર્યકર દિલીપ શિંગાળાએ વેકરિયાના આ કામો અંગેની એક પણ તકતી તેમના નામની લાગેલ હોઈ અને તેમણે તેની ગ્રાન્ટમાંથી વિકાસ કર્યો હોય તો જાહેરમાં વડીયાના શિવાજી ચોકમાં ચર્ચા કરવા ચેલેન્જ ફેકી હતી ત્યારે આજે ૫ તારીખ હોય આપના કાર્યકરોએ શિવાજી ચોક ખાતે હાજર થયેલ હતા પરંતુ કૌશિક વેકરિયા આપેલ ચેલેંજ મુજબ તેવો હાજર ના રહેતા આપ દ્વારા લગાવામાં આવેલ આક્ષેપો સાચા હોવાનું માનેલ હતું. વડિયાના શિવાજી ચોક ખાતે આપના કાર્યકર્તાઓ ચેલેન્જ આપી ધારાસભ્ય વેકરિયા વિકાસની ચર્ચાથી ભાગ્યા પાંચ વાગ્યે ચર્ચા કરવાના આવ્યા ના હતા વડિયા ગામમાં સાડા સાત કરોડના વિકાસ કાર્યો કર્યા છે તેવો ભાજપ દ્વારા વાયરલ કરાયેલ વીડિયો બાબતે અપાઈ હતી ચેલેન્જ અને વડિયા આપ નેતા દિલીપભાઈ શીંગાળાએ આપી હતી ચેલેન્જ, ધારાસભ્ય હાજર ના રહેતા ચેલેન્જ સ્વીકારી નહિ હતી. વડિયામાં કોઈ વિકાસ કાર્યમાં ધારાસભ્યના નામની તક્તિ હોય તો બતાવવા અને ચર્ચા કરવા અપાઈ હતી ચેલેન્જ પરંતુ કૌશિક વેકરિયા આવ્યા ના હતા ધારાસભ્ય કૌશિક વેકરીયાએ ફક્ત સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ફોટો સેશન જ કર્યા છે સમગ્ર તાલુકો વિકાસથી વંચિત છે, એક વર્ષ પેહલા બાટવા દેવળી રોડનું વચન આપ્યું હતુ વિકાસમાં રકમ બતાવી રોડના બનાવ્યો આવો વિકાસ વડિયાનો કર્યો છે. સરકારી યોજનાઓ ગ્રાન્ટ પોતાના નામે બતાવી ધારાસભ્ય વિકાસની વાતો કરે છે પોતાની ગ્રાન્ટમાંથી એક રૂપિયો પણ આપ્યો નથી એ અહીં સાબિત થાય છે, ધારાસભ્યને વડિયાના વિકાસની ચર્ચા કરવાથી ભાગવું પડ્યું એ જ તેનું વડિયા પ્રત્યેનુ વલણ બતાવે છે કે, વડિયાને વિકાસથી વંચિત રાખવા માંગે છે વેકરિયા, શિવાજી ચોક ખાતે આમ આદમી પાર્ટી વડિયા કુંકાવાવના પ્રમુખ વિજય ડોબરીયા, સુખાભાઈ વાળા, દિલીપભાઈ શીંગાળા, ભીખુભાઈ વોરા, જે ડી કથીરિયા સહિતના કાર્યકર્તાઓ શિવાજી ચોક ખાતે પાંચ વાગ્યે હાજર રહી ધારાસભ્યની રાહ જોઈ હતી પરંતુ ધારાસભ્ય આવ્યા ના હતા.

# ભ્રષ્ટાચાર સહિતના મુદ્દે સરપંચ સભામાં હાજર ન રહેતા જૂની હળિયાદના ઉપસરપંચે ગ્રામસભા રદ કરાવી

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૫

ગાંધી જયંતીના દિવસે સમગ્ર ગુજરાત રાજ્યમાં તંત્ર દ્વારા તમામ ગ્રામ પંચાયતમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ આવું તો કોઈ જ ગામ હશે કે જ્યાં ગ્રામ પંચાયતના સરપંચ હાજર ન રહેતા ઉપસરપંચે દાદાગીરીથી ગ્રામસભાની સમગ્ર કાર્યવાહી બંધ કરી રદ કરાવતા અધિકારીઓ પણ કાર્યવાહી વિના પરત જતા રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, જૂની હળિયાદ ગામે પંચાયતએ કરેલ અનેક કામોમાં ભ્રષ્ટાચાર થયેલ હોવાનું સાબિત થયેલ છે. જે અંતર્ગત ગ્રામજનો દ્વારા વારંવાર ગ્રામસભા બોલાવવામાં આવે છે. ગત તા.૨ ઓક્ટોબરના રોજ સમગ્ર રાજયમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે જુની હળિયાદ ગામે ગ્રામસભામાં સરપંચ જાણી જોઈને ગ્રામસભામાં ઉપસ્થિત રહ્યા ન હતા. વધુમાં ઉપસરપંચ પણ થોડીવારમાં દાદાગીરી કરી ગ્રામસભાને છોડી જતા રહ્યા હતા અને ઈન્ચાર્જ તલાટી મંત્રીને આજની ગ્રામસભાને રદ કરવા માટે કાર્યવાહી કરવા જણાવી દીધું હતું. ગ્રામસભામાં જિલ્લામાંથી ઉપસ્થિત રહેલ નોડલ અધિકારી પણ આ તમામ વસ્તુઓ જોઈને છક થઈ ગયા હતા. તેમજ ગ્રામસભામાં બનેલી તમામ કાર્યવાહીને નોંધ પર લઈ કાર્યવાહી કરવા ઉચ્ચ કક્ષાએ જાણ પણ કરી હતી.

સતત ત્રીજીવાર ગ્રામસભામાં આ રીતે ઘટના બનવા પામી છે છતાં સરકાર દ્વારા કેમ ભ્રષ્ટાચારીઓને છાવરવામાં આવી રહ્યા છે તેવા પ્રશ્નો પણ લોકોમાં ઉઠી રહ્યા છે. ગ્રામજનોએ તાત્કાલિક ગ્રામસભા બોલાવવા માટે માંગ કરી છે.

# હિંમતનગર આઈ.ટી.આઈ. ખાતે કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર આઈ.ટી.આઈ. ખાતે નાયબ પોલીસ અધિક્ષકના અધ્યક્ષસ્થાને ચતુર્થ કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો હતો.આ દીક્ષાંત સમારોહમાં કુલ ૧૭ ટ્રેડના ૫૨૦ તાલીમાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. તેમજ તમામ ટ્રેડમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય આવનાર તાલીમાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.આ સમારોહમાં નાયબ પોલીસ અધિક્ષક એ.કે. પટેલ દ્વારા તાલીમાર્થીઓ કેળવણી પર ભાર મૂકી નશામુક્ત રહેવા તેમજ વર્તમાન સમયમાં થતા સાયબર ક્રાઈમ અંગે વાત કરી હતી. આ સમારોહમાં સંસ્થાના આચાર્ય સુશ્રી જે.એન. પુરોહિત તથા આચાર્ય બી.એમ. પટેલ દ્વારા તાલીમાર્થીઓને પ્રેરણાદાયક અને જીવન ઉપયોગી માર્ગદર્શન આપી આગળ વધવા પ્રેરણા આપી હતી. આ સમારોહમાં હાંસલપુર ગામના સરપંચ અનિતાબેન પ્રજાપતિ, રોજગાર અધિકારી એચ. એચ.ગઢવી, તલાટી મીનલબેન તેમજ વિવિધ મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

# ડભોઈ કરનેટ માર્ગ ઉપર મોટા ખાડાથી વાહનચાલકો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૫

ડભોઈથી કરનેટ થઈને સંખેડાને જોડતો અતિ મહત્વનો માર્ગ હાલમાં અત્યંત દયનીય હાલતમાં છે. સમગ્ર રોડ પર ઠેર-ઠેર મોટા મોટા ખાડા પડી ગયા છે, જેના કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ પર વાહનો હંકારવા હવે એક કપરૂં કાર્ય બની ગયું છે. ખાડા એટલા ઊંડા છે કે વાહનોની ગતિ ધીમી કરવી પડે છે, પરિણામે ટ્રાફિક ધીમો પડી જાય છે અને અકસ્માતનો ભય પણ વધે છે. ડભોઈ-સંખેડા વચ્ચે અવરજવર કરતા હજારો લોકોને આ ખરાબ રસ્તાને કારણે રોજ મુશ્કેલી વેઠવી પડે છે. સામાન્ય રીતે ચોમાસું સમાપ્ત થયા બાદ તંત્ર દ્વારા માર્ગો પરના ખાડા પૂરવાનું કામ શરૂ કરવામાં આવતું હોય છે, પરંતુ ચોમાસું પૂરૂં થયાના લાંબા સમય બાદ પણ હાલ સુધી આ માર્ગ પર ખાડા પૂરવાનું કામ શરૂ થયું નથી. સ્થાનિક લોકોમાં આ અંગે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે જે અંતર કાપવામાં માત્ર ૧૫ મિનિટ જેટલો સમય લાગતો હતો, તે જ અંતર કાપવામાં હવે એક એક કલાક જેટલો સમય વેડફાય છે. ખાસ કરીને સ્કૂલ બસો અને ૧૦૮ એમ્બ્યુલન્સ જેવી સેવાઓ સમયસર પહોંચી શકતી નથી. આ ગામના લોકોની લાગતા-વળગતા અધિકારીઓ અને માર્ગ-મકાન વિભાગ સમક્ષ પ્રબળ માંગ છે કે તંત્ર દ્વારા વહેલી તકે આ માર્ગ પરના તમામ ખાડાઓ પૂરવામાં આવે.



# ભાવનગરમાં ગ્યારવીહ નિમિત્તે જુલૂસ નીકળ્યું



(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૫

ભાવનગર શહેરની જશ્ને ગૌષે આઝમ જુલૂસ કમિટી દ્વારા પીરાને પીર હઝરત ગોષુલ આઝમ દસ્તગીરની ગ્યારવીહ શરીફ નિમિતે એક શાનદાર જુલૂસ નીકળ્યું હતું. આ જુલૂસ સાંજે શહેરના વડવા તલાવડી વિસ્તારમાં આવેલ ગૌષીયા મસ્જિદ વડવા તલાવડીથી નીકળીને ઈમામવાડા ચોક, અલકા ચોક, મતવા ચોક, શેલારસા ચોક થઈને શહેરના આંબાચોક જુમ્મા મસ્જિદ પાસે સંપન્ન થયું હતું.આ જુલૂસમાં જુદી-જુદી મસ્જિદના પેશઈમામ, મૌલાના મદ્રેસાના બાળકો, મિલાદ પાર્ટીના સભ્યો સહિત સમસ્ત મુસ્લિમ સમાજના આગેવાનો અકીદતમંદો મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમજ જુલૂસનું ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જુલૂસ દરમ્યાન ન્યાઝ, ઠંડા પાણી, દૂધ કોલ્ડિક્સ વગેરેનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ જુલૂસને સફળ બનાવવા જશ્ને ગૌષે આઝમ જુલૂસ કમિટીના પ્રમુખ બનુહાસીમ સૈયદ, હુસેનમીયાબાપુ અલફદ્દાક, કાળુભાઈ બેલીમ, સલીમભાઈ શેખ, યુસુફભાઈ હાલારી, સફીભાઈ કાપડિયા, મહેબુબભાઈ શેખ, સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

# સુરત : શેરબજારમાં રોકાણ કરવાના બહાને રત્નકલાકાર સાથે રૂા.૧૮.૫૩ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

શેર બજારમાં રોકાણ કરવાના બહાને એક મહિલા સહિત બેએ રત્નકલાકારને પોતાને ત્યાં માસિક રૂા.૬૦,૦૦૦ પગારે રાખી, રૂા.૧૭,૩૪,૫૦૦ ની લોન મેળવી આ નાણાં પોતાના અંગત કામમાં વાપરી જઈ, કુલ રૂા.૧૮,૫૩,૦૦૦ની ઠગાઈ અને વિશ્વાસઘાત કર્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના કઠોદરા ગામના એચઆરપી રેસીડન્સમાં રહેતાં રક્ષીત કાળુભાઈ ચોવટીયા ઉ.વ.૩૪ પોતે સવાણી પૂજા જેમ્સમાં હીરા ઘસવાનું કાર કરી, પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમણે પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ચાર વર્ષ પહેલા અમારી સોસાયટીમાં રહેતા રાકેશભાઈ ચોડવડીયા નાઓ થકી પોતાનો ગીરીશભાઈ પ્રજાપતિ સાથે સોસાયટીમાં મુલાકાત થયેલી હતી. આ રાકેશભાઈ થકી પોતાની ઓળખાણ ગીરીશભાઈ સાથે થયેલી અને ત્યારબાદ આ ગીરીશભાઈ તેમની ઓફિસે મને મળવા માટે ફોન કરીને બોલાવતા હતા. તેઓ મને શેરબજારમાં રોકાણ કરવા માટે ભારપૂર્વક જણાવતાં અને ત્યાં ઓફિસે આધ્રુવીશાબેન રાશીયા નાઓ હાજર હોય અને આ ગીરીશભાઈએ તેમના પાર્ટનર તરીકે મને ઓળખાણ આપેલ જે બંનેએ બીજા ગ્રાહકોના ખાતામાં જે નફો થયો હોય તેના સ્ટેટમેન્ટો મને બતાવ્યા હતા. જેમાં નફાની બનાવટી ઉંચી ટકાવારી બતાવીને મને જણાવેલ કે તમે હીરા ઘસવાનું કામકાજ છોડી દો, અમે તમને માસિક રૂા.૧,૦૦,૦૦૦/- આવક ધરાવતા કરી દઈશું તો એ વખતે મે આ ગીરીશ ભાઈ તથા ધ્રુવીશાબેનને કહેલ કે મારી પાસે રોકાણ કરવા માટે નાણાં નથી, જેથી તેઓએ મને જણાવેલ કે તમે તમારા નામે પર્સનલ લોન મેળવી લો અને તેના નાણા જે આવે તેનું અમારી કંપનીમાં રોકાણ કરો અને તેના ઈ.એમ.આઈ. અમે ભરી આપીશું, અને વધુમાં વધુ એકથી દોઢ વર્ષમાં તમારી લોન સંપૂર્ણ ભરપાઈ કરી દઈશું. લોનની કોઈપણ જાતની ચિંતા કરતા નહીં, આમા તમારે ડબલ ફાયદો થઈ જશે. એક તો માસિક રૂા.૧,૦૦,૦૦૦/-ની આવક થઈ જશે અને લોનના ઈ. એમ.આઈ. પણ ભરાતા જશે અને આખરે લોન પણ ભરપાઈ થઈ જશે. એટલે તમારે વગર રોકાણે તમારી પાસે મોટી નેટવર્થ ઉભી થઈ જશે અને આ ગીરીશભાઈ નાઓએ મને જણાવેલ કે તમને રૂા. ૬૦,૦૦૦/-ના પગારથી નોકરી પર રાખી લઈશુ.

આમ આ ગીરીશભાઈ તથા ધ્રુવીશાબેન બન્નેએ તેઓની કંપનીમાં શેરબજારમાં રોકાણ કરાવવાનું કહી મારી પાસેથી રૂા.૧૭,૩૪,૫૦૦/- લોન કરાવી મેળવી લીધેલ અને શેરબજારમાં ડીમેટ એકાઉન્ટમાં એકપણ રૂપિયાનું ઈન્વેસ્ટ અથવા ટ્રેડીંગ ન કરી, મારો પાંચ મહિનાનો પગાર રૂા.૬૦,૦૦૦/- લેખે રૂપિયા કુલ રૂા.૩,૦૦,૦૦૦/- પણ ન આપી, કુલ રૂા.૨૦,૩૪,૫૦૦માંથી આ ગીરીશભાઈ ફરિયાદીને રૂા.૧,૮૧,૫૦૦/- પરત આપી, કુલ રૂા.૧૮,૫૩,૦૦૦/- લેવાના બાકી ન આપી, ઠગાઈ અને વિશ્વાસઘાત કરેલ હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટવાસી માટે એક રાહતના સમાચાર

# રાજકોટ જિલ્લાના બે ટોલ પ્લાઝાએ ટોલ દરમાં કર્યો ઘટાડો

**પીઠડિયા અને ભરૂડી ટોલ પ્લાઝાએ હેવી વાહનો માટે ટોલના દર પાંચ રૂપિયાના ઘટાડાની જાહેરાત કરી હતી**

રાજકોટ, તા.૫

રાજકોટ જિલ્લાના વાહનચાલકો માટે એક રાહતના સમાચાર છે. જિલ્લાના બે મુખ્ય ટોલ પ્લાઝા - પીઠડીયા અને ભરૂડી ખાતે હેવી વાહનોના ટોલ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) દ્વારા જાહેર કરાયેલી જાહેરાત મુજબ, આ ઘટાડો ૧ ઓક્ટોબરથી લાગુ કરવામાં આવ્યો છે. આ ઘટાડો ખાસ કરીને મોટા અને કોમર્શિયલ વાહનોને ધ્યાનમાં રાખીને કરાયો છે.

બસ, ટ્રક, મીની બસ અને શ્રી-એકશેલ કોમર્શિયલ વાહનોના ટોલ દરમાં ૫ (પાંચ રૂપિયા)નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડાથી કોમર્શિયલ વાહનચાલકોને થોડી આર્થિક રાહત મળશે.

જોકે, નાના વાહનો જેવા કે કાર અને જીપના ટોલ દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેમના માટેના વર્તમાન દરો યથાવત્ રાખવામાં આવ્યા છે. NHAI દ્વારા ટોલ દરમાં કરાયેલો આ ઘટાડો રાજકોટના આ હાઈવે પરથી પસાર થતા મોટા વાહનોના માલિકો અને ઓપરેટરો માટે ફાયદાકારક સાબિત થશે.

**નામ બદલ્યું છે**

મારૂં જૂનું નામ **મન્સુરી નિશાર અહમદ હુસેનભાઈ** હતું. નવું નામ **મન્સુરી નિશાર અહેમદ હુસેનભાઈ** રાખેલ છે.

સરનામું : તલાવપુરા, ડભોઈ, ૩૯૧૧૧૦, જિ. વડોદરા

**CHANGE OF NAME**

I have changed my name from **MACHHI YOGESH BHAGVANBHAI SHANABHAI** to new name **MACHHI YOGESHBHAI BHAGWANBHAI**

Address : Machhiwad, Jambusar, Bharuch.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, સરસ્વતી**

તાલુકા સેવા સદન સરસ્વતી, પાટણ- શિહોરી હાઈવે, સમાલપાટી વિસ્તાર, પીન કોડ-૩૮૪૨૯૫

Phone no. 02766-297024/297026

Email id-mam-saras-patan@gujarat.gov.in

જન્મ મરણ નોંધણી કેસ નંબર-૨૩/૨૦૨૫

તા.૧૦/૦૯/૨૦૨૫

**અરજદાર:- માઢીયા ઈમરાનભાઈ દાઉદ રહે ભીલવણ તા. સરસ્વતી જિ. પાટણ**

**:- વિરૂદ્ધ :-**

**સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, ભીલવણ તા. સરસ્વતી જિ. પાટણ**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત અરજદારશ્રીના જન્મની નોંધણી કરાવવા જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળ વિલંબથી જન્મ નોંધણી કરવા અરજી અન્વયે નીચે મુજબની નોટિસ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવાની રહેશે.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદાર માઢીયા ઈમરાનભાઈ દાઉદએ તા.૦૩.૦૪.૨૦૨૫ની અરજીથી તેઓનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ ભીલવણ તા. સરસ્વતી જિ. પાટણ મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધિ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

(એસ.ડી. બોડાણા)

એક્ઝિક્યુટીવ-મેજિસ્ટ્રેટ

સરસ્વતી - તાલુકો

**સિદ્ધપુરના મે.શ્રી એન.એન. દવે સા.શ્રીની કોર્ટમાં, મુ.સિદ્ધપુર**

**ક્રિ.પર.અ.નં.૨૭૨/૨૦૨૫, મુ.તા.૦૬/૧૧/૨૦૨૫, અરજદાર વ.શ્રી એમ.એન.પઠાણ**

**અરજદાર : યાહયા અબ્દુલભાઈ નાંદોલિયા ઉ.વ.આ.૪૭, ધર્મ-ઈસ્લામ, રહે.મદનીપુરા ગામ-રસુલપુર, તા.સિદ્ધપુર, જિ. પાટણ**

**વિરૂદ્ધ**

**સામાવાળા - આચાર્ય શ્રી, આઈ.ડી.સેલીયા વિદ્યાલય કાકોશી, ગામ-કાકોશી, તા.સિદ્ધપુર, જિ. પાટણ**

આથી જાહેર જનતાને અત્રેની કોર્ટથી જણાવવાનું કે,

અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારના રસુલપુર ગ્રામ પંચાયતના જન્મના પ્રમાણપત્ર મુજબ અરજદારની જન્મ તા. "તા./૭/૭/૧૯૭૭" પ્રમાણે નોંધાયેલ છે. આઈ.ડી. સેલીયા વિદ્યાલય કાકોશી શાળાના આચાર્ય શ્રી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ જેનો જનરલ રજિ. નં.૨૦૮૫માં જન્મ તારીખ ૧૦/૦૨/૧૯૭૭ની જગ્યાએ તા. "૭/૭/૧૯૭૭" મુજબનો રેકર્ડમાં સુધારા સાથેની નવીન લીવિંગ સર્ટિફિકેટ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેથી સદર અરજીના અનુસંધાને આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે જો કોઈને પણ આ બાબતે વાંધો હોય તો આ જાહેર અરજી આપ્યાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધા સાથે હાજર રહેવું. અન્યથા આ બાબતે કોઈને વાંધો નથી તેવું માની આગળની યોગ્ય તે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા. ૩૦મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (વાય.આર. સાધુ) આસિસ્ટન્ટ | તપાસી જોનાર (બી.બી. રાજપૂત) હેડ કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી, (યુ.જે. ભટ્ટ) રજિસ્ટ્રાર પ્રિન્સી. સિનિયર સિવિલ કોર્ટ સિદ્ધપુર

**નોટિસ** **મે.એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.સિદ્ધપુર**

કિક્ર.પ.અરજ.નં.271/2025 મુદ્દત તારીખ 19/11/2025

**અરજદાર - અનસખાન અનવરખાન પઠાણ રહે. - તાહેરપુરા, સિદ્ધપુર**

**વિરૂદ્ધ**

**સામાવાળા - આચાર્ય સાહેબ શ્રી, તાહેર એન્ડ હુસેન આદમ અલી એડનવાલા હાયર સેકન્ડરી સ્કૂલ તા.સિદ્ધપુર, જિ. પાટણ**

આથી જાહેર જનતાને અત્રેની કોર્ટથી જણાવવાનું કે,

અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારના સિદ્ધપુર નગરપાલિકાના જન્મના પ્રમાણપત્ર મુજબ અરજદારની અટક અને નામ "અનસખાન અનવરખાન પઠાણ" પ્રમાણે નોંધાયેલ છે. તાહેર એન્ડ હુસેન આદમ અલી એડનવાલા હાયર સેકન્ડરી સ્કૂલના લીવિંગ સર્ટિફિકેટ જેનો જનરલ રજિ. ન.૯૬૧માં સિપાઈ અનસર અનવરભાઈની જગ્યાએ અટક અને નામમાં સાચુ નામ જન્મના દાખલા મુજબ "અનસખાન અનવરખાન પઠાણ"ના સુધારા સાથે નવીન લિવિંગ સર્ટીફિકેટ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેથી સદર અરજીના અનુસંધાને આ જાહેર નોટિસ આપવામાં આવે છે. જો કોઈને પણ આ બાબતે વાંધો હોય તો આ જાહેર નોટિસ આપવામાં આવે છે. જો કોઈને પણ આ બાબતે વાંધો હોય તો આ જાહેર અરજી આપ્યાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધા સાથે હાજર રહેવું. અન્યથા આ બાબતે કોઈને વાંધો નથી તેવું માની આગળની યોગ્ય તે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા. ૦૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.આર. ભટ્ટ) આસિસ્ટન્ટ | તપાસી જોનાર (જે.આર.ભટ્ટ) હેડ કલાર્ક | હુકમથી, રજિસ્ટ્રાર પ્રિન્સસીપાલ સિનિયર સિવિલ કોર્ટ સિદ્ધપુર

# સુરતના વેપારી સાથે મુંબઈના ૩ ઠગોએ માલ આપવાના બહાને રૂા.૨.૮૨ કરોડની ઠગાઈ આચરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

સુરતના ઉધના મગદલ્લા રોડ ઉપરના સ્કેપના વેપારી સાથે મુંબઈના ૩ ઇસમોએ સ્કેપનો માલ ભારતમાંથી તથા મોરેસીયસમાંથી અપાવવાના બહાને રૂા.૨.૮૨ કરોડની ઠગાઈ કરતાં પોલીસ ફરિયાદ નોંધાવવા પામી છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઉધના મગદલ્લા રોડ ઉપરના વેસ્ટર્ન બિઝનેસ પાર્કની ઓફિસ નં.૫૦૧માં વાસુદેવન મેટ ગ્લોબલ એલ.એલ.પી.ના નામથી સ્કેપનો વેપાર કરનાર સુજીતકુમાર સમેશ્વરપ્રસાદ ગુપ્તા પોતે વેસુના વીવીઆઈ રોડ ખાતે રહે છે. જેમણે પોલીસ સમક્ષ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ની સાલમાં નિલમની શ્રીવાસ્તવ તથા અરૂણ અગ્રવાલ ક્યાંકથી અમારા સમર્કમાં આવ્યા હતા અને વિદેશમાંથી સ્કેપનો માલ આયાત કરતાં હોવાનું જણાવી, અમારી પાસેથી માલ ખરીદ કરશો તો તમોને માર્કેટ કરતાં સારો માલ મળશે અને જો તમો એડવાન્સ પેમેન્ટ આપશો તો ભારતીય સ્કેપનો માલ તમને એક અઠવાડીયામાં મળી જશે અને મોરેસીયસ સ્કેપનો માલ જોઈતો હોય તો એક મહીના સુધીમાં મળી જશે, તેવો વિશ્વાસ અને ભરોશો આપી તેઓની સાસ ઓવરસીઝ ફર્મમાં બેંક મારફતે અમારી પાસેથી રૂા.૨,૦૧,૬૫,૪૪૩ મેળવી લઈ રૂા.૧,૬૪,૭૮,૮૨૬નો ભારતીય સ્કેપનો માલ આપી, રૂા.૩૬,૮૬,૬૧૭નો માલ નહી આપી જણાવ્યું કે, અમોને વિદેશમાંથી સારી ડીલ મળી છે જેથી તમો વધુ રૂપિયા આપો અમે તમોને માલ આપી દઈશું તમોને તમામ માલ આપી દઈશું અને જો તમને સમયસર ડિલિવરી નહી આપીએ તો તમોને માસિક ૧% વ્યાજ પણ ચૂકવી આપીશું. તેવો વિશ્વાસ અને ભરોશો આપી રૂા.૭૧,૧૮,૧૦૦ બેંક મારફતે મેળવી લઈ આગળના બાકી રૂા.૩૬,૮૬,૬૧૭/- મળી કુલ રૂા.૧,૦૮,૦૪,૭૧૭/- મેળવી લઈ, માલ નહી આપી જણાવેલ કે, અમારી પાસે સ્કેપનો માલ નથી જેથી તમોને રૂપિયા પરત આપીએ છીએ તેમ કહી રૂા.૨૬,૦૦,૦૦૦/- રોકડા પરત આપી રૂા.૮૨,૦૪,૭૧૭ નહી આપી જણાવ્યુ કે, મોરેસીયસ ખાતે રેડીયન્ટ એડ વરસીઝ લીમીટેડ નામની કંપની પણ છે. પરંતુ તેમાં વધારે રૂપિયા નાખવા પડે તેમ છે જો તમો રૂપિયા નાખશો તો આગળના બાકી રૂપિયા બાબતે માલનુ પણ એડજેસ્ટમેન્ટ થઈ જશે અને ખૂબ સારો એવો નફો કમાવવા મળશે, તેમ જણાવી નિલમની શ્રીવાસ્તવે ફરિયાદીને મોરેસીયસ ખાતે લઈ જઈ કોઈ મુન લુઈસ સુગર મીલ નામથી સુગર મીલ બતાવી જણાવેલ કે, આ સુગર મીલ અમોએ ખરીદ કરેલ છે અને તેમાં સ્કેપનુ ગોડાઉન બનાવવાનુ છે. જેમાં રૂપિયાની જરૂર છે તો તમે મને રૂપિયા આપો તમને ઓછા ભાવે મોરેસીયસ સ્કેપનો માલ આપીએ. જેથી તમોને રૂપિયા પરત આપીએ છીએ તેમ જણાવી કુલ ૫,૮૦,૦૦૦/- યુએસડી જે ભારતીય રૂા.૪,૪૮,૩૦,૦૦૦/- મેળવી લઈ માલ નહી આપતા અમો છ મહીના સુધી મોરેસીયસ ખાતે રહી વારંવાર ઉઘરાણી કરતા રૂા. ૪,૩૮,૭૧૦.૧૫/- યુએસડીનો મોરેસીયસ સ્કેપનો માલ આપી ભારતીય ચલણ પ્રમાણે રૂા.૩,૪૬,૮૦,૫૦૩/-નો આપી ૧,૪૦,૨૯૦/-યુએસડી જે ભારતીય ચલણ પ્રમાણે રૂા.૧,૩૭,૩૯,૪૯૭/-નો નહી આપી તેમજ આગળના બાકી રૂા.૮૨,૦૪,૭૧૭/- મળી કુલ રૂા.૨,૧૯,૪૪,૨૧૪/- મેળવી લઈ આજદિન સુધી મોરેસીયસ સ્કેપનો માલ કે પેમેન્ટ પરત નહી આપી અલગ-અલગ બહાના બતાવી સમય પસાર કરી, આરોપીઓ પાસે રૂબરૂ ઉઘરાણી કરતાં અરૂણ અગ્રવાલ તથા સંદિપ શીરોડકર નામઓએ અમોને તથા અમારી સાથે કોઈ વેપાર-ધંધો કરેલ નથી. તમારે રૂપિયા જોઈતા હોય તો નિલમની શ્રીવાસ્તવ પાસે જાઓ તેવા ઉડાવ જવાબ આપી આજદિન સુધી રૂા.૨,૧૯,૪૪,૨૧૪/-પરત નહી આપી કે સ્કેપનો માલ પણ નહી આપી, અમારી સાથે વેપારિક છેતરપિંડી કરી આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અમરેલી ભાજપના ધારાસભ્ય

# કૌશિક વેકરિયા વિકાસ કર્યાનું જૂઠાણું ફેલાવી રહ્યા હોવાનો 'આપ'નો આક્ષેપ

અમરેલી, તા.૫

અમરેલી વડીયાના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા સોશિયલ મીડિયામાં સાડા સાત કરોડના વિકાસ કાર્યો કરાયા હોવાની જાહેરાતો પ્રચાર થતો હોય જે અંગે આમ આદમી પાર્ટીના કાર્યકર દિલીપ શિંગાળાએ વેકરિયાના આ કામો અંગેની એક પણ તકતી તેમના નામની લાગેલ હોઈ અને તેમણે તેની ગ્રાન્ટમાંથી વિકાસ કર્યો હોય તો જાહેરમાં વડીયાના શિવાજી ચોકમાં ચર્ચા કરવા ચેલેન્જ ફેકી હતી ત્યારે આજે ૫ તારીખ હોય આપના કાર્યકરોએ શિવાજી ચોક ખાતે હાજર થયેલ હતા પરંતુ કૌશિક વેકરિયા આપેલ ચેલેંજ મુજબ તેવો હાજર ના રહેતા આપ દ્વારા લગાવામાં આવેલ આક્ષેપો સાચા હોવાનું માનેલ હતું. વડિયાના શિવાજી ચોક ખાતે આપના કાર્યકર્તાઓ ચેલેન્જ આપી ધારાસભ્ય વેકરિયા વિકાસની ચર્ચાથી ભાગ્યા પાંચ વાગ્યે ચર્ચા કરવાના આવ્યા ના હતા વડિયા ગામમાં સાડા સાત કરોડના વિકાસ કાર્યો કર્યા છે તેવો ભાજપ દ્વારા વાયરલ કરાયેલ વીડિયો બાબતે અપાઈ હતી ચેલેન્જ અને વડિયા આપ નેતા દિલીપભાઈ શીંગાળાએ



આપી હતી ચેલેન્જ, ધારાસભ્ય હાજર ના રહેતા ચેલેન્જ સ્વીકારી નહિ હતી. વડિયામાં કોઈ વિકાસ કાર્યમાં ધારાસભ્યના નામની તક્તિ હોય તો બતાવવા અને ચર્ચા કરવા અપાઈ હતી ચેલેન્જ પરંતુ કૌશિક વેકરિયા આવ્યા ના હતા ધારાસભ્ય કૌશિક વેકરીયાએ ફક્ત સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ફોટો સેશન જ કર્યા છે સમગ્ર તાલુકો વિકાસથી વંચિત છે, એક વર્ષ પેહલા બાટવા દેવળી રોડનું વચન આપ્યું હતુ વિકાસમાં રકમ બતાવી રોડના બનાવ્યો આવો વિકાસ વડિયાનો કર્યો છે. સરકારી યોજનાઓ ગ્રાન્ટ પોતાના નામે બતાવી ધારાસભ્ય વિકાસની વાતો કરે છે પોતાની ગ્રાન્ટમાંથી એક રૂપિયો પણ આપ્યો નથી એ અહીં સાબિત થાય છે, ધારાસભ્યને વડિયાના વિકાસની ચર્ચા કરવાથી ભાગવું પડ્યું એ જ તેનું વડિયા પ્રત્યેનુ વલણ બતાવે છે કે, વડિયાને વિકાસથી વંચિત રાખવા માંગે છે વેકરિયા, શિવાજી ચોક ખાતે આમ આદમી પાર્ટી વડિયા કુંકાવાવના પ્રમુખ વિજય ડોબરીયા, સુખાભાઈ વાળા, દિલીપભાઈ શીંગાળા, ભીખુભાઇ વોરા, જે ડી કથીરિયા સહિતના કાર્યકર્તાઓ શિવાજી ચોક ખાતે પાંચ વાગ્યે હાજર રહી ધારાસભ્યની રાહ જોઈ હતી પરંતુ ધારાસભ્ય આવ્યા ના હતા.

### સાબરકાંઠાના પ્રાંતિજ, હિંમતનગર ગઢામાં બેઠક યોજી ચર્ચા

# મુસ્લિમ સમાજમાં જાગૃતિ અંગે જમાતે ઈસ્લામી હિન્દ દ્વારા જાગૃતિ કાર્યક્રમો

## મરકઝી સેક્રેટરી મો.શફી મદનીના હસ્તે લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૫

ગુજરાત અને દેશની વર્તમાન પરિસ્થિતિ અંગે સમગ્ર મુસ્લિમ સમાજમાં વ્યાપેલી માયુશીને દૂર કરવા સાથે જાગૃતિ ફેલાવવા અને સમસ્યાઓને સમજીને તેના ઉકેલ માટે આગળ આવવા સારૂં જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાત દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે મરકઝી સેક્રેટરી મુહમ્મદ શફી મદની ગુજરાતની ખાસ મુલાકાતે છે. આ અંતર્ગત જમાઅતે ઈસ્લામી હિંદ, હિંમતનગર અને સાબરકાંઠા દ્વારા શુક્રવારે રાત્રે પ્રાંતિજ અને શનિવારે રાત્રે હિંમતનગરમાં મુસ્લિમ આગેવાનો સાથે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દારૂલઉલુમ, ગઢા અને



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

અમીનુલકુરઆન, હિંમતનગરની મુલાકાત લેવામાં આવી. બે દિવસીય સમગ્ર કાર્યક્રમમાં જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાતના સેક્રેટરી શકીલઅહેમદ રાજપૂત પણ સાથે રહયા હતા. શનિવારે રાત્રે એસ.આઈ.ઓ. હિંમતનગરની ઓફીસ અને લાઈબ્રેરીનું પણ મરકઝી સેક્રેટરી મુહમ્મદ શફી મદનીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં ખાદિમ લાલપુરી તથા અ.કાદરભાઈ મેમણ (નેતાજી), મુસ્લીમ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરાના દુલીરામ પેંડા વાલા સહિત હનુરામ ફૂડ્સ, જગદીશ ફરસાણના ખાદ્ય પદાર્થો સબસ્ટાન્ડર્ડ જાહેર થયા

## મહિનાઓ પહેલા પાલિકાના ફૂડ વિભાગે લીધેલા ૩૧ નમૂનાઓ અયોગ્ય જાહેર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૫

વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના ફૂડ સેફટી ઓફિસરો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા તપાસ હાથ ધરવામાં આવી હતી. રાવપુરા, ન્યુ સમા રોડ, વાસણા ભાયલી રોડ, પ્રતાપનગર, આજવા રોડ, ચકલી સર્કલ, છાણી, વાઘોડીયા રોડ, માંજલપુર, મકરપુરા, રેસકોર્સ, અકોટા, ગોરવા, મદનઝાપા રોડ, કોઠી અને નીઝામપુરા સહિતના વિસ્તારોમાંથી કુલ ૩૧ નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જે ફતેહગંજ સ્થિત પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. ફૂડ એનાલિસ્ટના રિપોર્ટ મુજબ, બધા જ ૩૧ નમૂનાઓ "સબ-સ્ટાન્ડર્ડ" જાહેર કરવામાં આવ્યા છે. જેમાં શહેરની જાણીતી મીઠાઈ અને ફરસાણ દુકાનો જેવી કે પેન્ડાવાલા દુલીરામ રતનલાલ શર્મા (રાવપુરા), હનુરામ ફૂડ્સ (ચકલી સર્કલ) અને જગદીશ ફરસાણ (છાણી રોડ) જેવી પેઢીઓના નમૂનાઓ પણ ધોરણ મુજબ ન નીકળ્યા છે. તપાસમાં વિવિધ ખાદ્ય પદાર્થો જેમ કે કાજુ કતરી, પનીર, ઘી, ગાયનું દૂધ, મોતીચુર લાડુ, સુર્યમુખી તેલ, કપાસીયા તેલ, તુવેરદાળ, કેચઅપ, ખોયા, આઈસક્રીમ, પેન્ડા વગેરેના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. ગુણવત્તા ધોરણ મુજબ ન હોવાથી આ બધા નમૂનાઓ "સબ-સ્ટાન્ડર્ડ" જાહેર થયા છે. ફૂડ વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, નાગરિકોને સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ખોરાક મળે તે માટે આવી તપાસો નિયમિત રીતે કરવામાં આવે છે. અપ્રમાણસર જાહેર થયેલા તમામ નમૂનાઓની વિગતો ઉચ્ચ અધિકારીઓને મોકલવામાં આવી છે અને આગામી દિવસોમાં દંડ તેમજ કાયદેસર કાર્યવાહી હાથ ધરાશે.

### અંકલેશ્વર જી.આઈ.ડી.સી. તથા પાનોલી જી.આઈ.ડી.સી.નું દૂષિત પાણી વંદખાડીમાં છોડાતું રોકવા બાબતે મીટિંગ

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર GIDC તથા પાનોલી GIDCનુ પ્રદૂષિત પાણી વંદખાડીમાં છોડાતું રોકવા બાબતે વિજયસિંહ ઠાકોરભાઈ પટેલ (વલ્લભદાસ) દ્વારા અરજી કરવામાં આવી હતી. જે અંતર્ગત તા. ૦૭/૧૦/૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નાયબ કલેક્ટર અંકલેશ્વરના અધ્યક્ષ સ્થાને મામલતદાર હાંસોટની ચેમ્બરમાં મીટિંગ રાખવામાં આવી છે.

# નર્મદા પોલીસે ૬૮ લાખથી વધુનો માદક પદાર્થનો જથ્થો સળગાવ્યો : ૧૦ ગુનાનો ૬૮૨ કિલો ગાંજો ખાખ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૫

નર્મદા જિલ્લા પોલીસે માદક દ્રવ્યોના દુષણને ડામવા માટે એક મોટી અને અસરકારક કાર્યવાહી કરી છે. વર્ષ ૨૦૧૮થી ૨૦૨૪ દરમિયાન જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં પકડાયેલા નાર્કોટીક્સ (NDPS)નો કુલ ૬૮૨ કિલો ૭૫૫ ગ્રામ ગાંજાનો જથ્થો કાયદેસર પ્રક્રિયા મુજબ નાશ કરવામાં આવ્યો છે. બજાર કિંમત પ્રમાણે આ જથ્થાની કિંમત રૂપિયા ૬૮ લાખ, ૨૯ હજાર, ૫૫૦ જેટલી આંકવામાં આવી છે.

આ સમગ્ર નાશની કામગીરી ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની સૂચનાના આધારે કરવામાં આવી હતી. CID ક્રાઈમ અને રેલ્વેઝ (નાર્કોટીક્સ સેલ)ના પોલીસ મહાનિદેશકની હાજરી, તથા વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહની સૂચનાઓ અને નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલના સઘન માર્ગદર્શન હેઠળ આ અભિયાન હાથ ધરાયું હતું.

ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટીના અધ્યક્ષ અને પોલીસ અધિક્ષક લોકેશ યાદવ (ANTF-CID ક્રાઈમ, ગાંધીનગર) તેમજ કમિટીના સભ્યો, જેમાં નાયબ પોલીસ અધિક્ષક પી.આર.પટેલ (ઈન્ચાર્જ, રાજપીપલા વિભાગ) અને નર્મદા



SOG પોલીસ ઈન્સપેક્ટર વાય.એસ. શિરસાઠની ઉપસ્થિતિમાં આ પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી. આ માદક પદાર્થોનો નાશ કરવાની કાર્યવાહી તારીખ ૩/૧૦/૨૦૨૫ના રોજ ભરૂચ જિલ્લાના દહેજ ખાતે આવેલી મે.ભરૂચ એન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ (BEIL) કંપનીના પ્લોટ ખાતે કરવામાં આવી હતી. જેમાં ગૃહમંત્રી, અને ગુજરાત રાજ્યના પ્રતિનિધિઓની હાજરીમાં NDPSના કુલ ૧૦ ગુનાઓમાં પકડાયેલા આ જથ્થાને બાળીને કાયદેસર રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લામાં નોંધાયેલા કુલ ૧૦ ગુનાઓના મુદ્દામાલનો નાશ કરાયો છે. સૌથી વધુ જથ્થો રાજપીપલા પોલીસ સ્ટેશનમાંથી પકડાયો હતો, જ્યારે અન્ય પોલીસ સ્ટેશનોમાં પણ નાર્કોટીક્સના ગુનાઓ નોંધાયા હતા. આંકડાઓ પર નજર કરીએ તો, સૌથી વધુ અને મોટો જથ્થો રાજપીપલા પોલીસ સ્ટેશનની હદમાંથી પકડાયો હતો. એકલા રાજપીપલામાં નોંધાયેલા ૬ ગુનાઓમાં જ લગભગ ૬૧૮ કિલો ૫૮૫ ગ્રામ ગાંજો જપ્ત થયો હતો, જેની કિંમત ૬૧ લાખથી વધુ થવા જાય છે. વધુમાં, આમલેથા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૨ ગુનાઓમાં ૫૩ કિલો ૮૫૨ ગ્રામ ગાંજો પકડાયો હતો. જ્યારે, ગરૂડેશ્વર અને SOU સલામતી પોલીસ સ્ટેશનની હદમાંથી પણ અનુક્રમે ૩ કિલો ૨૨૮ ગ્રામ અને ૭.૯૦ કિલો ગ્રામ ગાંજો ઝડપાયો હતો. આ આંકડાઓ સ્પષ્ટ દર્શાવે છે કે, જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં નશીલા પદાર્થોની હેરફેર પર પોલીસે કેટલો મજબૂત સકંજો કસ્યો હતો. અંતે, આ તમામ જથ્થાને કાયદેસર પ્રક્રિયા પૂર્ણ કરીને જાહેર જનતા સમક્ષ બાળી મૂકવામાં આવ્યો.

# વડોદરાની મ.સ.યુનિવર્સિટીમાં છઠ્ઠા સેમેસ્ટરમાં બે સબ્જેક્ટમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં નાપાસ

## ઈન્ડસ્ટ્રીયલ ઈકોનોમિક્સ એન્ડ બેઝિક ઈકોમેટિક મેથડ્સમાં ૧૨૪ વિદ્યાર્થી ફેલ : વાલીની રજૂઆત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૫

એમ.એસ યુનિવર્સિટીમાં બેચલર ઓફ આર્ટસના છઠ્ઠા સેમેસ્ટરમાં ૨૦૨૨-૨૫માં બે સબ્જેક્ટ ઈન્ડસ્ટ્રીયલ ઈકોનોમિક્સ એન્ડ બેઝિક ઈકોમેટિક મેથડ્સ જેમાં ઈન્ડસ્ટ્રીયલ ઈકોનોમિક્સમાં કુલ ૧૬૩ વિદ્યાર્થીઓમાંથી ૯૬ વિદ્યાર્થીઓ અને ઈકોમેટીક મેથડ્સ બેઝિકમાં ૩૩માંથી ૨૮ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. એમ.એસ.યુનિવર્સીટીમાં સર્વપ્રથમ વખત પાંચ સેમેસ્ટર વગર એટીકેટીએ પાસ કર્યા બાદ છઠ્ઠા સેમેસ્ટરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થતા આ સંબંધિત વિદ્યાર્થીના વાલીએ પૂર્વ વીસી સાથે ચાર વખત મીટિંગ કરવામાં આવી અને રજૂઆત કરી હતી. વાલીએ જણાવ્યું હતું કે, એમને આ સમગ્ર બાબતે વાકેફ કરવામાં આવ્યા છે અને આટલા વિદ્યાર્થીઓ કેવી રીતે નાપાસ થઈ શકે એ પણ સિંગલ ડિઝિટમાં અને આમાં જેટલા પણ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેઓના પાછલા ૫ સેમેસ્ટર ક્લિયર છે. જેમાં એટીકેટી નથી. કોઈ ફેલ નથી થયા તો છઠ્ઠા સેમેસ્ટરમાં આટલા બધા વિદ્યાર્થીઓ કેવી રીતે નાપાસ થઈ શકે. જ્યારે આ સવાલ એમને પૂછવામાં આવ્યો હતો. ત્યારે, એમણે એક જ જવાબ આપ્યો હતો કે વિદ્યાર્થીઓએ બરાબર લખ્યું નથી એટલે નાપાસ થયા હશે. પણ આટલા બધા એકસાથે આટલી મોટી સંખ્યામાં નાપાસ થાય આ પ્રશ્ન અમે વારંવાર ઉઠાવવામાં આવ્યો છે. એમનું એવું કહેવું હતું કે, આમાં અમારાથી કશું થઈ ન શકે, અમે કંઈ કરી ન શકીએ, બસ એટલું કરી શકીએ કે પરીક્ષા ૧૫ સપ્ટેમ્બર પહેલા લઈ લઈશું અને જે વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એડમિશન લીધા હશે તેમને તક મળી શકે અને વર્ષના બગડે. પણ તેમનું આ કમિટમેન્ટ પણ ખોટું સાબિત થયું. તેમણે એક્ઝામ ૧૬ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બરમાં લીધી અને એના લીધે કેટલાક વિદ્યાર્થીઓના પ્રોવિઝનલ એડમિશન કેન્સલ થયા અને બે દિવસ પૂર્વે અમે નવા વીસીની મુલાકાત લીધી. એમણે મળવાની ના પાડી દીધી.

# વડોદરામાં ફ્લેટમાં એમડી ડ્રગ્સ વેચતી મહિલા અને યુવક પકડાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૫

વડોદરા શહેરના મકરપુરા રોડ પરના એક ફ્લેટમાં એમડી ડ્રગ્સનું વેચાણ કરતી મહિલા અને એક યુવકને પોલીસે ઝડપી પાડયા છે. ઓએનજીસીની સામે રિદ્ધિ એવેન્યૂ એપાર્ટમેન્ટમાં ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું હોવાની વિગતોને પગલે એસઓજીની ટીમે દરોડો પાડયો હતો. પોલીસે મમતાદેવી ઉર્ફે માયા સુરેન્દ્રભાઈ ભગત(મૂળ રહે.શિવશક્તિ નગર-૨, મકરપુરા ડેપો પાસે)ને ઝડપી પાડી હતી. મહિલા સાથે ડ્રગ્સના વેચાણમાં મદદ કરતો પાર્થ વિષ્ણુભાઇ પટેલ (ગાયત્રીપાર્ક, તુલસીધામ સોસાયટી પાસે, માંજલપુર) પણ ફ્લેટમાંથી પકડાઇ ગયો હતો. પોલીસે રૂા.૫.૧૯ લાખની કિંમતનું એમડી ડ્રગ્સ, બે મોબાઈલ અને ડિજિટલ વજનકાંટો કબજે કર્યા હતા. પૂછપરછ દરમિયાન એમડી ડ્રગ્સ રતલામ પાસેના જાવરા ગામે રહેતો મજહરી નામનો શખ્સ સપ્લાય કરતો હોવાની વિગતો ખૂલી હતી. જેથી તેને વોન્ટેડ જાહેર કરી મોબાઈલ નંબરને આધારે પણ તપાસ કરવામાં આવી રહી છે.

# નર્મદા : ડેડિયાપાડા તાલુકાના ઘાંટોલી ગામ પાસેથી વિસ્ફોટક સામગ્રી ઝડપાઈ

## પોલીસને જોઈને ૩ શખ્સો જિલેટીન સ્ટીક અને ડિટોનેટર ભરેલી થેલી મૂકી ફરાર, ૧.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૫

નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર વિસ્ફોટક સામગ્રીના ઉપયોગ અને હેરફેર સામે પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. જિલ્લાના ડેડિયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એસ.ઓ.જી. ની ટીમે ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર જિલેટીન સ્ટીક અને ઈલેક્ટ્રિક ડિટોનેટરનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, પોલીસને જોઈને ત્રણ મોટરસાયકલ ચાલકો પોતાનાં વાહનો ઘટનાસ્થળે મૂકીને અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ અને નર્મદા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલ દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર વિસ્ફોટક પદાર્થો રાખતા અને ઉપયોગ કરતા ઈસમો વિરૂદ્ધ સખત પગલાં લેવાની સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમે કામગીરી હાથ ધરી હતી.

નર્મદા એસ.ઓ.જી. સ્ટાફને પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ઘાંટોલી



ગામ પાસે નાકાબંધી ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ત્રણ મોટરસાયકલ પર સવાર શખ્સોએ પોલીસ ચેકિંગ જોતા જ પોતાના વાહનો ત્યાં મૂકીને નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેમનો પીછો કર્યો, પરંતુ તેઓ હાથ લાગ્યા નહોતા.

જોકે, પોલીસે વાહનોની તપાસ કરતાં એક હોન્ડા ડીઓ મોટરસાયકલની આગળ રાખેલી કાપડની થેલીમાંથી ૨ નંગ જિલેટીન સ્ટીક, ૨ નંગ ઈલેક્ટ્રિક ડિટોનેટર, અને ૩૦ મીટર ઈલેક્ટ્રિક વાયર સહિત વિસ્ફોટક સામગ્રી મળી આવી હતી, પોલીસે વિસ્ફોટક સામગ્રી અને ત્રણેય મોટરસાયકલ સહિત કુલ રૂા.૧,૨૦,૨૯૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગ્રામજનોએ ઘટનાનો વીડિયો પણ વાયરલ કર્યો

# વિજાપુરના રણસીપુર ગામે દારૂના અડ્ડા પર જનતા રેડ !

## આગેવાનોએ ગ્રામસભા યોજી યુવાનો સહિત મહિલાઓને પણ સાથે રાખીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડી

મહેસાણા, તા.૫

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં ગ્રામીણ વિસ્તારોમાં ઠેર ઠેર દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ત્યારે આ વિકૃતિ સામે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણસીપુર ગામમાં ગ્રામજનોએ સીધી કાર્યવાહી કરીને જનતા રેડ પાડી દીધી છે. ગામના આગેવાનોએ ગ્રામસભા યોજી યુવાનો સહિત મહિલાઓને પણ સાથે રાખીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડી છે. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, ત્યારે પોલીસની કામગીરી પર પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, ઘટના લાડોલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિજાપુર તાલુકાના રણસીપુર ગામમાં ગામના આગેવાનોએ તાજેતરમાં ગ્રામસભા યોજી મોટી સંખ્યામાં મહિલાઓની હાજરીમાં ગામમાં દારૂના દુષણને ડામવા પર વિશેષ ચર્ચા કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું કે, ગામમાં દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જેના કારણે ગામમાં અપરાધ, પારિવારિક કલેશ અને આર્થિક નુકસાન વધ્યું છે. જેથી ગ્રામસભાના નિર્ણય પછી તેઓએ જનતા રેડની કાર્યવાહી કરી છે. ગ્રામજનોએ અડ્ડાઓ પર પહોંચી, ત્યાં દેશી દારૂની બનાવટમાં વપરાતી સાધન-સામગ્રીનો નાશ કર્યો હતો. આ જનતા રેડ દરમિયાન ગ્રામજનોએ આખી ઘટનાનું વીડિયો રેકોર્ડિંગ પણ કર્યું છે. ત્યારે આ ઘટનાથી પોલીસ વિભાગ પર ગંભીર સવાલો ઊભા થયા છે. ગામના વર્ષોથી ધમધમતા આ દારૂના અડ્ડા પર પોલીસે કંઈ પણ કાર્યવાહી ન કરતા અંતે સ્થાનિક જનતા હલ્લો બોલીને તૂટી પડી છે. ગ્રામજનોનું કહેવું છે કે, આ પહેલાં પણ અમે પોલીસને ફરિયાદો આપી છે, પરંતુ અડ્ડાઓ એમને એમ ધમધમી રહ્યા હતા. જોકે આ મામલે જિલ્લા કલેક્ટર કે પછી પોલીસ તંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

નોંધનીય છે કે, ગુજરાતમાં દારૂબંધીના કાયદા હેઠળ દારૂના વેપાર અને વપરાશ પર કડક પ્રતિબંધ છે, પણ ગ્રામીણ વિસ્તારોમાં આવા અડ્ડાઓની સમસ્યા વધુ છે.

થોડા દિવસ અગાઉ પણ બોટાદ અને જૂનાગઢ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક લોકોએ આવી જ રીતે ગામમાં ધમધમતા દારૂના અડ્ડા પર જનતા રેડ પાડી હતી. ત્યારે હાલ વિજાપુરના રણસીપુર ગામની આ ઘટના બાદ ગુજરાતના અન્ય ગામોમાં પણ જનતા દારૂના અડ્ડા પર રેડ પાડવા નીકળી પડે તો નવાઈ નહીં.

### સાત વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કરનાર

# બાબરાના સુખપુર ગામની યુવતીને પિતા સાથે સમાધાન કરાવવાના બહાને બળાત્કાર

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૫

બાબરાના સુખપુર ગામે સાત વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરનાર યુવતીને તેના પિતા સાથે મનદુઃખ હતું. જેમાં સમાધાન કરાવી દેવાનું કહી સાથી કામદારે તેણીએ મરજી વિરૂદ્ધ યુવતી ઉપર બળાત્કાર કરેલ હતો. બનાવ અંગે યુવતીએ યુવક સામે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો મુજબ બાબરા તાલુકાના સુખપુર ગામે રહેતી એક ૨૫ વર્ષીય યુવતી એ સાત વર્ષ પહેલા માતા પિતાની મરજી વિરૂદ્ધ પ્રેમ લગ્ન કરેલ હતા. આ યુવતી હાલમાં તેના પતિ સાથે સુખપુર ગામે રહેતી હતી અને હીરા ઘસવાનું કામ પણ કરતી હતી. તેની સાથે હીરા ઘસતા યુવક મનસુખભાઈ જાગાભાઈ સાકળીયાએ આ યુવતીને કહેલ કે, હું તારા માતા પિતા સાથે સમાધાન કરાવી દઈશ ગત તા.૩૦/૯/૨૫ના રોજ આ યુવકે યુવતીને કહેલ કે તારા પિતા સમાધાન માટે મારા ઘરે આવેલ છે તું મારી સાથે આવ તેમ કહી લઈ જઈ ગામમાં સાંકડી ગલીમાં પહોચતા મનસુખે યુવતી સાથે શારિરિક અડપલા શરૂ કર્યા હતા. છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી યુવતીની સાથે બળ જબરી પૂર્વક મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારેલ હતો બનાવ અંગે યુવતીએ મનસુખ જાગાભાઈ સાંકળિયા સામે બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.


**નામ બદલ્યું છે**

મારૂં જૂનું નામ **મન્સુરી નિશાર અહમદ હુસેનભાઈ** હતું. નવું નામ **મન્સુરી નિશાર અહેમદ હુસેનભાઈ** રાખેલ છે.

સરનામું : તલાવપુરા, ડભોઈ, ૩૯૧૧૧૦, જિ. વડોદરા

**CHANGE OF NAME**

I have changed my name from **MACHHI YOGESH BHAGVANBHAI SHANABHAI** to new name **MACHHI YOGESHBHAI BHAGWANBHAI**

Address : Machhiwad, Jambusar, Bharuch.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની કચેરી, સરસ્વતી**

તાલુકા સેવા સદન સરસ્વતી, પાટણ- શિહોરી હાઈવે, સમાલપાટી વિસ્તાર, પીન કોડ-૩૮૪૨૬૫ Phone no. 02766-297024/297026 Email id-mam-saras-patan@gujarat.gov.in

જન્મ મરણ નોંધણી કેસ નંબર-૨૩/૨૦૨૫

તા.૧૦/૦૯/૨૦૨૫

અરજદાર:- માઢીયા ઈમરાનભાઈ દાઉદ રહે ભીલવણ તા. સરસ્વતી જિ. પાટણ

:- વિરૂદ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, ભીલવણ તા. સરસ્વતી જિ. પાટણ

વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરવા અન્વયે વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ઉકત અરજદારશ્રીના જન્મની નોંધણી કરાવવા જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) હેઠળ વિલંબથી જન્મ નોંધણી કરવા અરજી અન્વયે નીચે મુજબની નોટિસ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવાની રહેશે.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદાર માઢીયા ઈમરાનભાઈ દાઉદએ તા.૦૩.૦૪.૨૦૨૫ની અરજીથી તેઓનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ ભીલવણ તા. સરસ્વતી જિ. પાટણ મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધિ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

(એસ.ડી. બોડાણા)
એક્ઝિક્યુટીવ-મેજિસ્ટ્રેટ
સરસ્વતી - તાલુકો

**સિદ્ધપુરના મે.શ્રી એન.એન. દવે સા.શ્રીની કોર્ટમાં, મુ.સિદ્ધપુર**

ક્રિ.પર.અ.નં.૨૭૨/૨૦૨૫, મુ.તા.૦૬/૧૧/૨૦૨૫, અરજદાર વ.શ્રી એમ.એન.પઠાણ

અરજદાર : યાહયા અબ્દુલભાઈ નાંદોલિયા ઉ.વ.આ.૪૭, ધર્મ-ઈસ્લામ, રહે.મદનીપુરા ગામ-રસુલપુર, તા.સિદ્ધપુર, જિ. પાટણ

વિરૂદ્ધ

સામાવાળા - આચાર્ય શ્રી, આઈ.ડી.સેલીયા વિદ્યાલય કાકોશી, ગામ-કાકોશી, તા.સિદ્ધપુર, જિ. પાટણ

આથી જાહેર જનતાને અત્રેની કોર્ટથી જણાવવાનું કે,

અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારના રસુલપુર ગ્રામ પંચાયતના જન્મના પ્રમાણપત્ર મુજબ અરજદારની જન્મ તા. "તા./૭/૭/૧૯૭૭" પ્રમાણે નોંધાયેલ છે. આઈ.ડી. સેલીયા વિદ્યાલય કાકોશી શાળાના આચાર્ય શ્રી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ જેનો જનરલ રજિ. નં.૨૦૮૫માં જન્મ તારીખ ૧૦/૦૨/૧૯૭૭ની જગ્યાએ તા. "૭/૭/૧૯૭૭" મુજબનો રેકર્ડમાં સુધારા સાથેની નવીન લીવિંગ સર્ટિફિકેટ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેથી સદર અરજીના અનુસંધાને આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે જો કોઈને પણ આ બાબતે વાંધો હોય તો આ જાહેર અરજી આપ્યાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધા સાથે હાજર રહેવું. અન્યથા આ બાબતે કોઈને વાંધો નથી તેવું માની આગળની યોગ્ય તે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા. ૩૦મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (વાય.આર. સાધુ) આસિસ્ટન્ટ — તપાસી જોનાર (બી.બી. રાજપૂત) હેડ કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી, (યુ.જે. ભટ્ટ) રજિસ્ટ્રાર પ્રિન્સી. સિનિયર સિવિલ કોર્ટ સિદ્ધપુર

**નોટિસ** મે.એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, મુ.સિદ્ધપુર

ક્રિક.પ.અરજ.નં.271/2025 મુદત તારીખ 19/11/2025

અરજદાર - અનસખાન અનવરખાન પઠાણ રહે. - તાહેરપુરા, સિદ્ધપુર

વિરૂદ્ધ

સામાવાળા - આચાર્ય સાહેબ શ્રી, તાહેર એન્ડ હુસેન આદમ અલી એડનવાલા હાયર સેકન્ડરી સ્કૂલ તા.સિદ્ધપુર, જિ. પાટણ

આથી જાહેર જનતાને અત્રેની કોર્ટથી જણાવવાનું કે,

અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારના સિદ્ધપુર નગરપાલિકાના જન્મના પ્રમાણપત્ર મુજબ અરજદારની અટક અને નામ "અનસખાન અનવરખાન પઠાણ" પ્રમાણે નોંધાયેલ છે. તાહેર એન્ડ હુસેન આદમ અલી એડનવાલા હાયર સેકન્ડરી સ્કૂલના લીવિંગ સર્ટિફિકેટ જેનો જનરલ રજિ. નં.૬૬૧માં સિપાઈ અનસર અનવરભાઈની જગ્યાએ અટક અને નામમાં સાચુ નામ જન્મના દાખલા મુજબ "અનસખાન અનવરખાન પઠાણ"ના સુધારા સાથે નવીન લિવિંગ સર્ટિફિકેટ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેથી સદર અરજીના અનુસંધાને આ જાહેર નોટિસ આપવામાં આવે છે. જો કોઈને પણ આ બાબતે વાંધો હોય તો આ જાહેર નોટિસ આપવામાં આવે છે. જો કોઈને પણ આ બાબતે વાંધો હોય તો આ જાહેર અરજી આપ્યાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધા સાથે હાજર રહેવું. અન્યથા આ બાબતે કોઈને વાંધો નથી તેવું માની આગળની યોગ્ય તે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા. ૦૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (જે.આર. ભટ્ટ) આસિસ્ટન્ટ — તપાસી જોનાર (જે.આર.ભટ્ટ) હેડ કલાર્ક — હુકમથી, રજિસ્ટ્રાર પ્રિન્સસીપાલ સિનિયર સિવિલ કોર્ટ સિદ્ધપુર

# અમદાવાદમાં મફત પિઝા માટે પડાપડી ! : પોલીસ બોલાવવી પડી

## પ્રહલાદનગર વિસ્તારમાં એક પિત્ઝા આઉટલેટને મફત પિઝાની જાહેરાત આપવી ભારે પડી

અમદાવાદ, તા.૫

અમદાવાદીઓમા પિઝાનો શોખ કેવો છે તે આ વીડિયો પરથી તમને ખ્યાલ આવી જશે. અમદાવાદના પ્રહલાદ નગર વિસ્તારમાં એક આઉટલેટના ઓપનિંગ સમયે મફત પિઝાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે રવિવારે મફત પિઝા ખાવા માટે લોકોની લાઈનો પડી હતી. ભીડ એટલી હદે વધી છે કે, પોલીસ આવી પહોંચી હતી.

અમદાવાદના પ્રહલાદ નગર વિસ્તારમાં એક પિઝા આઉટલેટ દ્વારા રવિવારે મફત પિઝાની જાહેરાત કરવામાં આવી હતી. મફત પિઝા અંગેના મેસેજ સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવ્યા હતા. જેને કારણે રવિવારે મોટી સંખ્યામાં પિઝા આઉટલેટ પર ફ્રી પિઝા લેવા માટે લોકો પહોંચી ગયા હતા.

ખાનગી કંપનીના આઉટલેટના ઓનરે સ્ટોર ઓપનીંગના દિવસે મફત પિઝાની જાહેરાત કરી હતી. સોશિયલ મીડિયા પર રીલ મુકી મફત પિઝાની જાહેરાત કરવામાં આવી હતી. સોશિયલ મીડિયાની રીલના પગલે સેંકડો લોકો મફત પિઝા લેવા માટે ઉમટી પડ્યા હતા. પિઝા લેવા માટે લોકોએ રાશન કાર્ડ જેવી લાંબી લાઈનો લગાવી હતી. મફત પિઝાની જાહેરાત થતાં જ લોકો દૂર-દૂરથી ઉમટી પડ્યા હતા. આઉટલેટના માલિકે બપોરે ૧૨થી ૨ સુધી મફત પિઝા આપવાની ઓફર મૂકી હતી. બે કલાકમાં ૧૫૦૦ પિઝા મફત આપવાનું આયોજન હતું. જોકે માત્ર એકજ કલાકમાં મફત પિઝાનો ટાર્ગેટ પૂર્ણ થયો હતો. બાકી રહેલા લોકોને બે વાગ્યા સુધી પિઝા આપવાનું આયોજન કરાયું છે.

જોકે, મફત પિઝા માટે સવારથી જ લોકો લાઈન લગાવીને ઉભા હતા. તેના બાદ પિઝાના શોખીનોની ભીડ વધતી જ જઈ રહી છે. પિઝાની ભીડ જોઈને સંચાલકોને સતત સૂચનાઓ આપવાની જરૂર પડી હતી. આમ મફત પિઝાની જાહેરાત આપવી ભારે પડી. મફત પિઝા માટે લોકો તૂટી પડ્યા હતા. આ બતાવે છે કે, અમદાવાદીઓમાં પિઝા પ્રેમ કેટલો છે. પિઝાના શોખીનો મફત પિઝા માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેલા જોવા મળ્યા.

# સુરતના વેપારી સાથે મુંબઈના ત્રણ ઠગોએ માલ આપવાના બહાને રૂા. ૨.૮૨ કરોડની ઠગાઈ આચરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૫

સુરતના ઉધના મગદલ્લા રોડ ઉપરના સ્ક્રેપના વેપારી સાથે મુંબઈના ૩ ઇસમોએ સ્ક્રેપનો માલ ભારતમાંથી તથા મોરેસીયસમાંથી અપાવવાના બહાને રૂા.૨.૮૨ કરોડની ઠગાઈ કરતાં પોલીસ ફરિયાદ નોંધાવવા પામી છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ઉધના મગદલ્લા રોડ ઉપરના વેર્સ્ટન બિઝનેસ પાર્કની ઓફિસ નં.૫૦૧માં વાસુદેવન મેટ ગ્લોબલ એલ.એલ.પી.ના નામથી સ્ક્રેપનો વેપાર કરનાર સુજીતકુમાર સમેશ્વરપ્રસાદ ગુપ્તા પોતે વેસુના વીવીઆઈ રોડ ખાતે રહે છે. જેમણે પોલીસ સમક્ષ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ની સાલમાં નિલમની શ્રીવાસ્તવ તથા અરૂણ અગ્રવાલ ક્યાંકથી અમારા સમર્કમાં આવ્યા હતા અને વિદેશમાંથી સ્ક્રેપનો માલ આયાત કરતાં હોવાનુ જણાવી, અમારી પાસેથી માલ ખરીદ કરશો તો તમોને માર્કેટ કરતાં સારો માલ મળશે અને જો તમો એડવાન્સ પેમેન્ટ આપશો તો ભારતીય સ્ક્રેપનો માલ તમને એક અઠવાડીયામાં મળી જશે અને મોરેસીયસ સ્ક્રેપનો માલ જોઈતો હોય તો એક મહીના સુધીમાં મળી જશે, તેવો વિશ્વાસ અને ભરોશો આપી તેઓની સાસ ઓવરસીઝ ફર્મમાં બેંક મારફતે અમારી પાસેથી રૂા.૨,૦૧, ૬૫,૪૪૩ મેળવી લઈ રૂા.૧,૬૪,૭૮,૮૨૬નો ભારતીય સ્ક્રેપનો માલ આપી, રૂા.૩૬,૮૬, ૬૧૭નો માલ નહી આપી જણાવ્યુ કે, અમોને વિદેશમાં સારી ડીલ મળી છે જેથી તમો વધુ રૂપિયા નાંખો તમોને તમામ માલ આપી દઈશું અને જો તમને સમયસર ડિલિવરી નહી આપીએ તો તમોને માસીક ૧% વ્યાજ પણ ચુકવી આપીશું. તેવો વિશ્વાસ અને ભરોશો આપી રૂા.૭૧, ૧૮,૧૦૦ બેંક મારફતે મેળવી લઈ આગળના બાકી રૂા.૩૬,૮૬,૬૧૭/- મળી રૂા.૧,૦૮,૦૪, ૭૧૭/- મેળવી લઈ, માલ નહી આપી જણાવેલ કે, અમારી પાસે સ્ક્રેપનો માલ નથી જેથી તમોને રૂપિયા પરત આપીએ છીએ તેમ કહી રૂા.૨૬,૦૦,૦૦૦/- રોકડા પરત આપી રૂા.૮૨,૦૪, ૭૧૭ નહી આપી જણાવ્યુ કે, મોરેસીયસ ખાતે રેડીયન્ટ ઓ વરસીઝ લીમીટેડ નામની કંપની પણ છે. પરંતુ તેમાં વધારે રૂપિયા નાખવા પડે તેમ છે જો તમો રૂપિયા નાંખશો તો આગળના બાકી રૂપિયા બાબતે માલનુ પણ એડજેસ્ટમેન્ટ થઈ જશે અને ખૂબ સારો એવો નફો કમાવવા મળશે, તેમ જણાવી નિલમની શ્રીવાસ્તવે ફરિયાદીને મોરેસીયસ ખાતે લઈ જઈ કોઈ મુન લુઈસ સુગર મીલ નામથી સુગર મીલ બતાવી જણાવેલ કે, આ સુગર મીલ અમોએ ખરીદ કરેલ છે અને તેમાં સ્ક્રેપનુ ગોડાઉન બનાવવાનુ છે. જેમાં રૂપિયાની જરૂર છે તો તમે મને રૂપિયા આપો તમને ઓછા ભાવે મોરેસીયસ સ્ક્રેપનો માલ આપીશું. તેમ જણાવી કુલ ૫,૮૦,૦૦૦/- યુએસડી જે ભારતીય રૂા.૪,૮૪,૩૦,૦૦૦/ - મેળવી લઈ માલ નહી આપતા અમો છ મહીના સુધી મોરેસીયસ ખાતે રહી વારંવાર ઉઘરાણી કરતા રૂા.૪,૩૯,૭૧૦.૧૫/- યુએસડીનો મોરેસીયસ સ્ક્રેપનો માલ જે ભારતીય ચલણ પ્રમાણે રૂા.૩, ૪૬, ૯૦,૫૦૩/-નો આપી ૧,૪૦,૨૯૦/-યુએસડી જે ભારતીય ચલણ પ્રમાણે રૂા.૧,૩૭,૩૯,૪૯૭/-નો નહી આપી તેમજ આગળના બાકી રૂા.૮૨,૦૪,૭૧૭/- મળી કુલ રૂા.૨,૧૯,૪૪,૨૧૪/ - મેળવી લઈ આજદિન સુધી મોરેસીયસ સ્ક્રેપનો માલ કે પેમેન્ટ પરત નહી આપી અલગ-અલગ બહાના બતાવી સમય પસાર કરી, આરોપીઓ પાસે રૂબરૂ ઉઘરાણી કરતાં અરૂણ અગ્રવાલ તથા સંદિપ શીરોડકર નાઓએ અમોએ તમારી સાથે કોઈ વેપાર-ધંધો કરેલ નથી. તમારે રૂપિયા જોઈતા હોય તો નીલમની શ્રીવાસ્તવ પાસે જાઓ તેવા ઉડાવ જવાબ આપી આજદિન સુધી રૂા.૨,૧૯,૪૪,૨૧૪/- પરત નહી આપી કે સ્ક્રેપનો માલ પણ નહી આપી, અમારી સાથે વેપારીક છેતરપિંડી કરી આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં ૧૧૭ ટકા વરસાદ નોંધાયો, વરસાદના કારણે જળાશયો છલોછલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ગુજરાતમા ચાલુ સિઝનમાં ૪૦ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ૧૧૭ ટકા વરસાદ નોંધાયો છે. ચોમાસાની વિદાયની વચ્ચે હવામાન વિભાગ દ્વારા હજી પણ વરસાદની આગાહી કરવામાં આવી રહી છે. ત્યારે આ સિઝનમાં વરસેલા વરસાદને કારણે રાજ્યના જળાશયો છલોછલ ભરાઈ ગયાં છે. ૨૦૭ જળાશયોમાં હાલમાં ૯૮ ટકા પાણીનો જથ્થો છે. આગામી સમયમાં પાણી અને સિંચાઈની હવે કોઈ મુશ્કેલી સર્જાય તેવું લાગતું નથી. રાજ્યના ૨૦૭ જળાશયોમાં હાલમાં ૯૮ ટકા પાણીનો જથ્થો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૯૦.૮૦, મધ્ય-પૂર્વના ૧૭ ડેમમાં ૯૯.૨૨, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૧૦૦, કચ્છના ૨૦ ડેમમાં ૮૪.૦૬, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૯૦.૧૨ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૧૦૦ ટકા પાણીનો જથ્થો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના ૮, મધ્ય-પૂર્વના ૧૪, દક્ષિણ ગુજરાતના ૧૨, કચ્છના ૧૦ અને સૌરાષ્ટ્રના ૮૫ ડેમ છલોછલ ભરાઈ ગયાં છે. રાજ્યમાં ૨૦૭ જળાશયોમાં હાલમાં ૧૫૪ જળાશયોમાં ૯૦ ટકાથી વધુ પાણી હોવાથી હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યાં છે. ૧૪ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ પાણી હોવાથી એલર્ટ પર રખાયા છે. જ્યારે ૧૦ જળાશયોમા ૭૦ ટકાથી વધુ પાણી હોવાથી વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. ૨૮ જળાશયો એવા છે જેમાં ૭૦ ટકાથી ઓછો પાણીનો જથ્થો છે. આ વખતે કચ્છમાં સૌથી વધુ ૧૪૭ ટકા વરસાદ વરસ્યો છે. છતાં પણ જિલ્લામાં સૌથી ઓછા જળાશયો છલકાયા છે.

# વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બસ રોકી ફટાકડા ફોડનાર બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

અમદાવાદમાં વડોદરા એક્સપ્રેસ હાઈવે પર જાહેરમાં ફટાકડા ફોડીને અશાંતિ અને જોખમ ઊભું કરનારા બે યુવકોને પોલીસે ઝડપી પાડ્યા છે. આ યુવકોએ લક્ઝરી બસને હાઈવેની વચ્ચે ઊભી રાખીને ફટાકડા ફોડ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે યુવકો દ્વારા માત્ર બેફામ રીતે ફટાકડા ફોડવામાં આવ્યા હતા એટલું જ નહીં, પરંતુ એક વ્યસ્ત એક્સપ્રેસ હાઈવે પર બસને ઊભી રાખીને અન્ય વાહનચાલકો માટે પણ ગંભીર અકસ્માતનો ખતરો ઊભો કર્યો હતો. આ ઘટના બાદ પોલીસ તંત્ર સક્રિય થયું હતું અને જાહેર માર્ગોની સુરક્ષા સાથે ચેડાં કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે બંને યુવકોની ધરપકડ કરીને તેમને કાયદાનું ભાન કરાવ્યું છે. તંત્ર દ્વારા જાહેર માર્ગોની સુરક્ષા જાળવવા માટે આવા કૃત્યો કરનારાઓ સામે સતત નજર રાખવામાં આવશે.

## પોલીસે ફિલ્મીઢબે પીછો કર્યો, અદ્ભુત નજારો

# લાઈનબંધ ૧૫ સ્કૂટરમાં દારૂ લઈ જતાં બુટલેગરો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

બોડેલી,તા.૫

દારૂની હેરાફેરી માટે બૂટલેગરોએ અપનાવેલી યુક્તિ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી, પરંતુ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ફિલ્મી સ્ટાઈલમાં પીછો કરીને આ ચાલને નિષ્ફળ બનાવી દીધી. બાતમીના આધારે SMC ટીમે અચાનક તમામ સ્કૂટરોને કોર્ડન કરીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે, જેમાં દારૂની હેરાફેરી કરતાં ૧૫ બૂટલેગરની ધરપકડ કરી ૨૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે વહેલી સવારે બોડેલી પાસેથી પસાર થતી નર્મદા કેનાલના રસ્તે ૧૫ સ્કૂટર પર વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે SMCની ટીમે મોરખલ પાસે વોચ ગોઠવી હતી. વહેલી સવારે બાતમી મુજબના સ્કૂટર સવારો દારૂ લઈને પસાર થતાં જ SMCની ટીમે ફિલ્મી ઢબે ૧૫ સ્કૂટરને કોર્ડન કરીને દબોચી લીધા હતા. દારૂ સાથે ઝડપાયેલા તમામ ૧૫ લોકોને બોડેલી પોલીસ મથકે લાવવામાં આવ્યા છે. મહત્વની બાબત એ છે કે, છેલ્લા કેટલાક સમયથી બૂટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે ટ્રક, ટેમ્પો કે કારને બદલે સ્કૂટરનો ઉપયોગ કરવાનું પ્રમાણ વધી રહ્યું છે.સ્ટેટ મોનિટરીંગ સેલની આ કાર્યવાહીથી છોટાઉદેપુર જિલ્લાના બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# અંકલેશ્વર ભરૂચ હાઈવે ઉપર ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૫



અંકલેશ્વર નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યાથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠયા છે, સાથે સર્વિસ રોડ બિસ્માર બનતા અનેક વાહનો ફસાયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી અંકલેશ્વર ભરૂચ વચ્ચે અવારનવાર ટ્રાફિકજામ સર્જાતા વાહન ચાલકો પરેશાન થઈ ઉઠયા છે. ભરૂચ-અંકલેશ્વર વચ્ચેના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ટ્રાફિક જામની રોજિંદી સમસ્યા બની છે. કલાકો સુધી ટ્રાફિક જામ રહેતા વાહન ચાલકો ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. ત્યારે નેશનલ હાઈવે ઓર્થોરિટી અને તંત્ર ચુપકીદી સેવીને બેઠું છે. તેઓની ચુપકીદીના કારણે વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે રોજિંદા ટ્રાફિકજામના કારણે, અંકલેશ્વર પાનોલી જીઆઈડીસીમાં જતા નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે સાથે રોજિંદા મુસાફરો પણભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે, ત્યારે નેશનલ હાઈવે ઓર્થોરિટી અને તંત્ર હાઈવેનું વહેલી ટકે સમારકામ હાથ ધરે તેવી લાગણી પ્રવર્તી છે. બીજી તરફ વાલિયા ચોકડી ઉપરના ફ્લાય ઓવર બ્રિજ ઉપર ટ્રાફિક જામ રોજિંદી સમસ્યા બની રહી છે તો આઈઆરબી દ્વારા બ્રિજને અડીને આવેલ સર્વિસ રોડ ઉપર પડી ગયેલા ખાડાઓની મરામત કરવામાં આવતી નથી. આ સર્વિસ રોડનો ઉપયોગ સ્થાનિક વાહનચાલકો ઉપરાંત અનેક ખાનગી ટ્રાવેલ્સ બસો કરતા આવ્યા છે. હાઈવે જામને કારણે આ સર્વિસ રોડ ઉપર પણ વાહનોની અવરજવર વધતી હોય છે તેને પરિણામે બિસ્માર સર્વિસ રોડને કારણે વિકટ સમસ્યા ખડી થઈ રહી છે. તો અન્ય આંતરિક માર્ગો ઉપર ટ્રાફિકનું ભારણ પણ વધવા પામ્યું છે.

# વંદે ભારત સ્પેશિયલ ટ્રેન પહેલા દિવસે અડધો કલાક મોડી પડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તેમની યાત્રાની માગને પૂરી કરવા માટે સાબરમતી-ગુડગાંવ અને મુંબઈ સેન્ટ્રલ-સાબરમતી વચ્ચે વિશેષ ભાડા પર વંદેભારત સુપરફાસ્ટ વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેન સાબરમતીથી તા.૫ અને ૬ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૮:૨૫ વાગ્યે ગુડગાંવ પહોંચશે. આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મારવાડ જંક્શન, અજમેર, જયપુર, અલવર અને રેવાડી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેન ગુજરાતથી રાજસ્થાન અને હરિયાણા તરફ જતા ઉત્તર ભારતના પ્રવાસીઓ માટે ખાસ કરીને લાભદાયી બનશે. ટ્રેનમાં એસી ચેર કાર અને એક્સિક્યુટિવ ચેર કાર શ્રેણીના કોચ છે.

આ ટ્રેન તા.૫ અને ૬ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મુંબઈ સેન્ટ્રલથી સવારે ૧૦:૩૦ વાગ્યે રવાના થશે અને તે જ દિવસે સાંજે ૫:૨૦ વાગ્યે સાબરમતી પહોંચશે. તેનો સ્ટોપ બોરીવલી, વાપી, સુરત અને વડોદરા સ્ટેશનો છે. મુંબઈ અને ગુજરાત વચ્ચે નિયમિત મુસાફરી કરતા વેપારીઓ અને અન્ય પ્રવાસીઓ માટે આ ટ્રેન સમય બચાવનારો અને આરામદાયક વિકલ્પ પૂરો પાડશે. તેવી આશા છે પણ બીજી તરફ એક મહિલા પ્રવાસી અમિષાબેનએ જણાવ્યું હતું કે, ટ્રેનનો સમય ૫:૩૦નો હતો, પણ અત્યારે ૫:૪૩ થઈ ગઈ છે અને હજી સુધી પ્લેટફોર્મ પર ટ્રેનનો નંબર પણ દર્શાવાયો નથી. તો મને નથી લાગતું કે ૬ વાગ્યા પહેલા ટ્રેન આવશે. અમારા બે લોકોની ટિકિટ ૩૭૦૦ થઈ છે, જે નોર્મલ થર્ડ ACના ૧૦૦૦-૧૨૦૦ કે સેકન્ડ ACના ૧૫૦૦ના ભાડાની સરખામણીમાં મોંઘું છે. જોકે, વંદે ભારતમાં વધારાની સુવિધાઓ છે, પણ ટ્રેન સમયસર નથી. હવે આશા છે કે અમે અમારા ગંતવ્ય સ્થાને સમયસર પહોંચીશું અને જે ૩૭૦૦ ચૂકવ્યા છે તે યોગ્ય સાબિત થશે.

# અમદાવાદના કાંકરિયા ખાતે 'મૂવ ફોર કલીન ચેલેન્જ' કાર્યક્રમનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫



સરકારની પ્રધાન પહેલ સ્વચ્છ ભારત અભિયાન અને સ્થાનિક નગરપાલિકાની સ્વચ્છતા ઝુંબેશને ટેકો આપવા માટે ઈસ્માઈલી સિવિક દ્વારા રવિવાર તા.૫ ઓકટોબર ૨૦૨૫ના રોજ અમદાવાદના કાંકરિયા તળાવ ગેટ નંબર ૧ ખાતે મૂવ ફોર કલીન ચેલેન્જ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવ્યાપી ગ્લોબલ ઈસ્માઈલી સિવિક ડે (GICD)ના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમમાં સાંજના વોકર, પરિવારો અને સ્વયંસેવકો એકઠા થયા હતા જ્યાં ફિટનેસ અને સામાજિક સેવાનું અનોખું સંયોજન જોવા મળ્યું અને ભાગ લેનારાઓને ચાલતા ચાલતા કચરો એકત્ર કરવાનો પ્રોત્સાહન આપવામાં આવ્યો અને દરેક સ્વચ્છ પગલું મહત્વનું છે એ સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ભાગ લેનારાઓના કચરાના થેલાનું વજન લેવામાં આવ્યું અને શ્રેષ્ઠ કામગીરી માટે તેમને વિશેષ બેજ કલીન એકસપ્લોરર, કલીન વોરિયર અને કલીન માસ્ટર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સૌથી વધુ વજન ધરાવનારાઓને અચાનક ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આ વર્ષની મુવ ફોર કલીન ચેલેન્જ પ્લોગિંગનો પણ પરિચય કરાયો હતો આ વિચારની શરૂઆત સ્વીડનમાં થઈ હતી અને આજે સમગ્ર વિશ્વમાં લોકપ્રિય થઈ રહી છે.ચાલવા કે દોડવા સાથે કચરો ઉઠાવવાની આ નવી રીત અમદાવાદમાં પહેલી વાર રજૂ કરવામાં આવી છે. આ અનોખી પહેલ દ્વારા નાગરિકોને વૈશ્વિક સ્તરે સ્વચ્છતાનો આંદોલન અનુભવવાની તક મળી અને કાંકરિયા તળાવને નાગરિક સહભાગીતાના સ્વચ્છ મોડેલ તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રસંગે નિલોફર દાઉદાની, અધ્યક્ષ, ઈસ્માઈલી કાઉન્સિલ ઓફ અમદાવાદે જણાવ્યું કે મુવ ફોર કલીન ચેલેન્જ એક એવું ઉદાહરણ છે જે બતાવે છે કે ફિટનેસ અને સામાજિક સેવા એક સાથે કેવી રીતે ચાલી શકે છે. કાંકરિયા તળાવ ખાતે વોકર પરિવારો અને સ્વયંસેવકોની ઉત્સાહભરી ભાગીદારી જોઈને અમને ગૌરવ થાય છે. આ પહેલ સરકારે હાથ ધરેલા સ્વચ્છ ભારત અભિયાન અને સ્થાનિક સ્વચ્છતા ઝુંબેશને ટેકો આપે છે. આ કાર્યક્રમ ઈસ્માઈલી મુસ્લિમ સમાજની સેવા, નાગરિક ફરજ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીની ભાવનાનું પ્રતિબિંબ છે. વધુમાં સમીના હિરાણી, સચિવ એ જણાવ્યું કે ઈસ્માઈલી સિવિક આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક ભાગીદારી જેવા ક્ષેત્રોમાં સેવા દ્વારા સમાજને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આજનો કાર્યક્રમ દર્શાવે છે કે દરેક નાનું પગલું દરેક સ્વચ્છ પગલું મહત્વનું છે.

# ગુજરાતના માજી સૈનિકોના હક્કો માટેની 'સૈનિક સ્વાભિમાન યાત્રા'નો નડિયાદથી પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ,તા.૫



ગુજરાતના માજી સૈનિકોના વિવિધ હક્કો અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે માજી સૈનિક સેવા ફાઉન્ડેશન દ્વારા રાજ્યવ્યાપી 'સૈનિક સ્વાભિમાન યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યાત્રા નડિયાદ મુકામે કમલા ચોકડીથી સવારે ૧૧ કલાકે પ્રસ્થાન થઈ છે. તે આખા ગુજરાતમાં ફરશે અને લોકોનું સમર્થન મેળવશે, જે બાદ આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે.

માજી સૈનિકોએ સરકાર સમક્ષ કેટલીક માગણીઓ મૂકી છે, જેના ચુસ્ત અમલની માગ સાથે આ સ્વાભિમાન યાત્રા નીકળી છે. જેમાં ? માજી સૈનિકોની મુખ્ય માંગ એ છે કે ગુજરાત રાજ્ય સરકારની વર્ગ-૧થી વર્ગ-૪ સુધીની નિમણૂક વખતે તેમને નિયમ મુજબ અપાતી અનામતનો ચુસ્તપણે અમલ કરવામાં આવે. તેમની અનામતમાં મેરિટને ધ્યાને લીધા વગર ફક્ત અને ફક્ત માજી સૈનિકોને જ નિમણૂક આપવામાં આવે તેવી જોગવાઈ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ? પરિવારના જીવનનિર્વાહ માટે માજી સૈનિકોને સરકારી ખેતીની જમીન અને રહેણાંક હેતુ માટે પ્લોટ ફાળવવાના નિયમોનો હાલ ગુજરાત સરકારમાં અમલ થતો ન હોવાનો આક્ષેપ છે.? આ નિયમોનો ચુસ્તપણે અમલ થાય તેવો સ્પષ્ટ પરિપત્ર અથવા જોગવાઈ કરવામાં આવે. વગેરે માંગો છે સૈનિક સ્વાભિમાન યાત્રાને નડિયાદમાં ચિસ્તીયા ફાઉન્ડેશનના પ્રમુખ સોહીલભાઈ ચિસ્તીયાએ આવકારી યાત્રાનું સ્વાગત કર્યું હતું.

સોહીલ ચિસ્તીયા, જેઓ હંમેશાથી માજી સૈનિક સંગઠનના સેવાના કામોમાં સાથ સહકાર આપતા રહ્યા છે, તેમણે દરેક ભારતીય નાગરિકને આ યાત્રાને અને દેશના જવાનોને સમર્થન આપવા આહ્વાન કર્યું હતું.

# પાલડીની વૃંદાવન ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા અફરાતફરી સર્જાઈ

## ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

શહેરમાં વધુ એક આગની ઘટના સામે આવી છે. પાલડી વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં આગ લાગી હતી. રવિવારે બપોરના સમયે ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે ૧૩ બાળકોને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. શહેરના પાલડી વિસ્તારમાં આવેલી નવજાત શિશુ અને બાળરોગ નિષ્ણાત 'વૃંદાવન ચિલ્ડ્રન હોસ્પિટલ'માં આગ લાગી હતી. અચાનક લાગ લાગતાં હોસ્પિટલમાં હાજર લોકો વચ્ચે દોડધામ મચી જવા પામી હતી. આગ લાગતા ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. જ્યારે ઘટનાની ગંભીરતાને જોતાં હોસ્પિટલમાંથી ૧૩ બાળકોને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. આગ વધુ પ્રસરતા ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. હોસ્પિટલમાં આગ કયા કારણસર લાગી હતી, તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. ફાયરની ટીમ દ્વારા આગ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

## અમરેલી ભાજપના ધારાસભ્ય

# કૌશિક વેકરિયા વિકાસ કર્યાનું જૂઠાણું ફેલાવી રહ્યા હોવાનો 'આપ'નો આક્ષેપ

અમરેલી, તા.૫



અમરેલી વડીયાના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા સોશિયલ મીડિયામાં સાડા સાત કરોડના વિકાસ કાર્યો કરાયા હોવાની જાહેરાતો પ્રચાર થતો હોય જે અંગે આમ આદમી પાર્ટીના કાર્યકર દિલીપ શિંગાળાએ વેકરિયાના આ કામો અંગેની એક પણ તકતી તેમના નામની લાગેલ હોઈ અને તેમણે તેની ગ્રાન્ટમાંથી વિકાસ કર્યો હોય તો જાહેરમાં વડીયાના શિવાજી ચોકમાં ચર્ચા કરવા ચેલેન્જ ફેકી હતી ત્યારે આજે ૫ તારીખ હોય આપના કાર્યકરોએ શિવાજી ચોક ખાતે હાજર થયેલ હતા પરંતુ કૌશિક વેકરિયા આપેલ ચેલેંજ મુજબ તેવો હાજર ના રહેતા આપ દ્વારા લગાવામાં આવેલ આક્ષેપો સાચા હોવાનું માનેલ હતું. વડિયાના શિવાજી ચોક ખાતે આપના કાર્યકર્તાઓ ચેલેન્જ આપી ધારાસભ્ય વેકરિયા વિકાસની ચર્ચાથી ભાગ્યા પાંચ વાગ્યે ચર્ચા કરવાના આવ્યા ના હતા વડિયા ગામમાં સાડા સાત કરોડના વિકાસ કાર્યો કર્યા છે તેવો ભાજપ દ્વારા વાયરલ કરાયેલ વીડિયો બાબતે અપાઈ હતી ચેલેન્જ અને વડિયા આપ નેતા દિલીપભાઈ શીંગાળાએ આપી હતી ચેલેન્જ, ધારાસભ્ય હાજર ના રહેતા ચેલેન્જ સ્વીકારી નહિ હતી. વડિયામાં કોઈ વિકાસ કાર્યમાં ધારાસભ્યના નામની તક્તિ હોય તો બતાવવા અને ચર્ચા કરવા અપાઈ હતી ચેલેન્જ પરંતુ કૌશિક વેકરિયા આવ્યા ના હતા ધારાસભ્ય કૌશિક વેકરીયાએ ફક્ત સસ્તી પ્રસિદ્ધિ મેળવવા ફોટો સેશન જ કર્યા છે સમગ્ર તાલુકો વિકાસથી વંચિત છે, એક વર્ષ પેહલા બાટવા દેવળી રોડનું વચન આપ્યું હતુ વિકાસમાં રકમ બતાવી રોડના બનાવ્યો આવો વિકાસ વડિયાનો કર્યો છે. સરકારી યોજનાઓ ગ્રાન્ટ પોતાના નામે બતાવી ધારાસભ્ય વિકાસની વાતો કરે છે પોતાની ગ્રાન્ટમાંથી એક રૂપિયો પણ આપ્યો નથી એ અહીં સાબિત થાય છે, ધારાસભ્યને વડિયાના વિકાસની ચર્ચા કરવાથી ભાગવું પડ્યું એ જ તેનું વડિયા પ્રત્યેનુ વલણ બતાવે છે કે, વડિયાને વિકાસથી વંચિત રાખવા માંગે છે વેકરિયા, શિવાજી ચોક ખાતે આમ આદમી પાર્ટી વડિયા કુંકાવાવના પ્રમુખ વિજય ડોબરીયા, સુખાભાઈ વાળા, દિલીપભાઈ શીંગાળા, ભીખુભાઈ વોરા, જે ડી કથીરિયા સહિતના કાર્યકર્તાઓ શિવાજી ચોક ખાતે પાંચ વાગ્યે હાજર રહી ધારાસભ્યની રાહ જોઈ હતી પરંતુ ધારાસભ્ય આવ્યા ના હતા.

# 'બિહારમાં કાઢી નાખવામાં આવેલા મતદારોની સંખ્યા કેટલીક બેઠકો પર છેલ્લા મતદાનના માર્જિન કરતાં પણ વધુ છે'

## કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે SIR પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ બિહારમાં અંતિમ મતદાર યાદીમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે

(એજન્સી) તા.૫

કોંગ્રેસે શનિવારે બિહારમાં અંતિમ મતદાર યાદીમાં કથિત વિસંગતતાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને દાવો કર્યો હતો કે ઘણા મતવિસ્તારોમાં, યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા નામોની સંખ્યા છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં જીતના માર્જિન કરતાં વધુ છે.



પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ભારતીય ચૂંટણી પંચ (ECI) એ રાજકીય દબાણ હેઠળ કામ કર્યું છે, ભાજપ અને તેના સાથી પક્ષોને ફાયદો પહોંચાડવાના હેતુથી બિહારમાં મતદાર યાદીઓનું તાજેતરનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હાથ ધર્યું છે. કોંગ્રેસના મહાસચિવ (સંદેશાવ્યવહાર) જયરામ રમેશે સોશિયલ મીડિયા પર કમિશનની ટીકા કરી હતી, અને તેને ભાજપની "બી-ટીમ" ગણાવી હતી અને તેના પર સ્વતંત્ર રીતે કાર્ય કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો. રમેશે મીડિયા અહેવાલોનો ઉલ્લેખ કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે બિહારના જમુઈમાં એક જ ઘરમાં ૨૪૭ મતદારો નોંધાયેલા હતા. તેમણે આરોપ લગાવ્યો કે SIR પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ અંતિમ મતદાર યાદીમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે. ચૂંટણી પંચે ભાજપના ઈશારે સમગ્ર SIR નાટકનું આયોજન કર્યું છે. અંતિમ SIRમાં ચૂંટણી પંચ દ્વારા સુધારાના દાવા પણ ખોટા સાબિત થઈ રહ્યા છે. બિહારના તમામ પ્રદેશોમાંથી એવા અહેવાલો આવી રહ્યા છે જે પુષ્ટિ કરે છે કે સમગ્ર પ્રક્રિયાનો એકમાત્ર હેતુ ભાજપ અને તેના સાથી પક્ષોને રાજકીય લાભ પૂરો પાડવાનો છે.

રમેશે એવો પણ આરોપ લગાવ્યો કે અંતિમ મતદાર યાદીમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો સ્પષ્ટપણે અનાદર કરવામાં આવ્યો છે. શું મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સમજાવશે કે એક જ ઘરમાં ૨૪૭ મતદારો કેવી રીતે મળી આવ્યા અને એક જ બૂથ પર એક જ વ્યક્તિનું નામ ૩-૩ વાર કેમ દેખાય છે ? અંતિમ મતદાર યાદીમાં આટલી મોટી ગેરરીતિઓ કેવી રીતે સામે આવી રહી છે ? શું તેઓ જવાબ આપશે કે પછી પહેલાની જેમ ચૂપ રહેશે ?

તેમણે નોંધ્યું કે કેટલાક વિધાનસભા ક્ષેત્રોમાં, યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા નામોની સંખ્યા અગાઉની ચૂંટણીઓમાં જીતના માર્જિન કરતા વધારે છે જે ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

કોંગ્રેસે સતત કહ્યું છે કે ચૂંટણી પંચ રાજકીય પક્ષપાત કરી રહ્યું છે અને દાવો કર્યો છે કે તે "શાસક પક્ષની કઠપૂતળી" જેવું વર્તન કરી રહ્યું છે. પાર્ટીએ અન્ય વિપક્ષી જૂથો સાથે મળીને SIR પ્રક્રિયાને રોકવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો, અને દાવો કર્યો હતો કે તે વિરોધ પક્ષોના મતદાર આધારને લક્ષ્ય બનાવે છે. ચૂંટણી પંચની હાલની ઢીલી કામગીરી અને રાજકીય રીતે પક્ષપાતી નીતિઓ ભારતના લોકશાહી અને આપણી આંતરરાષ્ટ્રીય છબીને પ્રતિકૂળ અસર કરી રહી છે.

કોંગ્રેસે કહ્યું કે અમે ફરી એકવાર પુનરાવર્તન કરીએ છીએ કે ભાજપને મદદ કરવા માટે શરૂ કરાયેલ SIR પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ઉતાવળ કરવાને બદલે, ચૂંટણી પંચે નિષ્પક્ષ રીતે કામ કરવું જોઈએ.

ચૂંટણી પંચે આ આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે ખાસ સઘન સુધારણા કવાયત કાનૂની અને બંધારણીય ધોરણો અનુસાર કડક રીતે હાથ ધરવામાં આવી રહી છે.

# બરેલીમાં 'બુલડોઝર રાજકારણ'નું પુનરાગમન : ડૉ.નફીસના "રઝા પેલેસ"ના એક ભાગને BDA દ્વારા તોડી પાડવામાં આવતાં કોમી તંગદિલીમાં વધારો

(એજન્સી) બરેલી શરીફ, તા.૫

બરેલી શરીફમાં "આઇ લવ યુ મોહમ્મદ"બેનર સાથેના આંદોલન દરમિયાન સર્જાયેલી હિંસામાં સંડોવાયેલા મનાતા આરોપી પૈકીના એકની માલિકીનો લગ્ન સમારંભો માટેનો હોલ સત્તાવાળાઓ દ્વારા તોડી પાડવામાં આવ્યો હતો. ભારે કડક સુરક્ષા વચ્ચે શનિવારે બરેલી ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા આ હોલ ઉપર બુલડોઝર ફેરવી દેવાની કાર્યવાહી કરવામાં આવી હતી અને એવો દાવો કરવામાં આવ્યો હતો કે મેરેજ હોલ નીતિ નિયમોનો ભંગ કરીને બાંધવામાં આવ્યો હતો.



બરેલી શરીફમાં હિંસાના આરોપસર તેમની ધરપકડ કરવામાં આવી છે એવા પ્રખ્યાત આલીમ મૌલાના તોકીર રઝાખાનના નજદીકના સાથીદાર મનાતા ડોક્ટર નફીસ ખાનની માલિકીનો મેરેજ હોલ "રજા પેલેસ" તોડી પાડવામાં આવ્યો છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ડોક્ટર નફીસ ઉપર પણ હિંસામાં સામેલગીરીનો આરોપ મૂકીને એમની ધરપકડ કરીને અત્યારે જેલહવાલે કરવામાં આવ્યા છે.

શનિવારે બપોરે ત્રણ બુલડોઝર સ્થળ પર પહોંચી ગયા હતા અને મેરેજ હોલ તોડવાનું શરૂ કર્યું હતું અને લગભગ ત્રણ કલાક ચાલેલી કામગીરી પછી મેરેજ હોલનો ગેરકાયદે ગણાવવામાં આવેલો તમામ ભાગ તોડી પાડવામાં આવ્યો હતો અને એ પછી આખી ઈમારતને સીલ કરી દેવામાં આવી હતી.

ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અવિનાશ સિંગની આગેવાની નીચે અને સુપરવિઝન હેઠળ બુલડોઝર ઓપરેશન કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે જંગી સંખ્યામાં પોલીસ પણ ગોઠવવામાં આવી હતી અને બરેલી શરીફના એસપી મનુષ પારીખ પણ હાજર રહ્યા હતા અને પીએસીના જવાનોને પણ ગોઠવવામાં આવ્યા હતા અને આખો વિસ્તાર ઘેરી લેવામાં આવ્યો હતો. સત્તાવાર રીતે એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે બાંધકામના નીતિ નિયમોને અવગણીને હોલનું બાંધકામ કરવામાં આવ્યું હતું એટલે કાનૂની પ્રક્રિયા અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી અને કોઈ વ્યક્તિને નિશાન બનાવવામાં આવી નથી.

# નીરવ મોદી પૂછપરછની ચિંતાઓ દર્શાવીને યુકેમાં પ્રત્યાર્પણ ટ્રાયલ ફરીથી કરવા ઈચ્છે છે

## ભારતીય અધિકારીઓએ જણાવ્યું છે કે મોદી પર હાલના કાયદાઓ હેઠળ કેસ ચલાવવામાં આવશે અને પ્રત્યાર્પણ પછી કોઈ વધારાના આરોપો મૂકવામાં આવશે નહીં

(એજન્સી) તા.૫

ભાગેડુ હીરા વેપારી નીરવ મોદી ૨૩ નવેમ્બરના રોજ લંડનની કોર્ટમાં હાજર થવાનો છે અને ભારતમાં તેના પ્રત્યાર્પણ ટ્રાયલ ફરીથી ખોલવાની માંગ કરી રહ્યો છે કારણ કે જો તે પાછો ફરે તો ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા તેની પૂછપરછ કરી શકે છે. આ દાવાનો ભારતીય અધિકારીઓ ઔપચારિક ખાતરીઓ સાથે જવાબ આપશે તેવી અપેક્ષા છે. યુકે સુપ્રીમ કોર્ટમાં અપીલ સહિત તમામ કાનૂની માર્ગો ખતમ થઈ ચૂક્યા હોવા છતાં, મોદીએ તેના પ્રત્યાર્પણને રોકવા માટે છેલ્લા પ્રયાસમાં વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટનો સંપર્ક કર્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે અરજીમાં કસ્ટડીમાં પૂછપરછ અને ભારતીય એજન્સીઓ દ્વારા સંભવિત દુર્વ્યવહારના ભયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, ભારતીય અધિકારીઓનું કહેવું છે કે વધુ પૂછપરછની જરૂર નથી. અમે પહેલાથી જ ચાર્જશીટ દાખલ કરી દીધી છે. તપાસ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. તેમને ફક્ત ભારતીય કાયદા હેઠળ ટ્રાયલનો સામનો કરવો પડશે. કેસની સીધી જાણકારી ધરાવતા એક અધિકારીએ જણાવ્યું કે, જો



જરૂર પડે તો, ભારત અગાઉના ખાતરીઓને પુનરાવર્તિત કરવા તૈયાર છે કે મોદી પરત ફર્યા પછી તેમની પૂછપરછ કરવામાં આવશે નહીં. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સહિત તમામ તપાસ સંસ્થાઓ માટે મોદીની પૂછપરછ હવે જરૂરી નથી. ભારતે યુકેને ખાતરી પણ આપી છે કે, જો પ્રત્યાર્પણ કરવામાં આવે તો, મોદીને મુંબઈની આર્થર રોડ જેલના બેરેક ૧૨ માં રાખવામાં આવશે, જે સલામતી, તબીબી સંભાળ અને ભીડભાડ અથવા દુર્વ્યવહારથી રક્ષણની દ્રષ્ટિએ આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરે છે. ૫૪ વર્ષીય મોદી એક સમયે એક હાઇ-પ્રોફાઇલ જ્વેલર હતા, જેની બ્રાન્ડ વૈશ્વિક સેલિબ્રિટીઓને આકર્ષિત કરતી હતી, તેના પર પંજાબ નેશનલ બેંક (PNB) દ્વારા જારી કરાયેલા બનાવટી લેટર ઓફ અંડરટેકિંગ દ્વારા રૂા.૬,૪૯૮ કરોડની છેતરપિંડીનો આરોપ છે. તે હાલમાં ભારતમાં ત્રણ પ્રકારના ફોજદારી કેસનો સામનો કરી રહ્યો છે.

- પીએનબી બેંકિંગ છેતરપિંડી સાથે સંકળાયેલ સીબીઆઈ કેસ
- છેતરપિંડીની રકમના મની લોન્ડરિંગ સંબંધિત ઈD કેસ
- સીબીઆઈ તપાસમાં પુરાવા અને સાક્ષીઓ સાથે છેડછાડ સંબંધિત આરોપો

૧૯ માર્ચ ૨૦૧૯ના રોજ પ્રત્યાર્પણ વોરંટ પર મોદીની લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી, અને એપ્રિલ ૨૦૨૧માં, યુકેના તત્કાલીન ગૃહ સચિવ પ્રીતિ પટેલે તેમના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી. તે લગભગ છ વર્ષ સુધી યુકેમાં કસ્ટડીમાં રહ્યો છે અને તેના ઉચ્ચ જોખમને કારણે તેની અનેક જામીન અરજીઓ નકારી કાઢવામાં આવી છે. ભારતીય અધિકારીઓએ જણાવ્યું છે કે મોદી પર હાલના કાયદાઓ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે અને પ્રત્યાર્પણ પછી કોઈ વધારાના આરોપો મૂકવામાં આવશે નહીં.

# ઉત્તરપ્રદેશના મેરઠમાં 'આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)'ના પોસ્ટર લગાવવા બદલ પાંચ લોકોની ધરપકડ

(એજન્સી) તા.૫

ઉત્તરપ્રદેશના માવાના શહેરમાં પોલીસે 'આઈ લવ મુહમ્મદ' લખેલું પોસ્ટર લગાવવાના કથિત કૃત્ય બદલ કેસ નોંધીને પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી છે. આ ઘટના શુક્રવારે મોડી રાત્રે શહેરના મુખ્ય આંતરછેદ (મેઈન ઈન્ટરસેક્શન) પર બની હતી. પોસ્ટરના પ્રદર્શન સામે કેટલાક સ્થાનિક લોકોએ વાંધો ઉઠાવ્યા બાદ શનિવારે સવારે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. 'ધ હિન્દુ' અખબારના પોલીસ અધિકારીઓને ટાંકીને જણાવ્યા અનુસાર, માવાનામાં એક અગ્રણી સ્થળે આ પોસ્ટર કોઈપણ પરવાનગી વિના લગાવવામાં આવ્યું હતું. તણાવ વધતા, પોલીસે પરિસ્થિતિને વણસતી અટકાવવા માટે ત્વરિત હસ્તક્ષેપ કરીને પોસ્ટરો દૂર કર્યા હતા.

માવાનાના સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) પૂનમ જાડોનએ જણાવ્યું કે, આઉટપોસ્ટ ઈન્ચાર્જ મનોજ શર્મા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે કેસ દાખલ કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓ-ઈદ્રિશ, તસલીમ, રિહાન, ગુલફામ અને હારુન-પર ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૫૩ હેઠળ "જાહેર ગેરવ્યવસ્થાને અનુકૂળ નિવેદનો કરવા" બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

SHOએ કહ્યું, 'તમામ પાંચ વ્યક્તિઓની કસ્ટડી લેવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે. આ કૃત્યમાં અન્ય કોઈ પણ સામેલ જણાશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.'




આ વિવાદ બાદ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વધારાના પોલીસ દળોને સમગ્ર શહેરમાં સાવચેતીના પગલાં તરીકે તૈનાત કરવામાં આવ્યા છે. અફવાઓ અથવા સાંપ્રદાયિક તણાવ ફેલાતો અટકાવવા માટે પોલીસ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવામાં આવ્યું છે.

જિલ્લા વહીવટીતંત્રે રહેવાસીઓને શાંતિ જાળવવા, ખોટી માહિતી ન ફેલાવવા અને વિસ્તારમાં શાંતિ જાળવવા માટે સત્તાવાળાઓને સહકાર આપવાની અપીલ કરી છે. સૂત્રોએ જણાવ્યું કે, માવાનાની અંદર અને આસપાસના સંવેદનશીલ સ્થળો પર સુરક્ષા સઘન કરવામાં આવી છે અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

# મધ્યપ્રદેશમાં ઝેરી કફ સિરપથી ૧૪ બાળકોનાં મોત બાદ ડૉક્ટરની ધરપકડ, નમૂનાઓમાં ઝેરી કેમિકલ મળ્યું

(એજન્સી) તા.૫

એક જાણીતા મીડિયાના અહેવાલ અને અધિકારીઓને ટાંકીને મળતી માહિતી મુજબ, મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં દૂષિત કોલ્ડ્રિફ કફ સિરપને કારણે ૧૪ બાળકોના કથિત મૃત્યુના પગલે એક ડૉક્ટરની ધરપકડ કરવામાં આવી છે. મીડિયા અહેવાલો અનુસાર, અસરગ્રસ્ત મોટાભાગના બાળકોની સારવાર પરાસિયામાં પ્રેક્ટિસ કરતા સરકારી ડૉક્ટર ડૉ. પ્રવીણ સોનીની ખાનગી ક્લિનિકમાં કરવામાં આવી હતી. ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, ડૉ. સોની પર સપ્ટેમ્બરની શરૂઆતમાં સામાન્ય શરદી અને તાવના લક્ષણો સાથે આવેલા બાળકોને કોલ્ડ્રિફ સિરપ લખી આપવાનો આરોપ છે. પ્રારંભિક સુધારા પછી, બાળકોની સ્થિતિ બગડી હતી, જેમાં પેશાબનું ઓછું ઉત્પાદન અને કિડનીમાં ચેપ લાગ્યો હતો, જેના કારણે આખરે મૃત્યુ થયા હતા. કિડની બાયોપ્સીમાં પાછળથી સિરપમાં ડાયેથિલિન ગ્લાયકોલની ભેળસેળ હોવાનું બહાર આવ્યું હતું. શંકાસ્પદ કિડની ફેલ્યોરના કારણે મધ્યપ્રદેશ સરકારે આ કફ સિરપના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે, અધિકારીઓએ જણાવ્યું કે દવાના નમૂનાઓમાં અત્યંત ઝેરી પદાર્થ મળી આવ્યો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) એ છ રાજ્યોમાં કફ સિરપ અને એન્ટિબાયોટિક્સ સહિત ૧૯ દવાઓના ઉત્પાદન એકમો પર જોખમ આધારિત નિરીક્ષણ શરૂ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે ચેન્નાઈની ડ્રગ ટેસ્ટિંગ લેબોરેટરીમાં સરકારી ડ્રગ વિશ્લેષક દ્વારા પરીક્ષણ કરાયેલ સિરપનો એક નમૂનો તમિલનાડુ ડાયરેક્ટોરેટ ઓફ ડ્રગ કંટ્રોલ દ્વારા "સ્ટાન્ડર્ડ ગુણવત્તાનો નહીં" (Not of Standard Quality) જાહેર કરવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશ સરકારની આ કાર્યવાહી છિંદવાડા જિલ્લામાં શંકાસ્પદ કિડની ફેલ્યોરને કારણે ૧૪ બાળકોના મૃત્યુના પગલે આવી છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે આમાંથી ૧૦ મૃત્યુ ૭ સપ્ટેમ્બરથી પરાસિયા પેટાવિભાગમાં નોંધાયા હતા.



અધિકારીઓએ જણાવ્યું કે મૃત્યુ પામેલા ૧૪ બાળકોના પરિવારજનો માટે રૂા.૪ લાખની નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી છે. મૃતકોમાં ૧૧ પરાસિયા પેટા વિભાગના, બે છિંદવાડા શહેરના અને એક ચૌરાઈ તહસીલના હતા. SDM યાદવે જણાવ્યું કે સાવચેતીના પગલા તરીકે, સ્થાનિક વહીવટીતંત્રે સોમવારે જ કોલ્ડ્રિફ અને અન્ય એક કફ સિરપ, 'નેક્સ્ટ્રો-ડીએસ'ના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. કોલ્ડ્રિફનો પરીક્ષણ અહેવાલ શનિવારે આવ્યો, જ્યારે નેક્સ્ટ્રો-ડીએસનો રિપોર્ટ આવવાનો બાકી છે.

તમિલનાડુ ડ્રગ કંટ્રોલ સત્તાવાળાઓએ ૨ ઓક્ટોબરના તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે કાંચીપુરમ સ્થિત શ્રીસન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા ઉત્પાદિત કોલ્ડ્રિફ સિરપના નમૂના (બેચ નંબર SR-13)માં ડાયેથિલિન ગ્લાયકોલ (48.6% w/v) નામનો ઝેરી પદાર્થ હતો, જે "આરોગ્ય માટે હાનિકારક હોઈ શકે છે", તેથી તેને ભેળસેળયુક્ત જાહેર કરવામાં આવ્યો હતો. આ અહેવાલના પગલે, મધ્યપ્રદેશ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનએ સમગ્ર રાજ્યમાં કોલ્ડ્રિફનું વધુ વેચાણ અને વિતરણ બંધ કરવા અને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ હેઠળ તપાસ માટે ઉપલબ્ધ સ્ટોક તાત્કાલિક જપ્ત કરવાના નિર્દેશો જારી કર્યા હતા. તેણે શ્રીસન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા ઉત્પાદિત અન્ય ઉત્પાદનોને પણ પરીક્ષણ બાકી રહે ત્યાં સુધી વેચાણમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રી મોહન યાદવે X પરની એક પોસ્ટમાં આ મૃત્યુને "અત્યંત દુઃખદ" ગણાવ્યા અને કહ્યું કે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, "આ સિરપના વેચાણ પર સમગ્ર મધ્યપ્રદેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સિરપ બનાવતી કંપનીના અન્ય ઉત્પાદનો પર પણ પ્રતિબંધ લાદવામાં આવી રહ્યો છે." મધ્યપ્રદેશમાં થયેલા મૃત્યુ અને રાજસ્થાનમાં શંકાસ્પદ કિડની ચેપને કારણે ઓછામાં ઓછા ત્રણ સમાન મૃત્યુના અહેવાલો બાદ તમિલનાડુ સરકારે શુક્રવારે કોલ્ડ્રિફ પર પ્રતિબંધ મૂક્યો હતો. અસરગ્રસ્ત બાળકોના નમૂનાઓ પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યા છે, જ્યારે સિરપની ભેળસેળ અને દૂષણ અંગે વધુ પરીક્ષણો ચાલી રહ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે CDSCO એ છ રાજ્યોમાં કફ સિરપ અને એન્ટિબાયોટિક્સ સહિત ૧૯ દવાઓના ઉત્પાદન એકમો પર જોખમ આધારિત નિરીક્ષણ શરૂ કર્યું છે.

# પેલેસ્ટીન સાથે એકજૂટતા દર્શાવતી પત્રિકાઓનું વિતરણ કરવા બદલ પ્રોફેસર વિપિન કુમાર ત્રિપાઠીને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે

(એજન્સી) તા.૫

IIT દિલ્હીના નિવૃત્ત પ્લાઝ્મા ફિઝિસ્ટ અને સમર્પિત સામાજિક કાર્યકર્તા પ્રોફેસર વિપિન કુમાર ત્રિપાઠીને કોમી સૌહાર્દ અને અહિંસાને પ્રોત્સાહન આપવા બદલ સતત ધમકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શાંતિ અને ગાઝા સાથે એકતાની હિમાયત કરતી પત્રિકાઓ વહેંચવા માટે જાણીતા ત્રિપાઠીને તાજેતરમાં પત્રિકાઓનું વિતરણ કરતી વખતે તેમના વિચારોનો વિરોધ કરી રહેલા એક જૂથે ઘેરી લીધા હતા.



તેમની પુત્રી, રાખી ત્રિપાઠીએ શેર કરેલા એક વીડિયોમાં તે વ્યક્તિઓ સાથેની તેમની ઉગ્ર દલીલ કેદ થઈ છે. જ્યારે એક વ્યક્તિએ "તમે ગાઝાની સ્થિતિની ચિંતા કરો છો, પહેલા તમારી પોતાની સ્થિતિ જુઓ," તેવી ટિપ્પણી કરી, ત્યારે પ્રોફેસર ત્રિપાઠીએ દ્રઢતાથી જવાબ આપ્યો કે, "તેઓ (પેલેસ્ટીનીઓ) આપણા પોતાના છે." જ્યારે જૂથમાંથી એક વ્યક્તિએ "પાકિસ્તાન અને ગાઝાના લોકો" સાથે સહઅસ્તિત્વ રાખવાની અનિચ્છા વ્યક્ત કરી, ત્યારે પણ ત્રિપાઠી તેમના એકતાના સંદેશ પર અડગ રહ્યા હતા. આ ઘટના કોઈ અલગ કિસ્સો નથી.

૨૭ સપ્ટેમ્બરના રોજ, મહારાષ્ટ્ર પોલીસે ધારાવીમાં ત્રિપાઠીને રોક્યા હતા, તેમની પત્રિકાઓ જપ્ત કરી હતી અને પૂર્વ પરવાનગીની જરૂરિયાત ટાંકીને તેમને થોડા સમય માટે પોલીસ સ્ટેશનમાં અટકાયતમાં લીધા હતા.

આવા સતામણી છતાં, ત્રિપાઠી અડગ રહ્યા છે, તેઓ ઘણીવાર રાજઘાટ ખાતે ઉપવાસ કરે છે અને સાંપ્રદાયિક નફરતનો સામનો કરવા માટે વિવિધ શહેરોમાં સમુદાયો સાથે સંકળાયેલા રહે છે. તેમની પુત્રીએ ઠ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો, લખ્યું કે, "જુઓ કે કેવી રીતે આ દ્વેષપૂર્ણ લોકોએ મારા પિતાને ઘેરી લીધા, પપ્પાને લગભગ દરરોજ આનો સામનો કરવો પડે છે, તેમ છતાં તેઓ માનવતા માટે સમર્પિત છે." ત્રિપાઠીનો સામાજિક કાર્યકર્તા તરીકેનો ઈતિહાસ ૧૯૮૨નો છે, જ્યારે ઈઝરાયેલના લેબેનોન પરના આક્રમણ અને ૩૦,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા થઈ, જેણે તેમને અહિંસાની હિમાયત કરવા પ્રેર્યા.

યુએસમાંથી ભારત પરત ફર્યા પછી, તેઓ IITમાં જોડાયા પરંતુ પોતાનું મિશન ચાલુ રાખ્યું, શાંતિપૂર્ણ પ્રતિકારની શક્તિ પર ભાર મૂક્યો. ગાઝાના ચાલી રહેલા સંકટ વિશે મકતૂબના નિકિતા જૈનને જણાવતા તેમણે કહ્યું હતું કે ઈઝરાયેલ દ્વારા નાગરિકોને નિશાન બનાવતા અને ઘરોનો નાશ કરતા અપ્રમાણસર વળતા હુમલાએ તેમને તેમના પ્રયાસો વધુ તેજ કરવા મજબૂર કર્યા.

તેમણે કહ્યું, "ગાઝામાં પેલેસ્ટીનીઓ પાસે કોઈ સરકાર કે સમર્થન નથી; ઈઝરાયેલે જ તેમને રાજ્યવિહીન (stateless) બનાવી દીધા છે." દુશ્મનાવટથી ડર્યા વિના, કરૂણાને પ્રોત્સાહન આપવાનો અને હિંસાના મુકાબલે મૌન ન રહેવાનો ત્રિપાઠીનો સંકલ્પ અચળ રહ્યો છે.

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં આજથી પ્રથમ સત્રાંત કસોટી લેવાશે

## ૧૪ ઓક્ટોબરના રોજ પરીક્ષા પૂર્ણ થશે, તમામ સ્કૂલોએ સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવાની રહેશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૫

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં સોમવારથી પ્રથમ સત્રાંત કસોટીનો પ્રારંભ થશે. GCERT દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર સોમવારથી શરૂ થનારી પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૪ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. સમગ્ર રાજ્યની ૩૨,૦૦૦ શાળાઓના ૫૦ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોએ નક્કી કરેલા સમયપત્રક અને પ્રશ્નપત્રના આધારે જ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર સોમવારથી શરૂ થશે. આ પરીક્ષા ૧૪ ઓક્ટોબર સુધી ચાલશે. રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે જણાવાયું છે. ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવ્યું છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટી પત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને સોંપવામાં આવશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટી પત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ જિલ્લા કક્ષાએથી તૈયાર કરવાના રહેશે, અને સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. જ્યારે બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે. સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલી હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે. ધોરણ-૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ અલગ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાના રહેશે. જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલા સમય પત્રક મુજબ યોજવાની રહેશે. સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે તે શાળા કક્ષાએ કરવાની રહેશે.

### અનેક કામગીરીઓમાં વ્યસ્ત શિક્ષક પાસે ભણાવવાનો સમય જ નથી

# 'પરખ' રિપોર્ટમાં ગુજરાતમાં શિક્ષણના નીચલા સ્તરની વરવી વાસ્તવિકતા સામે આવી

## સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોપ ટેનમાં નહી પણ નબળું પ્રદર્શન કરનારા રાજ્યોની યાદીમાં ગુજરાતનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૫

કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગે પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ના જાહેર કરેલા રિપોર્ટમાં ગુજરાતમાં શિક્ષણના સ્તરની વરવી વાસ્તવિકતા સામે આવી છે. રિપોર્ટ મુજબ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોપ ૧૦ પર્ફોર્મિંગ રાજ્યમાં ગુજરાત રાજ્યનો સમાવેશ જ નથી. રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્યનો સમાવેશ નબળું પ્રદર્શન કરનારા રાજ્યોની યાદીમાં થાય છે. બાળકોમાં લેખન શક્તિ ઓછી છે, બાળક કેવા પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યો છે, શૈક્ષણિક સ્તર કેવા પ્રકારનું છે આ તમામ પાસાઓને લઈને મૂલ્યાંકન કસોટી લેવામાં આવે છે અને તેના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. જેથી આ તમામ બાબતોમાં બાળકોને તૈયાર કરવાની જવાબદારી શિક્ષકની બનતી હોય છે. પરંતુ શિક્ષક બાળકોને ભણાવવા માટે સમય જ ના આપી શકતો હોવાનું સામે આવ્યું છે. જેને માત્ર બાળકોના શિક્ષણની ચિંતા કરવાની હોય તે શિક્ષક અત્યારે ૫૬ જેટલી જવાબદારીઓનો ભાર લઈને ફરી રહ્યો છે. શાળાઓના શિક્ષકોને ૫૬ જેટલી અલગ અલગ જવાબદારી સોંપવામાં આવે છે. આ જવાબદારી પૂર્ણ કરવામાં શિક્ષક બાળકોના અભ્યાસ પર ક્યારે ધ્યાન આપશે તે સૌથી મોટો સવાલ છે. શિક્ષકોને અન્ય કામગીરી સોંપવામાં આવતા તે કામગીરી પૂર્ણ કરવામાં તો શાળાનો સમય જ પૂર્ણ થઈ જાય છે અને બાળકો અભ્યાસ માટે રાહ જોઈને બેઠા હોય છે શિક્ષક ક્યારે ભણાવશે. શિક્ષકને એક તરફ અનેક પ્રકારની કામગીરી સોંપવામાં આવે છે. તો બીજી તરફ રાજ્યની મોટા ભાગની શાળાઓમાં શિક્ષકોની છેલ્લા ઘણા સમયથી ઘટ છે. નવી શિક્ષણ નીતિ મુજબ ૨૫ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક હોવા જોઈએ. પરંતુ ગુજરાતમાં વિદ્યાર્થી શિક્ષકનો એ રેશિયો જળવાતો નથી. અત્યારની સ્થિતિ પ્રમાણે રાજ્યમાં ૨૯ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક છે. ૨૫ જેમ એકના રેશિયા મુજબ ગુજરાતમાં ૪,૫૯,૮૬૮ શિક્ષકો હોવા જોઈએ, પરંતુ તેની સામે અત્યારે ૩,૯૪,૦૫૩ શિક્ષકો જ છે એટલે કે રાજ્યમાં ૬૫,૮૧૪ની ઘટ જોવા મળી રહી છે. શિક્ષકોની ઘટની સીધી અસર બાળકોના અભ્યાસ પર પડી રહી છે. તો બીજી તરફ ૨,૪૬૨ શાળાઓ એવી છે કે જ્યાં માત્ર એક જ શિક્ષક છે. હવે સમજી શકાય છે કે આ એક જ શિક્ષક ૫૬ કામગીરી પૂર્ણ કર્યા બાદ આખી શાળાના વિદ્યાર્થીઓને કઈ રીતે અભ્યાસ કરાવી શકે છે. અને આ આંકડા પણ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના યુડાયસ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યા છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલ કહે છે કે, શિક્ષકને મલ્ટી પર્પસ કર્મચારી તરીકે અપનાવી લેવામાં આવ્યો છે. શિક્ષકોને ૫૬ પ્રકારના કામ સોંપવામાં આવે છે. તીડ ભગાડવા હોય કે થાળી વગાડવાની હોય તે તમામ કામ શિક્ષકોને જ સોંપવામાં આવે છે. કોરોના સમયમાં મૃતદેહ ગણવાની જવાબદારી પણ શિક્ષકને સોંપવામાં આવી હતી. શિક્ષકને ફક્ત ૧૧થી ૫ સુધી શિક્ષણ કાર્યની જ જવાબદારી સોંપવી જોઈએ. ૫૬ કામગીરી સોંપવામાં આવતા અલગ અલગ એક્ટિવિટી કરાવી બાળકોને તૈયાર કરવાનો સમય જ શિક્ષક પાસે નથી.

# ધોરણ-૧૧, ૧૨ સા.પ્ર.માં વૈકલ્પિક વિષય તરીકે યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો સમાવેશ

## શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહના જૂથ-૪માં નવા વિષયનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૫

ધોરણ- ૧૧અને ૧૨ સામાન્ય પ્રવાહમાં યોગ અને સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (વ્યાયામ) વિષયને વૈકલ્પિક વિષય તરીકે સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સામાન્ય પ્રવાહના વિષય માળખામાં જૂથ - ૪મા નવા બે વિષયોનો ઉમેરો કરવા અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર કરવામાં આવ્યો છે. બોર્ડે કરેલા પરિપત્ર અનુસાર નવા માળખાનો અમલ ધોરણ-૧૧ માટે વર્ષ ૨૦૨૬-૨૭ અને ધોરણ-૧૨ માટે ૨૦૨૭-૨૮થી કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહનું જૂથ મુજબનું નવું વિષય માળખું જાહેર કરીને જિલ્લાઓમાં મોકલી આપ્યું હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિષય માળખામાં કુલ ચાર જૂથ પાડેલા છે. વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે આ ચાર જૂથમાંથી જુદાજુદા વિષયોની પસંદગી કરવાની રહેતી હોય છે. જૂથ-૪માં ચિત્રકલા, સંગીત, કમ્પ્યુટર અધ્યયન અને વોકેશનલ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે આ વિષયોનો ઓપ્શનમાં વિદ્યાર્થીઓ યોગ અને વ્યાયામનો વિષય પણ પસંદ કરી શકે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા નવા વૈકલ્પિક વિષય સાથે નવુ માળખુ જાહેર કરવામાં આવ્યુ છે, જેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશઃ થશે. જૂથ-૧માં અંગ્રેજી વિષય તેમજ જૂથ-૨માં કોઈપણ એક ભાષાનો વિષય પસંદ કરવાનો થશે. જૂથ-૩માં વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, નામાનાં મૂળ તત્વો અને સંસ્કૃત, પાકૃત સહિતના વિષયમાથી બે વિષય પસંદ કરવાના થશે. છેલ્લા જૂથ-૪માં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ, તત્વજ્ઞાન સહિતના વિષય સાથે પ્રોયોગિક અને સૈદ્ધાંતિક મળી વિવિધ વિષયમાથી ત્રણ વિષય પસંદ કરવાના થશે. ચોથા જૂથમાં યોગ અને શારિરીક શિક્ષણ એમ નવો વૈકલ્પિક વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે.

# વિચરતી વિમુક્ત જાતિઓના બાળકોને ભણાવવા પર ભાર મૂકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી વિમુક્ત જાતિઓ ના અમદાવાદમાં યોજાયેલા રાજ્ય સ્તરીય મહાસંમેલન'માં જણાવ્યું કે, વિચરતી- વિમુક્ત જાતિનો સમાજ આગળ વધશે તો ક્યારે વધશે એ ભૂતકાળમાં સવાલ હતો પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવું સક્ષમ નેતૃત્વ મળ્યું અને દરેક વ્યક્તિ-સમાજને સાથે રાખીને સૌના સાથ સૌના વિકાસ ધ્યેય પાર પડ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી અને વિમુક્ત જાતિઓના બાળકોને શિક્ષણ આપવા ,ભણાવવા પર ભાર મુકતા કહ્યું કે, તમારા દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખુબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઊભી રહેવા તૈયાર છે. તેમણે આત્મ નિર્ભર ભારત માટે વોકલ ફોર લોકલ અને સ્વદેશી વસ્તુઓ ના વધુ ને વધુ ઉપયોગનું આહ્વાન કરતાં કહ્યું કેજીએસટી રીફોર્મ્સના લીધે જનજીવનને ઘણો લાભ થઈ રહ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ આગામી દિવસોમાં આવતા તહેવારોમાં સ્વદેશી ચીજ વસ્તુઓના ખરીદ વેચાણ ને વેગ આપીનેઆત્મનિર્ભર ભારત વિકસિત ભારત નો સંકલ્પ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચરતી વિમુક્ત જાતિના લોકોને કાયમી સરનામું મળી રહે તેવા આશયથી 'ઘરનું ઘર' આપવાની શરૂઆત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. કે.લક્ષ્મણ, રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ મયંક નાયક, અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, શહેર ભાજપ અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, ભરતભાઈ પટણી, પ્રવિણભાઈ ધુગે, સાગરભાઈ રાયકા તથા વિચરતી વિમુક્ત જાતિઓના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમેરિકા સ્થિત મુસ્લિમ સંસ્થાએ 'આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો લગાવવા બદલ લોકોની ધરપકડની નિંદા કરતા મૌલાના તૌકીર રઝા ખાનની તાત્કાલિક મુક્તિની માંગ કરી

(એજન્સી) તા.૫

યુએસ સ્થિત એક મુસ્લિમ સંગઠને ઉત્તરપ્રદેશમાં 'આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો લગાવવા બદલ પોલીસ બર્બરતા અને મુસ્લિમોની મનસ્વી ધરપકડ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને આ કાર્યવાહીને માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવી છે. આ કડક શબ્દોમાં નિવેદન આપતા યુએસ મુસ્લિમ્સ નેટવર્કના ડૉ.એમ. કુતુબુદ્દીને કહ્યું કે, ભાજપ શાસિત ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો પર ક્રૂરતાપૂર્વક હુમલો કરવામાં આવી રહ્યો છે અને મનસ્વી રીતે અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે તે ખૂબ જ દુઃખદ અને ચિંતાજનક છે. આ જૂથે જણાવ્યું હતું કે, આવી ક્રિયાઓ ભારતીય બંધારણની ભાવનાની વિરુદ્ધ છે, જે ધર્મ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ખાતરી આપે છે. વિશ્વભરના બે અબજથી વધુ મુસ્લિમો પયગમ્બર સાહેબને પોતાના અને પોતાના પ્રિયજનોના જીવ કરતાં વધુ પ્રેમ કરે છે. અન્ય સાથે સરખામણી કરતા આ નિવેદનમાં નોંધ્યું હતું કે, જ્યારે હિન્દુઓ 'જય શ્રી રામ' અથવા 'જય કૃષ્ણ' કહે છે, ત્યારે અમને વાંધો નથી, કારણ કે, અમે અન્ય ધર્મોનો આદર કરીએ છીએ. અમે વિનંતી કરીએ છીએ કે, આપણા પયગમ્બરનું આ અપમાન તાત્કાલિક બંધ થવું જોઈએ. ધરપકડ કરાયેલા લોકોને વિલંબ કર્યા વિના મુક્ત કરવા જોઈએ. સંગઠને કહ્યું કે, સંસ્કૃતિઓ અને ધર્મોના જન્મસ્થળ તરીકે ઓળખાતા ભારતને નૈતિક અધોગતિ અને સાંપ્રદાયિક ધ્રુવીકરણ કરવું જોઈએ નહીં.

### પોલીસે ફિલ્મીઢબે પીછો કર્યો, અદ્ભૂત નજારો

# લાઈનબંધ ૧૫ સ્કૂટરમાં દારૂ લઈ જતાં બુટલેગરો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) બોડેલી,તા.૫

દારૂની હેરાફેરી માટે બૂટલેગરોએ અપનાવેલી યુક્તિ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી, પરંતુ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ફિલ્મી સ્ટાઈલમાં પીછો કરીને આ ચાલને નિષ્ફળ બનાવી દીધી. બાતમીના આધારે SMC ટીમે અચાનક તમામ સ્કૂટરોને કોર્ડન કરીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે, જેમાં દારૂની હેરાફેરી કરતાં ૧૫ બૂટલેગરની ધરપકડ કરી ૨૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે વહેલી સવારે બોડેલી પાસેથી પસાર થતી નર્મદા કેનાલના રસ્તે ૧૫ સ્કૂટર પર વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે SMCની ટીમે મોરખલ પાસે વોચ ગોઠવી હતી. વહેલી સવારે બાતમી મુજબના સ્કૂટર સવારો દારૂ લઈને પસાર થતાં જ SMCની ટીમે ફિલ્મી ઢબે ૧૫ સ્કૂટરને કોર્ડન કરીને દબોચી લીધા હતા. દારૂ સાથે ઝડપાયેલા તમામ ૧૫ લોકોને બોડેલી પોલીસ મથકે લાવવામાં આવ્યા છે. મહત્વની બાબત એ છે કે, છેલ્લા કેટલાક સમયથી બૂટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે ટ્રક, ટેમ્પો કે કારને બદલે સ્કૂટરનો ઉપયોગ કરવાનું પ્રમાણ વધી રહ્યું છે.સ્ટેટ મોનિટરીંગ સોલની આ કાર્યવાહીથી છોટાઉદેપુર જિલ્લાના બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# મોદી સરકાર સંપત્તિના કેન્દ્રીકરણને પ્રોત્સાહન આપી રહી છે; તે લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે: કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

સંપત્તિના કેન્દ્રીકરણના મુદ્દા અંગે કોંગ્રેસે રવિવારે આરોપ લગાવ્યો કે તે મોદી સરકારની આર્થિક નીતિઓથી પ્રેરિત છે અને જણાવ્યું હતું કે તે માત્ર અર્થતંત્ર માટે સમસ્યા નથી, પરંતુ લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે. કોંગ્રેસના મહાસચિવ અને પ્રભારી સંદેશાવ્યવહાર જયરામ રમેશે ઠ પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત હવે અબજોપતિઓનું નવું કેન્દ્ર બની રહ્યું છે અને દેશમાં ધનિક લોકોની સંખ્યા દર વર્ષે ઝડપથી વધી રહી છે. એક પછી એક રિપોર્ટ ભારતમાં સંપત્તિના વ્યાપક કેન્દ્રીકરણ વિશે ચેતવણી આપી રહ્યો છે. જ્યારે લાખો ભારતીયો દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે ફક્ત ૧,૬૮૭ લોકો દેશની અડધી સંપત્તિ ધરાવે છે. રમેશે કહ્યું કે, મોદી સરકારની આર્થિક નીતિઓ દ્વારા સંચાલિત સંપત્તિનું આ વિશાળ કેન્દ્રીકરણ આપણા દેશમાં મોટા પાયે આર્થિક અસમાનતા પેદા કરી રહ્યું છે. આ અસમાનતા વ્યાપક સામાજિક અસુરક્ષા અને અસંતોષને જન્મ આપી રહી છે. અન્ય દેશોમાં તાજેતરની ઘટનાઓ દર્શાવે છે કે આ જ આત્યંતિક આર્થિક અસમાનતા અને નષ્ટ થતી લોકશાહી સંસ્થાઓ રાજકીય અરાજકતા માટે ઉત્પ્રેરક બની છે. રમેશે કહ્યું કે, આ સરકાર ભારતને તે જ રસ્તે ધકેલી રહી છે. સત્તાના જોડાણને કારણે થોડા ઉદ્યોગપતિઓ



જયરામ રમેશે દાવો કર્યો હતો કે ભારત હવે અબજોપતિઓનું નવું કેન્દ્ર બની રહ્યું છે અને દેશમાં ધનિક લોકોની સંખ્યા વર્ષ-દર-વર્ષે ઝડપથી વધી રહી છે

વધુને વધુ ધનવાન બની રહ્યા છે. વડા પ્રધાનની નીતિઓ ફક્ત તેમના થોડા ઉદ્યોગપતિ મિત્રોના ફાયદા પર કેન્દ્રિત છે. ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ, MSME ક્ષેત્ર અભૂતપૂર્વ દબાણ હેઠળ છે અને આ દબાણ ફક્ત સ્થાનિક નીતિઓનું જ નહીં પરંતુ વિદેશ નીતિની નિષ્ફળતાઓનું પણ પરિણામ છે. સામાન્ય લોકો માટે કમાણીની તકો ઘટી રહી છે. ફુગાવો એટલો વધી ગયો છે કે નોકરી કરતા લોકો પણ બચતને બદલે દેવાના બોજ હેઠળ દબાઈ રહ્યા છે. શિક્ષણ અને આરોગ્યમાં રોકાણ સતત ઘટી રહ્યું છે અને સામાજિક સુરક્ષા યોજનાઓ નબળી પડી રહી છે. લાખો લોકો માટે સામાજિક અને આર્થિક સુરક્ષા જાળ પૂરી પાડતી મનરેગા જેવી સફળ યોજનાઓ હવે વેતન કટોકટીનો સામનો કરી રહી છે, કામદારોને સમયસર પગાર પણ મળી રહ્યો નથી. "સંપત્તિનું આટલું અતિશય કેન્દ્રીકરણ માત્ર અર્થતંત્ર માટે સમસ્યા નથી, પરંતુ લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે. જ્યારે આર્થિક શક્તિ મુઠ્ઠીભર હાથમાં કેન્દ્રિત થાય છે, ત્યારે રાજકીય નિર્ણયો પણ તેમના પક્ષમાં આવવા લાગે છે. આનાથી સામાજિક અને આર્થિક અસમાનતા વધી રહી છે. પરિણામે, લાખો નાગરિકો ધીમે ધીમે લોકશાહી અને વિકાસની પ્રક્રિયામાંથી બાકાત રહી રહ્યા છે. M3M હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં સામેલ લોકોની કુલ સંપત્તિ ૧૬૭ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જે ભારતના GDPના લગભગ અડધા ભાગ જેટલી છે. આ યાદીમાં ૧,૬૮૭ વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમની સંપત્તિ ૧,૦૦૦ કરોડ રૂપિયા છે, જે ૨૮૪નો વધારો દર્શાવે છે જ્યારે ૧૪૮ નવા લોકો પણ સામેલ છે. હુરૂને જણાવ્યું હતું કે ભારતમાં છેલ્લા બે વર્ષથી દર અઠવાડિયે એક અબજોપતિ બને છે અને યાદીમાં સામેલ લોકોની સંપત્તિ દરરોજ ૧,૯૯૧ કરોડ રૂપિયા વધી રહી છે.

# ગાઝામાં ચાલી રહેલા નરસંહાર સામે દેશવ્યાપી જબરદસ્ત વિરોધ પ્રદર્શન, ઈઝરાયેલની સખત ઝાટકણી કાઢતા દેખાવકારોએ પેલેસ્ટીન સાથે તેમના સમર્થનની અને ટેકાની ઘોષણા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઈઝરાયેલ દ્વારા ગાઝામાં ચલાવવામાં આવી રહેલા ભયાનક અને અમાનવીય નરસંહારના વિરોધમાં નવી દિલ્હી ખાતે જબરદસ્ત દેશવ્યાપી વિરોધના ભાગરૂપે ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા. દેશના તમામ વર્ગોમાંથી સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શનમાં હાજરી આપી હતી અને ઈઝરાયેલની ઝાટકણી કાઢી હતી. વિરોધ પ્રદર્શન કરી રહેલા સેંકડો દેખાવકારોએ પેલેસ્ટીનને મજબૂત સમર્થન અને ટેકો વ્યક્ત કર્યા હતા. ઈન્ડિયન પીપલ ઈન સોલિડેરિટી વિથ પેલેસ્ટીન અને બીડીએસ ઈન્ડિયા દ્વારા રવિવારે જંતર-મંતર નવી દિલ્હી ખાતે દેશવ્યાપી ઉગ્ર દેખાવોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સેંકડો નાગરિકો એકત્ર થયા હતા અને ઈઝરાયેલની જોરદાર




દિલ્હીના જંતર-મંતર પર દેશવ્યાપી ઈઝરાયેલ વિરોધી આંદોલનના ભાગરૂપે યોજાયેલા પ્રદર્શનમાં તમામ વર્ગના લોકોએ અને ખાસ કરીને વિદ્યાર્થીઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો અને ઈઝરાયેલની સખત ટીકા કરી

ટીકા કરી હતી. દેશવ્યાપી ઈઝરાયેલ વિરોધી દેખાવો અને પ્રદર્શનના ભાગરૂપે દિલ્હીમાં દેખાવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ તથા સામાજિક કાર્યકરો અને વેપારી અને શ્રમ સંગઠનના સભ્યો અને તમામ વર્ગના નાગરિકોએ હાજરી આપી હતી. પેલેસ્ટીનના ધ્વજ લોકોના હાથમાં પકડાવ્યા હતા અને બેનરો પણ ફરકાવ્યા હતા અને ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ લાગુ કરવા તથા ઈઝરાયેલના લશ્કરી કબજાને દૂર કરવા માટેની માગણી સાથેના સૂત્રો પોકારવામાં આવ્યા હતા. પેલેસ્ટીનને આઝાદ કરો અને હવે નરસંહાર અટકાવો એવા સૂત્રો લખેલા બેનર ફરકાવવામાં આવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીની સાથે-સાથે રવિવારે હૈદરાબાદ, પટના, લખનૌ, કોલકાતા, વિશાખાપટ્ટનમ, વિજયવાડા, પુણે વગેરે શહેરોમાં પણ ઈઝરાયેલ વિરોધી ઉગ્ર દેખાવો યોજાયા હતા. જેમાં વક્તાઓએ ગાઝામાં ચાલી રહેલા દમન અને હિંસાની સખત આલોચના કરી હતી. ઈઝરાયેલના આક્રમણથી હજારો નાગરિકો અને ખાસ કરીને મહિલાઓ અને બાળકો મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીનને ભારતના ઐતિહાસિક સમર્થન અને ટેકા ઉપર વક્તાઓએ ભાર મૂક્યો હતો અને ઈઝરાયેલ સામે હાલની સરકાર દ્વારા જાળવવામાં આવેલા મૌનની ભારે ઝાટકણી કાઢી હતી.

# કેરળમાં LDF સરકારનો સામનો કરવા માટે વિપક્ષો સબરીમાલા સોનાના ગુમ થવાના વિવાદને મહિલાઓના પ્રવેશ વિવાદ સાથે જોડ્યો

(એજન્સી) તા.૫

શબરીમાલા મંદિરના સોનાના ઢોળની કથિત ગેરરીતિને લઈને કેરળના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. વિપક્ષે રાજ્યના દેવસ્વમ મંત્રી વી.એન. વાસવન અને ત્રાવણકોર દેવસ્વમ બોર્ડ (TDB)ના પ્રમુખના રાજીનામાની માગ કરી છે.

વિપક્ષના નેતા વી.ડી. સતીશને સરકાર અને દેવસ્વમ બોર્ડ પાસે સ્પષ્ટતા માગી છે કે ૧૯૯૮માં યુબી ગ્રુપના ચેરમેન વિજય માલ્યા દ્વારા શબરીમાલાને દાનમાં અપાયેલા આશરે ૩૦ કિલોગ્રામ સોનામાંથી કેટલું સોનું બાકી છે.

**શું છે શબરીમાલા સોનાની કથિત ચોરીનો વિવાદ ?**

૧૯૯૯માં ઉદ્યોગપતિ વિજય માલ્યાએ દાનમાં આપેલા સોના અને તાંબાના એક ભાગનો ઉપયોગ કરીને 'દ્વારપાલક'ની મૂર્તિઓ અને પાયા પર સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો હતો.

**વિવાદની મુખ્ય હકીકતો :**

TDBના નિયમોનું ઉલ્લંઘન : TDB મેન્યુઅલ મુજબ, મૂર્તિઓના સમારકામનું કામ શબરીમાલા ખાતે જ થવું જોઈતું હતું.

ગેરરીતિનો આરોપ : ૨૦૧૯માં, આ પ્લેટો ફરીથી ઢોળ ચઢાવવા માટે યુનિકૃષ્ણન પોટ્ટી નામના સ્પોન્સરને સોંપવામાં આવી હતી. જોકે, ૨૦૧૯ના દસ્તાવેજો (મહઝર)માં આ વસ્તુઓને માત્ર "તાંબાની પ્લેટ્સ" તરીકે દર્શાવવામાં આવી હતી, જેમાં સોનાના ક્લેડીંગનો કોઈ ઉલ્લેખ નહોતો.

સોનાની ઘટ : તાજેતરની કોર્ટ કાર્યવાહી દરમિયાન ખુલાસો થયો કે ૨૦૧૯માં આ પ્લેટ્સનું વજન ૪૨.૮ કિલોગ્રામ (સોનાના ક્લેડીંગ સહિત) હતું, પરંતુ પરત આવ્યા બાદ તેમાં ૪.૫૪ કિલોગ્રામ સોનાની ઘટ જોવા મળી હતી, જેનાથી ગેરરીતિની શંકા ઊભી થઈ છે.

વિપક્ષના આરોપ : વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો છે કે બોર્ડના અધિકારીઓએ આ સોનાની ઘટની માહિતી છુપાવી હતી.

**આક્ષેપો અને બચાવ**

જ્યારે આ વિવાદ પહેલીવાર ઉભો થયો, ત્યારે TDB અને દેવસ્વમ મંત્રી વી.એન. વાસવને વિપક્ષ પર રાજકારણ કરવાનો અને સ્પોન્સર યુનિકૃષ્ણન પોટ્ટી પર "ષડયંત્ર"નો આરોપ મૂક્યો હતો.

જોકે, ચેન્નાઈ સ્થિત ફર્મ 'સ્માર્ટ ક્રિએશન્સ' (જ્યાં ઢોળ ચઢાવવાનું કામ થયું હતું) વતી એડવોકેટ કે.બી. પ્રદીપે કોર્ટમાં જણાવ્યું કે ૨૦૧૯માં તેમને જે 'દ્વારપાલક' પ્લેટ મોકલવામાં આવી હતી, તે સોનાનો ઢોળ ચઢાવેલી નહોતી, પરંતુ સંપૂર્ણપણે તાંબાની હતી. પોટ્ટીએ પણ આ વાતનું સમર્થન કર્યું હતું, જેનાથી સોનાના ગાયબ થવા અંગેની શંકા TDBના અધિકારીઓ તરફ વળી છે.

**વિપક્ષની CBI તપાસની માંગ**

વિપક્ષના નેતા વી.ડી. સતીશને તાત્કાલિક અસરથી વર્તમાન દેવસ્વમ મંત્રી, પૂર્વ મંત્રી કડકમ્પલ્લી સુરેન્દ્રન અને ૨૦૧૯થી સેવા આપતા બે TDB પ્રમુખો સામે કેસ દાખલ કરવાની માંગ કરી છે.

તેમણે કહ્યું : "ગાયબ થયેલા સોનાની તપાસ CBI દ્વારા થવી જોઈએ. જો સરકાર તપાસ કરવાનો ઈન્કાર કરશે, તો UDF દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવશે."

આ સામે, TDB પ્રમુખ પી.એસ. પ્રશાંતે બચાવ કર્યો કે સોનાની પ્લેટને ચેન્નાઈ લઈ જવામાં કોઈ ખામી નહોતી અને તેમણે પોતે જ વ્યાપક કોર્ટ તપાસની વિનંતી કરી છે, કારણ કે તેમની પાસે છુપાવવા માટે કંઈ નથી.

# આજનું વિશ્વ વિરોધાભાસી જોખમો વચ્ચે 'સલામતી વિનાની જાળ' જેવું છે : જયશંકર

(એજન્સી) તા.૫

વિદેશ મંત્રી ડૉ.એસ જયશંકરે ચોથા કૌટિલ્ય આર્થિક સંમેલન (KEC ૨૦૨૫) ખાતે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને "વિરોધાભાસી" સ્થિતિ તરીકે વર્ણવી, જ્યાં રાષ્ટ્રો એકસાથે જોખમો લઈ રહ્યા છે અને જોખમમુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે નીતિ નિર્માતાઓ માટે અભૂતપૂર્વ પડકારો ઉભા કરે છે. ડૉ.જયશંકરે કહ્યું કે, એક જ સમયે વૈશ્વિક અર્થતંત્ર પર અનેક ઘટનાઓની તીવ્રતા એક વિરોધાભાસી પરિસ્થિતિનું નિર્માણ કરી રહી છે જ્યાં એક તરફ, આ પરિબળો ઉચ્ચ જોખમ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. તે જ સમયે, આના પરિણામોને કારણે, રાજકારણ અને અર્થશાસ્ત્ર બંનેના દરેક પાસાઓને જોખમમુક્ત કરવાનો ગંભીર પ્રયાસ પણ થઈ રહ્યો છે. આકર્ષક રૂપક સાથે પરિસ્થિતિનું વર્ણન કરતા, તેમણે કહ્યું કે એવું લાગે છે કે તમે દરેક પસાર થતા દિવસ સાથે સલામતી જાળ દૂર થઈ રહી છે. આજે આંતરરાષ્ટ્રીય રાજકારણની આવી જ સ્થિતિ છે. આ કોન્ક્લેવમાં, ડૉ.જયશંકરે આર્થિક તકો, ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વખતે રાષ્ટ્રોએ જે નાજુક સંતુલન કાર્ય કરવું જોઈએ તે પર ભાર મૂક્યો. કૌટિલ્ય આર્થિક કોન્ક્લેવ, જેની આ ચોથી આવૃત્તિ છે, તે નીતિ નિર્માતાઓ, અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ નેતાઓને ભારતીય અને વૈશ્વિક અર્થતંત્રને આકાર આપતા વલણોની ચર્ચા કરવા માટે છે, જેમાં ફુગાવો, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ભૂ-રાજકીય જોખમોનો સમાવેશ થાય છે. ભારત-યુએસ વેપાર સંબંધો પર, જયશંકરે કહ્યું કે, "આજે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે અમારી



ચોથા કૌટિલ્ય આર્થિક સંમેલનમાં, વિદેશ મંત્રી એસ જયશંકરે વૈશ્વિક પરિસ્થિતિને વિરોધાભાસી ગણાવી અને કહ્યું કે, રાજકારણ અને અર્થશાસ્ત્રને જોખમમુક્ત કરવાના પ્રયાસો સાથે જોખમ લેવાનું પ્રમાણ વધ્યું છે

સમસ્યાઓ છે, મુખ્યત્વે એ છે કે અમે હજુ સુધી અમારી વેપાર ચર્ચામાં લેન્ડિંગ ગ્રાઉન્ડ પર પહોંચ્યા નથી. આના કારણે અમારા પર ચોક્કસ ટેરિફ લાદવામાં આવ્યા છે, જેને અમે જાહેરમાં અન્યાયી કહ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય શિપમેન્ટ પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે અને ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાનો ઉલ્લેખ કરીને ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. રશિયા પાસેથી ઊર્જા મેળવવા સંબંધિત બીજો ટેરિફ છે, જ્યારે અન્ય દેશો, રશિયા સાથે વધુ સંબંધો ધરાવતા દેશોએ પણ આવું કર્યું છે. આ મુદ્દાઓને ઉકેલવાની જરૂર છે અને અમે તેના પર સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારતે દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) માટે અમેરિકા સાથે વાટાઘાટોના પાંચ રાઉન્ડ પહેલાથી જ કર્યા છે, છેલ્લો સપ્ટેમ્બરના અંતમાં પૂર્ણ થયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર સમજૂતી હોવી જોઈએ કારણ કે તે વિશ્વનું સૌથી મોટું બજાર છે અને વિશ્વનો મોટાભાગનો ભાગ આ સમજૂતી પર પહોંચી ગયો છે. તે એવી સમજૂતી હોવી જોઈએ જ્યાં આપણી નીતિનું સન્માન કરવામાં આવે. જયશંકરે વૈશ્વિક વ્યૂહાત્મક પરિદૃશ્ય પર કહ્યું કે, "તાજેતરના વર્ષોમાં, આપણે પ્રતિબંધોના ઉપયોગ, સાર્વભૌમ સંપત્તિના જપ્તીમાં એક સંપૂર્ણપણે નવો સ્તર જોયો છે. ક્રિપ્ટોનો ઉદય અને દુર્લભ પૃથ્વી અને મહત્ત્વપૂર્ણ ખનિજો માટેની સ્પર્ધા વૈશ્વિક હરીફાઈ માટે મુખ્ય પરિબળો બની ગયા છે. વૈશ્વિક ઉર્જા ગતિશીલતા પર, તેમણે કહ્યું કે, તાજેતરના વર્ષોમાં એક મોટો ફેરફાર એ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ, જે દાયકાઓથી તેની બાહ્ય ઉર્જા નિર્ભરતા વિશે ચિંતિત હતું, તે માત્ર આત્મનિર્ભર બન્યું નથી પરંતુ હવે તે ઊર્જાનો નોંધપાત્ર નિકાસકાર છે અને તેને તેના વ્યૂહાત્મક દૃષ્ટિકોણનો મુખ્ય ભાગ બનાવ્યું છે. ચીને પોતાને નવીનીકરણીય ઊર્જામાં અગ્રણી તરીકે સ્થાપિત કર્યું છે, તેથી, તમે નવીનીકરણીય ઊર્જા પર જે પણ માર્ગ અપનાવો છો, તે બધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં આજથી પ્રથમ સત્રાંત કસોટી લેવાશે

## ૧૪ ઓક્ટોબરના રોજ પરીક્ષા પૂર્ણ થશે, તમામ સ્કૂલોએ સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવાની રહેશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૫

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં સોમવારથી પ્રથમ સત્રાંત કસોટીનો પ્રારંભ થશે. GCERT દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર સોમવારથી શરૂ થનારી પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૪ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. સમગ્ર રાજ્યની ૩૨,૦૦૦ શાળાઓના ૫૦ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોએ નક્કી કરેલા સમયપત્રક અને પ્રશ્નપત્રના આધારે જ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર સોમવારથી શરૂ થશે. આ પરીક્ષા ૧૪ ઓક્ટોબર સુધી ચાલશે. રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે જણાવાયું છે. ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે પ્રશ્નપત્રો રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવ્યું છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટી પત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-શાસનાધિકારીને સોંપવામાં આવશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટી પત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે, અને સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. જ્યારે બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-શાસનાધિકારીની કચેરીએથી કસોટીપત્રો મેળવવાના રહેશે. સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલી હોય તો તે રજાના દિવસની પરીક્ષા ત્યારપછીના કાર્ય દિવસે યોજવાની રહેશે. ધોરણ-૩ અને ૪ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં ઉત્તરો લખવાના રહેશે. ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓએ અલગ ઉત્તરવહીમાં ઉત્તરો લખવાના રહેશે. જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલા સમય પત્રક મુજબ યોજવાની રહેશે. સત્રાંત કસોટી અંતર્ગત ઉત્તરવહીઓની ચકાસણી જે તે શાળા કક્ષાએ કરવાની રહેશે.

### અનેક કામગીરીઓમાં વ્યસ્ત શિક્ષક પાસે ભણાવવાનો સમય જ નથી

# ‘પરખ’ રિપોર્ટમાં ગુજરાતમાં શિક્ષણના નીચલા સ્તરની વરવી વાસ્તવિકતા સામે આવી

## સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોપ ટેનમાં નહીં પણ નબળું પ્રદર્શન કરનારા રાજ્યોની યાદીમાં ગુજરાતનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૫

કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગે પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ના જાહેર કરેલા રિપોર્ટમાં ગુજરાતમાં શિક્ષણના સ્તરની વરવી વાસ્તવિકતા સામે આવી છે. રિપોર્ટ મુજબ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ટોપ ૧૦ પર્ફોર્મિંગ રાજ્યમાં ગુજરાત રાજ્યનો સમાવેશ થયો નથી. રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્યનો સમાવેશ નબળું પ્રદર્શન કરનારા રાજ્યોની યાદીમાં થાય છે. બાળકોમાં લેખન શક્તિ કેવી છે, બાળક કેવા પ્રકારનું શિક્ષણ ગ્રાહ્ય કરી રહ્યો છે, શૈક્ષણિક સ્તર કેવા પ્રકારનું છે આ તમામ પાસાઓને લઈને મૂલ્યાંકન કસોટી લેવામાં આવે છે અને તેના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. જેથી આ તમામ બાબતોમાં બાળકોને તૈયાર કરવાની જવાબદારી શિક્ષકોની બનતી હોય છે. પરંતુ શિક્ષક બાળકોને ભણાવવા માટે સમય જ ના આપી શકતો હોવાનું સામે આવ્યું છે. જેને માત્ર બાળકોના શિક્ષણની ચિંતા કરવાની હોય તે શિક્ષક અત્યારે ૫૬ જેટલી જવાબદારીઓનો ભાર લઈને ફરી રહ્યો છે. શાળાઓના શિક્ષકોને ૫૬ જેટલી અલગ અલગ જવાબદારી સોંપવામાં આવે છે. આ જવાબદારી પૂર્ણ કરવામાં શિક્ષક બાળકોના અભ્યાસ પર ક્યારે ધ્યાન આપશે તે સૌથી મોટો સવાલ છે. શિક્ષકોને અન્ય કામગીરી સોંપવામાં આવતા તે કામગીરી પૂર્ણ કરવામાં તો શાળાનો સમય જ પૂર્ણ થઈ જાય છે અને બાળકો અભ્યાસ માટે રાહ જોઈને બેઠા હોય છે શિક્ષક ક્યારે ભણાવશે. શિક્ષકને એક તરફ અનેક પ્રકારની કામગીરી સોંપવામાં આવે છે. ત્યારે બીજી તરફ રાજ્યની મોટા ભાગની શાળાઓમાં શિક્ષકોની છેલ્લા ઘણા સમયથી ઘટ છે. નવી શિક્ષણ નીતિ મુજબ ૨૫ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક હોવા જોઈએ. પરંતુ ગુજરાતમાં વિદ્યાર્થી શિક્ષકનો આ રેશિયો જળવાતો નથી. અત્યારની સ્થિતિ પ્રમાણે રાજ્યમાં ૨૯ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક છે. ૨૫ જેમ એકના રેશિયા મુજબ ગુજરાતમાં ૪,૫૯,૮૬૮ શિક્ષકો હોવા જોઈએ, પરંતુ તેની સામે અત્યારે ૩,૯૪,૦૫૩ શિક્ષકો જ છે એટલે કે રાજ્યમાં ૬૫,૮૧૪ની ઘટ જોવા મળી રહી છે. શિક્ષકોની ઘટની સીધી અસર બાળકોના અભ્યાસ પર પડી રહી છે. તો બીજી તરફ ૨,૪૬૨ શાળાઓ એવી છે કે જ્યાં માત્ર એક જ શિક્ષક છે. હવે સમજી શકાય છે કે એક જ શિક્ષક ૫૬ કામગીરી પૂર્ણ કર્યા બાદ આખી શાળાના વિદ્યાર્થીઓને કઈ રીતે અભ્યાસ કરાવી શકે છે. અને આ આંકડા પણ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના યુડાયસ ૨૦૨૩-૨૪ના રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યા છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલ કહે છે કે, શિક્ષકને મલ્ટી પર્પસ કર્મચારી તરીકે અપનાવી લેવામાં આવ્યો છે. શિક્ષકોને ૫૬ પ્રકારના કામ સોંપવામાં આવે છે. તીડ ભગાડવા હોય કે થાળી વગાડવાની હોય તે તમામ કામ શિક્ષકોને જ સોંપવામાં આવે છે. કોરોના સમયમાં મૃતદેહ ગણવાની જવાબદારી પણ શિક્ષકને સોંપવામાં આવી હતી. શિક્ષકને ફક્ત ૧૧થી ૫ સુધી શિક્ષણ કાર્યની જ જવાબદારી સોંપવી જોઈએ. ૫૬ કામગીરી સોંપવામાં આવતા અલગ અલગ એક્ટિવિટી કરાવી બાળકોને તૈયાર કરવાનો સમય જ શિક્ષક પાસે નથી.

# ધોરણ-૧૧, ૧૨ સા.પ્ર.માં વૈકલ્પિક વિષય તરીકે યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણનો સમાવેશ

## શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહના જૂથ-૪માં નવા વિષયનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૫

ધોરણ- ૧૧અને ૧૨ સામાન્ય પ્રવાહમાં યોગ અને સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (વ્યાયામ) વિષયને વૈકલ્પિક વિષય તરીકે સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સામાન્ય પ્રવાહના વિષય માળખામાં જૂથ - ૪મા નવા બે વિષયોનો ઉમેરો કરવા અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર કરવામાં આવ્યો છે. બોર્ડે કરેલા પરિપત્ર અનુસાર નવા માળખાનો અમલ ધોરણ-૧૧ માટે વર્ષ ૨૦૨૬-૨૭ અને ધોરણ-૧૨ માટે ૨૦૨૭-૨૮થી કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય પ્રવાહનું જૂથ મુજબનું નવું વિષય માળખું જાહેર કરીને જિલ્લાઓમાં મોકલી આપ્યું હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિષય માળખામાં કુલ ચાર જૂથ પાડેલા છે. વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે આ ચાર જૂથમાંથી જુદાજુદા વિષયોની પસંદગી કરવાની રહેતી હોય છે. જૂથ-૪માં ચિત્રકલા, સંગીત, કમ્પ્યુટર અધ્યયન અને વોકેશનલ વિષયનો સમાવેશ કરવામાંઆવ્યો હતો. હવે આ વિષયોનો ઓપ્શનમાં વિદ્યાર્થીઓ યોગ અને વ્યાયામનો વિષય પણ પસંદ કરી શકે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડદ્વારા નવા વૈકલ્પિક વિષય સાથે નવુ માળખુ જાહેર કરવામાં આવ્યુ છે, જેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૬-૨૭થી ક્રમશઃ થશે. જૂથ-૧માં અંગ્રેજી વિષય તેમજ જૂથ-૨માં કોઈપણ એક ભાષાનો વિષય પસંદ કરવાનો થશે. જૂથ-૩માં વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, નામાનાં મૂળ તત્વો અને સંસ્કૃત, પાકૃત સહિતના વિષયમાથી બે વિષય પસંદ કરવાના થશે. છેલ્લા જૂથ-૪માં અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ, તત્વજ્ઞાન સહિતના વિષય સાથે પ્રોયોગિક અને સૈદ્ધાંતિક મળી વિવિધ વિષયમાથી ત્રણ વિષય પસંદ કરવાના થશે. ચોથા જૂથમાં યોગ અને શારિરીક શિક્ષણ એમ નવો વૈકલ્પિક વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે.

# વિચરતી વિમુક્ત જાતિઓના બાળકોને ભણાવવા પર ભાર મૂકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી વિમુક્ત જાતિઓ ના અમદાવાદમાં યોજાયેલા રાજ્ય સ્તરીય મહાસંમેલન’માં જણાવ્યું કે, વિચરતી- વિમુક્ત જાતિનો સમાજ આગળ વધશે તો ક્યારે વધશે એ ભૂતકાળમાં સવાલ હતો પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવું સક્ષમ નેતૃત્વ મળ્યું અને દરેક વ્યક્તિ-સમાજને સાથે રાખીને સૌના સાથ સૌના વિકાસ ધ્યેય પાર પડ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી અને વિમુક્ત જાતિઓના બાળકોને શિક્ષણ આપવા ,ભણાવવા પર ભાર મુકતા કહ્યું કે, તમારા દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખુબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઊભી રહેવા તૈયાર છે. તેમણે આત્મ નિર્ભર ભારત માટે વોકલ ફોર લોકલ અને સ્વદેશી વસ્તુઓ ના વધુ ને વધુ ઉપયોગનું આહ્વાન કરતાં કહ્યું કેજીએસટી રીફોર્મ્સના લીધે જનજીવનને ઘણો લાભ થઈ રહ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ આગામી દિવસોમાં આવતા તહેવારોમાં સ્વદેશી ચીજ વસ્તુઓના ખરીદ વેચાણ ને વેગ આપીનેઆત્મનિર્ભર ભારત વિકસિત ભારત નો સંકલ્પ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચરતી વિમુક્ત જાતિના લોકોને કાયમી સરનામું મળી રહે તેવા આશયથી ‘ઘરનું ઘર’ આપવાની શરૂઆત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. કે.લક્ષ્મણ, રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ મયંક નાયક, અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, શહેર ભાજપ અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, ભરતભાઈ પટણી, પ્રવિણભાઈ ધુગે, સાગરભાઈ રાયકા તથા વિચરતી વિમુક્ત જાતિઓના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમેરિકા સ્થિત મુસ્લિમ સંસ્થાએ ‘આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)’ પોસ્ટરો લગાવવા બદલ લોકોની ધરપકડની નિંદા કરતા મૌલાના તૌકીર રઝા ખાનની તાત્કાલિક મુક્તિની માંગ કરી

(એજન્સી) તા.૫

યુએસ સ્થિત એક મુસ્લિમ સંગઠને ઉત્તરપ્રદેશમાં ‘આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)’ પોસ્ટરો લગાવવા બદલ પોલીસ બર્બરતા અને મુસ્લિમોની મનસ્વી ધરપકડ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને આ કાર્યવાહીને માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવી છે. આ કડક શબ્દોમાં નિવેદન આપતા યુએસ મુસ્લિમ્સ નેટવર્કના ડૉ.એમ. કુતુબુદ્દીને કહ્યું કે, ભાજપ શાસિત ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો પર ક્રૂરતાપૂર્વક હુમલો કરવામાં આવી રહ્યો છે અને મનસ્વી રીતે અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે તે ખૂબ જ દુઃખદ અને ચિંતાજનક છે. આ જૂથે જણાવ્યું હતું કે, આવી ક્રિયાઓ ભારતીય બંધારણની ભાવનાની વિરુદ્ધ છે, જે ધર્મ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ખાતરી આપે છે. વિશ્વભરના બે અબજથી વધુ મુસ્લિમો પયગમ્બર સાહેબને પોતાના અને પોતાના પ્રિયજનોના જીવ કરતાં વધુ પ્રેમ કરે છે. અન્ય સાથે સરખામણી કરતા આ નિવેદનમાં નોંધ્યું હતું કે, જ્યારે હિન્દુઓ ‘જય શ્રી રામ’ અથવા ‘જય કૃષ્ણ’ કહે છે, ત્યારે અમને વાંધો નથી, કારણ કે, અમે અન્ય ધર્મોનો આદર કરીએ છીએ. અમે વિનંતી કરીએ છીએ કે, આપણા પયગમ્બરનું આ અપમાન તાત્કાલિક બંધ થવું જોઈએ. ધરપકડ કરાયેલા લોકોને વિલંબ કર્યા વિના મુક્ત કરવા જોઈએ. સંગઠને કહ્યું કે, સંસ્કૃતિઓ અને ધર્મોના જન્મસ્થળ તરીકે ઓળખાતા ભારતને નૈતિક અધોગતિ અને સાંપ્રદાયિક ધ્રુવીકરણ કરવું જોઈએ નહીં.

# પોલીસે ફિલ્મીઢબે પીછો કર્યો, અદ્ભૂત નજારો

# લાઈનબંધ ૧૫ સ્કૂટરમાં દારૂ લઈ જતાં બુટલેગરો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) બોડેલી,તા.૫

દારૂની હેરાફેરી માટે બૂટલેગરોએ અપનાવેલી યુક્તિ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી, પરંતુ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ફિલ્મી સ્ટાઈલમાં પીછો કરીને આ ચાલને નિષ્ફળ બનાવી દીધી. બાતમીના આધારે SMC ટીમે અચાનક તમામ સ્કૂટરોને કોર્ડન કરીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે, જેમાં દારૂની હેરાફેરી કરતાં ૧૫ બૂટલેગરની ધરપકડ કરી ૨૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે વહેલી સવારે બોડેલી પાસેથી પસાર થતી નર્મદા કેનાલના રસ્તે ૧૫ સ્કૂટર પર વિદેશી દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે SMCની ટીમે મોરખલ પાસે વોચ ગોઠવી હતી. વહેલી સવારે બાતમી મુજબના સ્કૂટર સવારો દારૂ લઈને પસાર થતાં જ SMCની ટીમે ફિલ્મી ઢબે ૧૫ સ્કૂટરને કોર્ડન કરીને દબોચી લીધા હતા. દારૂ સાથે ઝડપાયેલા તમામ ૧૫ લોકોને બોડેલી પોલીસ મથકે લાવવામાં આવ્યા છે. મહત્વની બાબત એ છે કે, છેલ્લા કેટલાક સમયથી બૂટલેગરો દ્વારા દારૂની હેરાફેરી માટે ટ્રક, ટેમ્પો કે કારને બદલે સ્કૂટરનો ઉપયોગ કરવાનું પ્રમાણ વધી રહ્યું છે.સ્ટેટ મોનિટરીંગ સેલની આ કાર્યવાહીથી છોટાઉદેપુર જિલ્લાના બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# મોદી સરકાર સંપત્તિના કેન્દ્રીકરણને પ્રોત્સાહન આપી રહી છે; તે લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે: કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫



**જયરામ રમેશે દાવો કર્યો હતો કે ભારત હવે અબજોપતિઓનું નવું કેન્દ્ર બની રહ્યું છે અને દેશમાં ધનિક લોકોની સંખ્યા વર્ષ-દર-વર્ષે ઝડપથી વધી રહી છે**

સંપત્તિના કેન્દ્રીકરણના મુદ્દા અંગે કોંગ્રેસે રવિવારે આરોપ લગાવ્યો કે તે મોદી સરકારની આર્થિક નીતિઓથી પ્રેરિત છે અને જણાવ્યું હતું કે તે માત્ર અર્થતંત્ર માટે સમસ્યા નથી, પરંતુ લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે. કોંગ્રેસના મહાસચિવ અને પ્રભારી સંદેશાવ્યવહાર જયરામ રમેશે ઠ પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત હવે અબજોપતિઓનું નવું કેન્દ્ર બની રહ્યું છે અને દેશમાં ધનિક લોકોની સંખ્યા દર વર્ષે ઝડપથી વધી રહી છે. એક પછી એક રિપોર્ટ ભારતમાં સંપત્તિના વ્યાપક કેન્દ્રીકરણ વિશે ચેતવણી આપી રહ્યો છે. જ્યારે લાખો ભારતીયો દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે ફક્ત ૧,૬૮૭ લોકો દેશની અડધી સંપત્તિ ધરાવે છે. રમેશે કહ્યું કે, મોદી સરકારની આર્થિક નીતિઓ દ્વારા સંચાલિત સંપત્તિનું આ વિશાળ કેન્દ્રીકરણ આપણા દેશમાં મોટા પાયે આર્થિક અસમાનતા પેદા કરી રહ્યું છે. આ અસમાનતા વ્યાપક સામાજિક અસુરક્ષા અને અસંતોષને જન્મ આપી રહી છે. અન્ય દેશોમાં તાજેતરની ઘટનાઓ દર્શાવે છે કે આ જ આત્યંતિક આર્થિક અસમાનતા અને નષ્ટ થતી લોકશાહી સંસ્થાઓ રાજકીય અરાજકતા માટે ઉત્પ્રેરક બની છે. રમેશે કહ્યું કે, આ સરકાર ભારતને તે જ રસ્તે ધકેલી રહી છે. સત્તાના જોડાણને કારણે થોડા ઉદ્યોગપતિઓ વધુને વધુ ધનવાન બની રહ્યા છે. વડા પ્રધાનની નીતિઓ ફક્ત તેમના થોડા ઉદ્યોગપતિ મિત્રોના ફાયદા પર કેન્દ્રિત છે. ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ, MSME ક્ષેત્ર અભૂતપૂર્વ દબાણ હેઠળ છે અને આ દબાણ ફક્ત સ્થાનિક નીતિઓનું જ નહીં પરંતુ વિદેશ નીતિની નિષ્ફળતાઓનું પણ પરિણામ છે. સામાન્ય લોકો માટે કમાણીની તકો ઘટી રહી છે. ફુગાવો એટલો વધી ગયો છે કે નોકરી કરતા લોકો પણ બચતને બદલે દેવાના બોજ હેઠળ દબાઈ રહ્યા છે. શિક્ષણ અને આરોગ્યમાં રોકાણ સતત ઘટી રહ્યું છે અને સામાજિક સુરક્ષા યોજનાઓ નબળી પડી રહી છે. લાખો લોકો માટે સામાજિક અને આર્થિક સુરક્ષા જાળ પૂરી પાડતી મનરેગા જેવી સફળ યોજનાઓ હવે વેતન કટોકટીનો સામનો કરી રહી છે, કામદારોને સમયસર પગાર પણ મળી રહ્યો નથી. "સંપત્તિનું આટલું અતિશય કેન્દ્રીકરણ માત્ર અર્થતંત્ર માટે સમસ્યા નથી, પરંતુ લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે. જ્યારે આર્થિક શક્તિ મુઠ્ઠીભર હાથમાં કેન્દ્રિત થાય છે, ત્યારે રાજકીય નિર્ણયો પણ તેમના પક્ષમાં આવવા લાગે છે. આનાથી સામાજિક અને આર્થિક અસમાનતા વધી રહી છે. પરિણામે, લાખો નાગરિકો ધીમે ધીમે લોકશાહી અને વિકાસની પ્રક્રિયામાંથી બાકાત રહી રહ્યા છે. M3M હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં સામેલ લોકોની કુલ સંપત્તિ ૧૬૭ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જે ભારતના GDPના લગભગ અડધા ભાગ જેટલી છે. આ યાદીમાં ૧,૬૮૭ વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમની સંપત્તિ ૧,૦૦૦ કરોડ રૂપિયા છે, જે ૨૮૪નો વધારો દર્શાવે છે જ્યારે ૧૪૮ નવા લોકો પણ સામેલ છે. હુરૂને જણાવ્યું હતું કે ભારતમાં છેલ્લા બે વર્ષથી દર અઠવાડિયે એક અબજોપતિ બને છે અને યાદીમાં સામેલ લોકોની સંપત્તિ દરરોજ ૧,૯૯૧ કરોડ રૂપિયા વધી રહી છે.

# ગાઝામાં ચાલી રહેલા નરસંહાર સામે દેશવ્યાપી જબરદસ્ત વિરોધ પ્રદર્શન, ઈઝરાયેલની સખત ઝાટકણી કાઢતા દેખાવકારોએ પેલેસ્ટીન સાથે તેમના સમર્થનની અને ટેકાની ઘોષણા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઈઝરાયેલ દ્વારા ગાઝામાં ચલાવવામાં આવી રહેલા ભયાનક અને અમાનવીય નરસંહારના વિરોધમાં નવી દિલ્હી ખાતે જબરદસ્ત દેશવ્યાપી વિરોધના ભાગરૂપે ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા. દેશના તમામ વર્ગોમાંથી સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શનમાં હાજરી આપી હતી અને ઈઝરાયેલની ઝાટકણી કાઢી હતી. વિરોધ પ્રદર્શન કરી રહેલા સેંકડો દેખાવકારોએ પેલેસ્ટીનને મજબૂત સમર્થન અને ટેકો વ્યક્ત કર્યા હતા. ઈન્ડિયન પીપલ ઈન સૉલિડેરિટી વિથ પેલેસ્ટીન અને બીડીએસ ઈન્ડિયા દ્વારા રવિવારે જંતર-મંતર નવી દિલ્હી ખાતે દેશવ્યાપી ઉગ્ર દેખાવોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સેંકડો નાગરિકો એકત્ર થયા હતા અને ઈઝરાયેલની જોરદાર




**દિલ્હીના જંતર-મંતર પર દેશવ્યાપી ઈઝરાયેલ વિરોધી આંદોલનના ભાગરૂપે યોજાયેલા પ્રદર્શનમાં તમામ વર્ગના લોકોએ અને ખાસ કરીને વિદ્યાર્થીઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો અને ઈઝરાયેલની સખત ટીકા કરી**

ટીકા કરી હતી. દેશવ્યાપી ઈઝરાયેલ વિરોધી દેખાવો અને પ્રદર્શનના ભાગરૂપે દિલ્હીમાં દેખાવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ તથા સામાજિક કાર્યકરો અને વેપારી અને શ્રમ સંગઠનના સભ્યો અને તમામ વર્ગના નાગરિકોએ હાજરી આપી હતી. પેલેસ્ટીનના ધ્વજ લોકોના હાથમાં પકડાવ્યા હતા અને બેનરો પણ ફરકાવ્યા હતા અને ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ લાગુ કરવા તથા ઈઝરાયેલના લશ્કરી કબજાને દૂર કરવા માટેની માગણી સાથેના સૂત્રો પોકારવામાં આવ્યા હતા. પેલેસ્ટીનને આઝાદ કરો અને હવે નરસંહાર અટકાવો એવા સૂત્રો લખેલા બેનર ફરકાવવામાં આવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીની સાથે-સાથે રવિવારે હૈદરાબાદ, પટના, લખનૌ, કોલકાતા, વિશાખાપટ્ટનમ, વિજયવાડા, પુણે વગેરે શહેરોમાં પણ ઈઝરાયેલ વિરોધી ઉગ્ર દેખાવો યોજાયા હતા. જેમાં વક્તાઓએ ગાઝામાં ચાલી રહેલા દમન અને હિંસાની સખત આલોચના કરી હતી. ઈઝરાયેલના આક્રમણથી હજારો નાગરિકો અને ખાસ કરીને મહિલાઓ અને બાળકો મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીનને ભારતના ઐતિહાસિક સમર્થન અને ટેકા ઉપર વક્તાઓએ ભાર મૂક્યો હતો અને ઈઝરાયેલ સામે હાલની સરકાર દ્વારા જાળવવામાં આવેલા મૌનની ભારે ઝાટકણી કાઢી હતી.

# કેરળમાં LDF સરકારનો સામનો કરવા માટે વિપક્ષે સબરીમાલા સોનાના ગુમ થવાના વિવાદને મહિલાઓના પ્રવેશ વિવાદ સાથે જોડ્યો

(એજન્સી) તા.૫

શબરીમાલા મંદિરના સોનાના ઢોળની કથિત ગેરરીતિને લઈને કેરળના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. વિપક્ષે રાજ્યના દેવસ્વમ મંત્રી વી.એન. વાસવન અને ત્રાવણકોર દેવસ્વમ બોર્ડ (TDB)ના પ્રમુખના રાજીનામાની માગ કરી છે. વિપક્ષના નેતા વી.ડી. સતીશને સરકાર અને દેવસ્વમ બોર્ડ પાસે સ્પષ્ટતા માગી છે કે ૧૯૯૮માં યુબી ગ્રુપના ચેરમેન વિજય માલ્યા દ્વારા શબરીમાલાને દાનમાં અપાયેલા આશરે ૩૦ કિલોગ્રામ સોનામાંથી કેટલું સોનું બાકી છે.

**શું છે શબરીમાલા સોનાની કથિત ચોરીનો વિવાદ ?** ૧૯૯૯માં ઉદ્યોગપતિ વિજય માલ્યાએ દાનમાં આપેલા સોના અને તાંબાના એક ભાગનો ઉપયોગ કરીને ‘દ્વારપાલક’ની મૂર્તિઓ અને પાયા પર સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો હતો.

**વિવાદની મુખ્ય હકીકતો :** TDBના નિયમોનું ઉલ્લંઘન : TDB મેન્યુઅલ મુજબ, મૂર્તિઓના સમારકામનું કામ શબરીમાલા ખાતે જ થવું જોઈતું હતું. ગેરરીતિનો આરોપ : ૨૦૧૯માં, આ પ્લેટો ફરીથી ઢોળ ચઢાવવા માટે યુનિકૃષ્ણન પોટ્ટી નામના સ્પોન્સરને સોંપવામાં આવી હતી. જોકે, ૨૦૧૯ના દસ્તાવેજો (મહઝર)માં આ વસ્તુઓને માત્ર “તાંબાની પ્લેટ્સ” તરીકે દર્શાવવામાં આવી હતી, જેમાં સોનાના ક્લેડીંગનો કોઈ ઉલ્લેખ નહોતો.

**સોનાની ઘટ :** તાજેતરની કોર્ટ કાર્યવાહી દરમિયાન ખુલાસો થયો કે ૨૦૧૯માં આ પ્લેટ્સનું વજન ૪૨.૮ કિલોગ્રામ (સોનાના ક્લેડીંગ સહિત) હતું, પરંતુ પરત આવ્યા બાદ તેમાં ૪.૫૪ કિલોગ્રામ સોનાની ઘટ જોવા મળી હતી, જેનાથી ગેરરીતિની શંકા ઊભી થઈ છે. વિપક્ષના આરોપ : વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો છે કે બોર્ડના અધિકારીઓએ આ સોનાની ઘટની માહિતી છુપાવી હતી.


**આક્ષેપો અને બચાવ :** જ્યારે આ વિવાદ પહેલીવાર ઉભો થયો, ત્યારે TDB અને દેવસ્વમ મંત્રી વી.એન. વાસવને વિપક્ષ પર રાજકારણ કરવાનો અને સ્પોન્સર યુનિકૃષ્ણન પોટ્ટી પર “ષડયંત્ર”નો આરોપ મૂક્યો હતો. જોકે, ચેન્નાઈ સ્થિત ફર્મ ‘સ્માર્ટ ક્રિએશન્સ’ (જ્યાં ઢોળ ચઢાવવાનું કામ થયું હતું) વતી એડવોકેટ કે.બી. પ્રદીપે કોર્ટમાં જણાવ્યું કે ૨૦૧૯માં તેમને જે ‘દ્વારપાલક’ પ્લેટ મોકલવામાં આવી હતી, તે સોનાનો ઢોળ ચઢાવેલી નહોતી, પરંતુ સંપૂર્ણપણે તાંબાની હતી. પોટ્ટીએ પણ આ વાતનું સમર્થન કર્યું હતું, જેનાથી સોનાના ગાયબ થવા અંગેની શંકા TDBના અધિકારીઓ તરફ વળી છે.

**વિપક્ષની CBI તપાસની માંગ :** વિપક્ષના નેતા વી.ડી. સતીશને તાત્કાલિક અસરથી વર્તમાન દેવસ્વમ મંત્રી, પૂર્વ મંત્રી કડકમ્પલ્લી સુરેન્દ્રન અને ૨૦૧૯થી સેવા આપતા બે TDB પ્રમુખો સામે કેસ દાખલ કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું : “ગાયબ થયેલા સોનાની તપાસ CBI દ્વારા થવી જોઈએ. જો સરકાર તપાસ કરવાનો ઈન્કાર કરશે, તો UDF દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવશે.” આ સામે, TDB પ્રમુખ પી.એસ. પ્રશાંતે બચાવ કર્યો કે સોનાની પ્લેટને ચેન્નાઈ લઈ જવામાં કોઈ ખામી નહોતી અને તેમણે પોતે જ વ્યાપક કોર્ટ તપાસની વિનંતી કરી છે, કારણ કે તેમની પાસે છુપાવવા માટે કંઈ નથી.

# આજનું વિશ્વ વિરોધાભાસી જોખમો વચ્ચે ‘સલામતી વિનાની જાળ’ જેવું છે : જયશંકર

(એજન્સી) તા.૫

વિદેશ મંત્રી ડૉ.એસ જયશંકરે ચોથા કૌટિલ્ય આર્થિક સંમેલન (KEC ૨૦૨૫) ખાતે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને “વિરોધાભાસી” સ્થિતિ તરીકે વર્ણવી, જ્યાં રાષ્ટ્રો એકસાથે જોખમો લઈ રહ્યા છે અને જોખમમુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે નીતિ નિર્માતાઓ માટે અભૂતપૂર્વ પડકારો ઉભા કરે છે. ડૉ.જયશંકરે કહ્યું કે, એક જ સમયે વૈશ્વિક અર્થતંત્ર પર અનેક ઘટનાઓની તીવ્રતા એક વિરોધાભાસી પરિસ્થિતિનું નિર્માણ કરી રહી છે જ્યાં એક તરફ, આ પરિબળો ઉચ્ચ જોખમ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. તે જ સમયે, આના પરિણામોને કારણે, રાજકારણ અને અર્થશાસ્ત્ર બંનેના દરેક પાસાઓને જોખમમુક્ત કરવાનો ગંભીર પ્રયાસ પણ થઈ રહ્યો છે. આકર્ષક રૂપક સાથે પરિસ્થિતિનું વર્ણન કરતા, તેમણે કહ્યું કે એવું લાગે છે કે તમે દરેક પસાર થતા દિવસ સાથે સલામતી જાળ દૂર થઈ રહી છે. આજે આંતરરાષ્ટ્રીય રાજકારણની આવી જ સ્થિતિ છે. આ કોન્ક્લેવમાં, ડૉ.જયશંકરે આર્થિક તકો, ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વખતે રાષ્ટ્રોએ જે નાજુક સંતુલન કાર્ય કરવું જોઈએ તે પર ભાર મૂક્યો. કૌટિલ્ય આર્થિક કોન્ક્લેવ, જેની આ ચોથી આવૃત્તિ છે, તે નીતિ નિર્માતાઓ, અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ નેતાઓને ભારતીય અને વૈશ્વિક અર્થતંત્રને આકાર આપતા વલણોની ચર્ચા કરવા માટે છે, જેમાં ફુગાવો, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ભૂ-રાજકીય જોખમોનો સમાવેશ થાય છે. ભારત-યુએસ વેપાર સંબંધો પર, જયશંકરે કહ્યું કે, “આજે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે અમારી



**ચોથા કૌટિલ્ય આર્થિક સંમેલનમાં, વિદેશ મંત્રી એસ જયશંકરે વૈશ્વિક પરિસ્થિતિને વિરોધાભાસી ગણાવી અને કહ્યું કે, રાજકારણ અને અર્થશાસ્ત્રને જોખમમુક્ત કરવાના પ્રયાસો સાથે જોખમ લેવાનું પ્રમાણ વધ્યું છે**

સમસ્યાઓ છે, મુખ્યત્વે એ છે કે અમે હજુ સુધી અમારી વેપાર ચર્ચામાં લેન્ડિંગ ગ્રાઉન્ડ પર પહોંચ્યા નથી. આના કારણે અમારા પર ચોક્કસ ટેરિફ લાદવામાં આવ્યા છે, જેને અમે જાહેરમાં અન્યાયી કહ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય શિપમેન્ટ પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે અને ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાનો ઉલ્લેખ કરીને ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. રશિયા પાસેથી ઊર્જા મેળવવા સંબંધિત બીજો ટેરિફ છે, જ્યારે અન્ય દેશો, રશિયા સાથે વધુ સંબંધો ધરાવતા દેશોએ પણ આવું કર્યું છે. આ મુદ્દાઓને ઉકેલવાની જરૂર છે અને અમે તેના પર સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારતે દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) માટે અમેરિકા સાથે વાટાઘાટોના પાંચ રાઉન્ડ પહેલાથી જ કર્યા છે, છેલ્લો સપ્ટેમ્બરના અંતમાં પૂર્ણ થયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર સમજૂતી હોવી જોઈએ કારણ કે તે વિશ્વનું સૌથી મોટું બજાર છે અને વિશ્વનો મોટાભાગનો ભાગ આ સમજૂતી પર પહોંચી ગયો છે. તે એવી સમજૂતી હોવી જોઈએ જ્યાં આપણી નીતિનું સન્માન કરવામાં આવે. જયશંકરે વૈશ્વિક વ્યૂહાત્મક પરિદ્દશ્ય પર કહ્યું કે, “તાજેતરના વર્ષોમાં, આપણે પ્રતિબંધોના ઉપયોગ, સાર્વભૌમ સંપત્તિના જપ્તીમાં એક સંપૂર્ણપણે નવો સ્તર જોયો છે. ક્રિપ્ટોનો ઉદય અને દુર્લભ પૃથ્વી અને મહત્ત્વપૂર્ણ ખનિજો માટેની સ્પર્ધા વૈશ્વિક હરીફાઈ માટે મુખ્ય પરિબળો બની ગયા છે. વૈશ્વિક ઉર્જા ગતિશીલતા પર, તેમણે કહ્યું કે, તાજેતરના વર્ષોમાં એક મોટો ફેરફાર એ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ, જે દાયકાઓથી તેની બાહ્ય ઉર્જા નિર્ભરતા વિશે ચિંતિત હતું, તે માત્ર આત્મનિર્ભર બન્યું નથી પરંતુ હવે તે ઊર્જાનો નોંધપાત્ર નિકાસકાર છે અને તેને તેના વ્યૂહાત્મક દૃષ્ટિકોણનો મુખ્ય ભાગ બનાવ્યું છે. ચીને પોતાને નવીનીકરણીય ઊર્જામાં અગ્રણી તરીકે સ્થાપિત કર્યું છે, તેથી, તમે નવીનીકરણીય ઊર્જા પર જે પણ માર્ગ અપનાવો છો, તે બધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

# ફરહાન અખ્તરના પરિવારના ડ્રાઈવર, પેટ્રોલ પંપના કામદાર સામે રૂા.૧૨,૦૦,૦૦૦ની છેતરપિંડી બદલ કેસ દાખલ કરાયો

(એજન્સી) મુંબઈ, તા.૫

ફરહાન અખ્તરના પરિવારના ડ્રાઈવર અને પેટ્રોલ પંપના એક કર્મચારી સામે ફરહાનની માતા હની ઈરાની સાથે નાણાકીય છેતરપિંડી કરવાનો કેસ મુંબઈ પોલીસે દાખલ કર્યો છે. ૩૫ વર્ષના નરેશ સિંઘ નામના ડ્રાઈવરે પેટ્રોલ ભરાવવા માટેના અખ્તરના નામના નોંધાયેલા કાર્ડનો ઉપયોગ કરીને બાંદ્રા લેઈક પાસેના એક પેટ્રોલ પંપના કર્મચારીની મદદથી હની ઈરાનીના વાહનોમાં પેટ્રોલ નાખવાના બહાને રોકડ રકમની છેતરપિંડી કરી હોવાનો આરોપ મુકાયો છે. હની ઈરાનીની મેનેજર દિયા ભાટિયાને પેટ્રોલ પંપના બિલના રેકોર્ડમાં ગરબડી જોવા મળી હતી. એક કારની ડીઝલ ટેન્ક જેમાં ૩૫ લીટર પેટ્રોલથી પૂરી ટાંકી ભરાઈ જાય એ કારમાં ૬૨૧ લીટર પેટ્રોલ નાખવામાં આવ્યાનું બિલમાં જોવા મળ્યું હતું. આથી મેનેજરે ડ્રાઈવરની પૂછપરછ કરી ત્યારે ઊલટસુલટ જવાબો આપ્યા હતા અને તેણે એવું કહ્યું હતું કે મારી પાસે તો એક જ કાર્ડ છે. બાદમાં વધુ ઊંડી તપાસ કરવામાં આવી હતી




**પોલીસે ફરહાન અખ્તરના પરિવારના ડ્રાઈવર અને પેટ્રોલ પંપના એક કર્મચારી સામે કેસ નોંધી દીધો છે**

ત્યારે ખબર પડી હતી કે ફરહાન અખ્તરના નામના ત્રણે ત્રણ કાર્ડનો ડ્રાઈવર ઉપયોગ કરતો હતો અને વાહનોમાં પેટ્રોલ ભરાવીને વધુ પ્રમાણમાં બીલ મુકાવતો હતો. સાત વર્ષ પહેલા એક કાર માટે ઓઈલની ખરીદી કરી હોવાનું પણ રેકોર્ડમાં દેખાયું હતું. આથી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસમાં નોંધાયા મુજબ આ ત્રણ કાર્ડ આરોપીએ ફરહાનના અગાઉના ડ્રાઈવર સંતોષકુમાર પાસેથી લીધા હોવાનું તેણે કબૂલ કર્યું હતું. બાંદ્રા સરોવર પાસે આવેલા એસવી રોડ પેટ્રોલ પંપની એ મુલાકાત લેતો હતો અને ત્યાં કારમાં પેટ્રોલ અને ડીઝલ લખાવવાના બદલે કાર્ડ અને સ્વાઈપ કરીને રકમ ઉપાડી લેતો હતો. પેટ્રોલ પંપનો કર્મચારી ૫૨ વર્ષનો અરૂણસિંહ બાદમાં તેને કાર્ડ દ્વારા મુકાયેલી અને સ્વાઈપ કરાયેલી રકમ કાઢીને આપી દેતો હતો અને દરેક વખતે આવી રીતે રૂપિયા ૧૦૦૦થી રૂપિયા ૧૫૦૦ સુધીની રકમ ઉપાડી લેવામાં આવતી હતી. આ રીતે બંને મળીને રૂપિયા ૧૨,૦૦,૦૦૦ જેટલી રકમની છેતરપિંડી કરી હોવાનું જાહેર થયું હતું અને બાંદ્રા પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

# મોદી સરકાર સંપત્તિના કેન્દ્રીકરણને પ્રોત્સાહન આપી રહી છે; તે લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે: કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

સંપત્તિના કેન્દ્રીકરણના મુદ્દા અંગે કોંગ્રેસે રવિવારે આરોપ લગાવ્યો કે તે મોદી સરકારની આર્થિક નીતિઓથી પ્રેરિત છે અને જણાવ્યું હતું કે તે માત્ર અર્થતંત્ર માટે સમસ્યા નથી, પરંતુ લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે. કોંગ્રેસના મહાસચિવ અને પ્રભારી સંદેશાવ્યવહાર જયરામ રમેશે ઠ પર એક મીડિયા રિપોર્ટ શેર કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત હવે અબજોપતિઓનું નવું કેન્દ્ર બની રહ્યું છે અને દેશમાં ધનિક લોકોની સંખ્યા દર વર્ષે ઝડપથી વધી રહી છે. એક પછી એક રિપોર્ટ ભારતમાં સંપત્તિના વ્યાપક કેન્દ્રીકરણ વિશે ચેતવણી આપી રહ્યો છે. જ્યારે લાખો ભારતીયો દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે ફક્ત ૧,૬૮૭ લોકો દેશની અડધી સંપત્તિ ધરાવે છે. રમેશે કહ્યું કે, મોદી સરકારની આર્થિક નીતિઓ દ્વારા સંચાલિત સંપત્તિનું આ વિશાળ કેન્દ્રીકરણ આપણા દેશમાં મોટા પાયે આર્થિક અસમાનતા પેદા કરી રહ્યું છે. આ અસમાનતા વ્યાપક સામાજિક અસુરક્ષા અને અસંતોષને જન્મ આપી રહી છે. અન્ય દેશોમાં તાજેતરની ઘટનાઓ દર્શાવે છે કે આ જ આત્યંતિક આર્થિક અસમાનતા અને નષ્ટ થતી લોકશાહી સંસ્થાઓ રાજકીય અરાજકતા માટે ઉત્પ્રેરક બની છે. રમેશે કહ્યું કે, આ સરકાર ભારતને તે જ રસ્તે ધકેલી રહી છે. સત્તાના જોડાણને કારણે થોડા ઉદ્યોગપતિઓ



જયરામ રમેશે દાવો કર્યો હતો કે ભારત હવે અબજોપતિઓનું નવું કેન્દ્ર બની રહ્યું છે અને દેશમાં ધનિક લોકોની સંખ્યા વર્ષ-દર-વર્ષે ઝડપથી વધી રહી છે

વધુને વધુ ધનવાન બની રહ્યા છે. વડા પ્રધાનની નીતિઓ ફક્ત તેમના થોડા ઉદ્યોગપતિ મિત્રોના ફાયદા પર કેન્દ્રિત છે. ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ, MSME ક્ષેત્ર અભૂતપૂર્વ દબાણ હેઠળ છે અને આ દબાણ ફક્ત સ્થાનિક નીતિઓનું જ નહીં પરંતુ વિદેશ નીતિની નિષ્ફળતાઓનું પણ પરિણામ છે. સામાન્ય લોકો માટે કમાણીની તકો ઘટી રહી છે. ફુગાવો એટલો વધી ગયો છે કે નોકરી કરતા લોકો પણ બચતને બદલે દેવાના બોજ હેઠળ દબાઈ રહ્યા છે. શિક્ષણ અને આરોગ્યમાં રોકાણ સતત ઘટી રહ્યું છે અને સામાજિક સુરક્ષા યોજનાઓ નબળી પડી રહી છે. લાખો લોકો માટે સામાજિક અને આર્થિક સુરક્ષા જાળ પૂરી પાડતી મનરેગા જેવી સફળ યોજનાઓ હવે વેતન કટોકટીનો સામનો કરી રહી છે, કામદારોને સમયસર પગાર પણ મળી રહ્યો નથી. "સંપત્તિનું આટલું અતિશય કેન્દ્રીકરણ માત્ર અર્થતંત્ર માટે સમસ્યા નથી, પરંતુ લોકશાહીના આત્મા પર સીધો હુમલો છે. જ્યારે આર્થિક શક્તિ મુઠ્ઠીભર હાથમાં કેન્દ્રિત થાય છે, ત્યારે રાજકીય નિર્ણયો પણ તેમના પક્ષમાં આવવા લાગે છે. આનાથી સામાજિક અને આર્થિક અસમાનતા વધી રહી છે. પરિણામે, લાખો નાગરિકો ધીમે ધીમે લોકશાહી અને વિકાસની પ્રક્રિયામાંથી બાકાત રહી રહ્યા છે. M3M હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં સામેલ લોકોની કુલ સંપત્તિ ૧૬૭ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જે ભારતના GDPના લગભગ અડધા ભાગ જેટલી છે. આ યાદીમાં ૧,૬૮૭ વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમની સંપત્તિ ૧,૦૦૦ કરોડ રૂપિયા છે, જે ૨૮૪નો વધારો દર્શાવે છે જ્યારે ૧૪૮ નવા લોકો પણ સામેલ છે. હુરૂને જણાવ્યું હતું કે ભારતમાં છેલ્લા બે વર્ષથી દર અઠવાડિયે એક અબજોપતિ બને છે અને યાદીમાં સામેલ લોકોની સંપત્તિ દરરોજ ૧,૯૯૧ કરોડ રૂપિયા વધી રહી છે.

# દુર્ગા પૂજા વિસર્જન દરમિયાન અથડામણ પછી કટકમાં હિંસા, આગના બનાવો, ઈન્ટરનેટ બંધ; VHP દ્વારા બંધનું એલાન

## દુર્ગા પૂજા મૂર્તિ વિસર્જન દરમિયાન હિંસક અથડામણો થયા બાદ કટક શહેરમાં સ્થિતિ તંગ છે, હાઈ-ડેસિબલ સંગીતના વાંધાને કારણે થયેલી હિંસામાં પથ્થરમારો થયો, કટકના DCP ખિલારી ઋષિકેશ જ્ઞાનદેવ સહિત અનેક લોકો ઘાયલ થયા અને વાહનો અને સ્ટોલને નુકસાન થયું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

દુર્ગા પૂજા મૂર્તિ વિસર્જન દરમિયાન હિંસક અથડામણો પછી રવિવારે ઓડિશાના કટકમાં ભારે હિંસા ચાલુ રહી છે, જેના કારણે અધિકારીઓએ પ્રતિબંધક આદેશો, ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી છે અને સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના પોલીસ દળો તૈનાત કરવા પડ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદ (VHP)એ સોમવારે ૧૨ કલાકના બંધનું એલાન આપ્યું છે, જેમાં વહીવટીતંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં 'સંપૂર્ણ નિષ્ફળતા'નો આરોપ મૂકવામાં આવ્યો છે. કટકના દરાઘાબજાર વિસ્તારમાં રાત્રે ૧:૩૦થી ૨ વાગ્યાની વચ્ચે હિંસા ફાટી નીકળી હતી, જ્યારે એક વિસર્જન શોભાયાત્રા કાથજોડી નદીના કિનારે દેવીગરા તરફ આગળ વધી રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર શોભાયાત્રા દરમિયાન વગાડવામાં આવતા હાઈ-ડેસિબલ સંગીત સામે કેટલાક સ્થાનિક લોકોએ વાંધો ઊઠાવ્યા બાદ મુશ્કેલી શરૂ થઈ હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'જ્યારે ટોળાએ શોભાયાત્રા પર છત પરથી પથ્થરો અને કાચની બોટલો ફેંકવાનું શરૂ કર્યું ત્યારે ટૂંક સમયમાં અથડામણ થઈ હતી, જેમાં કટકના ડીસીપી ખિલારી ઋષિકેશ જ્ઞાનદેવ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા.' પોલીસે ભીડને વિખેરવા માટે હળવો લાઠીચાર્જ કર્યો અને ઘણા વાહનો અને રસ્તાની બાજુના સ્ટોલને નુકસાન થયું હતું. કડક સુરક્ષા હેઠળ ફરી શરૂ કરતા પહેલા લગભગ ત્રણ કલાક માટે વિસર્જન પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવી હતી, સવારે ૯:૩૦ વાગ્યા સુધીમાં બધી મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, શહેરમાં બાઈક રેલી યોજવાની પરવાનગી માંગ્યા પછી નવો તણાવ ભડક્યો હતો, વધુ અશાંતિના ડરથી પોલીસે આ વિનંતીને નકારી કાઢી હતી. ભૂવનેશ્વર-કટક પોલીસ કમિશનર ડૉ.સુરેશ દેબદુત્તા સિંહે જણાવ્યું હતું કે, કટકમાં એક સંગઠને બાઈક રેલી યોજવાની પરવાનગી માંગી હતી, પરંતુ તેને નકારી કાઢવામાં આવી હતી કારણ કે, તેનાથી સાંપ્રદાયિક તણાવ વધી શકે છે. જ્યારે પોલીસે આદેશ લાગુ કર્યો ત્યારે અથડામણ થઈ અને પથ્થરમારાથી આઠ પોલીસકર્મીઓ ઘાયલ થયા. પાછળથી બળપ્રયોગ કરીને ટોળાને વિખેરવામાં આવ્યું હતું. કમિશનરે એ પણ સ્પષ્ટતા કરી હતી કે, અગાઉ થયેલી વિસર્જન સંબંધિત હિંસામાં ઘાયલ થયેલા ચાર વ્યક્તિઓમાંથી એકનું મૃત્યુ થયું હોવાની અફવાઓ ફેલાવવામાં આવી રહી હતી. આ અફવાઓ ખોટી છે, ચારેયને સામાન્ય ઈજાઓ થઈ હતી. ત્રણને તે જ દિવસે રજા આપવામાં આવી હતી અને એકને સારવાર મળી રહી છે. ખોટી માહિતી ફેલાવનારાઓની ધરપકડ કરવામાં આવશે. ડૉ.સિંહે પુષ્ટિ આપી હતી કે, શાંતિ જાળવવા માટે કટકના અમુક વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવશે. પૂજા સમિતિઓના સભ્યોએ હુમલામાં સામેલ લોકોની તાત્કાલિક ધરપકડની માગણી સાથે દેખાવો કર્યા. અશાંતિ માટે જિલ્લા વહીવટીતંત્રને જવાબદાર ઠેરવતા VHPએ DCP અને જિલ્લા કલેક્ટર બંનેના ટ્રાન્સફરની માંગ કરી હતી. VHP પ્રવક્તાએ ૬ ઓક્ટોબરના રોજ શહેરમાં સવારથી સાંજ સુધી બંધનું એલાન આપ્યું છે. બીજુ જનતા દળ (BJD)એ હિંસાની નિંદા કરતા 'અસામાજિક તત્ત્વો'ને સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરવા બદલ દોષી ઠેરવ્યા. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી અને અધિકારીઓને ઘાયલોને મફત તબીબી સંભાળ પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે. બીજેડી સાંસદ સુલતા દેવે કહ્યું, કટક ભાઈચારાનું શહેર છે જ્યાં હિન્દુઓ, મુસ્લિમો, શીખો અને ખ્રિસ્તીઓ હંમેશા સુમેળ સાથે રહે છે. જે બન્યું તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. આ સરકાર કાયદો અને વ્યવસ્થા સંભાળી શકતી નથી કે મહિલાઓનું રક્ષણ કરી શકતી નથી. ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારથી ગુનાખોરીનો દર વધ્યો છે. ઓડિશાના મુખ્યમંત્રી કાર્યાલય (CMO)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ હિંસા પર દુઃખ વ્યક્ત કર્યું છે અને શાંતિ જાળવવા અપીલ કરી છે. કટક શહેર ભાઈચારાનું એક અનોખું ઉદાહરણ છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી, કેટલાક તોફાનીઓના કારણે, શહેરમાં શાંતિ ખલેલ પહોંચી છે અને સામાન્ય લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે, સરકાર આવા તત્ત્વો પર નજર રાખી રહી છે અને કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. માઝીએ અધિકારીઓને ઘાયલોને મફત તબીબી સારવાર અને સંવેદનશીલ વિસ્તારોનું સતત નિરીક્ષણ સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યો. સહાયક ફાયર ઓફિસર સંજીબકુમાર બેહરાએ પુષ્ટિ આપી કે ગૌરી શંકર પાર્ક નજીક અનેક સ્થળોએ તોફાનીઓએ આગ લગાવી હતી. અમને માહિતી મળી હતી કે, તોફાનીઓએ ૮-૧૦ સ્થળોએ આગ લગાવી હતી.

# કેરળમાં LDF સરકારનો સામનો કરવા માટે વિપક્ષે સબરીમાલા સોનાના ગુમ થવાના વિવાદને મહિલાઓના પ્રવેશ વિવાદ સાથે જોડ્યો

(એજન્સી) તા.૫

શબરીમાલા મંદિરના સોનાના ઢોળની કથિત ગેરરીતિને લઈને કેરળના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. વિપક્ષે રાજ્યના દેવસ્વમ મંત્રી વી.એન. વાસવન અને ત્રાવણકોર દેવસ્વમ બોર્ડ (TDB)ના પ્રમુખના રાજીનામાની માગ કરી છે. વિપક્ષના નેતા વી.ડી. સતીશને સરકાર અને દેવસ્વમ બોર્ડ પાસે સ્પષ્ટતા માગી છે કે ૧૯૯૮માં યુબી ગ્રુપના ચેરમેન વિજય માલ્યા દ્વારા શબરીમાલાને દાનમાં અપાયેલા આશરે ૩૦ કિલોગ્રામ સોનામાંથી કેટલું સોનું બાકી છે.

**શું છે શબરીમાલા સોનાની કથિત ચોરીનો વિવાદ ?** ૧૯૯૯માં ઉદ્યોગપતિ વિજય માલ્યાએ દાનમાં આપેલા સોના અને તાંબાના એક ભાગનો ઉપયોગ કરીને 'દ્વારપાલક'ની મૂર્તિઓ અને પાયા પર સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો હતો.

**વિવાદની મુખ્ય હકીકતો :** TDBના નિયમોનું ઉલ્લંઘન : TDB મેન્યુઅલ મુજબ, મૂર્તિઓના સમારકામનું કામ શબરીમાલા ખાતે જ થવું જોઈતું હતું.

ગેરરીતિનો આરોપ : ૨૦૧૯માં, આ પ્લેટો ફરીથી ઢોળ ચઢાવવા માટે યુનિકૃષ્ણન પોટ્ટી નામના સ્પોન્સરને સોંપવામાં આવી હતી. જોકે, ૨૦૧૯ના દસ્તાવેજો (મહઝર)માં આ વસ્તુઓને માત્ર ''તાંબાની પ્લેટ્સ'' તરીકે દર્શાવવામાં આવી હતી, જેમાં સોનાના ઢોળ વિશે કોઈ ઉલ્લેખ નહોતો.

**સોનાની ઘટ :** તાજેતરની કોર્ટ કાર્યવાહી દરમિયાન ખુલાસો થયો કે ૨૦૧૯માં આ પ્લેટ્સનું વજન ૪૨.૮ કિલોગ્રામ (સોનાના ઢોળ/કોટિંગ સહિત) હતું, પરંતુ પરત આવ્યા બાદ તેમાં ૪.૫૪ કિલોગ્રામ સોનાની ઘટ જોવા મળી હતી, જેનાથી ગેરરીતિની શંકા ઊભી થઈ છે. વિપક્ષના આરોપ : વિપક્ષના નેતાએ આરોપ લગાવ્યો છે કે બોર્ડના અધિકારીઓએ આ સોનાની ઘટની માહિતી છુપાવી હતી.

**આક્ષેપો અને બચાવ :** જ્યારે આ વિવાદ પહેલીવાર ઉભો થયો, ત્યારે TDB અને દેવસ્વમ મંત્રી વી.એન. વાસવને વિપક્ષ પર રાજકારણ કરવાનો અને સ્પોન્સર યુનિકૃષ્ણન પોટ્ટી પર ''ષડયંત્ર''નો આરોપ મૂક્યો હતો. જોકે, ચેન્નાઈ સ્થિત ફર્મ 'સ્માર્ટ ક્રિએશન્સ' (જ્યાં ઢોળ ચઢાવવાનું કામ થયું હતું) વતી એડવોકેટ કે.બી. પ્રદીપે કોર્ટમાં જણાવ્યું કે ૨૦૧૯માં તેમને જે 'દ્વારપાલક' પ્લેટ મોકલવામાં આવી હતી, તે સોનાનો ઢોળ ચઢાવેલી નહોતી, પરંતુ સંપૂર્ણપણે તાંબાની હતી. પોટ્ટીએ પણ આ વાતનું સમર્થન કર્યું હતું, જેનાથી સોનાના ગાયબ થવા અંગેની શંકા TDBના અધિકારીઓ તરફ વળી છે.

**વિપક્ષની CBI તપાસની માંગ :** વિપક્ષના નેતા વી.ડી. સતીશને તાત્કાલિક અસરથી વર્તમાન દેવસ્વમ મંત્રી, પૂર્વ મંત્રી કડકમ્પલ્લી સુરેન્દ્રન અને ૨૦૧૯થી સંબંધિત બધા TDB પ્રમુખો સામે કેસ દાખલ કરવાની માંગ કરી છે. તેમણે કહ્યું : ''ગાયબ થયેલા સોનાની તપાસ CBI દ્વારા થવી જોઈએ. જો સરકાર તપાસ કરવાનો ઇન્કાર કરશે, તો UDF દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવશે.'' આ સામે, TDB પ્રમુખ પી.એસ. પ્રશાંતે બચાવ કર્યો કે સોનાની પ્લેટને ચેન્નાઈ લઈ જવામાં કોઈ ખામી નહોતી અને તેમણે પોતે જ વ્યાપક કોર્ટ તપાસની વિનંતી કરી છે, કારણ કે તેમની પાસે છુપાવવા માટે કંઈ નથી.

# અમેરિકા સ્થિત મુસ્લિમ સંસ્થાએ 'આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો લગાવવા બદલ લોકોની ધરપકડની નિંદા કરતા મૌલાના તૌકીર રઝા ખાનની તાત્કાલિક મુક્તિની માંગ કરી

(એજન્સી) તા.૫

યુએસ સ્થિત એક મુસ્લિમ સંગઠને ઉત્તરપ્રદેશમાં 'આઈ લવ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરો લગાવવા બદલ પોલીસ બર્બરતા અને મુસ્લિમોની મનસ્વી ધરપકડ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને આ કાર્યવાહીને માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવી છે. આ કડક શબ્દોમાં નિવેદન આપતા યુએસ મુસ્લિમ નેટવર્કે કહ્યું કે, ભાજપ શાસિત ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો પર ક્રૂરતાપૂર્વક હુમલો કરવામાં આવી રહ્યો છે અને મનસ્વી રીતે અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે તે ખૂબ જ દુઃખદ અને ચિંતાજનક છે. આ જૂથે જણાવ્યું હતું કે, આવી ક્રિયાઓ ભારતીય બંધારણની ભાવનાની વિરુદ્ધ છે, જે ધર્મ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ખાતરી આપે છે. વિશ્વભરના બે અબજથી વધુ મુસ્લિમો પયગમ્બર સાહેબને પોતાના જીવ કરતાં વધુ પ્રેમ કરે છે. અન્ય ધાર્મિક સંગઠનો સાથે મળીને જારી કરતા આ નિવેદનમાં નોંધ્યું હતું કે, જ્યારે હિન્દુઓ 'જય શ્રી રામ' અથવા 'જય કૃષ્ણ' કહે છે, ત્યારે અમને વાંધો નથી, કારણ કે, અમે અન્ય ધર્મોનો આદર કરીએ છીએ. અમે વિનંતી કરીએ છીએ કે, આપણા પયગમ્બરનું આ અપમાન તાત્કાલિક બંધ થવું જોઈએ અને ધરપકડ કરાયેલા લોકોને વિલંબ કર્યા વિના મુક્ત કરવા જોઈએ. સંગઠને કહ્યું કે, સંસ્કૃતિઓ અને ધર્મોના જન્મસ્થળ તરીકે ઓળખાતા ભારતને નૈતિક અથવા તો સાંપ્રદાયિક ધ્રુવીકરણ કરવું જોઈએ નહીં.

# ફરહાન અખ્તરના પરિવારના ડ્રાઈવર, પેટ્રોલ પંપના કામદાર સામે રૂા.૧૨,૦૦,૦૦૦ની છેતરપિંડી બદલ કેસ દાખલ કરાયો

(એજન્સી) મુંબઈ, તા.૫

ફરહાન અખ્તરના પરિવારના ડ્રાઈવર અને પેટ્રોલ પંપના એક કર્મચારી સામે ફરહાનની માતા હની ઈરાની સાથે નાણાકીય છેતરપિંડી કરવાનો કેસ મુંબઈ પોલીસે દાખલ કર્યો છે. ૩૫ વર્ષના નરેશ સિંઘ નામના ડ્રાઈવરે પેટ્રોલ ભરાવવા માટેના અખ્તરના નામના નોંધાયેલા કાર્ડનો ઉપયોગ કરીને બાંદ્રા લેઈક પાસેના એક પેટ્રોલ પંપના કર્મચારીની મદદથી હની ઈરાનીના વાહનોમાં પેટ્રોલ નાખવાના બહાને રોકડ રકમની છેતરપિંડી કરી હોવાનો આરોપ મુકાયો છે. હની ઈરાનીની મેનેજર દિયા ભાટિયાને પેટ્રોલ પંપના બિલના રેકોર્ડમાં ગરબડી જોવા મળી હતી. એક કારની ડીઝલ ટેન્ક જેમાં ૩૫ લીટર પેટ્રોલથી પૂરી ટાંકી ભરાઈ જાય એ કારમાં ૬૨૧ લીટર પેટ્રોલ નાખવામાં આવ્યાનું બિલમાં જોવા મળ્યું હતું. આથી મેનેજરે ડ્રાઈવરની પૂછપરછ કરી ત્યારે ઊલટસુલટ જવાબો આપ્યા હતા અને તેણે એવું કહ્યું હતું કે મારી પાસે તો એક જ કાર્ડ છે. બાદમાં વધુ ઊંડી તપાસ કરવામાં આવી હતી



પોલીસે ફરહાન અખ્તરના પરિવારના ડ્રાઈવર અને પેટ્રોલ પંપના એક કર્મચારી સામે કેસ નોંધી દીધો છે

ત્યારે ખબર પડી હતી કે ફરહાન અખ્તરના નામના ત્રણે ત્રણ કાર્ડનો ડ્રાઈવર ઉપયોગ કરતો હતો અને વાહનોમાં પેટ્રોલ ભરાવીને વધુ પ્રમાણમાં બીલ મુકાવતો હતો. સાત વર્ષ પહેલા એક કાર માટે ઓઈલની ખરીદી કરી હોવાનું પણ રેકોર્ડમાં દેખાયું હતું. આથી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસમાં નોંધાયા મુજબ આ ત્રણ કાર્ડ આરોપીએ ફરહાનના અગાઉના ડ્રાઈવર સંતોષકુમાર પાસેથી લીધા હોવાનું તેણે કબૂલ કર્યું હતું. બાંદ્રા સરોવર પાસે આવેલા એસવી રોડ પેટ્રોલ પંપની એ મુલાકાત લેતો હતો અને ત્યાં કારમાં પેટ્રોલ અને ડીઝલ લખાવવાના બદલે કાર્ડ અને સ્વાઈપ કરીને રકમ ઉપાડી લેતો હતો. પેટ્રોલ પંપનો કર્મચારી ૫૨ વર્ષનો અરૂણસિંહ બાદમાં તેને કાર્ડ દ્વારા મુકાયેલી અને સ્વાઈપ કરાયેલી રકમ કાઢીને આપી દેતો હતો અને દરેક વખતે આવી રીતે રૂપિયા ૧૦૦૦થી રૂપિયા ૧૫૦૦ સુધીની રકમ ઉપાડી લેવામાં આવતી હતી. આ રીતે બંને મળીને રૂપિયા ૧૨,૦૦,૦૦૦ જેટલી રકમની છેતરપિંડી કરી હોવાનું જાહેર થયું હતું અને બાંદ્રા પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

# ગાઝામાં ચાલી રહેલા નરસંહાર સામે દેશવ્યાપી જબરદસ્ત વિરોધ પ્રદર્શન, ઈઝરાયેલની સખત ઝાટકણી કાઢતા દેખાવકારોએ પેલેસ્ટીન સાથે તેમના સમર્થનની અને ટેકાની ઘોષણા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઈઝરાયેલ દ્વારા ગાઝામાં ચલાવવામાં આવી રહેલા ભયાનક અને અમાનવીય નરસંહારના વિરોધમાં નવી દિલ્હી ખાતે જબરદસ્ત દેશવ્યાપી વિરોધના ભાગરૂપે ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા. દેશના તમામ વર્ગોમાંથી સેંકડો લોકોએ વિરોધ પ્રદર્શનમાં હાજરી આપી હતી અને ઈઝરાયેલની ઝાટકણી કાઢી હતી. વિરોધ પ્રદર્શન કરી રહેલા સેંકડો દેખાવકારોએ પેલેસ્ટીનને મજબૂત સમર્થન અને ટેકો વ્યક્ત કર્યા હતા. ઈન્ડિયન પીપલ ઈન સોલિડેરિટી વિથ પેલેસ્ટીન અને બીડીએસ ઈન્ડિયા દ્વારા રવિવારે જંતર-મંતર નવી દિલ્હી ખાતે દેશવ્યાપી ઉગ્ર દેખાવોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સેંકડો નાગરિકો એકત્ર થયા હતા અને ઈઝરાયેલની જોરદાર ટીકા કરી હતી. દેશવ્યાપી ઈઝરાયેલ વિરોધી દેખાવો અને પ્રદર્શનના ભાગરૂપે દિલ્હીમાં દેખાવનું આયોજન કરવામાં આવ્યું હતું




## દિલ્હીના જંતર-મંતર પર દેશવ્યાપી ઈઝરાયેલ વિરોધી આંદોલનના ભાગરૂપે યોજાયેલા પ્રદર્શનમાં તમામ વર્ગના લોકોએ અને ખાસ કરીને વિદ્યાર્થીઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો અને ઈઝરાયેલની સખત ટીકા કરી

જેમાં વિદ્યાર્થીઓ તથા સામાજિક કાર્યકરો અને વેપારી અને શ્રમ સંગઠનના સભ્યો અને તમામ વર્ગના નાગરિકોએ હાજરી આપી હતી. પેલેસ્ટીનના ધ્વજ લોકોના હાથમાં પકડાવ્યા હતા અને બેનરો પણ ફરકાવ્યા હતા અને ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ લાગુ કરવા તથા ઈઝરાયેલના લશ્કરી કબજાને દૂર કરવા માટેની માગણી સાથેના સૂત્રો પોકારવામાં આવ્યા હતા. પેલેસ્ટીનને આઝાદ કરો અને હવે નરસંહાર અટકાવો એવા સૂત્રો લખેલા બેનર ફરકાવવામાં આવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીની સાથે-સાથે રવિવારે હૈદરાબાદ, પટના, લખનૌ, કોલકાતા, વિશાખાપટ્ટનમ, વિજયવાડા, પુણે વગેરે શહેરોમાં પણ ઈઝરાયેલ વિરોધી ઉગ્ર દેખાવો યોજાયા હતા. જેમાં વક્તાઓએ ગાઝામાં ચાલી રહેલા દમન અને હિંસાની સખત આલોચના કરી હતી. ઈઝરાયેલના આક્રમણથી હજારો નાગરિકો અને ખાસ કરીને મહિલાઓ અને બાળકો મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીનને ભારતના ઐતિહાસિક સમર્થન અને ટેકા ઉપર વક્તાઓએ ભાર મૂક્યો હતો અને ઈઝરાયેલ સામે હાલની સરકાર દ્વારા જાળવવામાં આવેલા મૌનની ભારે ઝાટકણી કાઢી હતી.

# જો તેઓ ફરીથી દુઃસાહસ કરશે તો આ વખતે નુકસાન વધારે હશે : પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને ભારતને ભવિષ્યના સંઘર્ષ અંગે 'ચેતવણી' આપી

## ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને કોઈપણ દુઃસાહસ માટે ચેતવણી આપ્યાના થોડા દિવસો પછી તેમનું આ નિવેદન સામે આવ્યું છે

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૫

સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે રવિવારે ભારતને પાકિસ્તાન સાથે ભવિષ્યના કોઈપણ લશ્કરી સંઘર્ષ સામે ચેતવણી આપતા કહ્યું કે, આવી દુશ્મનાવટના કિસ્સામાં યોગ્ય જવાબ આપવામાં આવશે. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કોઈપણ દુઃસાહસ સામે પાકિસ્તાનને ચેતવણી આપ્યાના થોડા દિવસો પછી આસિફનો આ જવાબ આવ્યો છે. આસિફે નવી દિલ્હીની ટોચની સુરક્ષા સંસ્થાના ઉશ્કેરણીજનક નિવેદનોનો કડક જવાબ સોશિયલ મીડિયા પર આપ્યો હતો. તેમણે ભારતીય લશ્કરી અને રાજકીય નેતાઓના તાજેતરના કેટલાક નિવેદનોને તેમની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવાના 'નિષ્ફળ પ્રયાસ' તરીકે ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ભારતીય લશ્કરી અને રાજકીય નેતૃત્વના નિવેદનો તેમની કલંકિત પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવાનો નિષ્ફળ પ્રયાસ છે. ૦-૬ના સ્કોર સાથે આવી નિર્ણાયક હાર પછી, જો તેઓ ફરીથી પ્રયાસ કરશે, તો આ નુકસાન પહેલા કરતા ઘણો વધારે હશે. જો કે, તેમણે ૦-૬ના સ્કોર દ્વારા તેમનો શું અર્થ હતો તે સ્પષ્ટ કર્યું નથી. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરૂવારે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે, સર ક્રીક સેક્ટરમાં કોઈપણ દુષ્પ્રેરણા માટે ભારત 'ઈતિહાસ અને ભૂગોળ' બંનેને બદલી શકે તેવી 'નિર્ણાયક પ્રતિક્રિયા' આપશે. વિજયાદશમી પર ભૂજ લશ્કરી સ્ટેશન ખાતે સૈનિકોને સંબોધતા તેમણે સરહદ પર ભારતની ઉચ્ચ લશ્કરી તૈયારીઓ, ઓપરેશન સિંદૂરની સફળતા અને પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ નબળાઈઓ અંગે વાત કરી હતી. ભારતીય સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પણ શુક્રવારે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે, રાજ્ય પ્રાયોજિત આતંકવાદ બંધ કરે નહીંતર ઈતિહાસ અને ભૂગોળમાં તેનું સ્થાન ભૂંસી નાખવામાં આવશે. રાજસ્થાનમાં તેમણે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર ૧.૦ દરમિયાન કરવામાં આવેલા સચોટ હુમલાઓને યાદ કર્યા, જેમાં પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર અને પાકિસ્તાનની અંદર આતંકવાદી લોન્ચપેડને નિશાન બનાવવામાં આવ્યા હતા. દ્વિવેદીએ કહ્યું કે, ભારતે આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરીને અને આંતરરાષ્ટ્રીય સ્તરે હુમલાના પુરાવા રજૂ કરીને નાગરિક અથવા લશ્કરી જાનહાનિ ટાળીને સંયમ દાખવ્યો છે. તેમણે સૈનિકોને સંપૂર્ણપણે તૈયાર રહેવા સૂચના આપી અને જો ઉશ્કેરવામાં આવે તો અન્ય નિર્ણાયક કાર્યવાહી માટેનો સંકેત આપ્યો અને કહ્યું કે, ભવિષ્યમાં કોઈપણ પ્રતિક્રિયા એટલી શક્તિશાળી હોઈ શકે છે કે, પાકિસ્તાનને 'ઈતિહાસ અને ભૂગોળમાં સ્થાન જોઈએ છે કે નહીં તે અંગે પુનર્વિચાર કરવો પડશે.' તે જ દિવસે અગાઉ એર ચીફ માર્શલ એ.પી. સિંહે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હુમલામાં યુએસ-મૂળના F-16 જેટ સહિત ઓછામાં ઓછા એક ડઝન પાકિસ્તાની લશ્કરી વિમાનો નાશ પામ્યા હતા અથવા નુકસાન થયું હતું. તેમણે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર એક સ્પષ્ટ અને મર્યાદિત ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું અને તે ઉદ્દેશ્યો પ્રાપ્ત થયા પછી તરત જ તેને સમાપ્ત કરવામાં આવ્યું. તેમણે કહ્યું કે, આ હુમલાઓએ પાકિસ્તાનના એરફિલ્ડ્સ, F-16 અને JF-17 સહિતના વિમાનો, રડાર, કમાન્ડ સેન્ટરો, રનવે, હેંગરો અને ઉચ્ચ-મૂલ્યવાળા એરબોર્ન પ્લેટફોર્મને વ્યાપક નુકસાન પહોંચાડ્યું, જ્યારે નાગરિક અથવા લશ્કરી કોલેટરલને ઓછું નુકસાન કર્યું હતું. ભારતીય જેટને તોડી પાડવાના પાકિસ્તાનના દાવાઓને 'મનોહર કહાનિયાં' (કાલ્પનિક વાર્તાઓ) તરીકે ફગાવી દેતા સિંહે ભારતની લાંબા અંતરની હુમલાની ક્ષમતાઓ, નવી મિસાઈલ સિસ્ટમ્સની ભૂમિકા અને આતંકવાદી ઠેકાણાઓને સચોટ રીતે નિશાન બનાવવા અંગે વાત કરી. તેમણે ખોટી માહિતીને રોકવા માટે મીડિયાને શ્રેય પણ આપ્યો અને સુદર્શન ચક્ર હવાઈ સંરક્ષણ પ્રણાલીના વિકાસ અને સંભવિત વધારાની S-400 મિસાઈલ ખરીદી સહિત IAF લડાઈ શક્તિને વિસ્તૃત કરવા માટે રોડમેપ ૨૦૪૭ હેઠળ યોજનાઓની રૂપરેખા આપી હતી. શનિવારે પાકિસ્તાની સેનાએ ભારતીય લશ્કરી અને રાજકીય નેતાઓની ટિપ્પણીઓનો સત્તાવાર જવાબ આપ્યો હતો, જેમાં ભારત પર 'ભ્રામક, ઉશ્કેરણીજનક અને રાષ્ટ્રવાદી નિવેદનો' કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો જેના લીધે આક્રમણ માટે મનસ્વી બહાનાનું જોખમ છે. આ નિવેદનમાં ચેતવણી આપવામાં આવી હતી કે, ભવિષ્યમાં સંઘર્ષ 'વિનાશક વિનાશ' લાવી શકે છે અને કહ્યું હતું કે, પાકિસ્તાન 'કોઈપણ સંકોચ કે સંયમ વિના દૃઢતાપૂર્વક જવાબ આપશે અને દાવો કર્યો છે કે, સશસ્ત્ર દળો આ લડાઈને 'દુશ્મનના પ્રદેશના દરેક ખૂણામાં' લઈ જઈ શકે છે. 'નકશામાંથી પાકિસ્તાનને ભૂંસી નાખવા'ની વાતનો જવાબ આપતા સેનાએ કહ્યું હતું કે, આવા કોઈપણ પરિણામ પરસ્પર બંને માટે હશે.

# આજનું વિશ્વ વિરોધાભાસી જોખમો વચ્ચે 'સલામતી વિનાની જાળ' જેવું છે : જયશંકર

(એજન્સી) તા.૫

વિદેશ મંત્રી ડૉ.એસ જયશંકરે ચોથા કૌટિલ્ય આર્થિક સંમેલન (KEC ૨૦૨૫) ખાતે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને ''વિરોધાભાસી'' સ્થિતિ તરીકે વર્ણવી, જ્યાં રાષ્ટ્રો એકસાથે જોખમો લઈ રહ્યા છે અને જોખમમુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે નીતિ નિર્માતાઓ માટે અભૂતપૂર્વ પડકારો ઉભા કરે છે. ડૉ.જયશંકરે કહ્યું કે, એક જ સમયે વૈશ્વિક અર્થતંત્ર પર અનેક ઘટનાઓની તીવ્રતા એક વિરોધાભાસી પરિસ્થિતિનું નિર્માણ કરી રહી છે જ્યાં એક તરફ, આ પરિબળો ઉચ્ચ જોખમ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. તે જ સમયે, આના પરિણામોને કારણે, રાજકારણ અને અર્થશાસ્ત્ર બંનેના દરેક પાસાઓને જોખમમુક્ત કરવાનો ગંભીર પ્રયાસ પણ થઈ રહ્યો છે. આકર્ષક રૂપક સાથે પરિસ્થિતિનું વર્ણન કરતા, તેમણે કહ્યું કે એવું લાગે છે કે તમે દરેક પસાર થતા દિવસ સાથે સલામતી જાળ દૂર થઈ રહી છે. આજે આંતરરાષ્ટ્રીય રાજકારણની આવી જ સ્થિતિ છે. આ કોન્કલેવમાં, ડૉ.જયશંકરે આર્થિક તકો, ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વખતે રાષ્ટ્રોએ જે નાજુક સંતુલન કાર્ય કરવું જોઈએ તે પર ભાર મૂક્યો. કૌટિલ્ય આર્થિક કોન્કલેવ, જેની આ ચોથી આવૃત્તિ છે, તે નીતિ નિર્માતાઓ, અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ નેતાઓને ભારતીય અને વૈશ્વિક અર્થતંત્રને આકાર આપતા વલણોની ચર્ચા કરવા માટે છે, જેમાં ફુગાવો, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ભૂ-રાજકીય જોખમોનો સમાવેશ થાય છે. ભારત-યુએસ વેપાર સંબંધો પર, જયશંકરે કહ્યું કે, ''આજે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે અમારી



ચોથા કૌટિલ્ય આર્થિક સંમેલનમાં, વિદેશ મંત્રી એસ જયશંકરે વૈશ્વિક પરિસ્થિતિને વિરોધાભાસી ગણાવી અને કહ્યું કે, રાજકારણ અને અર્થશાસ્ત્રને જોખમમુક્ત કરવાના પ્રયાસો સાથે જોખમ લેવાનું પ્રમાણ વધ્યું છે

સમસ્યાઓ છે, મુખ્યત્વે એ છે કે અમે હજુ સુધી અમારી વેપાર ચર્ચામાં લેન્ડિંગ ગ્રાઉન્ડ પર પહોંચ્યા નથી. આના કારણે અમારા પર ચોક્કસ ટેરિફ લાદવામાં આવ્યા છે, જેને અમે જાહેરમાં અન્યાયી કહ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય શિપમેન્ટ પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે અને ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાનો ઉલ્લેખ કરીને ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. રશિયા પાસેથી ઊર્જા મેળવવા સંબંધિત બીજો ટેરિફ છે, જ્યારે અન્ય દેશો, રશિયા સાથે વધુ સંબંધો ધરાવતા દેશોએ પણ આવું કર્યું છે. આ મુદ્દાઓને ઉકેલવાની જરૂર છે અને અમે તેના પર સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. જયશંકરે જણાવ્યું હતું કે, ભારતે દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) માટે અમેરિકા સાથે વાટાઘાટોના પાંચ રાઉન્ડ પહેલાથી જ કર્યા છે, છેલ્લો સપ્ટેમ્બરના અંતમાં પૂર્ણ થયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર સમજૂતી હોવી જોઈએ કારણ કે તે વિશ્વનું સૌથી મોટું બજાર છે અને વિશ્વનો મોટાભાગનો ભાગ આ સમજૂતી પર પહોંચી ગયો છે. તે એવી સમજૂતી હોવી જોઈએ જ્યાં આપણી નીતિનું સન્માન કરવામાં આવે. જયશંકરે વૈશ્વિક વ્યૂહાત્મક પરિદૃશ્ય પર કહ્યું કે, ''તાજેતરના વર્ષોમાં, આપણે પ્રતિબંધોના ઉપયોગ, સાર્વભૌમ સંપત્તિના જપ્તીમાં એક સંપૂર્ણપણે નવો સ્તર જોયો છે. ક્રિપ્ટોનો ઉદય અને દુર્લભ પૃથ્વી અને મહત્ત્વપૂર્ણ ખનિજો માટેની સ્પર્ધા વૈશ્વિક હરીફાઈ માટે મુખ્ય પરિબળો બની ગયા છે. વૈશ્વિક ઉર્જા ગતિશીલતા પર, તેમણે કહ્યું કે, તાજેતરના વર્ષોમાં એક મોટો ફેરફાર એ છે કે યુનાઈટેડ સ્ટેટ્સ, જે દાયકાઓથી તેની બાહ્ય ઉર્જા નિર્ભરતા વિશે ચિંતિત હતું, તે માત્ર આત્મનિર્ભર બન્યું નથી પરંતુ હવે તે ઊર્જાનો નોંધપાત્ર નિકાસકાર છે અને તેને તેના વ્યૂહાત્મક દૃષ્ટિકોણનો મુખ્ય ભાગ બનાવ્યું છે. ચીને પોતાને નવીનીકરણીય ઊર્જામાં અગ્રણી તરીકે સ્થાપિત કર્યું છે, તેથી, તમે નવીનીકરણીય ઊર્જા પર જે પણ માર્ગ અપનાવો છો, તે બધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

# ૧૫ નવેમ્બરથી નવા ટોલ નિયમો : FASTag વગરના રોકડ વપરાશકારોએ બમણી ફી ચૂકવવી પડશે

## આ પગલાનો હેતુ ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા અને ટોલ પ્લાઝા પર રોકડ વપરાશ ઘટાડવાનો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

નવેમ્બરથી, માન્ય FASTag વગરના વાહનોએ રોકડમાં ચૂકવણી કરવાનું પસંદ કર્યું હોય તો તેમણે બમણી ટોલ ફી ચૂકવવી પડશે, જ્યારે UPI ચુકવણીનો વિકલ્પ પસંદ કરનારાઓ પાસેથી નિયમિત વપરાશકર્તા ફીના ૧.૨૫ ગણો ચાર્જ વસૂલવામાં આવશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH)એ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી (દર અને સંગ્રહનું નિર્ધારણ) નિયમો, ૨૦૦૮માં સુધારો કર્યો છે, જેમાં FASTag વગરના વપરાશકર્તાઓ માટે તેમની ચુકવણીની પદ્ધતિના આધારે અલગ અલગ શુલ્ક રજૂ કરવામાં આવ્યા છે. આ પગલાનો હેતુ ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા અને ટોલ પ્લાઝા પર રોકડ વપરાશ ઘટાડવાનો છે. મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલ એક નિવેદનમાં જણાવાયું છે કે, 'FASTag ન ધરાવતા વપરાશકર્તાઓ માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર યુઝર ફી પ્લાઝા પર ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવા અને રોકડ વ્યવહારોને દૂર કરવાના એક મહત્વપૂર્ણ પગલામાં, ભારત સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી (દર અને સંગ્રહનું નિર્ધારણ) નિયમો, ૨૦૦૮માં સુધારો કર્યો છે. નવા નિયમ હેઠળ, માન્ય, કાર્યાત્મક FASTag વિના ફી પ્લાઝામાં પ્રવેશતા વાહનો પાસેથી જો ચુકવણી રોકડમાં કરવામાં આવે તો લાગુ વપરાશકર્તા ફી કરતાં બમણું વસૂલવામાં આવશે'. જો કાર્યાત્મક FASTag વિનાનો વપરાશકર્તા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા ફી ચૂકવવાનું પસંદ કરે છે, તો તેમની વાહન શ્રેણી માટે લાગુ વપરાશકર્તા ફી કરતાં માત્ર ૧.૨૫ ગણી રકમ વસૂલવામાં આવશે. ઉદાહરણ તરીકે, જો કોઈ વાહનને માન્ય FASTag દ્વારા ૧૦૦ રૂપિયાની વપરાશકર્તા ફી ચૂકવવાની જરૂર હોય, તો રોકડમાં ચૂકવવા પર ફી ૨૦૦ રૂપિયા અને UPI દ્વારા ચૂકવવા પર ૧૨૫ રૂપિયા હશે. મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યુંકે, 'આ સુધારાનો ઉદ્દેશ્ય ફી વસૂલાત પ્રક્રિયાને મજબૂત બનાવવા, ટોલ વસૂલાતમાં પારદર્શિતા વધારવા અને રાષ્ટ્રીય ધોરીમાર્ગના વપરાશકર્તાઓ માટે મુસાફરીમાં સરળતા લાવવાનો છે. આ સૂચના ૧૫ નવેમ્બર, ૨૦૨૫થી અમલમાં આવશે'.

# યુકે જતી એર ઈન્ડિયા ફ્લાઈટમાં ઈમરજન્સી RAT સિસ્ટમ ચાલુ કરવામાં આવી : એરલાઈન્સે કહ્યું છે કે બધા યાત્રીઓ સુરક્ષિત છે

## અમૃતસરથી બર્મિંગહામ જતી એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭-૮ વિમાનને તેના ઈમરજન્સી રામ એર ટર્બાઈન (RAT)ના ઉતરાણ દરમિયાન ઉડાન બંધ કરવામાં આવી હતી, જોકે ફ્લાઈટનું સુરક્ષિત રીતે ઉતરાણ થયું હતું

(એજન્સી) તા.૫

અમૃતસરથી બર્મિંગહામ જતી એર ઈન્ડિયા બોઈંગ ડ્રીમલાઈનર ૭૮૭-૮ વિમાનમાં શનિવારે ઈમરજન્સી ટર્બાઈન, રામ એર ટર્બાઈન (RAT) પર મૂકવામાં આવ્યું હતું. કારણ કે ઉતરાણ દરમિયાન કોઈ ખામી આવી હતી. આ ઘટના ફ્લાઈટ AI117 પર બની હતી, જે બર્મિંગહામ પહોંચી રહી હતી. બર્મિંગહામમાં તેનું લેન્ડિંગ સુરક્ષિત રીતે થયું છે. બધા ઈલેક્ટ્રિકલ અને હાઈડ્રોલિક ઘટકો સામાન્ય રીતે કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે એવી એર ઈન્ડિયા પુષ્ટિ આપી છે. રામ એર ટર્બાઈન સિસ્ટમ એક નાનું પંખા જેવું ઉપકરણ છે જે વિમાનમાં પાવર ગુમાવવા પર આપમેળે કાર્યરત થાય છે, સામાન્ય રીતે એવા કિસ્સાઓમાં થાય છે જ્યાં બધા એન્જિન કામ કરવાનું બંધ કરે છે. આ પંખા આવતા પવનનો ઉપયોગ કટોકટીનો પાવર ઉત્પન્ન કરવા માટે કરે છે. નોંધનીય છે કે, તે જ વિમાન મોડેલ, બોઈંગ ડ્રીમલાઈનર ૭૮૭-૮, અગાઉ આ વર્ષે જૂનમાં અમદાવાદ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં RAT પણ તૈનાત કરવામાં આવ્યું હતું. તે કેસમાં વચગાળાની તપાસ અહેવાલમાં જાણવા મળ્યું છે કે ઈંધણ પુરવઠામાં કાપ મૂકવાને કારણે એન્જિન બંધ થઈ ગયું હતું, જેના કારણે કટોકટી શરૂ થઈ હતી. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર, ''૪ ઓક્ટોબરના રોજ અમૃતસરથી બર્મિંગહામ જતી ફ્લાઈટ AI117ના ઓપરેટિંગ ક્રૂને વિમાનના અંતિમ અભિગમ દરમિયાન રેમ એર ટર્બાઈન (RAT) ચાલુ કરવામાં આવી હતી. બધા ઈલેક્ટ્રિકલ અને હાઈડ્રોલિક પરિમાણો સામાન્ય જોવા મળ્યા હતા, અને વિમાને બર્મિંગહામ ખાતે સલામત ઉતરાણ કર્યું હતું. વિમાનને વધુ તપાસ માટે ગ્રાઉન્ડ કરવામાં આવ્યું છે અને પરિણામે, બર્મિંગહામથી દિલ્હી જતી AI114 રદ કરવામાં આવી છે, અને મહેમાનોને સમાવવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એર ઈન્ડિયામાં, મુસાફરો અને ક્રૂની સલામતી ટોચની પ્રાથમિકતા છે. એરલાઈને પુષ્ટિ આપી હતી કે ઉતરાણ સમયે બધી ઈલેક્ટ્રિકલ અને હાઈડ્રોલિક સિસ્ટમ્સ સામાન્ય રીતે કાર્યરત હતી. જો કે, માનક સંચાલન પ્રક્રિયાઓ અનુસાર, વિમાનને વિગતવાર નિરીક્ષણ માટે ગ્રાઉન્ડ કરવામાં આવ્યું છે.

# ‘શક્તિ’ વાવાઝોડું આજે ગુજરાત તરફ ફંટાશે : દીવ-વેરાવળના દરિયામાં કરંટ

## ‘શક્તિ’ દ્વારકા-નલિયાથી ૭૭૦ કિમી દૂર : ગુજરાત પર ખતરો નહિવત્; ૮મીએ છ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૫

અરબ સાગરમાં વાવાઝોડું ‘શક્તિ’ સક્રિય થયું છે, જે હાલ ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ મુજબ આ વાવાઝોડું આવતીકાલે તા.૬ના રોજ ગુજરાત તરફ યુ-ટર્ન લે તેવી શક્યતા છે, ત્યારે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો સહિતના સ્થળે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. દીવ-વેરાવળ, દ્વારકા સહિત સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગ મુજબ, ‘શક્તિ’ વાવાઝોડાની અસરને લઈને આગામી ૫ દિવસ ભારે પવન ફૂંકાવવાની સાથે હળવા વરસાદની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદ પણ થઈ શકે છે. ૮ ઑક્ટોબરે જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં હળવાથી સારો એવો વરસાદથી સંભાવના છે.

વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે, ત્યારેં સ્થએ માછીમારોને દરિયામાં ન જવા સૂચના આપી છે. જેમાં ગીર સોમનાથના વેરાવળ, દેવભૂમિ દ્વારકા, દીવ સહિતના દરિયામાં ભારે પવન સાથે મોજાં ઉછળી રહ્યા છે.

અરબી સમુદ્રમાં તીવ્ર ચક્રવાત ‘શક્તિ’ છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. ૧૧:૩૦ કલાકે ઓમાનથી લગભગ ૨૧૦ કિ.મી. દક્ષિણપૂર્વ તરફ પ્રયાણ કરી રહ્યું છે. ૬ ઑક્ટોબરની સવાર સુધીમાં શક્તિ વાવાઝોડું પશ્ચિમ દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધવાનું શરૂ રાખશે અને ધીમે-ધીમે ચક્રવાતી તોફાનમાં ફેરવાશે. ત્યારબાદ ફરી યુ-ટર્ન લેશે અને પશ્ચિમ મધ્ય અને નજીકના ઉત્તરપશ્ચિમ અરબી સમુદ્ર પર લગભગ પૂર્વ તરફ આગળ વધશે. જ્યારે ૭ ઑક્ટોબર બપોર સુધીમાં વાવાઝોડું નબળું પડીને ડિપ્રેશનમાં ફેરવાઈ તેવી શક્યતા છે.

અરબ સાગરમાં સર્જાયેલા ચક્રવાતની અસર હેઠળ ૮ ઓકટોબરે દ્વારકા, જામનગર, પોરબંદર, સુરત, નવસારી અને વલસાડમાં મધ્યમથી ભારે વરસાદની શકયતા છે. અમદાવાદમાં છુટાછવાયા સ્થળે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. આજથી પાંચ દિવસ બાદ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે.

હવામાનની આગાહી પ્રમાણે આજે હિંમતનગરમાં પોશીનામાં અને મહીસાગર જિલ્લાના ખાનપુર અને કડાણામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. વરસાદી ઝાપટા પડતા રોડ પર પાણી વહેતાં થયાં હતાં. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, LCS-3 ઉત્તરમાં અને DW2 દક્ષિણ ગુજરાતના દરિયા માટે સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે. આ શક્તિ વાવાઝોડું ત્રણ કલાકની પ્રતિઝડપે આગળ વધી રહ્યું છે. હાલમાં વાવાઝોડું પશ્ચિમથી દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે.

વાવાઝોડું ‘શક્તિ’ પશ્ચિમ-મધ્ય અરબી સમુદ્ર પર કેન્દ્રિત છે. "શક્તિ" છેલ્લા ૬ કલાક દરમિયાન ૧૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ તરફ આગળ વધ્યું છે. ગુજરાત-ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકિનારા અને પાકિસ્તાનના દરિયાકિનારા પર ૭ ઓક્ટોબર સુધી દરિયાની સ્થિતિ ખરબચડીથી ખૂબ ખરબચડી રહેવાની સંભાવના છે, જેથી માછીમારોને ૭ ઓક્ટોબર સુધી ઉત્તરપશ્ચિમ અરબી સમુદ્ર, પશ્ચિમ-મધ્ય અરબી સમુદ્ર, તેને અડીને આવેલા ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર તેમજ ગુજરાત-ઉત્તર મહારાષ્ટ્ર અને પાકિસ્તાનના દરિયાકિનારા તરફ ન જવાની સલાહ આપવામાં આવે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડાની અસર જોવા મળશે. ૪થી ૭ ઓક્ટોબર દરમિયાન બંને રાજ્યના દરિયાકાંઠે અને નજીકના વિસ્તારોમાં ૪૫-૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે, ૬૫ કિમી પ્રતિ કલાકના ઝાટકા સાથે તોફાની પવન ફૂંકાય તેવી શક્યતા છે. ૭ ઓક્ટોબર સુધી ગુજરાત અને ઉત્તર મહારાષ્ટ્રના દરિયાકાંઠા સાથે સમુદ્રની સ્થિતિ અત્યંત તોફાની રહેવાની સંભાવના છે.

### વાવાઝોડાના કારણે ખેડૂતો અને માછીમારોને નુકસાન

## ગુજરાત પર વધી રહેલા ચક્રવાતના કારણોની તપાસ કરાવવાની કોંગ્રેસની માંગ

### ભારતના દરિયાકિનારે ચક્રવાતનો બદલાઈ રહ્યો છે ટ્રેન્ડ, અરબી સમુદ્ર બની રહ્યું છે વાવાઝોડાનું હોટસ્પોટ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૫

અરબ સાગરમાં સર્જાયેલા શક્તિ નામના ચક્રવાતને લઈને ગુજરાત કોંગ્રેસે ચિંતા વ્યક્ત કરી છે. ભારતના દરિયાઈ કિનારે ચક્રવાતનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. વાવાઝોડાનું હોટસ્પોટ અરબી સમુદ્ર બની ગયું છે. ગુજરાત રાજ્યના દરિયાઈ તટના લોકોએ છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણ ચક્રાવાતનો સામનો કર્યો છે. જેના કારણે દરિયાઈ વિસ્તારના લોકોને તેનું ભારે નુકશાન થયું છે. જેના કારણે વાવાઝોડા વધવાની સ્થિતિને લઈને કોંગ્રેસે સરકાર પાસે ચિંતા વ્યક્ત કરી છે. સરકારે વૈજ્ઞાનિકો, સાથે ચર્ચા કરીને આ દિશામાં નક્કર પગલાં લેવા જોઈએ તેવી કોંગ્રેસના પ્રવકતા પાર્થિવરાજસિંહે માંગ કરી છે. છેલ્લા ઘણાં સમયથી ભારતની આજુબાજુ દરિયાઈ કિનારાનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. જેના કારણે વાવાઝોડાના પ્રમાણમાં પણ વધારો થઈ રહ્યો છે. જે પણ વાવાઝોડા ગુજરાત પરથી પસાર થાય છે તેના કારણે ત્યાંના આસપાસના વિસ્તારમાં ખેડૂતોને અને સામાન્ય નાગરિકોને નુકસાન થતું હોય છે. જેની ભરપાઈ કરવામાં ખેડૂતોની અને સામાન્ય લોકોની અડધી જિંદગી પૂરી થઈ જતી હોય છે. જો કે અત્યારે ગુજરાત પણ વધુ એક વાવાઝોડાનું સંકટ મંડરાઈ રહ્યું છે. શક્તિ નામના વાવાઝોડાના કારણે ગુજરાતના પર પણ તેની અસર જોવા મળશે. જેથી કોંગ્રેસે ગુજરાતના અરબી સમુદ્રના તટ પર આટલા બધા વાવાઝોડા કેમ આવી રહ્યા છે તેને લઈને ચિંતા વ્યક્ત કરી છે. તેમજ કોંગ્રેસે વાવાઝોડા વધવાની સ્થિતિ જાણ્યા બાદ નક્કર પગલાં લેવા માટે સરકાર પાસે માંગ કરી છે. જો નક્કર પગલાં નહીં લેવામાં આવે તો ખેડૂતોને અને સામાન્ય નાગરિકોને મોટી નુકસાની થઈ શકે છે તેને લઈને કોંગ્રેસે ચિંતા વ્યક્ત કરી છે. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં વાવાઝોડા વધતા જઈ રહ્યા છે. વાવાઝોડાનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે તે ચિંતાનો વિષય છે. એક રિસર્ચમાં જાણવા મળ્યું કે ૨૦૧૩ પહેલા ગુજરાત રાજ્યમાં ૭ જેટલા ચક્રવાત આવ્યા હતા. વર્ષ ૨૦૧૩ બાદ ૧૪ જેટલા વાવાઝોડા આવ્યા અને જતા રહ્યા છે. ગુજરાતના અરબી સમુદ્રના તટ પર આટલા બધા વાવાઝોડા કેમ આવી રહ્યા છે તે ચિંતાનો વિષય છે. દરિયાઈ સપાટીનું તાપમાન પણ ખૂબ જ વધી રહ્યું છે. જે પણ વાવાઝોડું આવે છે તેની તીવ્રતામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે માનવજીવન પર તેની ગંભીર અસર થઈ રહી છે. વધુમાં ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવે છે કે, વાવાઝોડા આવવાથી ખેડૂતો અને જાનમાલને ભારે નુકસાન થાય છે. વાવાઝોડા દિવસેને દિવસે વધતા જઈ રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત રાજ્યની તટ પર ત્રણ જેટલા વાવાઝોડા આવ્યા છે. સરકારે વૈજ્ઞાનિકો, નિષ્ણાતો, સાથે ચર્ચા કરવી જોઈએ. જેથી ખબર પડે કે રાજ્યમાં વાવાઝોડા વધવાના કારણ શું છે. તેમજ આ કારણો જાણ્યા બાદ તે દિશામાં પગલાં લેવા પડશે. જો પગલાં નહીં લેવામાં આવે તો નુકસાન ખેડૂતોને અને નાગરિકોને ભોગવવું પડશે.

## ‘શક્તિ’ની અસર : દ્વારકાના દરિયામાં ૨૫ ફૂટના મોજાં ઉછળ્યાં

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૫

સાગરમાં સર્જાયેલા સંભવિત ’શક્તિ’ વાવાઝોડાના ખતરાને ધ્યાનમાં રાખીને ગુજરાતનું વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આ વાવાઝોડું ૬ ઓક્ટોબરે પોતાની દિશા બદલીને ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધે તેવી સંભાવના છે. ‘શક્તિ’ વાવાઝોડું રાજ્યના દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છના દરિયાકાંઠા વિસ્તાર પર સીધું ટકરાય તેવી આશંકા છે. જેને લઈને તંત્ર દ્વારા તમામ કાર્યવાહી તેજ કરવામાં આવી છે. હાલની સ્થિતિ જોતા ’શક્તિ’ વાવાઝોડું દ્વારકાથી પશ્ચિમ દિશામાં આશરે ૬૦૦ કિલોમીટર દૂર અરબ સાગરમાં છે. પ્રતિ કલાક ૧૨ કિ.મી ઝડપે ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. જો કે, દિશા બદલવાની આગાહીને કારણે સંભવિત અસરવાળા વિસ્તારોમાં લોકોને સતર્ક રહેવા જણાવાયું છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડ (GMB) દ્વારા સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. તમામ માછીમારોને સ્પષ્ટ સૂચના આપી દેવાઈ છે કે તેઓ દરિયો ન ખેડે અને કિનારે પાછા ફરે. હાલ, ઓખા, સલાયા અને રૂપેણ જેવા મુખ્ય બંદરો પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવાયું છે, જેનો અર્થ છે કે બંદર પર સામાન્ય તોફાનની સંભાવના છે. દરિયાકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે જાણ કરવામાં આવી છે. તો જરૂર પડ્યે મોટા પાયે લોકોનું સ્થળાંતર કરવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી રહી છે. વાવાઝોડાની સંભવિત અસરના ભાગરૂપે દેવભૂમિ દ્વારકાના દરિયામાં સ્થિતિ બદલાઈ છે. દરિયામાં હાલમાં જબરદસ્ત કરંટ જોવા મળી રહ્યો છે અને ૨૦થી ૨૫ ફૂટ જેટલા ઊંચા મોજાં ઉછળી રહ્યા છે, જે ભયજનક દૃશ્યો સર્જી રહ્યા છે. આ જોખમને ધ્યાનમાં રાખીને દ્વારકા આવતા પ્રવાસીઓ માટે ગોમતી નદીના સંગમસ્થળ કે દરિયામાં સ્નાન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગોમતી નદીના ઘાટ, ભડકેશ્વર મહાદેવ મંદિર તરફના વિસ્તારમાં પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને પણ તૈનાત કરવામાં આવી છે. વહીવટી તંત્ર સંભવિત નુકસાન ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહ્યું છે અને NDRFની ટીમોને સંભવિત અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોકલવા માટે પણ તૈયારીઓ ચાલી રહી છે.

### સંત સમાજમાં ઉગ્ર રોષ ફેલાયો, કડક સજા કરવાની માંગ

## ગિરનાર પર્વત પર મંદિરમાં તોડફોડ

જૂનાગઢ, તા.૫

ગિરનાર પર્વતના ૫૫૦૦ પગથિયાં નજીક આવેલી નાથ સંપ્રદાયના ગુરૂ ગૌરક્ષનાથની પવિત્ર જગ્યા (ગોરખ ટૂંક)માં મોડીરાત્રે અજાણ્યા શખ્સો દ્વારા તોડફોડ કરવામાં આવતા સંતો અને ભાવિકોમાં રોષની લાગણી ફેલાઈ છે. રાત્રિના સમયે અજાણ્યા ચાર શખ્સો દ્વારા તોડફોડને અંજામ આપવામાં આવ્યો હોવાનો મંદિરના પૂજારી દ્વારા આક્ષેપ કરાયો છે. ગૌરક્ષનાથ મંદિરના મહંત સોમનાથબાપુએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અવારનવાર હિન્દુ મંદિરોને જૈન સંપ્રદાય દ્વારા ટાર્ગેટ કરવામાં આવે છે, આ પણ તેને કરાવ્યું હોવાની અમને આશંકા છે. આ મામલે પોલીસને જાણ થતા ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ભવનાથ ક્ષેત્રના મહંત શેરનાથ બાપુ સહિત સમગ્ર સંત સમાજમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. સંતોએ કૃત્ય કરનારા શખ્સોને પકડીને કડક સજા કરવાની માંગ કરી છે. ગૌરક્ષનાથ મંદિરના મહંત સોમનાથ બાપુએ આ ઘટનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ આ ઘટના બની. મંદિરનો પૂજારી સૂતો હતો ત્યારે તેના રૂમને બહારથી લોક મારી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં પ્રવેશ કરીને તોડફોડ કરવામાં આવી હતી. પૂજારીએ બારીમાંથી જોયું ત્યારે ચાર લોકો નીચે ઉતરતા હતા. જો કે, ગિરનાર પર્વત પર વહેલી સવારે ભેજ ભર્યું વાતાવરણ હોવાના કારણે પૂજારી આ ચાર લોકોનો ચહેરો સ્પષ્ટ રીતે જોઈ શક્યા નહોતા. આવારા તત્વો દ્વારા મંદિરમાં મૂર્તિ તોડવામાં આવી છે, કાચ તોડી નાખવામાં આવ્યા છે. આ ઘટના બાદ સાધુ-સંતોએ ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવા માટે અરજી આપી છે. સાધુ-સંતોની માંગ છે કે, આ ધર્મ વિરૂદ્ધનું કૃત્ય કરનારા આરોપીઓને વહેલી તકે પકડીને કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે. આ ઘટના અંગે મહંત સોમનાથ બાપુએ એક ગંભીર આશંકા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ પણ આવી ઘટના બની છે, જ્યારે મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી અને જૈન સમુદાય દ્વારા તેનો વિરોધ થયો હતો. ત્યારબાદ ત્રણ દિવસમાં જ તે મૂર્તિની ચોરી થઈ હતી, જે આજદિન સુધી મળી નથી. હાલ આ કૃત્ય કોના દ્વારા કરાયું તે કહી ન શકાય, પરંતુ અવારનવાર હિન્દુ મંદિરોને જૈન સંપ્રદાય દ્વારા ટાર્ગેટ બનાવવામાં આવે છે. ત્યારે કદાચ આ કૃત્ય પણ જૈન સંપ્રદાય દ્વારા કરવામાં આવ્યું હોય તેવી અમને આશંકા છે. પોલીસે સાધુ-સંતોની અરજીને આધારે તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરી છે. જૂનાગઢના પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાએ જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રે ગિરનાર પર્વત પર આવેલ ગુરૂ ગૌરક્ષનાથ મંદિરે ગુરૂ ગૌરક્ષનાથની મૂર્તિની તોડફોડ કરવામાં આવી છે. જે બનાવની જાણ થતાં જ પોલીસની અલગ-અલગ ટીમો બનાવની જગ્યા પર પહોંચી હતી. આ મામલે કાયદેસરની ફરિયાદ નોંધી જૂનાગઢ જિલ્લા એલસીબી (LCB), ભવનાથ પોલીસ સ્ટેશન તેમજ પોલીસની અન્ય અલગ-અલગ ટીમો દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે.

### ‘અવારનવાર હિન્દુ મંદિરોને જૈન સંપ્રદાય ટાર્ગેટ કરે છે, તેણે કરાવ્યાની અમને આશંકા છે’ : મહંત સોમનાથ બાપુ

## પેલેસ્ટીનના ભારત સ્થિત રાજદૂત અબ્દુલ્લા અબુશવેશ અમદાવાદમાં



ભારત ખાતેના પેલેસ્ટીની રાજદૂત અબ્દુલ્લા અબુશવેશે ગઈકાલે અમદાવાદની મુલાકાતે હતા. જ્યાં તેમણે નાગરિક સમુદાય, ટ્રેડ યુનિયનો, જમાત-એ-ઈસ્લામી તથા જમિયત ઉલેમા-એ-હિન્દ જેવી સંસ્થાઓ તેમજ વિવિધ ક્ષેત્રના સામાજિક કર્મશીલોને સંબોધ્યા હતા અને એમની સાથે મુલાકાતો પેલેસ્ટીન અને ગાઝામાં પ્રવર્તતી પરિસ્થિતિ અંગે સૌને માહિતગાર કર્યા હતા તેમજ પેલેસ્ટીનને સમર્થન આપવા સૌને અપીલ કરી હતી.

### રાધનપુર-કંડલા હાઇવે રોડ ફરી રક્તરંજીત

## મોટી પીપળી નજીક એક સાથે પાંચ વાહનો વચ્ચે અકસ્માત : ૪નાં મોત જ્યારે ૧૫ ઘાયલ



(તસવીર : ઈલમુદીન સૈયદ, પાટણ)

(સંવાદદાતા દ્વારા)
પાટણ, તા.૫

રાધનપુર કંડલા હાઈવે રોડ ઉપર મોટી પીપળી ગામ નજીક આજે સવારે એકસાથે પાંચ વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ચાર વ્યક્તિઓના મોત થયા છે. આ અકસ્માતને દુઃખદ ગણાવી મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

પાટણ શહેર સહિત જિલ્લાના હાઈવે માર્ગો ઉપર અવારનવાર અકસ્માતોના નાના-મોટા બનાવો બનવા પામે છે. જેમાં અકાળે મહામૂલી જિંદગીઓ મોતને ભેટે છે. ત્યારે ઘટનાસ્થળે જ ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યાં હતા. જ્યારે એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે ૧૦૮ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે રાધનપુર રેફરલ હોસ્પિટલ હતા જ્યાં તેઓએ ઈજાગ્રસ્તોને મળ્યા હતા સાથે જ અકસ્માતની આ ગોઝારી ઘટનાને દુઃખદ ગણાવી મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તો બીજી તરફ નેશનલ હાઈવે ઓથોરિટી સામે સવાલો ઉઠાવતા જણાવ્યુ હતું કે નેશનલ હાઈવેનો એક જ માર્ગ ચાલુ હોઈ એક જ માર્ગ ઉપર બંને સાઈડના વાહનો અવરજવર કરતા હોવાથી આ ગોઝારી ઘટના સર્જાઈ હોવાનું અનુમાન લગાવ્યું હતું. હાઈવે ઓથોરિટીની ગંભીર બેદરકારી હોવા અંગે પણ ધારાસભ્ય લવિંગજી ઠાકોરે જણાવ્યું હતું.

### નેશનલ હાઇવેના એક જ માર્ગ ઉપર બંને સાઇડના વાહનો દોડતાં હોઈ આ ગોઝારી ઘટના સર્જાઇનો ધારાસભ્ય લવિંગજી ઠાકોરનો આક્રોશ

જ્યારે ૧૫ જેટલા લોકો ઘાયલ થતા તેઓને સારવાર અર્થે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે હાઈવે ઉપર લોકોના ટોળેટોળા એકત્ર થયા હતા તો ઘટનાની જાણ થતા રાધનપુર પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો અને મૃતકોની લાશને પીએમ માટે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી તો રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર પણ ઈજાગ્રસ્તોની મુલાકાતે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા જ્યાં ઈજાગ્રસ્તોને મળ્યા હતા સાથે જ આજે વધુ એક ગમખ્વાર અકસ્માતમાં ચાર વ્યક્તિઓના અકાળે મોત નિપજયાં છે. અકસ્માતની વિગતે એવી છે કે રાધનપુર કંડલા હાઈવે રોડ ઉપર મોટી પીપળી ગામ નજીક આજે સવારના સુમારે ટ્રેલર, બે બાઈક, જીપ, બોલેરો ગાડી વચ્ચે કોઈ અગમ્ય કારણોસર એકાએક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે ખાતે ખસેડ્યા હતા. જ્યાં તેઓની પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ૧૧ જેટલા ઈજાગ્રસ્ત દર્દીઓને પાટણની ધારપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોની મુલાકાતે પહોંચ્યા

**મૃતકના નામ**

૧ દેસાઈ લક્ષ્મણભાઈ નાગજી ભાઈ, મોટી પીપળી
૨ યશ રૂડાભાઈ રબારી, ઊંચોસણ
૩ કનુભાઈ માધાભાઈ રાવળ. ગામ અગીચાના
૪ નસીબ ખાન દિલદાર ખાન મલિક, ખેરવા દસાડા

**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ ગાંધીનગરમાં રજીસ્ટર થયેલા અમદાવાદના વકફ ટ્રસ્ટના મુતવલ્લી/ટ્રસ્ટીઓ માટે શિક્ષણ શિબિરનું આયોજન**

ગુજરાત રાજ્ય વકફ બોર્ડના “ગુજરાત રાજ્ય વકફ બોર્ડ આપના દ્વારે” કાર્યક્રમના ઉપક્રમે અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી તરફથી UMEED પોર્ટલ પર વકફ મિલકતોની એન્ટ્રી કરવા માટે અમદાવાદની વકફ કમિટીઓના મુતવલ્લી/ટ્રસ્ટીઓને શિક્ષિત કરવા માટે શિક્ષણ શિબિરનું આયોજન તારીખ ૦૮/૧૦/૨૦૨૫ના રોજ સાંજના ૫.૦૦ કલાકે ચતીમખાના બિલ્ડિંગ, જનરલ પોસ્ટ ઓફિસની સામે, સલાપસ રોડ, અમદાવાદ મુકામે રાખવામાં આવેલ છે.

**અહમદાબાદ સુન્ની મુસ્લિમ વકફ કમિટી**



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS